૧૭૨૩

મોદીખાનાથી માર્સેલ્સ

અને આગળ.

વાલમ બીજું.

પ્રકરણ—૧ લું.

યુવરાજ અહીં પધાર્યા છે
નામ છે પ્રીન્સ ઓફ વેલ્સ હો
સર્વેને મન ભાવ્યા છે
સર્વેને મન ભાવ્યા છે

ગ્રેટબ્રીટનના પાટવી.

ઉપલી લીટીઓ બરાબર ત્રીસ વર્ષની વાત ઉપર કોઇ નસીબદાર કવીરાજે લખી હતી તે મારાં માથાંમાં હજી ઘોળાયા કરે છે. એક તો પ્રીન્સ જ્યૉર્જની આવકાર્ય પધરામણીનો પ્રતાપ છે, તડકામાં તેલ નીકળવાથી જીવ બેતાબ છે, પીક્ચરો બનાવવાં અને છાપવામાં કામદારો ઉપર આજાબ છે તેવા સમયમાં મોદીખાનાથી મારસેલ્સને ક્યાં સેકો તાણું? ચારવાર ખડીયો કલમ આગળ ધર્યા પણ તોપના ધડાકા ને સરણાઇના ધુંજારાએ વીચારો ગળી પડ્યા અને આખરે જ્યારે અણીપર ધીક આવી ત્યારે વીચાર આવ્યો કે મારા પ્રેમી વાંચકો ધુમધામ અને ધરરરર છરરરરથી હવે થાકી ગયા હશે એટલે મોદીખાનાથી

મારસેલ્સનું સરેસ્તાનું બીષ્તાન ટુંકમાં પતાવું તો ગાળો તો ન દીયે! ચાલ ભાઇ, દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે. માથું દુખો કે કમ્મરના કકડા થાઓ પણ વાંચક વર્ગ કાંઈ પોતાનું વ્યાજ છોડનાર છે? પેહલાં પુસ્તકમાં હું તમને ઇંગલંડની કરોડોની કીંમતની અજાયબીઓ દેખાડી લાવ્યો છું. હવે આગળ એક બીજી વેપારી અજાયબીનો કાંઇક ખ્યાલ આપીશ. આપણા શેહેરમાં વાહાઇટવે લેડલો, એવાન્સ ફ્રેઝર વગેરે મોટા કાપડ વગેરેના વેપારી છે. તેમાં મુંબઇની આરમી અને નેવી કો—ઓપરેટીવ સ્ટોર્સ જોઈને તો તમે ઘણીવાર છક થઇ ગયા હશો. બેસો, સાહેબો, મુંગા બેસો, લંડનમાં હેરોડ સ્ટોર નામનું એક ગંજાવર ખાતું છે તેનો નીચલો હેવાલ વાંચો અને પછી દાંતમાં આંગળાં કરડો.

મને ખબર કહાડતાં માલમ પડયું કે આખી પૃથ્વીમાં સર્વેથી મોટું સ્ટોર બજાર અમેરીકા ખાતે શીકાગોમાં છે, ને તેથી ઉતરતું લંડનમાં હેરોડ સ્ટોરને નામે ઓળખાય છે. કહેજે આ નવું ખાતું ભભરી નીકળ્યું તેની અગાઉ વેહટલી સ્ટોર મોટો ગણાતો હતો પણ આ નવા સાહાસે તો ન મનાય એવી અવધીજ કરી છે. શું ધારો છો સાહેબ? દરરોજની રોકડ વકરી એક લાખ રૂપીઆ!! વટાણા, વાલ, મુળા, તરકારીના ડીપાર્ટમેંટમાં રોજની વકરી વીસ હજાર રૂપીઆ. કાંઈ ધ્યાનમાં ઉતરેછ? વરસ દહાડે દોઢ કરોડ રૂપીઆનું કેઆશ સેલ ત્યારે માલ



હેરૉડ સ્ટોર—એકજ મોહોલાની બીલ્ડીંગ—એવા છ મોહોલા રોકેલા છે.

કેટલો ભરેલો હશે? અમેરીકા જતા તો ડોસા થયા પણ અહીં નાકના દાંડા આગળ છે ને તો જોઈયે એવું ધારી વાળી હેરોડ કું૦ ના મેનેજીંગ ડીરેકટરને એક માનપુર્વક ચીઠી લખીને વીગતો માગી. તુરત જવાબ ફરી વળ્યો કે બીજે દીને પધારશો તો અમારા ડીરેકટરો માહેથી એક તમારી સેવામાં હાજર રહી સઘળું દેખાડશે. ઠીક. સવારના દશ વાગે હું એક ઇંગ્રેજ મીત્ર સાથે જઇ પુગ્યો તો ત્યાં જે જોયું તેનો ઘુંઘવાટો હજી નરમ પડયો નથી. મારા વહાલાએ તો છ મસ મોટા મોહોલા રોકી મેલયા છે. જે મોહોલામાં જઇએ ત્યાં 'હેરોડ સ્ટોર' નું દર્શન થાય. માંહે દાખલ થયા તો કયાં જવું અને કયા દરવાજામાંથી નીકળશું તો કયા મોહોલામાં નીકળશું તે કાંઇ સમજ પડે નાહીં. એકજ મોહોલાનો દેખાવ હું પાછો આપું છું. પહેલાં નીચે જોઉં છું તો મોટી બેંક ચાલે. દોહોડસો કલાર્કો કામે વળગેલા. તે ચેકો લે અને આપે, બીલ કહાડવાનું માથે લે, બહારગામના સીકકા અદલબદલ કરે, ડીપાજીટ નાણું રાખે, નાણું ધીરધાર કરે, ટુંકમાં જાણે મોટી બેંક ચાલતી હોય તેવો ટંકશાળનો મહીમા ચાલી રહેલો છે. જુદાં જુદાં ખાતાંઓ મળી ૩૦૦૦ સ્ત્રી સેલસમેન અને કલાર્કો હતાં. આખી ઇમારતમાં ૫૦ ડીટેકટીવો અને ૧૫૦ વીનડો ડેકોરેટરો—તેના ઉપરીનો પગાર દર માસે રૂપીઆ અઢી હજાર! તેઓનું કામ એ કે આખી ઇમારતની ભોંય તળીઆંની હજારો બારી-

ઓમાં સામાન રોજ જુદી જુદી તરેહ ગોઠવીને અદલબદલ કરી મુકવાનું. આખી ઈમારતમાં નાની મોટી મળીને ત્રીસ હજાર ઈલેકટ્રીક લાઇટ અને તેનો ઈલેકટ્રીકલ એનજીની-યર જુદો. નહીં? હજુ તમારા ધ્યાનમાં ઉતર્યું નહીં? ત્યારે હજુ આગળ ચાલીશું. હેરોડ સ્ટોરમાં ૮૦ લીફ્ટો છે!! જે ભાગમાં જાઓ ત્યાં લીફ્ટો તૈયાર. પગે પગ ઇનસ્પેકટરો વીંટળાયા કરે અને પુછે કે સાહેબ તમને કયાં ખાતાંમાં જવું છે? મારી મદદની કાંઇ જરૂર છે? આપરે જવાબ આપીયે કે મને એક ઝીણી કાતર જોઇયે છે. તો જવાબ મળે કે "યસ સર–ના૦ ૨૭ લીફ્ટ, પાંચમો માળ" ના૦ ૨૭ લીફ્ટ આગળ જઇ માંહે બેઠક લીધી અને બોલ્યા કે "ફીફ્થ ફ્લોર" કે પછી જોઈ લ્યો. એક પળમાં કાતરજ કાતર. કહીયે કે મને પાંચ પૌંડ પટેટા જોઇયે છે. "યસ સર–લીફ્ટ ના૦ ૬૧, ૬ ઠો માળ." સરરપ દેતા ચહડી ગયા કે પટેટાનાં જાણે વહાણ ફાટાં છે. લાખ લાખ રૂપીઆની કીમતના "ફૂર" ની શેઆલોથી તે એક પેનીનું દોરાનું કાટકું સુધાં અહીં મળે છે. બંગલો જોઇયે, હાથી જોઈયે, ઉંટ જોઇયે, વરેણા જોઈયે, ખરાં મોતી જોઈયે, ધણીઆણી જોઈયે, ચાકરડી જોઈયે તે સઘળું એ લોક મેળવી આપવાનું માથે લીયે છે. કોઇ વાતની ના નહીં. ચાલતાં ચાલતાં *થાકી ગયા કે ત્રીજે માળે* એક મોટું હોટેલ આવે. તેમાં ૨૦૦ છોડીઓ તમારી સારવાર કરવા તૈયાર. ખાવાનું

૪

પીવાનું, વાઇન, ચાહ વગેરે. આંખના--પલકારામાં હાજર—સાથે બેંડ વાગે ફુવારા ઉડે તે જુદા. જો ચીરૂટ પીવાની તલબ થઇ આવી હોય તો ગંજાવર સ્મોકીંગ રૂમ એવો સણગારેલો કે તેવો પાદશાહી 'હોલ' તો મુંબઈમાં મેં જોયોબી નથી. કશી વાતની કુદરતી જરૂરીયાત માટેના ઓરડામાં પચાસ હજાર રૂપીઆનું તો નકસીકામ કીધેલું. આ લોકે મને ગણત્રી બતાવી કે દરરોજ સવારના ૮ વાગતાથી તે રાતના દશ વાગતા સુધી સરાસરી એક લાખ ઘરાક આ સ્ટોરમાં આવી જાય છે. સવારના બજાર સારૂં કાંઈ નહીં તો પંદરથી વીસ હજાર માણસ આવતાં હશે. મરઘાં બટકાં કાપી સમારીને હારોહાર મુકેલાં તે એક બે નહીં પણ હજારો. સાંજના જ્યારે ફાશનેબલ લોકની ધમાલ પડે ત્યારે તેમની ખાલી ગાડીઓની હારની લંબાઈ એક મૈલ જેટલી થવા જાય. સ્ટેશનો ઉપરથી સામાન લાવવા અને વેચેલો સામાન ઘરાકને ત્યાં પુગાડવા ૪૦૦ ઘોડા, ૩૦ મોટોર વેગન, ૨૦૦ સાઇકલ બોયઝ. તમે હજુર એક ડીપાર્ટમેંટમાં ગોતાં ખાયા કરતા હો એટલામાં તો સાઇકલ—બોય તમારી ખરીદી પહોંચાડીને પાછો આવીને રસીબ તમારા હાથમાં મુકે. બહાર જવાના ૮૦ દરવાજા. તે દરેક ઉપર અકેકી 'કેઆશ' લેનારી સ્ત્રી બેસાડેલી. નબોદના ગીઆઓને તો કાંઈ ખાડો ખમોચ્યો નડનોજ નથી. આ કુંપનીની થાપણ સવા કરોડ રૂપીઆ ફક્ત છે અને ગયે

વરસ–એ લોકે માત્ર ૨૧ લાખ રૂપીઆ નફો કર્યો હતો. આ સામાનમાં 'ફર' ની શોઆલો લોકોએ ઠાવી રાખવા મોકલેલી તેનીજ કીમત ૭ લાખ રૂપીઆની કહેવાય છે. પણ હવે અહીં સમર કર્યે. નામદાર પ્રાન્સ ઓફ વેલ્સ ત્યારના ઓટ્રી થાય છે. આ પાસે બીજાં બે ચીત્રો છે તે હેરોડના 'સેફ' ડીપાઝીટ ભંડારીઆના છે જેનો હેવાલ યુવરાજ વીદાય થયા પછી ધીરેથી હવે પછી આપીશ.

પ્રકરણ—૨ જું.


ચાલો, હવે પ્રીન્સબી વીદાય થયા અને જીવતાં જીવત સઘળા ધરફડી મારી રહયા હતા તેબી ઠર પડયા. દોડા દોડીમાં ગયા અંકમાં હેરોડ સ્ટોરનું દીલપઝીર વર્ણન અડકચરૂં મેલી ગયા હતા તે હવે આગળ ચલાવ્યે. પણ કેટલું ચાલશે ? એની બધી રમુજી વીગતો આપું તો વાંચતાંબી ઠાકશો. આગલ મેં બે ચીત્રો આપ્યાં હતાં તે શું છે તેની સમજણ આપું છું. આ છ મોહોલ્લા રોકનારી બલાએ આફત ઇમારતનું ભોંયરૂં આખું ને આખું સ્ટીલની પલેટોથી મઢી લીધેલું છે. ચોમેર દેવાલોમાં તીજોરીરોકા ખંગો ફીક્સ કરી લીધેલા છે. આ માહેના એક યા બે અથવા વધુ ખંગ તમે ભાડે રાખો અને તેની વરસની દશ શીલીંગ ફક્ત આપવાની. તમે તમારૂં કીમતી ઝવેરાત, ઓઅચરીયાં, નોટ, મોતી,

માણેક વગેરે જે ચાહો તે તમારે હાથે આ ખંગમાં બંધ કરો અને તેની કુંચી તમારી પાસેજ રહે. તમે બંધ કરી રહયા પછી બહારનું ત્રણ ટનનું સ્ટીલનું બારણું આ ખાતાંનો મેનેજર બંધ કરે અને વળી રાતનાં ભોંયરાંમાં દાખલ થવાનો તીખાં લોહોડાંનો દરવાજો ખુદ મેનેજીંગ ડીરેકટર બંધ કરે. આ ખાતાંની સીસ્ટમ બહુજ રમુજી છે. જાણો કે મારે અવારનવાર બહારગામ જવું પડે છે અને મારી જણસની પેટી ઠાવી રાખવી છે તો હું જઇને મેનેજીંગ ડીરેકટરને મળું અને નંબર ૫૯૧૨ વાળો ખંગ મારે નામે લખાવી ભાડે રાખું. પહેલાં તો મને એક છુપો "પાસ વર્ડ" આપશે જે ત્યાંની છુપી બુકમાં નોંધી લેવામાં આવશે. આ "પાસ વર્ડ" હું સીવાય બીજું કોઇ જાણે નહીં. ત્યાર બાદ પેલા સ્ટીલના ખંગની કુંચી મને આપવામાં આવશે.

આ ખંગના ચીત્રનો બ્લાક મેં આપ્યો છે તે બરાબર જુઓ. જયારે આ તીજોરીના ખાનાનું વર્ણન હમણા હું આપું છું ત્યારે તે વધુ સમજ પડે માટે આ ચીત્રો ફરીથી એકવાર તમારી હજુરમાં ધરવા માટે ક્ષમા માગું છું. આ ચીત્રો જોતા જશો અને વાંચતા જશો તો વધારે ખોલાસાથી સમજ પડશે, એકસો ખંગનો આ એક કમપાર્ટમેંટ છે.

એ રાખનારા ધણીઓ પોતપોતાની કુંચી પોતાની પાસે રાખે અને તે ઉપર બેંકના સતાવાળાઓ પોતાનું

બારણું ઢાંકે અને વળી તે ઉપર રાતના ત્રીજું બારણું ઢંકાય. પણ સમજો કે આ બેંકના લાગતા વળગતાઓ તે માંહેનીજ બીજી કુંચી રાખીને મારો ખંગ ઉઘાડે તો? તેનો પણ બંદોબસ્ત કીધેલો છે. દરેક ખંગને એવા જબરા એકસ્ત્રા નકુચા લગાડયા છે કે ચાવીથી બંધ કીધા પછી તે ઉપર તમારૂં પોતાનું ઘરનું લાવેલું "ચબ" નું કે 'ચેટઉડ' નું કે 'રેટનર'નું તાળું મારો. આ ખંગ તમારા સ્વાધીનમાં આવ્યો કે તેમાં તમારી કીંમતી જીણસો તમારે હાથે મુકો તે વાર આગળ કોઈ ઉઘું રહેશે નહીં. બંધ કરીને બહાર નીકળતી વખતે આ ખાંગ રૂમના દરવાજા આગળ આફીસમાં જઈ તમારૂં નામ ઠામ ખંગનો નંબર તથા પોતાને હાથની સહી એક ખાનગી ચોપડીમાં કરવી પડશે. હવે ધારો કે ત્રણ મહીને હું પાછો આવ્યો અને મારો ખંગ ઉઘાડવાનું કામ પડયું તો આફીસમાં જતાં ચોપડીમાં પહેલી સહી કરાવશે તે સહી અને આગળ નમુનાની કીધેલી સહી મળતી આવી તો 'પાસ વર્ડ' પાછો કહેવો પડશે અને તમારી નીશાન ઓળખ વગેરે બરાબર જોઇને તમને તમારો ખંગ ઉઘાડવા દેશે. કદાચ ખંગ ધરાવનાર ધણી માંદો પડયો અથવા આવી ન શકયો અને બીજા કોઇને મોકલવો પડે તો લખેલી 'ઓથોરેટી' તથા 'પાસ વર્ડ' અને કુંચી સાથે આપશે તો તેને ઉઘાડવા દેશે પણ તે અગાઉ તો તમને ખાનગી તારથી પુછાવશે કે બધું બરાબર છે




હેરોડ સ્ટોર–સેફ સહુને સોંપી આપેલા પોતાના તીજોરીનું ખાનું

કે કોઇ મવલા ઉતરી તો નથી પડયા? સમજો કે તમારી જાણસ વીસ હજાર રૂપીઆની છે અને તમને થોડી મુદત સુધી નાણાની જરૂર છે તો ખંગમાંજ જાણસ રહે, કુંચી પણ તમારીજ પાસે રહે અને તોબી બીલડીંગમાંજ જાણસ છે એટલીજ ફક્ત જામીનગીરી ઉપર આ ખાતાં-માંથી નાણું આપે છે. આ સઘળું એટલું સફાઇથી કરવામાં આવે છે કે કોઈના દાદાનેબી તેની ખબર પડતી નથી. ઘણી વાર મોટી મોટી ઉમરાવજાદીઓ પોતાની લખો રૂપીઆની મોતીની માળાઓ અને હીરાના દાગી-નાઓ પોતાના ધણીઓથી છુપાછુપ આ 'સ્ત્રાંગ બેંક'માં લાવીને મુકી જાય છે અને તેને આધારે પોતાને ખપ પડતી હજારોની રકમ ઉપાડે છે. અગર તમારે આ હેરોડ સ્ટોર મારફતે નાણું લેવું ન હોય અને કોઇ બહારના વ્યાજખાઉ સાથ સાટું કરવું હોય તો તેનીબી હરકત નથી. તમારા સાહુકાર સાથ કરારથી છુપી વાત થાય તે માટે ખાનગી ઓરડાબી આ ભોંયરાંમાં તૈયાર છે, સહી સાખ કરવી હોય તો સ્ટાંપનાં કાગળબી તૈયાર છે. કાંઈ ચીજની ખોટી નથી. લાખ રૂપીઆની જાણસ હોય તે આ ખંગમાંજ રહેવા દઈને ફક્ત એક કુંચી તેની પાસે અને એક કુંચી તમારી પાસે એટલીજ જામીનગીરી ઉપર લખ્ખો રૂપીઆ બેધડક ધીરનારા તૈયાર છે. પણ આપણા દેશની પેઠે ફક્ત હીરા મોતીના દાગીના ઉપરજ ઈંગ્લાંડના દ્રવ્યનો મદાર લટકેલો નથી. બબે

લાખ રૂપીઆનું એકેકું આઈલપેનટીંગ અને પાંચથી દશ લાખ રૂપીઆની કીમતનાં હીરાજડીત વાઝો પણ ત્યાં મોટે ઘેરે પંકાયલાં છે. હવે આવા મોટા દાગીનાં કાંઈ નાના ખંગમાં રહે નહીં એટલે તે માટે એક ડીપાર્ટ-મેંટ જુદોજ કહાડેલો છે જ્યાં પેક પેટીઓ અને મોટાં પીક્ચરો રાખી શકાય. જુઓ તેનું ચીત્ર.

અજબના આ ખાતાંના દરેક ત્રાંગ રૂમનું ભાડું જરા વધારે છે. હવે આગ વરાળની જે ગોઠવણ કરી છે તે એવી નાદર છે કે તેનું બ્યાન કરતાં હરખને મારે હાથ ધુજે છે. બીલડીંગને છેક મથાળે કરોડો ગ્યાલન પાણી સમાય એવી મોટી ટાંકીઓ ચહડાવી રાખી છે, અને તેમાંથી દરેક ઓરડામાં ઝીણી બેમાલમ પાઇપો ઉતારી છે. આ પાઇપોને એવી સફાઇથી છુપાવી છે કે નજરે પણ આવતી નથી. પાઈપોનાં મોહોડાં એક એવી મેળવણીથી બંધ કરી લીધાં છે કે ચોકસ ગરમી લાગતાંજ તે પીગળી જાય છે, અને દરેક ઓરડામાં ફુવારાની પેઠે ધોધમાર પાણી ઉડી રહે છે. એ ઉપરાંત ફાયર બ્રીગેડ પણ ત્યાંની ત્યાંજ તૈયાર છે અને તેઓની અચબુચ અવારનવાર ડરીલ લેવામાં આવે છે. જ્યારે હું આ અજાયબ જેવાં ભુતખાનામાં દાખલ થયો ત્યારે ત્યાં છ હજારને સુમારે ધણીઓના મોટા સીલ કરેલા બાકસો સીચીને મેલેલા હતા. આખી ઇમારતની વચોવચ ભોંયરાંમાં આ સેફ ડીપાઝીટ ખાતું આવેલું હોવાથી બહારથી કોઇ



હેરોડ સ્ટોર—કીમતી પીક્ચરો વગેરે અનામત રાખવાનું ખાતું.

દીવાલ કોતરીને અંદર જાય એ તો બનેજ નહીં કેમકે ત્રીસ ફીટની જાડી દીવાલમાંથી પસાર થવા પછી સ્ટીલની ભારી પ્લેટોની દીવાલ એવી છે કે જેમાં એક આંધરૂં પાડતાં દશ દીવસ લાગે. અગર આખો સ્ટોરબી બળીને જમીનદોસ્ત થાય તોબી આ સેફ ડીપાઝીટ જમીનમાં ડટાયલી રહે એવી ગોઠવણ છે. ઉપરનું ટાપ, સીલીંગ, સાઈડની દીવાલો, ભોંય સઘળું નરમ અને કઠણ સ્ટીલની એક પછી એક પ્લેટનાં એવાં બનાવેલાં છે કે તેમાં આંધરૂં પાડી શકે એવી તરોપન બનાવવાને હજી સુધી કોઈ ફાવ્યું નથી. દરેક દરવાજો ત્રણ ત્રણ ટન વજનનો છે પણ એવો બનાવ્યો છે કે ફુલની પેઠે ઉઘાડ બંધ થાય છે. એકજ બીજી પોઈંટ આ સેફ ડીપાઝીટ ખાતાંના સંબંધમાં છે તે વીશે ઇસારો કરી હું આગળ ચાલીશ. કેટલાક ખંગને એવું સાંચાકામ લગાડેલું છે કે કુંચી આપ્યા પછી તે અમુક મુકરર કરેલે વખતેજ ઉઘડે. દાખલા તરીકે કાંઇ બેચાર જણ વચ્ચે એગ્રીમેંટ થયું હોય કે ત્રણ મહીના પછીજ આપણે આ ઓચરીઉ વાંચવું, અથવા છ મહીના પછીજ આ નોટ વેચવી તો એકાદ ખંગ ભાડે લઈને તેમાં તે ઓચરીઆં મુકી ત્રણ કે છ મહીનાની ચાવી દીએ તો બરાબર ત્રણ કે છ મહીનેજ તેનાં આંધરાંમાં ચાવી દાખલ થાય. તેની અગાઉ ઉઘાડવા માંગો તો માથું પટકીને લોહી કહાડો તોબી ઉઘડે નહીં. સાંચાકામ એવી રીતે ગોઠવેલું કે

મુદત પુરી થવેજ મોહોડાંની ઉપરની પ્લેટ ખસી જઇને ચાવીને માંહે રસ્તો કરી આપે! પણ લાખો રૂપીઆની કીમતનાં પીક્ચરો અને સામાનો આ સેફ ડીપાઝીટમાં લઇ જશો કેમ? ચીંતા ન કરો—તેના પણ ઉપાય છે. હેરોડ સ્ટોરના ડીરેક્ટરોને ખબર આપ્યાથી તેઓ એક જબરદસ્ત સ્ટીલનું ગાડું સીપાઈઓની ચોકી સાથે તમારે ઘર બેઠાં મોકલી આપશે અને તમારો સામાન આસાનીથી સ્ત્રાંગ રૂમમાં આવશે. તમે સ્ટોર્સના આ ખાનગી ખાતાંમાં ફરતા હો ત્યારે પીતળના કઠેરા અને બારીના કાચ સાફ કરતા મહેનતુ કામદારો જુઓ તો અજબ થતા ના. તેઓ સઘળા વીશ્વાસુ ડીટેક્ટીવો છે, અને એક ગમથી પીતળ કામ સાફ કરવાને મસે બધું ધક ધ્યાન તમારી હીલચાલ ઉપર છે. વળી મેનેજરની આફીસમાં એક એવો છુપો હેન્ડલ રાખેલો છે કે જે દાબતાંજ ઉપરથી બસો ત્રણસો માણસો મદદે દોડી આવે. અને છુપાવેલી રીવાલવરો ઉપાડીને તૈયાર રહે.

હેરોડ સ્ટોરનું મેં આ ઘણું લંબાણ પીઝન કીધું છે અને આશા રાખું છું કે તે તમને પસંદ આવ્યું હશે. જો ગમ્યું હોય તો ઠીક છે ને ન ગમ્યું હોય તો—તો શું—ઓછી પીડા. હવે આગળ ચાલીશું. આ સ્ટોર જોવા પછી મારૂં મસ્તક એવું ચકભમ થયું છે કે હું તેનો સેહેલમાં પીછો છોડનાર નથી. તમારી પાસે વાહ વાહ કરાવીશ ત્યારેજ મારાં મનની શાંની થશે. આ

કુંપનીની કરોડ રૂપીઆની થાપણ છે. પણ બીજા એક કરોડ રૂપીઆનું તો રીઝર્વ ફંડ છે. એ લોક શું કરે છે તેની ટીપ આપવાને હું અશક્ત છું. હું ધારૂં છું કે શું નથી કરતા તેની ટીપ વધારે જાણવાજોગ થઇ પડે. ભાડેના ગાડી, ઘોડાના એ લોકનાં ચાર મસ મોટાં ખાતાં છે, જ્યાં એક 'કેબ' થી ૮ ઘોડાની રાજવંશી ગાડી ભાડે મળી શકે છે. લખ્ખો રૂપીઆનાં મોતી, હીરા વેચવા ઉપરાંત બે દોઢીઆંના વટાણા જોઇએ તોબી અહીં મળે છે. એકવાર તમારૂં નામ નોંધાવીને પકડણ કરો કે સહુવારના પોહોરમાં ગોસ્ત, મછી મરચાં, ઈંડાં સઘળું ઘર બેઠાં ચાલ્યું આવે. એક સો મૈલ આઘે કસ્બો હોય ત્યાં પણ બજાર પુગાડે. દહાડામાં છ સાત ડીલીવરી ગાડાંઓ નીકળે અને વરદીનો માલ પહોંચાડતાં આવે. જીંદગીનો વીમો, ફરનીચરનો વીમો, જે કહો તેનો વીમો ઉતારવાને તૈયાર. શેર કે લોન લેવી વેચવી હોય તો તૈયાર. દુન્યાનાં કોઇબી વર્તમાનપત્રોમાં જાહેરખબર છપાવવી હોય તો તેના ભાવ તાલ, સલાહ વીગતો સઘળી તૈયાર. અરે બીરાદરો આ લોકના અડાગ ધંધાનો તમને ખ્યાલ નહીં આવે—નહીં આવે. આ સ્ટોર્સની આફીસમાં વરસ દહાડે કેટલાં કાગલો આવતાં હશે? ફક્ત ચોદ લાખ!! ૩૦૦૦ સેલ્સમેન, ૫૦૦ હીસાબી કલાર્કો! એ લોક વરસ દહાડે ૧૫૪ જુદી જુદી જાતનાં તો કેટલોગ કહાડે છે. ગયે સાલના કેટલોગની નોંધ મેં જોઇ

તો એ લોકોએ સઘળાં મળી ૯૨૩૫૦૦ કેટલગો વહેંચ્યાં હતાં. હું એના સંબંધમાં એક હસમુખી વાત કહું. જ્યારે હું મેનેજીંગ ડીરેકટર સાથે ફરી રહયો ત્યારે મેં કહ્યું "આજની મારી મુલાકાતની યાદગીરીમાં તમારો એક કેટલગ મને સ્પેર કરશો?"

"અલબત, મોટી ખુશીથી."

જરા વારે આ કેટલગ આવ્યો. અંહુંહું—કેટલગ કે કેટલગકા બાપ! જાણે એક નાની જમવાની ટેબલ! બે માણસ જેમ તેમ ઉપાડી લાવ્યાં. મેં જોયું કે આ તો કાજીજી ભેંસ ન લાયા, બડા પાપ લાયા. આ ભેંસને પેક કરી ઇંડીઆ મોકલતાં ત્રીસેકની સેસ ઉઠશે એવું વમાસી મેં આ ભેટ ઉપકાર સાથ ના પાડી અને અરજ કરી કે કોઇ નાનું પુસ્તક હશે તો ઠીક પડશે.

"હાજી, નાહાનું એડીશન મંગાવું."

નાહાનું એડીશન—અમથું કરમદાં જેટલું. વેબસ્ટરની મોટી ડીક્ષનરી આવે છે તેથી જરા મોટું. પંદરસો પાનાં, રંગીન ચીત્રો સાથે. આ નાહાનું બચુકનું કેટલગ હું મારી સાથે લાવ્યો છું. મારા વાહાલાઓ પક્કા કામદાર તો ખરા. જગેજગ ટેબલો મુકેલી, ત્યાં ચીઠીના કાગળ, સાહી, એનવીલોપ, સઘળું મફત. માત્ર ઉપર ઝીણા અક્ષરે છાપેલું કે "આ ચીઠી હું હેરોડ સ્ટોરમાં બેશીને લખું છું." એક જુદી આફીસ ત્યાં બધી જાતના નાટકોની ટીકીટો મળે અને સીટ રીઝર્વ થાય.

તમે ઈચ્છો કે મને ફલાની પ્લેમાં જવું છે તો ટેલીફોન મારફતે એક મીનીટમાં પુછીને તુરત તમને ટીકીટ ઇશયુ કરે, પછી ગમે તે કંપની હોય. સહુવારના ૯ વાગે, ૧૦ વાગે, ૧૧ાા વાગે, ૨ાા વાગે, ૪ વાગે અને ૫ વાગે, માછલીનાં ભરેલાં ગાડાં નીકળે અને બાંધીઆં ઘરાકોને ત્યાં માછલી પુગાડી આવે. માછલીનું પણ વરસનું કનત્રાકટ. તે એમ કે તમારે ત્યાં છ ખાનારાં છે તો માણસ દીઠ ૬ પેન્સનો ભાવ ઠરાવી આખું વરસ એ ભાવે માછલી સપ્લાઇ કરે, પછી મોંઘી હોય કે સસ્તી. તેજ પ્રમાણે ગોસ્તનુંબી કનત્રાકટ, લીલી તરકારીનું કનત્રાકટ, મરઘાં બતકાંનું કનત્રાકટ. પણ હજુ તો બીજું ઘણું છે.

પ્રકરણ—૩ જું.

મને ઘણા જણ પુછે છે કે મારસેલ્સ તો ક્યારનું વટાવી છોડયું અને તોએ 'મોદીખાનાથી મારસેલ્સ' નેજ કાં શેકો તાણ્યા કરતો હોઈશ? જવાબ સેહેલ છે. એક તો નામ મીઠું મોંહપર ચહડી ગયું છે અને બીજું તો મારસેલ્સ વટાવી ગયો એમ કબુલ રાખવાને હું ના પાડું છું. મોદીખાનેથી નીકળ્યો તે પાછો મોદીખાનેજ આવીશ ને માર્ગમાં મારસેલ્સને ભેટતો આવીશ એટલે જે જુનું તે સોનું. પણ મારો મીત્ર હેરોડ સ્ટોરવાળો હજી રાહ જુએ છે. આ પ્રકરણમાં એનો છેડો છોડવીશ.

બચારો મરઘાં, બતકાં, માખણ, માછલાં, મોતી, માણેક, પીયાનો, પટેટા, વેચતાં પરવાર આવતી નથી તોયે બીજાં સાતસો કામમાં માથું ઘાલે છે. ત્રણ મૈલના છેટામાં જેટલાં મકાન આવ્યાં હોય ત્યાંનાં સઘળાં ઘડીઆળોને સાફ રાખવાનું અને આઠ દહાડે ચાવી આપવાનું તે કંત્રાકટ રાખે છે. છ ઘડીઆળ સુધ્ધાં ગમે એટલાં એક ઘરમાં હોય તેને તપાસીને કુંચી આપવાની વરસ દહાડે ૨૧ શીલીંગ. ઘડીઆળો સમારવાનું એક જુદું ખાતુંજ આ મબલખ સ્ટોરમાં છે. ઘોડાનાં હારનીસ સીવવાનું ખાતું છે, દરજીનું ખાતું છે, ચસ્માનું ખાતું છે, દવાઇનું ખાતું છે. પણ હવે બસ કે બીજું કાંઇ જોઇયે છે? જરા ધીર ધરો. કોઇ લંડનમાં કે બહાર ટાઉનમાં ગુજરી ગયું તો આપણા દેશની પેઠે બમનદારૂને બોલાવો ને પાસેનાં ધનાવહુને તેડાવો એવી ધમચકરીની જરૂર નથી. હેરોડવાળાને એક પોસ્ત કાર્ડ નાખ્યો કે કફન તૈયાર, કાળા ઘોડાની શોકની ગાડી હાજર, કબર ઉપર ચહડાવવાનાં ફુલ તૈયાર, સંગેમરમરની ઘોર હાજર, મુએલાંનાં પેટનાં આંટરડાં કહાડી નાખીને તેને બગાડી ન જાય તે માટે (embalm) કરવાની સઘળી શામગ્રી, ડાકટર સુધા તૈયાર! અરે જાઓરે—તેટલાથીબી શું વળ્યું! સાથે રડવા જનારાઓ ભાડેના તૈયાર, તેઓને પહેરાવવાનાં કાળાં શોકનાં કપડાં તૈયાર! ફકત એક ચાર આનાનો તાર મોકલવાની ખોટી. હેરોડ સ્ટોરવાળા જામીનગીરી

આપે છે કે રવાનની સાથે જનારા ભાડુતી રડકંદાઓ એવા કેળવેલા છે કે તેઓ ભાડુતી છે એમ કોઈ જાણે નહીં ! જેવો ભભકો મારવો હોય ને ઘણી ગમગીની બતાવવી હોય તેવો ભાવ. જાણે સમજો કે દલ્લાવાળો કાકો મરી ગયો ને તમને તડાકો પડયો તો તેના હેશાનમાં કાકાજીને ઠાઠમાઠથી ખદેરી કહાડવા હોય તો મોટ્રી ફુમટાંવાળી ચાર ઘોડાની કફન સારૂ રથ, જોડીની બીજી બુમો નંગ ત્રણ, હાથનાં મોજાં પહેરેલા કોચમેનો તથા ગાડીમાં બેસીને જુઠી જુઠી આંખ લુછનારા ઠગારાઓ છ, એ બધાનાં રૂ ૫૦૦!! પણ તેમ નહીં ને કાકા માથે પડેલા હોય ને પેટમાં ડફલ હોય તો સઘળું પચીસ રૂપીઆમાંબી થઇ શકશે. ફક્ત પાવલાનો તાર ને તમારે શું ખરચવું છે તેનો આંકડો મોકલવાની વાર. પણ કોઇને ભુમીદા થવું ન હોય ને બળી મરવું હોય તો તેની પણ ના નથી. રૂ ૨૧૦ મોકલી આપો તો તમારા મુદઇને બાળી ભશમ કરીને વળી તેની રાખ તમારે ત્યાં આંખમાં ટાઢક આપવા મોકલી આપશે !

અરે બાપજી, બાપજી! આ લોકનાં ખેણ કૌતક આગળ આપણી અક્કલ હેરાન પરેશાન છે. લંડનના ફેશનેબલ લોક રશીયન 'ફર' ના શાલ ડોશાલા માટે ન મનાય એવી કીમત આપે છે. આ રૂવાંટીના કલોક યાને જભ્ભા ઠંડીના દીવસમાં કામ લાગે ને ગરમીમાં તો ઉંચા મેલીં છાનવા પડે. પણ જો બરાબર ન મેલે તો

નાહે કીડીઓ લાગુ પડીને હજારો રૂપીઆની ખરાબી કરી નાખે. એટલા માટે હેરોડ સ્ટોરવાળાઓએ એક મોટું ખાતું સ્થાપ્યું છે, તેમાં એવી ગોઠવણ કીધી છે કે એક મોટાં દીવાનખાનામાં સઘળા પીછના ક્લોક વગેરે ટાંગવામાં આવે છે અને તે ઓરડામાં સ્ટીમની પાઇપો લાગુ કરી દીધેલી છે. તે એવી રીતે કે આખું વરસ સુધી આ ઓરડાની ગરમી એકસરખી રહે છે અને ભીનાસ બીલકુલ દાખલ થવા પામતો નથી. પણ હજી આગળ ચાલો. હેરોડનો બુટ અને શુનો સ્ટોર એક નાનું જેવું એકઝીબીશન છે એમ કહો તો ચાલે. હું ધારૂં છું કે લેડીઝ જેનટલમેનનાં બુટોની સંખ્યા લખ્ખોની ગણાતી હશે. એ લોકનું પોતાનુંજ બુટ બનાવવાનું કારખાનું છે અને ત્યાં તમારાં માપ વગેરે નોંધી રાખવાની એક મોટી આફીસ છે. એક વાર તમારૂં માપ નામ ઠામ લખી લીધું કે તમને એક નંબર આપવામાં આવશે. આ નંબર દશ વરસેબી મોકલી આરડર કીધો કે તમારા પગનું બુટ તૈયાર. અરે પણ એ લોકનું દવાઇ બનાવવાનું કમથાન તો જુઓ. કોણ જાણે રાતના ઉંઘબી કેમ આવતી હશે! હું ધારૂં છું કે દુન્યાંમાં જેટલી પેટંટ મેડીસીનો બનતી હશે તે અહીં જમાવ કીધેલી છે. બાલ ઉગાડવાના હજારો નુસખા, દાંત સફેદ રાખવાના લખ્ખો પાઉડરો, આંખ ખુબસુરત કરવાનાં કુડી દશેક ખેમાનોથી અહીં દેવાલોની હારોહાર ભરી નાખી છે.

કાંઇ અગણીત ડાકટરોનાં પ્રીસક્રીપશનો અહીં દરરોજનાં બનતાં હશે. એ જબરો ઓરડો જોવાજોગ છે. હારની હાર ડીપલોમાવાળા કેમીસ્ટો અહીં દવા તૈયાર કરવા, ગોળીઓ બનાવવા, અને પડીકાં વાળવામાં ગુંટી ગયલા જણાય છે. વળી તમારાં માણસને ખોટી થવાની જરૂર નહીં. જેવી દવા તૈયાર થઇ કે સ્ટોરનો પોર્યો સાઈકલ ઉપર સવાર થઇને તમારે ઘેર બેઠાં પહોંચાડે એવી ગોઠવણ રાખેલી છે. બધાં પ્રીસક્રીપશનનો એકજ મુકરર ભાવ. આને મળતું અને આવડું મોટું ખાતું મુંબઈમાં કે કલકતામાંબી મારા જોવામાં આવ્યું નથી.

મારો એક પ્રીય વાંચનાર જેણે આ ઉપર આપેલી વીગતો મારા હાથ અક્ષરની લખેલી ગઈ કાલે વાંચી તે ભભડી ઉઠયો કે "અરે પણ બસ કેની, હજુ કાંઇ બીજું બાકી છે?" હા છે—ઘણું છે. પ્રીન્સ ઓફ વેલ્સ આવે તો આરકાં ઉભાં કરવાં, બતીઓ લગાડવી, વાવટા ટાંગવા, એ સઘળું હેરોડ સ્ટોરવાળા માથે લીએ છે! પચાસ રૂપીઆથી તે પચાસ હજાર રૂપીઆ સુધીની આતશબાજી જોઈતી હોય તો ફકત એક ચીઠી અને ચેક! બેંડ વાજાં જોઈતાં હોય તો પાંચ માણસથી પાંચસો માણસનું બેંડ તૈયાર. લગ્ન સારૂં માંડવા બાંધવા હોય, ભાશણ કરવા સારૂં ખુલ્લી જગાપર છાપરાં નાખવાં હોય, ડાન્સ સારૂં દેવાનખાનું બનાવવું હોય તો હેરોડને લખો. ના એટલુંજ નહીં—પણ પાંચથી

પાંચ હજાર માણસને જમાડવાં હોય તો હેરોડ પાવરી તૈયાર છે. એ લોક ફ્રેંચ પાલીસ કીધેલા લાકડાંના બંગલા પોતાનાં ગોડાઉનોમાં તૈયાર રાખે છે અને માંગો તે જગા પર બે કલાકમાં તે ઉભા કરી, અંદર ઇલેક્ટ્રીક લાઇટ, ફુલનાં કુંડાં, નેટના પડદા સુદ્ધાં તૈયાર કરી નવો પરીઆંનો માળો બનાવી આપે છે. પણ આ બંગલા ઉભા કરીને પછી તમારા પરોણાઓને રીઝવશો કેમ? ફીકર ના કરો. હેરોડને લખો. એ લોક પાસે નાટક ટોળી, મશ્કેરા ટોળી, જાદુગર ટોળી, નાચણીઆ ટોળી, સઘળી પગારદાર તૈયાર છે. જેવું કામ તેવું દામ. પૈસા—પૈસા—બસ પૈસા લાવો ને એ લોક આસમાન નીચે લાવવાને તૈયાર થશે. બેંડ મોકલશે તેબી કેવું? દરેક વગાડનારને કીરમજી ડ્રેસ ઉપર સોનેરી ફીટનો સાજ અને દરેક વગાડનાર ચાંદવાળો! સ્ત્રી વગાડનારાંઓનું બેંડ જોઇતું હોય તો તેબી તૈયાર છે. બચ્ચાંઓની પાર્ટી હોય, ને તેઓને હસાવવાં હોય તો નાની સરકસ પાર્ટી, કેળવેલાં ગધેડાં સુદ્ધાં, આ લોક તૈયાર રાખે છે. તરેહવાર હાથ ચાલાકીના ખેલો કરી દેખાડવા જાપાની હુન્નરમંદો હેરોડ સ્ટોરને ત્યાં મોજુદ છે. પેટેમાંશુ પંચીઓ, હથેલીમાં ચાંદ દેખાડનારાઓ, નાચતા હાથીઓ, મેજીક લેનટર્નો, હબસી સીતારીઓ, જે જોઈએ, જેટલામાં જોઈએ, અને જ્યારે જોઇએ ત્યારે તૈયાર છે. સવાલ એટલોજ કે—શું તૈયાર નથી.

આહ! હવે તો હું થાકયો—પણ આજનું પ્રકરણ પુરૂં કરવા વગર ઉઠવું નથી. જરા ચોપડી વેચવાનાં ખાતાં માહે તો નજર કરો. અરેરે—જાણે આપણી ટાઉન હોલની રોયલ એશીયાટીક સોસાયટીનું પુસ્તકખાનું! તમને ગમે એવી ચોપડી જોઈએ તો છપાયલા ભાવ કરતાં ૨૫ ટકે ઓછે! જે ચોપાનીઉં જોઇએ તે ૨૫ ટકે ઓછે. જેવું ચોપડીનું સંગ્રહસ્થાન તેવુંજ મ્યુઝીકનું સમજવું. પીયાનો વેચવાવાળા વીભાગમાં ગયો તો ત્યાં પીઆનોનાં વહાણુજ ફાટેલાં! મેં ગણવાની તજવીજ કરી પણ નીશફળ થયો. વળી રમુજ શું કે જે મેકરની બનાવેલી તેના ભાવ કરતાં તેજ ઇન્સટરૂમેંટ હેરોડનાં સ્ટોરમાં સસતું. તમારે ગમે તો ખુદ બનાવનારને ત્યાં જઈને પીઆનો પસંદ કરીને લેઓ તો તેના પૈસા હેરોડવાળો ભરે ને તમારી પાસેથી મહીને મહીને નાની રકમ વસુલ કરે. કેટલાક પીઆનો બનાવવાન કારખાનાં તો હેરોડ સ્ટોરવાળાઓએ પોતાનેજ માટે ભાડે રાખેલાં છે. તેમાં બનતો માલ બીજા કોઇને મળે નહીં.

વળી હેરોડનું એક બીજું ખાતું ઘણું જાણવાજોગ છે. સમજો કે તમારે ચાર પાંચ અથવા વધુ મહીના બહારગામ જવું છે અને બંગલો ભાડે રાખવો નથી, તેમજ તમારૂં ફરનીચર, વાસણ કુસણ, રાચરચીલું ઘણું છે ને તે કહાડી નાખવાની અથવા વેચી નાખવાની મરજી નથી, તો તેને ભરી રાખવા માટે હેરોડવાળાઓએ એક

જબરદસ્ત ચાર મજલાની ઇમારત બાંધી છે. આ ઈમારત દશ એકર જગા રોકે છે. પીઆનો, પીકચર્સ, કપડાંલત્તાં, સઘળું ઘણા થોડાં ભાડાંમાં આ હુકુતેખાનમાં ભરી રાખવામાં આવે, અને તે બગાડી ન જાય તે માટે ગરમ સ્ટીમની પાઇપો ઓરડામાં ઉતારેલી કે જેથી દરેક ઓરડાની ટેંપરેચર સમાંતર જળવાઇ રહે. આ આખી ઇમારત પથ્થરની અને લોઢાંની બાંધેલી છે અને તેમાં લાકડાંનું નામ પણ નથી, એટલે આગ વરાળની ધાસ્તી નથી. જે બંગલો અથવા મકાન ખાલી કરી જવાનું હોય તે માટે એવી સીફત લગાડેલી છે કે મસ મોટાં ગાડાંઓમાં સામાન ભરી તે ગાડાંઓ એમનાં એમ રેલવે સ્ટેશન ઉપરથી આખાં ને આખાં ત્રકમાં ચહડાવી દે છે અને તે ટ્રેન બાર્નેસ ખાતેના આ અઠ્ઠંગ કોઠારમાં જઇ સાંચા વડે આ ગાડાં આખાં ને આખાં રમકડાંની પેઠે ઉપાડીને ઉપલા મજલાઓ ઉપર ખાલી કરે છે. જેવાં ગાડાં ખાલી થયાં કે લીફ્ટમાં પાછાં નીચે ઉતારી ત્રક ઉપર રચ્યાં કે પાછાં બીજે કામે ગયેલાંજ જાણવાં. દાદર ઉપર કબાટ ચહડાવતાં 'હુલામહે'ની ધાંધલ નહીં કે કઠેરાઓ સાથ અફળાઇને ઘસી પડવાની ધાસ્તી નહીં. અગર ઘરાકની ઈચ્છા હોય તો ગમે એટલું ફરનીચર મોટી પેટીમાં પેક કરીને કહો તે વહાણના ભંડારમાં મુકી આપે, કારણ કે હેરોડ સ્ટોરવાળાઓ સંખ્યાબંધ પોતાના બતેલાઓ તૈયાર રાખે છે એટલુંજ નહીં પણ

બતેલાઓમાંથી પેટીઓ ચહડાવવા તથા ઉતારવા માટે રાક્ષસી હાઈડરોલીક યાંત્રીઓ છે. ભાંગે તુટે તેના જવાબદાર તે લોક છે. આવી જાતની ગોઠવણ મારા રખડપટામાં મેં બીજે કોઈ ઠેકાણે જોઈ નથી.

તમો વાંચીને અચરત થશો કે આ હેરોડ સ્ટોરનું ઘોડા ગાડીઓનું ખાતું લગભગ આપણી ટ્રામવે કંપનીના કોલાબા તરફના તબેલાઓને મળતું આવે છે. એક દીવસને માટે, અઠવાડીયાંને માટે, મહીનાને માટે કે વરસને માટે જેટલી અને જેવી ગાડીઓ જોઈયે તેવી તૈયાર છે. કોઈ ધમધમી શેહાદીમાં કે નામદાર શેહેનશાહની લેવીમાં જવા માટે ૧૦ હજાર રૂપીઆ સુધીનું ટર્ન આઉટ જોઈતું હોય તો તે, તેમજ સેંકડો બ્રુમો અને સેંકડો આમનીબસો એ લોક તૈયાર રાખે છે. બધાંના ભાવ ઠરાવેલા હોવાથી કશી પંચાત પડતી નથી. ઘોડાવાળાઓના અને કોચમેનોના યુનીફોર્મ હું બીહતાં બીહતાં કહું છું કે આપણા ગવરમેંટ હાઉસના લીવરીઝ કરતાં પણ ચઢીઆતા છે.

પણ હવે હું ધારૂં છું કે આપણા મીત્ર હેરોડનો છેડો આવી પહોંચ્યો છે. બચારાઓને પરવાર ઘણી હશે કારણ કે મેં ઉપર વરણવ્યું તે ઉપરાંત એ લોકનાં પોતાનાં લીલાંઉખાના છે જેમાં દર અઠવાડીયે મોટાં લીલાંઉ થાય છે. આ લીલાંઉમાં ફકત સરસામનજ નહીં પણ મોટા મોટા વાડી બંગલા અને લખ્ખો

રૂપીઆના એસ્ટેટો વેચાય છે. પણ હવે બસ—આ હેરોડ સ્ટોરની બાબદમાં વાંચનારનો ઘણો કીમતી વખત મેં રોકયો છે, એટલે મારે તેમનાથી દરગુજર ચાહવી કે તેઓએ મારો ઉપકાર માનવો તે સવાલ હું વાંચનારની મુનસફી ઉપર છોડું છું.

પ્રકરણ—૪ થું.

પ્રીન્સ ઓફ વેલ્સ અત્રે પધારી ગયા તેના સનમાનમાં મુંબઇમાં લંકા સળગી તેની પુઠે વડોદરા રેલવેની આફીસમાં લાહે લાગી ત્યારે મારૂં મન થયું હતું કે લંડનની ફાયર બ્રીગેડનું વર્ણન આપું કેમજે લંડનની આગ હોલવનારી સામગ્રી વળી હેરોડ સ્ટોરનેબી પાણી પાય એવી છે. મુંબઈમાં જ્યારથી મી૦ નીકોલ્સ આગ હોલવવાનાં ખાતાં ઉપર ઉપરી તરીકે આવ્યો ત્યારથી આગ વેળાનાં સંતાપજનક ચીત્રો બહુજ કમી થઇ ગયાં છે એ તો જાણીતી વાત છે. પણ જયારે હું કહીશ કે આ મી૦ નીકોલ્સ પણ લંડનની પ્રખ્યાત ફાયર બ્રીગેડનો એક નાનો અમલદાર હતો, ત્યારે વડા કારસાજીઓ કેવા હશે તેનો કંઈક ખ્યાલ આવશે. લંડનની સાઠ લાખ માણસની વસ્તી અને ગંજાવર વેપાર વણજની વચ્ચે કરોડો ઈલેકટ્રીક લાઇટ છતાં તે આગથી કેટલું નીરાળું છે તેનો મોટો ગુણ ત્યાંની ફાયર બ્રીગેડ સીસ્ટ-

મનો છે. આ સીસ્ટમનાં મેં એટલાં વખાણ સાંભળ્યાં હતાં કે વગ લગાડીને મેં એ ખાતાંના કુશળ વડા કેપટન હેમીલટન સાથ મેલાપની ગોઠવણ કરી. એક બુધવારે સહવારના દશ વાગતે હું ગયો ત્યારે મને સઘળું ફેરવીને દેખાડવામાં આવ્યું. આગનો ટેલીફોન થતાંજ અડધી મીનીટમાં બંબાઓ નીકળી પડે છે એમ જ્યારે મેં સાંભળ્યું ત્યારે સભ્યતાને ખાતર ડોકું તો હલાવ્યું, પણ મનમાં જરા શંકા ખરી કે આ મારા વહાલાઓ તોપ મારે છે તે કાંઇ જોતાજ નથી. મારાં મોંહ ઉપરથી મારાં ભીતરમાં શું પસાર થઈ જાય છે તે વડાએ વાંચ્યું કે શું, એટલે તે બોલ્યો "મી० મરઝબાન, અમે દર બુધવારે સાંજના અમારા સ્ટાફની ડ્રીલ લઈએ છીયે ત્યારે તમે ચાર વાગતે આવશો તો તમારા જોવામાં બધું આવશે." મેં આવવાની ખુશી દેખાડી. હજુ તો મારાં મોંહમાંથી આ શબ્દો નીકળી રહયા ન હશે તેવામાં અચણુચ બ્યુગલ ફુંકાયું–ધરધર કરતા ચાર ઘોડા–મોટા પહાડ જેવા—ચાર પગો દોડતા આવ્યા— મને કોઈએ બાજુમાંથી પકડીને ખેંચી લીધો–ઘોડા બરાબર ફાયર એનજીન આગળ જઇ પોતાની મેળે ઉભા, ઉપરજ કપીથી હારનેસ તૈયાર રાખેલાં તે એક બે સેકંડમાં નખાયાં અને અડધી મીનીટની અંદર ઇનજીન સોર બકોર કરતું નાઠું. એક મીનીટમાં તો સઘળું સુમશાન. હું તો પહેલાં એવો ભખરાઈ ગયો કે શું થયું તે સમજબી

પડે નહીં. આખરે વડાએ મને સમજ પાડી કે તમારાં સારાં નસીબે આગની ખબર આવી પુગી એટલે કેટલી ઝડપથી સઘળું થાય છે તે તમે તમારી નજરે જોયું. હા, જોયું ખરૂં પણ, તે મારાં વાંચક મીત્રોને કેમ સમજાવું એ મારી મુશ્કેલી છે. હું જે વર્ણન આપું છું તે સાઉથ વર્ક ફાયર બ્રીગેડનું સેંત્રલ સ્ટેશન છે તે સમજવું. પહેલાં તો દાખલ થતાં ત્યાં આઠ ઇનજીનો મુકેલાં હતાં. તેમાં એવી કળા કરેલી કે માહે ઝીણી આંચ રાત અને દીન બળ્યાજ કરે. જેવું બ્યુગલ થાય કે ચોકસ માણસોનું એટલુંજ કામ કે એક પવનની એવી પચુકરી લાગુ કરી દેય કે ઇનજીન હુજુ તો તબેલામાંથી બહાર પડે તે અગાઉ તો સ્ટીમ ચહડીને પચાસ પૌંડ પ્રેશર ઉપર આવી જાય. જ્યારે જુઓ ત્યારે સ્ટીમ તૈયાર. આ ઈનજીનની આગળજ કપ્પીથી એવી રીતે હારનીસ ટાંગીને તૈયાર રાખેલાં કે ઘોડા આવીને ઉભા રહેતાંજ એક સેકંડમાં હારનેસ તેમનાં આંગ ઉપર પડેલુંજ જાણવું. પાસેજ તબેલામાં હુમેશ આઠ ઘોડા વારી પ્રમાણે તૈયાર ઉભેલા. તેઓને એવા કેળવેલા કે બ્યુગલનો સાદ થતાંજ ચાર પગે આવીને હારનેસની તળે ઉભા રહે. વીસ આદમીઓ વારી પ્રમાણે ઈનજીન આગળ ઉંચાં બુટ અને પીતળની કોલાહ પહેરેલાં બેઠેલાં તૈયાર. બ્યુગલ થયું કે તેઓ ઈનજીન ઉપર ચહડી બેશે અને અડધી મીનીટમાં તો બંબો ચાર પગે નાચતો

કુદતો, ફુંફું કરતો ચાલ્યો. હજી તો વડો મને આ સઘળું સમજાવે છે તેટલાં દશ મીનીટમાં તો ઈનજીન પાછું આવ્યું. મેં અજાયબીથી પુછયું "કેમ આગ હોલાઇ ગઇ કે?"

વડાએ હસીને જવાબ દીધો "આગ લાગી હતીજ નહીં–પણ તમારી ઇંતેજારી હું પામી ગયો અને તમને અચબુચ દેખાડવા તથા મારાં માણસોની પરીક્ષા લેવા મેં ખોટો ટેલીફોન મંગાવ્યો હતો."

"પણ તે બનેજ કેમ? કાંહાંથી ટેલીફોન આવ્યો?"

"તેનો હું ખોલાસો આપું. લંડનના આખા વીસ્તારમાં અમે ૮૦૦ થાંભલા ઉભા કીધા છે. આ દરેક થાંભલા ફાયર બ્રીગેડના ટેલીફોન છે. દરેક ફાયર-મેનનાં ખીસામાં અકેકો પાકેટ ટેલીફોન છે જે આ થાંભલાને વળગાડયાથી તેઓ ગમે તે ડીસ્ત્રીકટ સાથ વાત કરી શકે છે. હવે મેં મારાં ખીસાં માંહેનું ટેલી-ફોન લગાડી અહીંથી ચાર મૈલ દુરનાં એક સ્ટેશનને ખબર આપી કે આગ લાગી છે એવો તેણે સંધેસો મોક-લવો. સંધેસો આવતાંને વાર કેટલી વારમાં બંબા નીકળી પડયા તે તમે પોતેજ જોયું છે."

મેં જવાબ દીધો કે "હું ખરેખર અચરત છું, પણ આ ઇનજીનો ગયાં તે ઉપર બેઠલા આગવાળાઓ જાણે છે કે આ ખરી આગ નથી પણ ખોટી તપાસ છે?"

"નહીં–તે લોકોને કશી ખબર નથી–તે લોકની ફરજ એટલીજ કે બ્યુગલ થતાંજ માથે પીતળની કોલાહ

પેહેરીને ઉપર ચહડી બેસવું. સાથે સુપ્રીનટેનડંટ છે તે બધું જાણે છે. લ્યો, આએ બંબો પાછો આવ્યોબી.”

હા યારો, ગયાને દશ મીનીટ થઇ હશે એવામાં ધરધર કરતો બંબો પાછો આવ્યો અને ખબર આપી કે એક મૈલ જતાંજ વચ્ચેના થાંભલાએ ખબર આપી કે “પાછા ફરો—કામ ખલાસ થયું છે.” કપ્પીથી હારનેસ ઉંચકાઈ ગયું, ઘોડા પોતાની મેળે દોડીને પોતાની જગા ઉપર જઈ ઉભા, આગવાળા બાજહો ઉપર પાછા હારોહાર બેસી ગયા અને એક મીનીટમાં તો સઘળું પાછૂં વગે સગે! આ ઝડપ ચડપ જોઈ મેં હજારો હજાર આફ્રીન કીધી કે યા પરવરદેગાર, જ્યાં આવી સઘળી તૈયારીઓ હોય ત્યાં આગનું શું ચાલે! સાઉથવર્કનાં મોટાં ફાયર સ્ટેશનમાં ફરવું એ ગોયા એક નવી જીંદગીનો નવો સફો ખોલવા જેવું છે. ત્યાં કનતાનની અને ચામડાંની પાઈપો એવી રચીને મુકી છે કે જાણે મોટો શીહ્ા અઝગર ગુંછડું વાળીને પર્વત બન્યો હોય. આ ‘હોઝ’ અથવા પાઈપ એવી લાંબી છે કે જો તેને ઉખેડીને લાંબી નાખે તો પચાસ મૈલ સુધી પહોંચે, એટલે બોરી-બંદરનાં સ્ટેશનથી નાખે તો છેક નેરલનાં સ્ટેશન સુધી છેડો લાગે! વળી ઇનજીનોની લગોલગ ‘ફાયર એસકેપ’ સીડીઓ લગાડેલી છે. આ સીડીઓ ૭૦ ફીટ સુધી ઉંચી લગાડી શકાય, અને તેમાં એવી સફાઈથી ગોઠવણ કરેલી છે કે આગનાં બળતાંમાંથી પણ કોઈને આ સીડી

મારફતે નીચે જમીન ઉપર ગબડાવી મેલવું હોય તો તેનાં બદનને અલવલ આણ્યા વગર તેમ બની શકે.

આ આગ ખાતાંના સાધારણ માણસોને અઠવાડીઆંની ૩૦ શીલીંગ એટલે મહીને દહાડે લગભગ રૂ ૯૦ નો પગાર તથા રહેવાનું મકાન મળે છે. તેમનાં બચ્ચાં છોકરાં સુખમાં રહે અને આગવાળાને કાંઇ અકસ્માત થાય તો તેઓનો ગુજારો થાય એવા સઘળા પક્કા બંદોબસ્ત કીધેલા છે. સાઉથવર્કનું સેનટ્રલ સ્ટેશન જે મેં ઉપર વર્ણવ્યું તેવાં લંડન ખાતે ૯૦ સ્ટેશનો છે અને તે દરેકમાં ૧૧૨ માણસની ટુકડી રાત દીવસ તૈયાર રાખવામાં આવે છે. કોઇ પણ ઠેકાણે આગની ખબર મળતાંજ આસપાસના ૨૦ સ્ટેશનોપરથી બંબાઓ સ્ટીમ ચઢેલા પાંચ મીનીટમાં આવી પુગે છે, અને પાઇપોમાં પાણીનો 'ફોર્સ' જાથુકનો હોવાથી ગમે એવી જબરી આગને પણ માથેવહુી થવાનો ચાન્સ મળતો નથી. લંડન શહેરમાં દરરોજની સરાસરી ૪૩ આગ લાગે છે એટલે મહીનાની ૧૨૦૦ ઉપર આગ થઈ પણ તે છતાં ધન્ય છે ત્યાંની ફાયર બ્રીગેડ સીસ્ટમને કે કોઇ વારબી અસાધારણ મોટું નુકસાન થવા પામી શકતું નથી. ફાયર બ્રીગેડનાં માણસો એવા ગંઠાયલા એવા જબરા અને એવા હીમતવાન છે કે મોટી આગનાં ભડકાંમાં આખા ને આખા ઝીપલાવવું એ તો તેઓને મનથી એક રમત મીસાલ છે. ૨૮ વરસ સુધી નોકરી

કરે તેને તેના પગારનો ૨/૩ ભાગ પેનશન આપવાનો સરેશતો છે, તે છતાં, અજબ જેવું છે કે ચુંનદા આગવાળાઓ પેનશન ખાવા કરતાં ખુદ આગમાં ધસવાનું વધારે પસંદ કરે છે. બળતાંમાં પોતાનું બદન ઝીપલાવે તેવાર તેઓ ગુંગળાઇ ન જાય તે માટે તેઓને પીતળની એવી ટોપી પહેરાવી છે કે જે ગળાં સુધી ઉતરી જાય છે, અને દમ લેવા માટે ટોપ ઉપર ચીમની જેવી કહાડેલી છે. આ ચીમની બે રીતની ગરજ સારતી જણાય છે. એક તો બળતાંની વચ્ચે માહેથી પવન આવે અને બીજું તો માથાં ઉપર ગબડી પડતી ઇમારતનો પથ્થર અથવા બીમ આવી પડે તો બચાવ થાય. આ ફાયર બ્રીગેડ માણસોની ઉપર રાત દીનની જક્ષા છે. વીસ વીસ માણસની ગેંગ વારા ફરતી રાત દીન ઈનજીનો આગળ કપડાં પહેરીને તૈયાર બેસી રહે છે, પણ એટલાજ પ્રમાણમાં તેમનાં સુખને માટે બેન્ડ વાજું, ખાસ નાટકશાળા, રીડીંગ રૂમ, તેઓનાં બઈરી છોકરાં માટે બજારો વગેરે સઘળું સરકારી ખર્ચે ચાલુ છે.

પણ હવે આગને આગ લગાડીયે, અને કાંઈ વધારે ખુશનુમા બાબદ ઉપર નીગાહ પહોંચાડીયે. હું ધારૂં છું કે સોના રૂપાની વાત લખીશ તો વાંચનારને વધારે મીઠી લાગશે. આખા યુરોપ, અમેરીકા અને એશીયામાં જો કોઇબી બેંકનું ચલણ એક સરખી રીતે સ્વીકારવામાં આવતું હોય તો તે બેંક ઓફ ઇંગલંડ છે.

ફ્રેંચ સરકારની નોટ કે નેપોલીયન, જર્મન શાહાનશાહની નોટ કે સોનેરી વીસ માર્કનો સીક્કો, ઇંગ્લંડ કે ઈટાલીમાં વટાવવા જશો તો કોઇ હાથ લગાડશે નહીં. આપણા મુંબઇના રૂપીઆને કે સો રૂપીઆની નોટને ખુદ બ્રીટીશ મુલકમાંબી કોઈ ઝાંખીને જોવાનું નથી. પણ બેંક ઓફ ઇંગ્લંડની નોટ કે ઈંગ્લંડનો સોનાનો સોવરીન સાઉથ આફ્રીકાનાં ખુણામાંબી ચપ દેતો ઉંચકાઈ જશે. આખી ધરતીમાં સર્વેથી માતબર બેંક—બેંક ઓફ ઇંગ્લંડ ગણાય છે. અને તેનો શું ભાર હશે કે પોતાની નોટો કહાડવાની તેને ખુદ પાર્લામેંટે સત્તા આપી છે! પણ જેટલા અબજની નોટ એ બેંક ફરતી કરે તેટલા અવેજનું સોનું પોતાની તીજોરીમાં અનામત રાખવું જોઇયે એવો કાયદાએ આ બેંક ઉપર જાપતો રાખેલો છે. જ્યારે હું ખર્ચ ખાતો હાડમાર થતો લંડન સુધી ગયો ત્યારે ત્યાંની બેંક ઓફ ઇંગ્લંડનો કાચા સોનાનો ડુંગર ન જોવો એ હેમલેટના ખેલમાં જઈને ખુદ હેમલેટને જોવા વગર પાછું ફરવા બરાબર કહેવાય. ખબર કહાડી તો જણાયું કે છેલ્લાં એક વરસને દરમ્યાન એક ઘેલા પુરૂષે બેંકના ગવરનરનાં અંગ ઉપર પીસ્તોલ ફોડી ત્યારથી બેંકના અંદરના ભાગોમાં વીઝીટરોને દાખલ કરવાની સખત મનાઈ કરવામાં આવી છે, અને 'ગોલ્ડ રીઝર્વ' નાં ભોંયરાંમાં તો એ નસીબદાર બેંકના ટ્રેઝરર અને તેના ખાસ રખેવાળો સીવાય બીજા કોઇથી

ઉતરવાને બને એ તો તદન અશક્ય વાત છે. કહે છે કે આ ગાંડો પુરૂષ ધર્યો ધરાયો નહીં ત્યારે એક બંબાની સુંઢ વડે તેનાં અંગ ઉપર પાણીનો મારો ચલાવ્યાથી તે જેર થયો! પણ જ્યાં ઠરાવ કીધો ત્યાં સેહેજ અડચણથી હઠી જાઉં એવો હું નથી. મારા એક મોટા વેપારી મીત્ર જેઓ પાંચ છ સ્ટીમરોના માલેક હોવા ઉપરાંત લખ્ખો રૂપીઆનો બેંકો સાથે વહીવટ ચલાવનાર હતા તેઓ આગળ જઈ મેં મારાં દીલની ઉમેદ જાહેર કરી. તેઓ ઉઠયા અને અમો સાથે યુનીયન બેંક જેમાં આ ઈંગ્રેજ વહાણવટીનો મોટો લાગવગ હતો ત્યાં જઈ મારી ઓળખ કરાવી. બેંક ઓફ ઇંગલંડના સોનેરી ખજાનામાં કેમ દાખલ થયો એ એક નાટકરૂપી કહાણી છે એટલે રમુજને ખાતર તેનું સેહેજ દાસ્તાન લંબાણથી આપું છું. લખ્ખો રૂપીઆના વહીવટદાર કોઇ દહાડે નહીં ને આજે બેંકમાં આવ્યા એથી બેંકનો વડો મેનેજર બહુ શાદમાન થયો અને હસીને પુછયું.

"ઓહો મી૦——આજે અમારી બેંકપર સોનાનો સુરજ ઉગ્યો છે કે તમારાં પગલાં અહીં?"

ધનવાન વહાણવટીએ ઉત્તર દીધો, "તમને યાદ છે? તમે એક વાર કબુલાત આપી હતી કે હું હમેશ તમારી ઉપર તેમજ તમારી બેંક ઉપર ઉપકાર કરતો આવ્યો છું પણ તેનો બદલો કોઇ દહાડે વાળી આપવાની મેં તમને તક આપી નથી?"

"હા, ખરી વાત, એવો કયો દહાડો આવે કે તમે અમારા ઉપકાર તળે આવો ?"

"ધીરજ ધરો તે દહાડો આજે આવ્યો છે. કોઇ દહાડે મેં તમારી પાસે કાંઈ માંગ્યું લીધું નથી, પણ આજે તમે મારી એક નોકરી બજાવી શકશો. તે એ કે આ મારા ઇશટ મીત્ર જે છેક ઇન્ડીયા વેરથી આવેલા છે તેઓએ બેંક ઓફ ઈંગલંડનું સોનાનું ગંજાવર કબ્રસ્તાન જોવાના સપત લીધા છે અને તે એમની જીગ્નાશા કોઇબી રીતે તૃપ્ત થવી જોઇએ."

બેંકનો મેનેજર બચારો બહુ અંદેશામાં પડયો.

"એ તમે શું બોલ્યા! તમે મારી પાસે આ ઘડીએ પચાસ લાખની લોન માગી હતે તો હું ખુશીને મારે હાથ હાથ કુદતે, પણ તમે જે હમણા મારેથી કરાવવા માગો છો તે તો લગભગ ન બન્યા જેવું છે."

"ચાલો ત્યારે સાહેબજી" કરી અમે બંને ઉઠયા, પણ બેંક મેનેજરે અમને રોકયા અને બોલ્યો "જરા થોભો, હું પાંચ મીનીટમાં આઉંછું." આમ બોલી પોતાની ટોપી માથે ચહડાવી સામેજ બેંક ઓફ ઈંગલંડ હતી ત્યાં દોડયો. પાએક કલાકમાં પાછો આવી હસ્તે ચહેરે કહયું.

"ઇટસ ઓલ રાઈટ, એક 'એકસેપશન' તરીકે મેં તમારા મીત્ર માટે ખાસ ગોઠવણ કરી છે, માટે

કાલે બપોરના બે વાગે બેંક ઓફ ઈંગલંડમાં જઈ આ ચીઠી વડા ખજાનચીને હાથોહાથ આપવી એટલે એમની આશા પુર્ણ થશે.”

હુરરે! આખરે દૃઢ ઠરાવ આગળ સઘળી મુશ્કેલ આસાન. મને જણાવવામાં આવ્યું કે મારા સીવાય બીજા કોઇને સાથે લાવવાની પરવાનગી નથી—સારાંસ કે મારા લખ્ખોપતી સ્ટીમરના માલેકનેબી ઇસારો કે તમોએબી મીઠ્ઠો ગાળો મુકવો.

બીજે દહાડે બપોરના ટાઇમ સર બેંક ઓફ ઇંગ્લંડમાં જઇ લાગયો. અરેરે, શું ત્યાં દાખલ થતાંજ દીવાનખાનાનો ઠાઠ! ફક્ત પૈસા આપ લે ખાતાંના બેંકીંગ કાઉંટપરજ કંઈ નહીં તો ૫૦૦ કલાર્કો હશે! અને કરો-ડોની નોટો અને ચેકો લઇ ઉભેલા હજારો વેપારીઓની ગીરદીનો ખ્યાલ નજરે જોવા વગર કયાંથી આવે! મેં મને મળેલી ચીઠી વડા ખજાનચીને પહોંચાડી જે વાંચીને તેઓ ચસ્મો ચહડાવી મારૂં મોહડું જોવા લાગયા કે સોનાથી ભરેલો ગોખ્રો જોવાની પરવાનગી મેળવનાર આ ઓરેંગગોટેંગ વળી કોણ હશે! તેઓ ઉઠયા અને હાથમાં મોટો એક ફુટનો જબરો કુંચો ખલે મારી ચાલવા માંડયું. મારી પછવાડે ખભે બંદુક મારીને એક સોલજર ચાલતો હતો. નરો જાણે કોઈ બંદીવાનને બાસ્ટીલના કીલ્લામાં લઇ જતા હોય એવો સઘળો દેખાવ જોઇ મને બહુજ રમુજ મળી. વીચાર કીધો કે સોનેરી

ગોઝા આગળ જતાં ઝડતીબી લેશે ખરી કે ! ઝડતી તો નહીં લીધી પણ એક મોટી ચોપડીમાં મારી સહી અને ઓળખ લખાવી લીધી—પછી એક લોઢાંની સીડી મારફતે નીચે ભોંયરાંમાં ઉતર્યા. સોલજર કાકા જેઓ સુમારે ૭ ફીટ ઉંચા અને ખાસા બીરનાં પીપ જેવા જાડા અને એક મુકી મારે તો છ માણસને ગબડાવી પાડે એવા હથોડા જેવા કાંદાવાળા હતા તેઓ પણ પાછળ પાછળ આવતા હતા. ખજાનચીએ પેલો મસ મોટો કુંચો સ્ટીલના દરવાજામાં ઘાલ્યો, બારણું ઉઘડયું, અમે ત્રણ જણ દાખલ થયા કે ચડપ દેતું પાછું માહેથી બંધ કરી દીધામાં આવ્યું. એટલે એક છટકામાં ઉંદર પકડાયો હોય એવો સઘળો મામલો હતો. કોઇ મારી નાખે તો સો વરસે જણાય નહીં. બારણું બંધ થવા પછી ખજાનચીએ પહેલી વાર પોતાનું મોંહ ઉઘાડયું.

"હું બહુ અચરત છેઉં કે તમને અમારાં સોનાનાં રીઝર્વ ભોંયરાંમાં દાખલ થવાની કેમ પરવાનગી મળી હશે ! આજે બાર માસની મુદતમાં તમે પહેલવેહેલાજ આવ્યા છો."

મેં હસીને જવાબ દીધો—"એવું મારૂં નસીબ ! હું હીંદુસ્તાનનો વતની છું અને ત્યાંનાં એક રોજીંદાં પત્રનો માલેક અને અધીપતી છું. ઇંગ્લંડનાં દ્રવ્યનો કંઇક ખ્યાલ મારાં પુસ્તકમાં આપનાર છું, માટે આ અસાધારણ જોગવાઇ મને કરી આપવામાં આવી છે."

આટલા ખુલાસા પછી ઘરડા ખજાનચી ભાઇ ખુશ ખુશ થઇ ગયા, અને સોનાની લાદીઓ જે હારો-હાર પડી હતી તે તરફ આંગળી બતાવી બોલ્યા.

“લેઓ આય સોનું સોનું સોનું! કેટલું જોઈયેછ?”

સાચું કહું તો હું હવે ધારૂં છું કે મેં આ સોનાના ઢગ ન જોયા હોત તોજ ઠીક થાત, કારણ કે તે જોયા પછી સોના માટે મને એવો અભાવ થઇ ગયોછ કે જો કોઇ આજે આ પચાસ હજારની લાદીમાંથી દશ વીસ ઉંચકી આપે તો જરૂર ના કહું. (નવાનું ટકા બાદ!) મશ્કરી એક બાજુ મુકી હું કહું છું કે જેમ રોજનો લીલો હલવો જોઇ એક હલવાઇને જીવ ધરાઇ જાય છે અને મીઠાઇને જોતાં જોતાં તેને ગલ્યાંની સુગ ભરાઇ જાય છે એનેજ મળતો કંઇક હેવાલ અહીં પણ છે. પાંચસો ફીટનો લાંબો નક્કર લોઢાંનો ઓરડો તેમાં લાંબી ને લાંબી અભડાઇ ઉપર ખાસ્સી એક ફુટ લાંબી, છ ઈંચિ જાડી અને નવ ઇંચ પોહોળી સોનાની લાદીઓ હજારોની હારમાં ઉંઘાડી પડેલી. ખજાનચી કહે.—

“લેઓ હું તમુને છુટ આપું છું. એમાંથી એક લાદી ઉપાડી જાઓ.”

શું ઉપાડી જાય એના બાપનું તોડું! બે હાથે અને એક લાતે ધણીબી હ‌લામ હો કરી પણ નાપાકની જાણી લાદી તો પા તસુબી પોતાની જગ્યાએથી ખસે નહીં, તો પછી ઉપાડે કોણનો કાકો! ખજાનચી મને વીસમ્ય

થયલો જોઇને હસવા લાગ્યા. પુછપરછ કરતાં જણાયું કે આ દરેક લાદી ૫૦૦૦૦ રૂપીઆની હતી અને કુલ સઘળાં ગોડાઉનોમાં મળી અઢી અબજ રૂપીઆનું સોનું ભરેલું હતું. ખા મારા બાપ! કેટલું સોનું જોઇયે છે! પણ હજી સોનાને મુકવું નથી, નવાં પ્રકરણમાં આગળ ચાલશું.

પ્રકરણ—૫ મું.

આપણે સોનું સોનું કર્યે છીયે પણ એ શું નાચીઝ છે તે આવાં સોનાનાં ખંડીયરમાં દાખલ થઇયે ત્યારેજ બરાબર સમજાય. અબજો રૂપીઆનો સોનાનો ઢગ જોતાં પહેલાં તો આંખ ચળી આવે છે, પણ પછી જાણે ત્રાંબા કાંટા આગળ પીતળનાં વાસણોની દુકાનમાં પીતળ જોતા હોઈયે એવું લાગે છે. અરે કયાં છે સોનાનો પીળાસ અને કયાં છે સોનાની ગરમી! કાંઈ મળે નહીં. હું ધારૂં છું કે આ સઘળી ભેજાંની વ્યાધી છે. થોડી વારે પીળું પીળું સોનું જોઇ હું થાકયો એટલે બહાર પડવાની તલબ કરી. ખજાનચી મને પડખે ચાંદીના ભંડારમાં લઈ ગયો તો ત્યાં ગાડાં ને ગાડાં ભરીને ચાંદીના ઢગ ભોંય ઉપર પડેલા. જાણે નરા સીસાંના લાઠા. સોનું જોયા પછી ચાંદી તો નરી ફીક આવે એવી ફીકી ફચ લાગે. ખજાનચી તેના તરફ તીરસકારથી લાત લગાડી કહે "આ

ચીનાઈ, આ અમેરીકન" ઇત્યાદી. ભલા માણસ તો સોનામાં અથાઇ ગયલો એટલે ચાંદીની તો એવી સુગ કે તેને હાથ લગાડવાનુંબી પોતાના દરજ્જાથી હલકું સમજે! સોના રૂપાથી ધરાઇ જ્યારે અમે બહાર પડયા ત્યારે ખજાનચી સાથ એવી તો દીલ લગી બની રહી હતી કે તેણે મને નોટ છાપવાનાં ખાતામાં ફેરવી લાવવાની ખુશી દેખાડી. અલબત્તે છાપવાનો પ્રયોગ તો અમારા બાપદાદાનો હુન્નર એટલે હું થાકેલો છતાં બહુ ખુશી થયો. આ નોટનાં ખાતાંમાં કોઇને જવાની સખત મનાઇ છે, પણ સાથે જ્યાં ખજાનાના ખાં પોતેજ એટલે સંત્રીએ બંદુક નીચી કરી સર નમાવ્યું કે જાદુઇ "ઓપન સીસેમ" નો દરવાજો ખુલી ગયો. પાંચ પાઉંડથી પચાશ પાઉંડ સુધીની નોટો અહીં છપાતી, ગણાતી અને સહી થતી હતી. ખજાનચીએ હસીને પુછયું કે "એકીવારે તમોએ કેટલી દોલત તમારા હાથમાં પકડી છે?"

મેં ઉત્તર દીધો કે ઘણું તો એકજ પંજામાં બે લાખ રૂપીઆ હશે.

ભુખરીબારસ હીંદુસ્તાનની નોકને ખાતર આટલુંબી નાળીઉ ફેંકયું તે માટે હું ખાસ ક્ષમા માગવાની જરૂર જોતો નથી. પણ ખજાનચીનાં મોંહ ઉપર રમુજની નીશાન જોઇ હું ચેતી ગયો કે મારૂં બોલવું તેને ગળે ઉતર્યું ન હતું. પાસેની ટેબલ ઉપર જઈ એક મોટો ૫૦ પાઉંડ-

વાળી નોટનો ચોડો-સુમારે બે ફીટ ઉંચો અને જોડાજોડ ચાર મુકેલી એવો પાહોળો-મારા હાથમાં મુકી બોલ્યો,

"લેવો ત્યારે મી૦ મરઝબાન, તમારા દેશમાં જઈ તમારા મીત્રોને કહેજો કે એક દહાડે તમોએ આ લંડનનાં પણોતાં શેહેરમાં એક કરોડ રૂપીઆનો ખજાનો એકીવારે તમારી ગોદમાં ધર્યો હતો."

આહાહા! આ તે ખજાનો. શું તે કાગળની ગરમી—વાહ! શું તે કાગળનો પમરાટ! શાબાશ! શું શાહીનો રંગ! જાણે હાથમાંથી મુકવાજ નહીં ગમે. અસંતોષીનો ગુપ્ત નીસાસો નાખી આ પ્યારૂં બંડલ તો છોડવું પડયું, પણ મનમાં દીલાસો લીધો કે આખર કરે ને દ્રવ્ય શું ચીજ છે-ફકત હાથનો મેલ. ઓ રફીકો, કમતરીનની આ શીખ ખુબ ધ્યાન દઈને વાંચજો કે જો પાંચ લાખનો ધણી આજે પાંચ કરોડનો ધણી થવા પામે, તો "ઓ બેંકમાં મારી આટલી બેલેંસ છે" એટલા ફેકટના સધ્યારા સીવાય તે પાંચ લાખની આવક કરતાં એક તલભારનીબી વધારે મોજ મેળવવા પામનાર નથી. પેટ પુરતું ખાવાનું, કુટુંબનું સુખ, મીત્ર મંડળમાં ઈજ્જત અને પોતાનાં અંતઃકરણનો સંતોષ, એ ખજાનાનો છેડો નથી. અને જેની પાસે એ હોય તેને પાંચ હજાર—પાંચ લાખ-કે પાંચ કરોડ સવળા સરખા છે. જેઓ પાસે લખ્ખો કરોડો છે, તેઓનાં બદનમાં હૃદયની જગાએ કેવા કીડા કરડતા હશે, તે તમે શું જાણો છો?

આજના વીશયમાં આ થોડાક અસાધારણ ખ્યાલોની જગા કીધી છે તે માટે ફીદવીનો દોશ કહાડશો નહીં. સોનાની ધુંઇ અને કરોડોની નોટના ચોડાની સુગંધના આ સઘળા પ્રતાપ છે. હાથમાં કરોડ રૂપીઆનો ખજાનો પકડીને જ્યારે ઉભા રહેશો ત્યારેજ તમને ખ્યાલ આવશે કે છટ, એ કચરો આઘેથી વહાલો લાગેછ, પણ જ્યારે ખરેખરો ને પકડાય ત્યારે તેની માથાકુટની છીકરી તમારાં દીલમાં એવા વીચારનો પ્રસાર કરાવે છે કે એવી બલાગત હોરી લેવા કરતાં પેટ ભરાય એટલા પુરતા પૈસે મનનું સુખ વધારે કીમતી છે.

પણ હવે બેંકમાંથી બહાર પડવાનો વખત થયો એટલે ખજાનચીની મહેરબાનીથી મેળવેલી થોડીક અત્યંત નવીન વીગતો ટપકાવી એ વીશય બંધ કરીશ. બેંક આફ ઈંગ્લંડનો સરેસ્તો છે કે એકવાર નોટ છપાઇને બહાર પડી કે તે પાછી ફરે એટલે બીજીવાર બેંકમાંથી ઈશયુ કરવામાં આવતી નથી. પહેલીજવાર પાછી ફરવા પછી તેને એક લોંગ રૂમમાં પાંચ વરસ સુધી રાખી મેલવામાં આવે છે અને પછી એક મોટા અમલદારની દેખરેખ તળે તેનો નાશ કરવામાં આવે છે. મેં પુછયું કે "દરરોજ કેટલી નોટો આ પ્રમાણે પાછી ફરતી હશે?"

જવાબ મલ્યો કે "૬૦ હજાર નોટ દરરોજ નવી છપાય છે અને જુની પાછી ફરે છે." આ પાછી ફરેલી નોટની કીમત શું ધારો છો? ૧।। કરોડ રૂપીઆ! દોઢ

ક્રોડ રૂપીયાની નોટ રોજ બને અને રોજ નાશ પામે. હવડાં બેંક ઓફ ઈંગ્લંડમાં ફાડી નાંખ્યા વગરની નોટોના સંગ્રહનું વજન ૮૦ ટન એટલે જે લગભગ ૭ાા હજાર મણનું નોંધેલું છે અને એ નોટોનાં બંડલ ઉખેડીને જો અકેકની પાસેપાસે પાંથરે, તો આપણી આખી વીકટોર્યા ગાર્ડન ઢંકાઇ જાય એવો હીસાબ મેં કહાડયો છે. સોનાની લગડીઓ ભંડારમાંથી બહાર વપરાસ માટે ૨ કરોડ રૂપીઆની પડેલી મેં જોઇ હતી. આ દરેક લગડી રૂ ૨૫ હજારની કીમતની કહેતા હતા. પાસેનાજ ઓરડામાં સોનાના સોવરેન ખોટા છે કે ખરા—વજનમાં બરાબર છે કે હલકા—તે તપાસવાનાં ઇલેકટ્રીક મશીનો ચાલતાં હતાં. શું આ મશીનો જોવાની મજેહ! જાણે માત્ર જીવ મુકવાનુંજ બાકી. ઉપર એક ગટર વાટે ગીનીઓ એક પછી એક સીપાઇની પેઠ પોતાની મેળે ચાલી આવે અને મશીનમાંથી પસાર થઇ રણકા સમેત નીચે પડે. જે વજનમાં હલકી અથવા ખોટી હોય તે ઠડાક દેતી પોતાની મેળે બહાર ઉડી જાય. આ પ્રમાણે દરરોજ બેથી ત્રણ લાખ ગીનીઓ એટલે લગભગ ૫૦ લાખ રૂપીઆના સોનાના સીક્કા આ મશીનોમાં આંકવામાં આવે છે. હું આ ઠેકાણે નોંધ લઉં છું કે નોટ છાપવા માટે ૨૦ મશીનો કામે લગાડેલાં છે અને અજબ જેવું છે કે આ મશીનો ઉપર નોટ છાપીને તૈયાર કરનાર ઘણા ખરા નાની વયના ચબરાક ૧૯ થી

૧૮ વરસના દુકતાઓ છે. આ મશીનો "ફ્રાલકન" મશીન્સને નામે ઓળખાય છે અને તે કલાકની ૨૫૦૦ નોટ કહાડે છે અને નોટો છાપ્યા પછી પોતાની મેળે ઢગલી બનાવે છે—માણસના હાથની જરૂર પડતી નથી. આ બહુ નવાઇ જેવાં મશીન માંહેનો એક હું અત્રે લાવ્યો છું અને આ વીશય વાંચનારમાંથી કોઇની પણ જોવાની ઇચ્છા હશે તો ખુશીથી દેખાડીશ. આ નોટનાં ખાતાંમાં કુલ ૧૨૦૦ કલાર્કો સારો દીવસ કામ કરે છે. તેઓના હાથમાંથી અબજોની રકમ પસાર થઈ જાય છે, પણ આજ સુધી કોઇ દહાડેબી એક પાઇનો વર વાંધો જણાયો નથી.

હવે નોટ—નોટ ને ગીની—ગીનીથી ઉબક આવી ગઇ છે માટે તેનો તોડ કાંઇ ગળ્યું ગળ્યું આપીને કહાડવાનો વીચાર મેં પહેલાંથીજ રાખ્યો હતો. મારા ઈંગ્રેજ મીત્રો મને પુછવા લાગ્યા કે "કેમ ભાઈ, સારૂં ઈંગ્લંડનું ખુણે ખુણું ખુંડારી વાળ્યું, હવે કાંઇ બાકી છે?" હા છે ઘણું છે. હજી તો હંટલી પામરનું બીસ્કીટનું કારખાનું જોવું છે—કેડબરી કોકોની મુલાકાત લેવી છે—અને સહવારના પોહોરમાં હુમાજોર કરનાર—પેટમાં કરમને સજીવન રાખનાર—બદહજમી અને બાદીના નામને તેજી રાખનાર જામ અને જેલીના શાહ બનાવનાર ક્રોસ એંડ બ્લેકવેલ અથવા જે. ટી. મોરટન કે એવાંજ બીજાં કોઈ ખાતાંની ખબર લેવી છે. ખબર મળી કે ક્રોસ

અને બ્લેકવેલ તમારાં હીંદુસ્તાન તરફ બહુ મોટો વેપાર ચલાવે છે તે ખરી વાત, પણ અમારાં ઈંગ્લંડ અને સ્કાટ-લંડનાં કાઉંટીઓમાં પીક કંપની તેટલીજ જાણીતી છે. વાસ્તે ત્યાં ચાલો. ચાલો, આપણે કયાં ના છે. સહવા-રના અગીયાર વાગે એક બુઝોર્ગ ઇંગ્રેજ મીત્રને લઇને સ્વારી પીક કંપનીનાં મુરબ્બાખાનામાં ચાલી. સાંભળો છો ! પુંજીઆજી ચટણીવાળા, માથેરાનવાળા ઈબરાહીમ-ખાન અને પંચગનીવાળા શેખ જેલીવાળા, જરા નીચલી વીગતો સંભાળથી વાંચજો, કારણ કે તેમાંથી ઘણુંક જાણવાનું મળશે. હું તો જાણું કે પીક કું૦ જામ-જેલી સરકો રાઈ બનાવનારા ઘણું તો અત્રેના કોઇ પાણીના અચાર કે મસાલાવાળાની દુકાન કરતાં ૨૫–૫૦ ગણા વધારે મોટા હશે. પણ દાખલ થતાં શું જોઉં છું ! પહેલાં તો એક મોટો કુશાદે બગીચો અને એક બાજુએ જુદાં જુદાં ફળ, જેવાં કે ઓરેંજીસ, એપલ્સ, ગ્રીનગેજ, સ્ટ્રાબેરી, વગેરેના ડુંગર મારેલા. લખતાં પણ મારા હાથ અચરતીને મારે ધુજે છે. કાર-ખાનામાં બે હજાર—તેમાં મુખ્ય કરી સ્ત્રીઓ—તો કામે લાગેલી. દરરોજની ૮૦૦૦ મણ ખાંડનો ખપ, એટલે જે આપણા ભારબરદારી ગાડાં ૧૦૦ ભરીને રોજ ખાંડ આવે ને ખપે. દરરોજ ૧૧૮ ટન એટલે ૯૦૦૦ મણ ફરૂટ તાજી રેલવે ટ્રેનોની મારફતે આવીને પડે, બફાય અને ખપે. જેવી મોસમ તેવી ફરૂટ. હું જ્યારે

ગયો ત્યારે ડેમસન નામની ફ્રુટની મોસમ હતી એટલે ટ્રેનની ટ્રેનો ભરીને સ્પેશીયલો આવે અને કંપનીનાં ૧૦૦ ગાડાં અને ૨૦૦ ઘોડા તે લાવીને કમપાઉંડમાં નાંખે તે ને તેજ દહાડે જેટલી સોજી હોય તે બાકી-ને ચીનીની બરણીઓમાં ભરી કે બાકી વધેલી પોચી ને કામ ન લાગે એટલે તે નાંખી આવવા સારૂ ૧૦૦–૨૦૦ ગાડાં જુદાં. હવે આ ફ્રુટની વ્યવસ્થા કેવી કરવામાં આવે છે તે વર્ણવું છું. મસ મોટાં લાક-ડાંનાં ટબોમાં પહેલાં ફ્રુટ ધોઇ કહાડવામાં સુમારે ૧૦૦ સ્ત્રીઓ લાગેલી. પાસેજ એક મોટા ચોકમાં ૨૦૦–૩૦૦ સ્ત્રીઓ શાકરનો શીરો બનાવે. તેની પાસે ત્રીજા મોટા ચોકમાં ૨૦૦–૩૦૦ સ્ત્રીઓ મોટા પક્કી બાંધણીના ચુલા ઉપર બગ્રાણાં ચહડાવેલ્રાં તેમાં આ ફ્રુટને બાફે. જેવી ફ્રુટ બફાઈ રહી કે ચીનીકામની ૨૫ રતલ સમાય એટલી બરણીઓમાં ભરી તે ઉપર ફ્રુટની જાત અને તારીખ લખીને એક અંદર ગ્રાઉંડ ભોંયરાંમાં લઇ જાય. આ ભોંયરાંનું હકુતેખાન ડેન્ટીના પ્રખ્યાત ઈનફ્રરનોને મળતું આવે છે. નીચે ઉતર્યા કે અકેકની ઉપર ચહડા-વેલી એક સરખી અઢી લાખ બરણીઓના મોહોલ્લા કીધેલા, ફક્ત ઇલેકટ્રીક લાઇટથીજ અજવાળું પડે. બર-ણીઓ દીવાલની પેઠે એવી એક સરખી રચેલી કે એક મોહોલ્લાથી બીજો મોહોલ્લો ઓળખાણમાંબી નહીં આવે અને સેહેજમાં બરણીરોકા મોહોલ્લાઓમાં ભુલા

પડી જઈયે. એકેકની ઉપર આઠ બરણીની ચોડ ચહડાવેલી અને દરેક મોહોલ્લો સુમારે ૩૦૦ ફીટ લાંબો અને જ્યાં જુવો ત્યાં સીપાઇઓની પેઠે બરણી—બરણી અને બરણીજ. જમણા જવું કે ડાબા જવું તે પણ સમજ પડે નહીં. પીંક કુo ના એક ડીરેકટર જે અમારી સેવામાં હાજર હતા, તેઓએ ખબર આપી કે અમુને દર સાલ ત્રણ લાખ આવી ૨૫ રતલી બરણીઓ સપલાઇ કરવાનું કંટ્રાકટ છે, પણ ઘણીવાર કંટ્રાકટરો વખતસર બરણીઓ મોકલી ન શકવાથી ફ્રૂટ એક બે દીવસ રાખીને કોહી જવાથી નાખી દેવી પડે છે અને તેવી વખતે તેઓને દરરોજ લગભગ ૧૫ થી ૨૦ હજાર રૂપીઆનું નુકસાન થાય છે. આ ખાલી બરણીઓની કીમત દર સાલ ફક્ત પાંચ લાખ રૂપીઆ, અને શીરા વગરની ફક્ત બાફેલી ફ્રૂટની કીમત ૧૦ લાખ રૂપીઆ. રોજ વેચાય તે જુદું, આ તો હું સ્ટોકના માલની કીમત કહું છું. બરણીઓ ખુટ્રી જાય ત્યારે બાફેલો માલ કાંઇ રોજ નાંખી દેવો તો પરવડે નહીં, તેટલા માટે ૬૦ હજાર લાકડાંનાં પીપો બાફેલા માલથી ભરી મુકેલાં. ભાઇઓ, હસશો નહીં. જામ અને જેલીના બ્લુ રંગના જે રતલી ટીન તમે જુવો છો, તેવા વરસ દહાડે પીંક કુંo ૮૦ લાખ વેચે છે. આ ટીનના ડબ્બા બનાવવાને ખાતર જે કારખાનું છે તેમાં ૩૦૦ માણસ છે અને એક જબરદસ્ત ઇનજીન ચાલે

છે. શું એ કામના કરવૈયા હશે કે લખ્ખો પત્રાં કાપીને તેના પાંચ પાઉંડના ટીનથી તે એક પાઉંડના ટીન બનાવે, અને તે કાપતાંબી નાના રેજા વધે, તે નાંખી ન દેવા સારૂ ઝીણી ગોળીની દાબડીઓ આવે છે, તેવી પણ ડબ્બી બનાવી તેમાં જેલી અથવા છુંદેલો ખીમો મુકીને તે અડધી પેનીએ વેચવા મોકલે. કહે છે કે બાફેલો માલ એરટાઇટ બરણીઓમાં ખરાબ થતો નથી એટલે ઉપર વર્ણવેલાં બરણીના મોહોલ્લામાં તેઓને રચી રાખી, જેમ વરદી આવતી જાય તેમ કહાડીને શીરામાં મેળવીને બજારમાં રવાના કરે. ટીનમાં ભરાયા પછી તેની આસપાસ ટીકીટ મારીને કાગળમાં લપેટનાર છોડી-ઓનું ખાતું જોવાજોગ હતું. રમકડાં જેવી છોકરીઓ કોણી સુધી બાંહે ચઢાવીને એવી ઝડપથી ડબ્બા વીટાળે કે આપણા તરફ જોવાની પણ ફુરસુદ નહીં. કહે છે કે એકેક છોડી એક દીવસનાં સાડા ત્રણ હજાર ટીન વળગાવી નાખે છે. મુરબ્બો અથવા જામ જેલી ભરવા પછી ટીનને રેવણ દેનાર છોડીઓની પણ હારોહાર. અકેક છોકરી એક દીવસમાં ૧૮૦૦ ટીનને રેવણ દઇ શકે છે. મુરબ્બો, જેલી, જામ ઉપરાંત સેલેડ ઓઇલ, કાર્ન ફ્લાવર, પેપરમીટ, જુજુબસ, અચારની બાટલી, પ્રીઝર્વ, ખીમા, યાને ખોરાકીની હરેક ચીઝ અહીં બને છે. હજારો ટન મસાલો દુર દરાજનાં મુલકથી આવીને અહીં સફાઇ થઈ તેની બાટલીઓ ભરાય છે. ફક્ત

બહારગામ મોકલવાના પેકીંગ ડીપાર્ટમેંટમાંજ સુમારે ૨૦૦ માણસ હશે. જાત જાતની દેવદારની પેટીઓ અને પેટારા સ્ટીમ કરવતથી કપાઇ તૈયાર થઇ, ચારી મારફતે આફીસ રૂમમાં જઇ પડે તે દેખાવ બે ઘડી જોવા જોગ છે. ઉપરની એક્ષપોર્ટ આફીસમાં ૫૦ લેડી કલાર્કો ઓર-ડરોને માટે પુરી પડતી નથી. હવે વીચાર કરો કે જે ખાતાંમાં બે હજાર માણસો કામ કરે, ૮૦ લાખ ટીન બને, ૧૮૦૦ મણ ખાંડ ખપે અને ૨૦૦૦ મણ દર-રોજની ફ્રૂટ ખપે, ત્યારે તેનું દરરોજનું વેચાણ શું હશે ! વળી મારી અજાયબી વચ્ચે જોયું કે ભાવ પણ ઘણા સસ્તા. અખતરા તરીકે મેં પાંચ પૌંડની નોટ કહાડી આપી અને અરજ કરી કે દરેક ચીજનો અકેકો નમુનો પેક કરી મારે સરનામે મુંબઇ મોકલી આપવો કે મારાં મીત્ર મંડળમાં દેખાડવા કામ લાગે. જ્યારે હું મુંબઈ પાછો ફર્યો ત્યારે ૧૧ મોટી પેટીઓ ઠસોઠસ ભરેલી આવીને પડેલી. આપણે સ્ટ્રાબેરી અને રાસ્પબેરીના ટીનના લગભગ ૯ આના આપ્યે છીયે. પણ આ જામ પીંક કું૦ ને ત્યાંથી કાચનાં ટંબલર સુધ્ધાં ફક્ત ૩ા આને પડવા ગઇ. જામ જેલી ખલાસ થવા પછી ટંબલર કામ લાગે તે જુદું. જાત જાતની લોઝેનજીસનાબી તેજ હાલ ! મોટી ડબલ બાટલીની કીમત ફકત આના પાંચ. પોણોસો રૂપીઆમાં ૧૧ પેટી ભરીને આ ઘમસાણ આવી પડયું તે ખાતાં પીતાં અને મીત્ર મંડળમાં વહેંચતાં હું કંટાળી ગયો. વેપારીઓનું આ ઉપર હું ધ્યાન ખેંચું છું.

પ્રકરણ—૬ થું.

વર્તમાનપત્રો પ્રગટ કરવાનું કામ અને છાપાકળા તે મારા બાપદાદાથી ઉતરતો આવેલો વારસો છે અને જ્યારે જર્મનીમાં એ હુન્નરની ચઢતી અને વધતી જોવાના મેં પછાડા માર્યા ત્યારે લંડન જે પોતાના મહાન છાપા માટે જગ પ્રખ્યાત છે તેની ખબર લીધા વગર પાછો ફરૂં એમ અલબત બનવા જોગ નથી. બર્લીનમાં જ્યારે સરકારી પત્ર "ટાગે બ્લાટ" ની મુલાકાતે હું ગયો, ત્યારે ત્યાંની ધંધુખર જોઇ હું કેટલો અચરત થયો હતો તેનું મારૂં આપેલું વર્ણન વાંચનારા સાહેબોને યાદ હશે. જ્યારે "ટાગે બ્લાટ" ની બે લાખ રોજની નકલોની તારીફ મેં હરણફાર થઇને લંડનના વર્તમાનપત્રના બીરાદરો આગળ કરવા માંડી ત્યારે તેઓ મશ્કરી કરી હસ્વા લાગ્યા. કેટલાક મીત્રોની ફરમાસથી લંડનમાં પ્રગટ થતું "સ્ટાર" પત્ર મેં પહેલું જોયું. આ પત્ર દરરોજ સાંજના સવા બે લાખ નકલો વેચે છે અને અલબત તેની સંખ્યા પ્રમાણે ગડબડ પણ ઝાઝી છે. પણ ખરૂં કહું તો એકવાર બીજા દેશમાં બે લાખ નકલવાળું પત્ર જોયા પછી આ ગોલાબી પત્રે મને ઝાઝો અચરત કર્યો નહીં. લંડનનાં ઘણાખરાં રોજીંદાં પત્રો એક પેનીની કીમતે વેચાય છે. પણ જ્યારે ખબર પડી કે મી૦ હાર્મસવર્થે જે ગયાં અઠવા-

ડયાંમાં ઉમરાવપદ પામ્યા છે તેવણ સહવારનું આઠ સફાનું મોટું પત્ર ફક્ત અડધી પેનીએ કહાડનાર છે, ત્યારે સમજદારો ડોકું ધુણાવવા લાગ્યા કે આ ધણી કરોડપતી થશે કે દીવાળું કહાડશે! સર્વેની ગણત્રી છેલ્લા બાર માસમાં ઉંધી વળી છે. આ અડધી પેની-વાળું નવું પત્ર દરરોજ દશ લાખ કોપી વેચી શકે છે. આ 'ડેલી મેલ' ની આફીસ હું જોવા ગયો હતો. એ ન્યુસપેપર છાપવાનું કારખાનું નહીં પણ એક મોટું શેહેર જેવું લાગ્યું. પુછ્યું કે કલાકની કેટલી નકલ છાપો છો, ત્યારે જવાબ મળ્યો કે ૨૪૦૦૦. જ્યારે આ વાત મારા મીત્રો મેસર્સ લોઇડની કંપનીવાળાઓને કહી ત્યારે તેઓએ મને બીજે સનીવારે રાતના પહેલી-જવાર ચાલુ થનાર પોતાનાં નવાં મશીનની ક્રીયામાં સામેલ થવાનું ઈજન કર્યું. આહ! લોઇડસ વીકલી ન્યુઝના ઘરાકોની સંખ્યા ૧૨॥ લાખ! સંખ્યા જોતાં કેવું મોહ ભરાઇ જાય છે! રાતના ૧૦ વાગતાથી સહ-વારના ૫ વાગતા સુધીમાં ૧૨॥ લાખ કોપી, ૨૮ પેજ પત્રની કહાડવી એ કાંઇ કુલ્લીમાંનો ગોળ નથી. લોઈડ લીમીટેડ કંપની જેઓનું સહવારનું પત્ર 'ધી ક્રોનીકલ' ને નામે ઓળખાય છે, તે રોજીંદાં પત્રની ત્રણ લાખ નકલો ખપે છે, તે ઉપરાંત દર અઠવાડ્યે લોઇડસ વીક-લીની ઉપલી રાક્ષસી સંખ્યા છાપવા માટે તેમનાં ચાલુ મશીનો ઓછાં માલમ પડવાથી આ કંપનીએ અમેરીકાના

નામાંકીત મશીન બનાવનાર હો મારફતે એક નવો મશીન મંગાવ્યો છે જે ખરૂં જોતા સાત મશીનોનો જુમખો છે. મુંબઈમાં ચાલતાં વર્તમાનપત્રના ધોકારાનો ખ્યાલ કરતાં મને લખતાંબી લાજ લાગે છે કે આ નવું મશીન એક કલાકની ૯૬ હજાર કોપી છાપે છે. મશીનની કીમત નાની—ઘણીજ નાની—ફક્ત ૩૦ લાખ રૂપીઆ! કદબી હનુમાન ગલીનાં એકુ ઘરની નાની ઓરડીમાં સમાઇ જાય એટલું. ફક્ત ૧૦૦ ફીટ લાંબું. આ રાખસને ચલાવવા માટે ભોંયરામાં જે વીજળીક ડાઇનેમો ઉભો કર્યો છે તેબી નાનો જેવો ઈજીપશીયન પીરેમીડ! બીચારા વીલાયતના વર્તમાનપત્રવાળાઓ કરોડપતી છતે બહુ ભોળા હશે! લોઇડવાળાઓએ આ કલાકનાં લાખ કોપી છાપનારાં મશીનની પધરામણી કીધાથી તેઓનાં જુના મશીન, જે કલાકની ફક્ત ૨૦—૨૨ હજાર નકલો છાપે તે જેમ જાય તેમ કહાડી નાખવાની જરૂર વીચારી. મને પુછયું કે "મી૦ મરઝબાન, આ અમારાં રદ કીધેલાં મશીનો ઘણા ગુડ ઓરડરમાં છે, તમારે જોઈતાં હોય તો અમે જેમ માંગશો તેમ આપી દઈશું." ફક્ત નવાઈને ખાતર પુછયું કે "કેટલામાં અકેકની કીમત રાખી છે?" જવાબ મળ્યો કે "કાંઇ નહીં, લ્યો અકેકો લાખ લાખ રૂપીઆમાં આપી દઇશું." ઠાવકું મોંહ રાખી અલબતે મેં કહયું કે વીચાર કરીને હું જવાબ દઇશ. પણ મનસે બહુ રમુજ મળી કે કલાકની ૨૫ હજાર

હનુમાન ગલીનું ઘર અને લાખ રૂપીઆ! જોઉં—શેઠને પુછી આઉં! લોઇડની આફીસની ધામધુમ અને દરેક જણે પોતાનું કામ કરવાની સફાઇનાં શું વખાણ કરૂં! હું ડરૂં છું કે હું મારાં કામને ઇનસાફ આપી શકીશ નહીં. આ નામાંકીત મશીન તેજ દહાડે પહેલીવાર શરૂ કરવામાં આવનાર હતો અને તે જોવા માટે અમો ફક્ત દશ બાર જણજ હાજર હતા. મશીનને ચાર ખુણેથી જેમ પાણીનો ધોધ પડે તેમ ૨૮ પેજી આખાં ને આખાં પત્રો ફુર ફુર ફુર ફુર ધોધની મીસાલે છપાઈને પડે. વળી એવી ખુબી કરેલી કે દર ૨૮ નકલે ઢગલી પોતાની મેળે ખસી જાય, પણ તે એટલી ઝડપથી કે તે ઉપાડીને ચોડો કરવાને વટીક માણસોને ટાઈમ ન મળે. આ મોટાં દીવાનખાનામાં અવાજ અને ઘોંઘાટ એટલો જબરો થાય કે એક બીજાના કાનમાં પડયા વગર બોલેલું સંભળાય નહીં. ૧૨ાા લાખ કાપી છાપવાની એટલે એક મીનીટબી વ્યર્થ મુકાઇ શકાય નહીં. આ સંખ્યા છાપવાને માટે કંપનીનાં સીટીંગબોર્ન ખાતેનાં કારખાનામાંથી કાગજનાં રોલો આવે તેની સંખ્યા દર અંક માટે ૧૨૦ રોલની થવા જાય. આ રોલ એકેકું ખાસ્સું ૧૨ ફીટ લાંબુ અને એક મથુરાપુર એટલે જે સુમારે પાા ફીટ ઉંચું અને વજનમાં કોણ જાણે કેટલા ટન હશે, તેવાં ૧૨૦ રોલને ભરી રાખવા માટે લંડન જેવાં મોઘાં શેહેરમાં ભાડું ભરવું પરવડે નહીં એટલે

એવી ગોઠવણ કરેલી કે સનીવારનાં પત્ર માટે જે કાગળ જોઇયે, તે તેની આગલે ભરેસપતવારે એટલે બે દીવસ અગાઉ તો કારખાનામાં 'પલ્પ' એટલે માવાના આકારમાં તૈયારબી ન હોય. ભરેસપતવારે માવો મીલાવ્યો, શુક્રવારે કડકડાત કાગજ બન્યું કે રાતો રાત બધાં રોલો ટ્રેન અથવા તરાપા મારફતે લંડન આવ્યાં કે તે ગાડાં એમનાં એમ કારખાના આગળ ઉભાં રહે અને અકેક રોલ મશીનપર ચહડતું જાય કે બીજું રોલ તેની જગા પુરતું જાય. સનીવારે છપાઇ રહયાં કે કારખાનામાંથી કહાડયાં બહાર. બચારાં કાગળનોબી શું વાંક કહાડયે. ભ્રેસપતવારે માવો—શુક્રવારે મશીનપર તાવ—સનીવારે છપાયલું ન્યુસપેપર—અને આતવારે પાછું કચરાની ટોપલીમાં! આ એકેક રોલ દશ હજાર નકલો છાપે એટલું મોટું હોવા છતાં તે છપાઈ છપાઇને જ્યારે લગભગ ખપી રહેવા આવે ત્યારે નવું જાડું રોલ ચાલતાં મશીનમાં કેમ લાગુ કરી દેતા હશે તે જોવાની મને બહુજ ચીંતા હતી. આપણા તરફ જો આવું એક ગંજાવર કાગળનું રોલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસેડવું હોય તો હું ધારૂં છું કે ચટણીખાઉ નવગાણીઓ કાંઇ નહીં તો ઓછામાં ઓછો અરધો દીવસ લે. પણ આ ઠેકાણે તો જેવું એક રોલ ખપી ખપીને પતળું થવા આવ્યું કે એર પંપની મશીનરીથી બીજું રોલ હવામાં લટકેલું તૈયારજ ઉભું છે. પેલું ખપ્યું કે આનો છેડો લાગુ

કરતાં દશ સેકંડનીબી વાર લાગતી નથી. હું દશ વાગતાથી ઘડીઆળ કહાડીને ઉભો હતો અને ૧૧ વાગતામાં મારા જોવામાં આવ્યું કે એક લાખ કોપી તો બંડલ બની નામ નીશાન સાથે રવાના પણ થઇ ગઇ હતી. ન્યુસપેપરવાળાઓનાબી નસીબ કેવાં મોટાં હશે! કારણ કે તેઓને તાર, ટપાલ, ટેલીફોન અને ટ્રેનનાં પાંચે વાણા સુખનાં છે. રેલવે કંપનીઓ ફક્ત વર્તમાનપત્રનાંજ પારસલો લઇ જવા માટે સ્પેશીયલો દોડાવે છે, અને તે એટલી ઝડપથી કે રાતના ૧૧ વાગે લંડનથી રવાના થયલું ન્યુસપેપર સવારના ૪ વાગામાં તો લીવરપુલ કે મેનચેસ્ટર કે ગલાસગો જેવી જગાઓમાં ઘરેઘર વંચાય છે. આ દલીદ્ર દેશની પેઠે ત્યાં કાગળ વહેંચનારા ઘાટીઓની સરકસી અને ઉઘરાણી કરનારાં માણસોની જોડાકસીનો મામલો નથી. ત્યાં બાંધ્યાં ઘરાક જેવી ચીજજ નથી. લખ્ખોપતી બુકસેલરો લખ્ખોની સંખ્યામાં વર્તમાનપત્રો ઉપાડી લે છે અને પોતાનાં માણસો રાખી છુટક વેચે છે. વહેંચવાની ખટરાટ અથવા તેના હીસાબ અને બીલ કે ડુબટ ઉઘરાણી જેવી ચીજની માથાકુટ લંડનનાં મોટાં વર્તમાનપત્રોને શીર ચોંટી નથી. વળી વાંચનારબી કેટલા? આખું ઈંગ્લંડ ઇંગ્રેજી વાંચી જાણે અને સાધારણ મજુર પણ દેશના ચાલતા મામલા જાણવાને ઇંતેજાર. એટલે ભાડેની કેબનો ડ્રાઇવર પણ પોતાનાં સ્ટાંડપર જઇને ઉભો કે લાગલું

પોતાનાં ખીસાંમાંથી વર્તમાનપત્ર કહાડીને કોચબાક્ષ ઉપર વાંચતો બેઠેલોજ હોય ! અહીં તો 'જામે જમશેદ' ની એક નકલ પહેલાં શેઠે વાંચી કે પછી ત્રીજે માળનાં સુનાબાઇએ મંગાવી, ત્યાંથી ચુંથી ચબડાઇ તે છુટી કે પાસેની અગીઆરીના પાલણદારૂએ મંગાવી, ને ત્યાં તેનો આટો લસન થયો કે વળી ટપાલમાં માસી સાસુના દીનશાહને સારૂં દેવલાલી ગયલીજ છે. એક નકલ અગીઆર જણ વાંચે અને દર માસે એક રૂપીઆની ધાડ ધધેરાવવાની અને તેમાં કાગળ તો પાતળાં પડયાં !! આ લોઇડ્સ વીકલીની ૧૨॥ લાખ કોપી માટે દર અંક સારૂ પાંચ હજાર રતલ તો છાપવાની સાહી ખપે છે. મેં ગણત્રી કહાડી છે કે આટલી સાહી મુંબઇનાં મગરૂર શેહેરનાં સઘળાં છાપખાનાઓ સાથે લેતાં એક મહીનેબી ખપતી નથી. લોઇડ્સનાં કારખાનામાં ૧૦ ઇલેક્ટ્રીક લીફ્ટ છે. એડીટરો ક્યાં બેસે છે તે કોઇ જાણતું નથી, બીબાં ક્યાં ગોઠવાય છે અને તેની સ્ટીર્યો પ્લેટ ક્યાં થાય છે તે મશીન ખાતાંવાળાઓને ખબર નથી. માળપરથી ટેલીફોન સીગનલ થઇ અને ધડધડ કરતો ફ્રેમ લીફ્ટ મારફતે નીચે ઉતરી આવ્યો કે નીચેવાળાઓ તે છાપવાનું માત્ર જાણે છે. મશીનો ઉપર દર એક મીનીટે એક હજાર નકલો છપાઇ, વીટળાઇને પોતાની મેળે બાહેર પડે તે ઉપાડી લેવા અને નામે નામનાં બંડલ બાંધવા

ઉપર ફક્ત ૫૦ માણસો લાગેલાં હતાં. બાહેર ગ્રાલીઓ અને ઘોડાનાં ગાડાંઓની હારોહાર ઉભેલી હતી અને ચટપટીયા ન્યુસ બોયઝ કલાબકોર કરી રહયા હતા. આખાં કારખાનામાં એટલી તો ધામધુમ ચાલી રહી હતી કે મારા જેવા આ કામના સેહેજસાજ માહીતગાર માણસને પણ સમજ પડે નહી.

આ લોઈડસ ન્યુસપેપર આવું કરોડપતી ખાતું છે, અને જો કે લીમીટેડ કંપનીનું નામ ધરાવે છે, પણ તેના માલેકો ફક્ત લોઇડ કુટુંબનાજ પાંચ છ બીરાદરો છે. પોતાનાં પત્રને માટેજ તેઓનું ખાસ કાગળ બનાવવાનું કારખાનું છે, જેનો હેવાલ ઘટતી જગાએ હું આપીશ. અગાઉ ઇંગ્લંડમાં ન્યુસપેપરો ઉપર કર હતો તે જેવો સરકારે કહાડી નાખ્યો કે ત્રણ પેનીનાં પત્રોનો ભાવ ઘટાડીને એક પેનીનું કરી નાખનાર પહેલ વહેલો સાહાસીક માલેક આજ લોઇડ કાં૦ નો વડવો મી૦ એડવર્ડ લોઇડ હતો. કહે છે કે લંડન શેહેરમાં ૫૭૦ ન્યુસપેપરો છે, જેમાં રોજીંદાં પત્રોમાં મુખ્ય "લંડન ટાઇમ્સ" ગણાય છે. તેની કીમત ત્રણ પેન્સ હોવાથી તેની ઝાઝી નકલો ખપતી નથી. તે છતાં એ પત્રની પ્રતીષ્ઠા એટલી મોટી છે કે તે લગભગ મોટા સત્તાવાળાઓના જેવો દરજ્જો ધરાવે છે. આ પત્રો જે કીમતે પોતાની નકલો વેચે છે તે કીમત એટલી થોડી છે કે તેમાંથી કોરાં કાગળનોબી ખરચ નીકળતો નથી, પણ તેમની જાહેર

ખબરોનો આંકડો જોતાં આપણી છાતી બેસાડી મુકે છે. દાખલા તરીકે લોઇડસ વીકલીની દરેક આવૃતીમાં ૩૦ હજાર રૂપીઆની જાહેરખબરની ગણત્રી કરવામાં આવી છે, એટલે જે વરસ દહાડે ૧૫ લાખ ૬૦ હજાર રૂપીઆની જાહેર ખબરની આવક થઇ. એ લોક દર કાલમના સાડીચારસો રૂપીઆ લે છે. આપણી તરફ જાહેર ખબર છપાવનારાઓ અડધો સફો એમનો એમ લેવા માગી રૂ ૧૦ માં પતાવવા માગે છે, તેઓને આ સફો હું અર્પણ કરૂં છું. કહે છે કે 'લંડન ટાઇમ્સ'ના એક આગળા માલેક ત્રીસ વરસની વાત ઉપર પરણ્યા ત્યારે પોતાની મોહોરદારને બક્ષેસ તરીકે "ટાઇમ્સ" ની ટુંકી જાહેરખબરોની આવક આપવા માંગી. તે વાર ટુંકી જાહેરખબરોનો સરવાળો ઘણું તો વરસ દહાડે પચાસ હજાર રૂપીઆનો થતો હશે. ધણીઆણીને આ રૂચ્યું નહીં અને રોકડ અમુક રકમ લેવાનું વધારે પસંદ કર્યું. હમણા આ સરવાળો—ફકત ટુંકી જાહેરખબરનો વરસ દહાડે ૭ લાખ રૂપીઆનો થવા જાય છે—બચારીને કેવો પસ્તાવો થતો હશે! આ હું સાંભળેલી વાત કહું છું—ખરૂં ખોટું તો ભગવાનજી જાણે!

પ્રકરણ—૭ મું.

"કેમ ભાઇ, જામ ખાધી, જેલી ખાધી, પેપરમીટ ચાખી, ને આગ વરાળ જોઇ આવ્યા ને સોનાના

લાથાના ઢગાપર લાત મારી આવ્યા પણ હજી લંડનના નાટક ફાટકોની કાંઇ ખબર લેતા નથી?” આ સવાલ ગયાં અઠવાડયાંમાંજ એક મીત્ર મંડળમાં પુછાયો. ધીર ધરો, જ્યારે આટલી બધી જેવડી તાણી છે ત્યારે નાટકોનેજ મુકી દઈશ! હું લંડનમાં હતો ત્યારે ખબર મળી કે ત્યાંની નામીચી કંપનીના માલેકો છે તેઓને મળવા જશો તો ઘણું નવું શીખી આવશો. હવે મળવા જવું તો બને એમ ન હતું એટલે મારા નામના કાર્ડ મારી સલામ સાથે ચાર પાંચ આગેવાન કંપનીના માલેકો ઉપર મોકલી આપ્યા. બીજેજ દીને તેઓના જવાબ ફરી વળ્યા કે અમારા ખેલમાં પધારશો તો મહેરબાની થશે. મેં જાણ્યું કે બચારાઓનાં હાઉસમાં મુંબઈની પેઠે ખોદાબખશ ભરત્યાં કરવાની આ રૂઢી હશે પણ જઈને જોઉં છું તો તમામ ઓરકેસ્ત્રા સ્ટાલ્સ ચીકાર! ફકત મારી ટીકીટવાળીજ એક જગા ખાલી. લંડનમાં બધી મળી સુમારે સાઠ નાટકશાળાઓ છે અને તેમાં દરરોજ ખેલો થવા છતાં સાત સાત દહાડા સુધી જગા મળતી નથી. ફર્સ્ટ કલાસ ટીકીટના ભાવબી દશ રૂપીઆ! મારી ઘણી ખુશી હતી કે મારી મુલાકાતને દરમ્યાન પેલા જગ પ્રસીદ્ધ નાટકકાર સર હેનરી અરવીંગને જોઉં પણ તે વાર એ યોધ્ધો યુરોપમાં પ્રવાસે ગયલો હતો એટલે એ આશા તૃપ્ત થઇ નહીં. પણ કહયા વીણા ચાલતું નથી કે આ મરહુમ પ્રવીણ નાટ-

ક્રીને હથેલીમાં પાણી પાય એવા નાટકીઓનો શેહેર લંડનમાં નોટો નથી. જે પહેલો ખેલ હું ખાસ આમંત્રણથી જોવા ગયો તે શેકસપીઅરનો "ટેમપેસ્ટ" હતો. નાટક કંપનીનો માલેક મી૦ બીરબોમ ટ્રી આ ખેલમાં 'કેલીબન' ખવીસનો ભાગ બજાવતો હતો. હમણા મુંબઇમાં નવો ખેલ જુદદીન ઝઘડો જગ બત્રીસીએ ચહડી રહયો છે તેમાં કોલા ચીમપાનનું પાત્ર બજાવનાર ખેલાડી મી૦ જાહાંગીર ખંબાતા જે ઢપથી 'ગેટ અપ' કરે છે, હાંફે છે, કાંપે છે યાને ચાળા કરે છે તે જોઈ મને આ મી૦ ટ્રી યાદ આવ્યો અને જો મી૦ ખંબાતા ઇંગ્લંડ જઇ આવેલા હતે તો હું એમજ ધારતે કે એઓએ મી૦ બીરબોમ ટ્રીનો લેહેકો ઓગારીબાજ કીધો હશે. નાટકશાળા સીલીંગથી તે તળેટી સુધી તમામ ભરાઇ ગયલી હતી. કાંઇ નહીં તો ખાસ્સું પંદર હજાર રૂપીઆનું હાઉસ હશે. શું નાટકશાળાની રચના, શું એકટીંગ, શું સીનરી અને શું ડ્રેસ! વાહ વાહ! આપણી તરફના ખોટા કસબના ચળચળતા દેખાવ અને મેલાં મોજાંવાળી પરીઓને જયારે હું યાદ કરૂં છું ત્યારે જાણે મોઢે ફીક આવી જાય છે. કેલીબન જયારે ખોટા દાંત પહેરીને ખવીસનો પાર્ટ બજાવે છે ત્યારે તે ખરેખરો માણસ છે એમ ભુલી જવાય છે. એકવાર સ્ટેજ ઉપર વહાણ આવે છે અને તે તોફાની દરીઆમાં ઝોકા ખાય છે તે વહાણ દેવદારનાં પાટીઆંનું નહીં,

તેની આસપાસના મોજા રંગત કપડાંના નહીં, તેના ઉછાળા નીચે ભરાયલા છોકરાઓના આંચકા ઉંચકી નહીં પણ ખાસ્સું મસ મોટું વહાણ તે ઉપર સ્ટીમ, ડોળ, સેલરો, દોરડાં, થાંભલા સાથે સાંચાથી હાલતું, પાણીના ખરા મોજા યંત્રકળાથી છેક સીલીંગ સુધી ઉડતા અને કોઇ વાર છેક આપણાં આંગા ઉપર છાંટા ઉડતા નજરે જોઈયે છીએ. આ પાણીનો ખરો દરીઓ ફ્રોર્સ પંપોથી એવી રીતે હલાવ્યામાં આવે છે કે સ્ટેજ ઉપર આબાદ નાનકડો દરીઓજ જાણે લાવી મુકયો હોય! રાજા પ્રાસપેરોની દાસી 'એરીઅલ' નો ભાગ મી૦ ટ્રીની રૂપસુંદર બેટ્રી બજાવે છે. આ વેળા એવી કળા કીધી છે કે પાદશાહ જ્યારે તેણીને હાંક મારે છે ત્યારે તે હવામાં ઉડતી ઉડતી સ્ટેજની ચોમેર દેખાય છે અને પછી ફુલની પેઠે સ્ટેજ ઉપર ઉતરી આવી પાદશાહનો હુકમ સાંભળી હવામાં ઉડી જાય છે. તારથી જકડાઈને હેલકરીઓ સપ દેતી તાણી લે તેવો આ દેખાવ નથી, પણ હળવે હળવે હવામાં આમ તેમ ફરીને જાણે પોતાની પાંખ ઉપરજ ઉડતી હોય તેમ ગેલ કરતી જાય છે. આ વાર તેણીએ સજેલા એકદમ ઝીણો લેબાસ, ખુબસુરત ઉંઘાડા પગ, ખભાં આગળથી ઉંઘાડા હાથીદાંત જેવા હાથ અને રૂપાળો હસ્તો ચહેરો જોઈ આફરીનનો નીસાસો નાખવા વગર રહેવાતું નથી. ખબર મળવા મુજબ 'ટેમપેસ્ટ' જેટલી મુદત ચાલ્યો

તેટલી મુદતમાં તેના માલેકને દર માસે ટીકીટોનાં વેચાણથી બે લાખ રૂપીઆ ઉપરની પેદાયશ થતી હતી. દર માસે બે લાખ રૂપીઆ! પણ આ આંકડો જોઈ ગભરાશો ના. જેમ બે લાખની માસીક ઉપજ હોય છે તેમ આવા ખેલ રજુ કરવા ઉપર લખો રૂપીઆનો ખરચ કરવો પડે છે. લંડનમાં આ તો જાણીતી વાત છે કે એક નવો ખેલ મુકતાં તેનો માલેક યા તો નેહાલ થાય છે કે નહીં તો પાયમાલ થાય છે. દાખલા તરીકે આ ટેમપેસ્તમાં બતાવવામાં આવતા જુદા જુદા 'સીનીક' દેખાવોની મેનીજ કરવાને ફક્ત ૧૫૦ તો ઇન્જનેરી કામદારો રોજ રાતના ખપે છે. અને અકેકા ડ્રેસ! ખ્યારમાં પડેલી પરીઓ જયારે દરીઆના કીનારા ઉપર ગેલમાં આવી નાચે છે ત્યારે તેઓનાં અંગ માંહેનો ડ્રેસ દરેક પરી માટે ઓછામાં ઓછો એકસો ગીની—૧૫૦૦ રૂપીઆથી કમતી ન હશે. આ નાટકકારોને જે પગાર મળતા મારા સાંભળવામાં આવ્યા છે તે જો ખરા હોય તો આપણી ફીકડી ફાટી જાય છે. ઓ, આપણી તરફના આખી રાત વહીતરૂં કરીને દર માસે રૂપીઆ ૨૦ કમાનારા ભવૈયાના પોરયાઓ, હું તમારી કેવી દયા ખાવું છું.

બીજો એક પ્લે જે તે વાર લંડનને ગજાવી રહયો હતો તેનું નામ "ધી સીંગાલીઝ". ઓ દાદગર દાદાર, શું નાટકશાળા ઉપર રોજ રાતના ધમાલ!

અમોએ ત્રણ ત્રણ રાત સુધી સ્ટોલ્સમાં જવાનો યત્ન કીધો પણ જ્યારે જઇયે ત્યારે દરવાજા બંધ! ટીકીટો ખલાસ! આખરે સાત દહાડા અગાઉથી રીઝર્વ કરાવી ત્યારે પંદર પંદર રૂપીઆ આપતાં બે સીટો મહા મુશકેલીએ મળી. પણ નાટકબી તેવોજ. ત્યાંનો મુખ્ય એક્ટર મી० હંટલી રાઇટ જે હમણા લંડનમાં બહુ માનીતો થઇ પડયો છે તેને દર માસે રૂ ૩૦૦૦૦) નો પગાર. દર રાતના એકટ કરે તેની ફી રૂ ૧૦૦૦!! પણ ઍકટીંગ! હું કહું છું કે તેને મળતો દરેક રૂપીઓ હલાલ છે. પહેલાંથી છેલ્લાં સુધી તે એવા આવભાવથી વર્તે છે કે આસપાસ બીજું કાંઇ જોવાની તકજ આપતો નથી. આ ખેલમાં દરેક સ્ત્રી પુરૂષો સીલોનના દેશીઓના વીચીત્ર ડ્રેસ પહેરી આવે છે. અને તે દરેક બાબદમાં એટલા સંપુર્ણ છે કે તેમાંથી અભ્યાસનો મોટો ખોરાક મળે છે. આ મહાભારત નાટકોમાં બેંડ વગર તો ચાલે નહીં પણ તે બેંડ પાંચ ફરંગીઓના રાગડા નથી. સો સો અથંગ માણસોનાં મહા શીક્ષાગુરૂના હાથ તળેનાં કેળવાયલાં ખાસ બેંડો છે જે ઉપર દર માસે હજારો રૂપીઆના ખરચ છે અને જે ખેલની સાથે સાથ અમુક રાગો વગાડીને આપણા જીવને બાગબાગ કરી નાખે છે.

ઈંગ્લંડનું લોક નાટક ફાટક અને રંગરાગનું એટલું શોકીન છે કે ખુદ લંડન શેહેરમાં સુમારે ૬૦

થીયેટરો અને ૫૦૦ મ્યુઝીક હોલો દરરોજ રાતના ચાલે છે અને તેમાં દરરોજ ત્રણ લાખ પચીસ હજાર આદમી એટલે વરસ દહાડે દશ કરોડ માણસ જોવા જાય છે. કદાચ મારૂં આ લખવું કોઇને અતીશયોક્તીભર્યું લાગશે, પણ મારા કહેવાના ટેકામાં હું આ નીચલો ફકરો એક જાણીતી કેતાબમાંથી એમનો એમ ઉતારી લઉં છું:–

"London possesses about 60 theatres and 500 music halls, which are visited by 325000 people nightly or nearly 100000000 yearly."

પણ આમાં હું નવાઇ જોતો નથી, કારણ કે આપણા દેશ તરફ દશ કે ઘણું તો સાડા દશ વાગ્યા કે સઘળા ખાઇ પીને ઘોંટાઇ જવાની તલબ કરે છે. પણ લંડનમાં ખરી જીંદગી રાતના આઠ વાગ્યાથી તે પાછલી રાતના બે વાગ્યા સુધી જામે છે. કોઈજ કમ-બખ્ત એવો હશે કે જે દશ વાગતે બીછાનાપર જાય. જે કોઈ હંમેશ આ પ્રમાણે કરે તે બીમાર કે કદાચ કાતર્યાનો ધસેલો છે, એમ સાધારણ રીતે ગણવામાં આવે. એ સઘળા હવાના પ્રતાપ છે. ઘણું કરીને છ સાડા છ વાગતામાં ડીનર ખલાસ થયું કે પછી કામ ધંધો અભરાઈએ ચહડાવી રખડપતી શરૂ થાય છે અને જયાં વીજળીક બતીના ઠઠેરામાં રાતના બાર બાર વાગે મોટી મોટી કરોડપતી દુકાનો ખુલ્લી રહીને રોજગાર ચલાવે અને ૬૦ લાખ માણસની વસ્તી ઘર છોડીને

બહાર નીસરી પડે ત્યારે પછી ૬૦ નાટકશાળા તેમની રમુજ માટે હું કાંઇ અતીશય મોટી સંખ્યા સમજતો નથી. પણ ભાઈઓ, ત્યાંના શોખીન તમાશગીરોની ઉલટબી જબરી. દરેક નાટકશાળા આગળ સાંજના ૬ વાગતાથી લોકોની ભીડ થવા માંડે તે એટલા સુધી કે આખો મોહોલ્લો ભરાઈ જાય. આ પ્રમાણે કરવાનો હેતુ એવો કે પહેલાં જાય તો પહેલી સારી જગા મળે. પણ તેમાં જરાબી કચડા કચડી કે ધકા ધકીની વાતજ નહીં, કારણ કે જે બે પહેલા આવે તે અકેકની જોડા-જોડ પહેલા ઉભા રહે, ત્યાર પછી આવનાર બે, ત્યાર પછી આવનાર બે, એ પ્રમાણે રીજમીટની પેઠે લાઈ-નની લાઇનો ગોઠવાઇને ઉભી રહે. કોઈ સરકસી કરીને વચ્ચે ઘુસી જવા માંગે એમ તો બનેજ નહીં. કારણ, એક તો પોલીસનો જાપતો ભારી અને બીજું તો ભેગા થયલા તમાશગીરો દરેક એવા હાંડાશોક કે એવી સર-કશી કરનારને આખો ને આખો ઉપાડીને ફેંકી દે. રખે પોતાની જગા જતી રહે તે માટે કોઈ ગોઠવાયલી રેંક-માંથી ખસે નહીં, અને સ્ત્રી તેમજ પુરૂષો ખીસાંમાં ચવેનું મારી લાવેલાં તેમાંથી કહાડી કહાડીને પોતાનું ઉભા ઉભાજ ડીનર કરે. ચાર પાંચ નાટકશાળાઓ આગળ મારા જોવામાં આ પ્રમાણે આવ્યું કે બચારા પીટ અને ગેલેરીવાળાઓ ૬ વાગતાથી ડાહ્યા ડાહ્યા થઇને ગોઠવાઇને રસ્તામાં ઉભા રહે અને બએ કલાક

સુધી ખાટ્રી થાય. ઘણોખરો લંડનમાં નાટક ૮ વાગતે શરૂ થાય છે અને ૧૧ વાગતામાં પુરો થાય છે. હું આગળ જણાવી ગયો છું કે સાથે ઓપેરા ગલાસ લઇ જવાની જરૂર છે. ૬ પેન્સ આપી અથવા સામેજ ગોઠવેલા બાક્સમાં નાખી કે તુરત બાક્સ પોતાની મેળે ઉઘડી ઓપેરા ગલાસ તેમાંથી નીકળે છે. કેટલીક નાટક કંપનીઓ એટલી માલેતોજાર છે અને તેઓ ઉપર એવી ધમાલ છે કે તેઓ દરવાજા ઉપર ટીકીટ પણ વેચતા નથી. કોઇબી પબલીક એજંટ આફીસની મારફતે મેળવો ત્યારેજ તમારૂં કામ થાય અને તેબી ટેલીફોન-માંથી પહેલાં પુછીને તમને જવાબ દે. લંડનનાં જાણીતાં થીએટરોમાં મી૦ બીરબુમ ટ્રીનું "હીઝ મેજેસ્ટીસ થીએ-ટર," મી૦ જયોરજ એલેક્ઝાંડરનું "સેંટ જેમસીસ થીએટર," "લીસીયમ," "ડરૂરીલેન," "વીંડહેમ," વગેરે છે. આ માંહેના કોઇમાંબી સ્ટોલ્સની ટીકીટ ૭ા રૂપીઆની અંદર નથી. આ નાટકશાળાઓ અકેકી એવી ગંજાવર છે કે જેમાં ત્રણથી ચાર હજાર આદમીઓ આસાનીથી બેસી શકે છે. મી૦ બીરબુમ ટ્રીનું નવું થીયેટર હાઉસ જે ઉપર લગભગ નવ લાખ રૂપીઆ થયા છે, તેનું ચીત્ર હું અહીં રજુ કરૂં છું, જે ઉપરથી જોવામાં આવશે કે આ નાટકશાળા નહીં પણ એક પાદશાહી મહેલ છે.

ત્યાંનો સરકારી સખત કાયદો છે કે આગ વરા-ળની વખતે લોકોમાં ગભરાટ થઇને કચડા કચડીથી કાંઇ



હીઝ મેજેસ્ટીઝ થીયેટર.

મોટી હોનારત ન બને તે માટે ચોક્કસ સાધનો વગર કોઇબી નાટકશાળાને વાપરવા દેવામાં આવતી નથી. અલબતે ત્યાંની રાતના સમયે સખત ઠંડીને લીધે સઘળાં બારી બારણા બંધ હોવાં જોઇએ. તેવામાં જો કાંઇ આગ વરાળની બુમ પડી તો આખા ને આખા કવા-બની પેઠે ભુંજાઇ મરવાનો સોદો છે. એ સારૂ સત્તાવાળાઓએ એવો સખત જાપતો રાખ્યો છે કે દરેક એક્ટ ખલાસ થયો કે સ્ટેજ અને તમાશગી-રોની વચ્ચે એક નક્કર સ્ટીલનો પડદો સાંચાકામથી ઉતારી પ્રજાને દેખાડવો કે જુઓ આ પડદો બરાબર વર્કીંગ આરડરમાં છે અને તમને બીહવાનું કાંઈ કારણ નથી. બીજું જેટલા તમાશગીરોને બેસવાનાં ઠેકાણાં છે, ત્યાંના બારણા જો કે બંધ રહે છે તોબી તેને સાંકળ દેવાનો હુકમ નથી, અને આખી નાટકશા-ળામાં એકબી બારી નહીં પણ સઘળાંજ કમાનથી ઉઘડતાં બારણા છે કે જેથી અકસમાત વેળા લોકનો ધસારો થાય તો ઓછાંમાં ઓછાં ૧૦૦ બારણામાંથી હજારો લોકો થોડી મીનીટમાં બાહેર નીકળી શકે. એક થીયેટર જે વીંડહેમ થીયેટરને નામે ઓળખાય છે તેમાં વળી શોખીન જીવડાઓએ એવી ગોઠવણ કરેલી છે કે આખાં થીયેટરનાં મથાળાં ઉપર બહુ ખુબસુરત વાડી બનાવી છે કે નાટકના વીસામા દરમ્યાન ઉપર જઇ ખુશ લહેરમાં મધુર વાતોથી પોતાના જીવને બેહલાવે.

એક વાર હું ઓક્ષફર્ડ સ્ટ્રીટમાં ફરતો હતો, ત્યારે મારા જોવામાં આવ્યું કે એક પુરૂષ જે સુમારે ઓછામાં ઓછો ૮ ફીટ ઉંચો હશે—મોટો જાણે ગોસ્તનો ડુંગર—જાડોબી તેવોજ—પગમાં બુટ નરાં જાણે નાનકડાં બંદર બોટ—તેને કસ્બી કપડાં પહેરાવીને તેની સાથે પાંખડી વળગીને એક બીજું વહેંત્યું ચાલે, જે સુમારે જમીનથી ૨ાા ફીટ ઉંચું હશે. તેને પણ ઉપલા રાક્ષસના જેવાંજ કપડાં પહેરાવેલાં અને બેઉનાં માથાં ઉપર કાર્ડ મારેલા કે 'લંડન હીપોડરોમ.' આ ચાલતો ગોસ્તનો ડુંગર અને તેની સાથે તણાતું નાનું માણસાઈ મગતરૂં મને એવું તો નવાઇ જેવું લાગ્યું કે જાહેરખબર આપવાની આ વીચીત્ર અને તદનજ નવાઇ જેવી રીત કોઈ દહાડે પણ આપણા જેવાના ખ્યાલમાં આવે નહીં. આ હીપોડરોમ શું છે તે જોવા માટે હું ગયો અને ખાત્રીથી કહું છું કે જે દેખાવ મેં જોયો છે, તે જીંદગીના છેડા સુધી ભુલીશ નહીં. આપણી તરફ હીપોડરોમ કેનવાસના તંબુઓમાં થાય છે પણ આ ગુલજાર લંડન શેહેરનું હીપોડરોમ વરસના ૩૬૫ દહાડા થનાર હોવાથી તે માટે બાર લાખ રૂપીઆની મકમ સફેદ પથ્થરની ઇમારત બાંધી છે. આ હીપોડરોમવાળી ઇમારત કેટલાક હજાર વારની જગા રોકે છે અને બારી બારણા વગેરે મેહોગનીનું ગીલ્ટ કરેલું અને રાજવંશી મેહેલને છાજતું છે. ઉપર જવાની

સીડીઓ અને ગેલેરીઓ તમામ મારબલની છે. બહાર ફરવા માટે પ્રોમનાડ છે તેને મખમલની ઝાલરો અને કસ્બી પડદાઓથી તથા સુગંધી ઓકના પાનલોથી એવી રીતે મઢી લીધું છે કે તેમાં ફરતા હોઈયે ત્યારે જાણે વારસેલ્સના નેપોલીયનના નામાંકીત મેહેલમાં ફરતા હોઇયે તેવું લાગે છે. પહેલાં સાધારણ સરકસની પેઠે ઘોડાઓનો તમાશો થવા પછી તેજ એરીનામાં ઉપરથી એક સ્ટીલના સળીયાનું આખું ને આખું પીંજરૂં ઉતરે છે. આ પીંજરૂં ઓછામાં ઓછું ૬૦ ફીટ સમ ચોરસ હશે. વાંચનારને ખ્યાલ આપવા માટે કદાચ આ પીંજરૂં ટાઉન હોલના અંદરના રૂમ જેટલું મોટું હશે એમ કહું તો ચાલે. જેવું પીંજરૂં ઉતર્યું કે તેમાં શું તરેહ તરેહના દેખાવ! ૮—૧૦ વાઘ, ૨—૪ સીંહ, તેમનો શીક્ષાગુરૂ કેળવનાર, વાંદરા—કુતરા વગેરેનું સંગ્રહસ્થાન ત્યાં થોડીક મીનીટમાં ભેગું મળી જાય છે. કુતરાઓ નેકટાઇ કોલર પહેરી તેમજ પાટલુન સજીને કેવાએક સમજુનાં પુછડાં હોય તેમ ખુરસી ઉપર આવીને ભપકામાં મીજલસમાં બેસે છે. વાંદરાઓ ઘણાજ દરજ્જાથી દાખલ થઈ ઘાઘરાવાળી વાંદરીઓ સાથે ખરેખર મ્યુઝીકની ગત ઉપર વાલ્ઝ ડાન્સ પ્લે કરે છે. કુતરાઓની જોડીઓ ફુટબોલ રમે છે અને ડાન્સ ખલાસ થવા પછી વાંદરાજી પોતાની ઘાઘરાવાળી માહબુબને બગલમાં હાથ લઇ નરા બરાબર આદમી-

નીજ પેઠે ખુરસી ઉપર લઇ જઇને બેસાડે છે. આ સઘળું એટલું તો રમુજી છે કે આપણાથી હસવું થોભાતું નથી અને વીચાર આવે છે કે માણસમાં અને આ જાનવરમાં કેટલો બારીક અંતર બાકી રહેલો છે! પણ એટલાંથીજ થયું નહીં. બેલની છેડે સઘળી બતી અલોપ થઇ જઇ એક મીનીટમાં પાછી ઉઘડી જાય છે અને શું કહું છું તે સાંભળો અને અચરત થાઓ. જે વચલાં ચકરડાં ઉપર ગોળ ઘોડા દોડતા હતા, જે નક્કર જગા ઉપર પેલું પીંજરૂં હતું અને જેમાં વાઘ–વરૂ રમતાં હતાં તે એક મીનીટમાં ગેબ થઇ જઈને તેની જગાએ ખાસ્સું દશ ફીટ ઉંડું પાણીથી તર ભરેલું તળાવ! સ્ટેજપરથી બે પૈડાંની ચેરીએટો અને સવાર સુદ્ધાંના ઘોડાઓ ચાર પગે આવી આ તળાવમાં ઝીપલાવી, તરીને બીજીપાર નીકળી આવે અને એવી ચેરીએટ એક નહીં પણ પાંચ પાંચ છ છ એકીવારે અંદર તરતી જણાય. હજી તો આપણી અચરતી ઠર પડતી નથી એવામાં પાછી બતી બંધ—એક મીનીટનું અંધારૂં–અને પાછું અજવાળું થતાંજ તળાવ ગેબ! આ સઘળું એટલું તો ઝડપથી અને એવી સફાઇથી થાય છે કે નજરે જોયા વગર તે ખરૂં માનવાને પણ આંચકી લાગે એ બનવા જોગ છે. એની કળા હીપોડરોમના માલેકો અલબતાં બતાવતા નથી, પણ મેં કેટલીક વીગતો આડકત્રી રીતે મેળવી છે, તે ઉપરથી એ કેમ કરવામાં

આવે છે તે સમજાશે. જે વચમાંનું ચકરડું ઘોડદોડનું છે તે દુરબીનની પેઠે નીચે ઉતરે ઉંચે ચહડે એવી ગોઠવણ રાખેલી છે. આ ચકરડાંનો ઘેરાવો ૨૩૦ ફીટ છે અને તે ૮ ફીટ નીચે ઉતરી શકે એવી હાઇડરોલીક ગોઠવણ કીધેલી છે. તે સ્ટીલનું બનાવેલું છે અને તમામ પાણીથી ભરેલું છે. તેમાં એક લાખ ગેલન પાણી માઇ શકે છે, અને જ્યારે ભરેલું હોય ત્યારે ૪૦૦ ટન વજન ધરાવે છે. હવે જ્યારે ઘોડદોડને માટે નક્કર જમીન જોઈયે ત્યારે આ ડ્રમ ઉપર ગાલીચા પાંથરી ખુશાલ દોડા દોડી થઇ શકે છે, પણ જ્યારે તળાવ જોઇયે ત્યારે હાઈડરોલીક પ્રેશરથી આ ડ્રમને ૮ ફીટ નીચું ઉતારી દઇ, ૨૫-૩૦ ગમથી નળ ખોલી નાંખવામાં આવે છે કે થોડી વારમાં પાણીથી ભરેલો તળાવ જોઈ લ્યો! તળાવનું કામ ખલાસ થયું—ડ્રમ ઉપર આવ્યું કે પાણી પસાર! આ હીપોડરોમના સંબંધમાં મારે કહેવું જોઇયે કે ત્યાં ઉમદામાં ઉમદા કારીગરો અને દુન્યાવર્ણ ખેલાડીઓને શોધી શોધીને મોટાં દામથી રાખવામાં આવે છે. હું જ્યારે ગયો ત્યારે ત્યાં એક નામીચો જાપાનીસ ખેલાડી લંડનવાસીઓનું ધ્યાન ખેંચી રહયો હતો. તે શું કરતો કે પોતાના બે હાથ સાથે જોડી બેઉ અંગોઠાની આસપાસ સુતલી વીટલાવી તે ઉપર સીલ કરાવતો, પછી કાંડી આગળથીબી તેના બે હાથ બાંધી લેવામાં આવતા અને તે ઉપર પણ

સીલ કરવામાં આવતું. આ પછી મીજલસ માંહેના ચાર જણને બોલાવી તેઓ પોતાના બેઉ હાથના આંગળાં અકેકમાં ભેરવી મજબુત ઉભા રહે તે છતાં પેલા જાપાનીસ એક સેકંડની અંદર પોતાના સીલ કીધેલા હાથ પેલા આંગળાં જકડીને ઉભેલા માણસની અંદર પોરવી દે. આ એટલું તો આશ્ચંભાભર્યું હતું કે એ બનેજ કેમ તે ખ્યાલમાં ઉતરે નહીં. કદાચ એમ તો ન હોય કે જે ચાર તમાશગીરોને બોલાવ્યા, તે માંહેનાજ હોય અને આંખ ચોરાવીને પોતાનાં આંગળાં છુટાં કરી પેલાને હાથ પોવા દેતા હોય! આ વાર મારી સાથે નામાંકીત જોન ડીકીનસનની કંપનીનો એક ગ્રહ-સ્થ અમલદાર હતો. ખાત્રી કરવા સારૂં મેં તેને અરજ કરી કે તેણે જઇને પોતાનાં આંગળાં ખુબ મજબુત પકડી રાખવાં. લગાર આનાકાનીથી તે ગયો, પણ પેલા ચતુર જાપાનીસના સીલ કીધેલા હાથ એક પળમાં તેના હાથમાં પોરવાઈ ગયા. 'અજબ જેવું છે—અજબ જેવું છે', એમ આખાં હાઉસે પોકાર ઉઠાવ્યા અને ઓરકેસ્ત્રા સ્ટાલ-સમાં બેઠેલા એક માતબર અંગ્રેજે આ કેમ થાય છે તે દેખાડે તો ૧૦૦૦ પૌંડ યાને ૧૫ હજાર રૂપીઆ આપવાની ત્યાં ને ત્યાંજ માંગણી કીધી, જે સ્વીકારવામાં ન આવી.

પ્રકરણ—૮ મું.

સમાલો, ક્રીસ્ટમસની ખુમારી છે, તાડીની બલીહારી છે. સુરતની પડખે એક નાનાં ગામમાં, વગર યાદીએ વગર ચોપડીએ આજની નોંધ લખું છું એટલે જરા કસર જણાય તો આંખ વીચામણા કરશોજી. છેલ્લા અંકમાં હું નાટકશાળાઓ અને હીપોડરોમના હેવાલ આપી ગયો પણ એ સઘળાં મોંહ સવાદીઆં માતબર લોકોને માટે છે. પુછશો કે ત્યારે ગરીબો ક્યાં જાય? ઉત્તર આપું છું. ઈંગ્લંડનું લોક એટલું ચટપટયું છે કે તેઓને જો રોકેલા ન રાખે તો કાંઈ ને કાંઈ લાકડું ખોસવામાં પાછું પાણી ન કરે. તેઓ બહુ દારૂ પીએ અને તોફાન મચાવે ત્યારે પાદરીઓ અને ડાહેલાઓ શીખામણ દેવા નીકળે. એ વખતે આ ગરીબો જવાબ આપે કે "બાપુઓ, એ બધું બોલવું સેહેલ છે. તમારે સારૂં મોટાં મોટાં હોટેલો છે, મોટાં મોટાં ઓપેરા હાઉસ છે ત્યાં તમે તો જઇને એશ કરો—પણ અમે ગરીબ માણસ ક્યાં જઇયે? આઠ દહાડે જરા છાંટો પાણી લઇને અમારા જીવ બેહેલાવ્યે એટલે અમારે મનથી એજ ગમ્મત." આ વાજબી તકરાર મરહુમ મહારાણી વીકટોરીઆની જાણમાં આવી અને તેઓએ આ ગરીબ લોકપર દયા લાવીને જગેજગ ગરીબોની નાટકશાળા સ્થાપી. આવી

એક નાટકશાળામાં હું એક સનીવારે સાંજના ગયો. દાખલ થવાની ફી ફક્ત છ પેન્સ; આશરે ચારેક હજાર માણસ સ્ત્રી પુરૂષ મળીને ભેગું થયું હતું. પડદા સીનરીની જાત ન હતી પણ વહાલા મુઆ તો શેકસપીઅરનો એક ખેલ કરતા હતા અને તમામ લોક તે ધ્યાનથી સાંભળતું. સનીવારે નાક ભીનાવવાની ટેવ પડેલી એટલે તદ્દનજ સુક્કા રાખે તો વખતે ગયલી બીમારી પાછો ગલબો કરે એવી બીકથી એક જાતનો ઘણોજ 'લાઇટ-બીઅર' બેઠાં બેઠાંજ વેચવાનો હુકમ, એટલે તે પીને પેટ ડચકાવે તો નાપાક વીહીસ્કી અથવા નાપેકાર જીન ઉપર મન થાયજ નહીં. પોતાનાં ગરીબોનાં ભલાં માટે ઈંગ્લંડનાં લોકની આટલી બધી કાળજી છે, પણ અફસોસ કરૂં છું કે આપણા તરફના માતબર વર્ગની પોતાના ગરીબો તરફની બેદરકારી શરમ ભરેલી છે.


નાટકો ઉપરાંત રમત ગમતનાં સાધનોમાં એક મુખ્ય ત્યાંના નામાંકીત મ્યુઝીક હૉલો છે. હું એક વાર ત્યાં જવાની તમને ભલામણ કરૂં છું. પણ–પણ–એકજ વાર--વધારે વાર નહીં. તમારી સાથે તમારાં કુટુંબની બાનુઓ હોય તો મીઠહો ગાળોજ મુકજો, કેમજે ત્યાં તેઓનું કામ નથી. આ મ્યુઝીક હૉલની બીલડીંગો સીલ્પ શાસ્ત્રીઓના હુન્નરના ઉત્તમ નમુના છે. ઝાક ઝમાલ અને રોશનીમાં મના નથી. સોનેરી પીલરો અને મખમલી પડદાઓનો પાર નથી—પણ નીતીની બાબ-

દમાં મારી સર્ટીફીકેટની જરૂર નથી. સ્ટેજ ઉપર 'બાલે' ડાન્સ થાય છે તેના જેટલાં વખાણ કરૂં તેટલાં થોડાં છે. શેહેરમાં અને શહેરની બાહાર જે રૂપાળીમાં રૂપાળી છોકરીઓ મળતી હશે તેઓને આ "બાલે" ડાન્સ માટે રોકવામાં આવે છે. એકીવારે બસેંથી અઢીસેં પોરીઓ નાચતી હશે. પણ નાચબી કેવો! રંગબેરંગી પોશાકોનો એવો સમાવેશ કીધેલો કે જ્યારે મ્યુઝીકના ઠોકા ઉપર આ ફુટડીઓ એક સરખી નાચે ત્યારે જાણે નજરે ચીતરી આવે. એ લોકને હુન્નરમંદી નાચ શીખવવા માટે મોટા મોટા પગારે ફ્રેંચ ઉસ્તાદો રાખેલા અને સાથે સેંકડો માણસોનું બેંડ ચાલે એટલે થોડી વાર પછી તો એવું લાગે કે જાણે કાંઇ સાચાંકામથી પુતળાંઓ હાલતાં હોય. આ વાર મ્યુઝીક ન સંભળાય તેમ કાન બંધ કરીને સ્ટેજ ઉપર નજર રાખવાથી કાંઈ ઓરજ જાતનો ખ્યાલ મનમાં આવે છે. ડ્રેસમાં લીલા ને પીળા ને આતશીઆ ને જાંબુળા રંગો, તે સાથે હાથમાં ઝીણી ઝીણી રંગબેરંગી છત્રીઓ અથવા વાવટીઓની ભેળ-મભેળા અને સાથે નાચનારીઓનું અડધું ઉઘાડું અંગ અને હસતા ચેહેરા સાથે છુટા બાલથી જે રંગ જમી રહે છે તે જોવા જોગ છે.

પણ હવે હું આ મ્યુઝીક હૉલોના બીજા હાલ હેવાલ ઉપર આવું છું. બેઠકો સઘળી નાટકશાળાનીજ પેઠે ગોઠવેલી છે અને ત્યાં સારાં સારાં લોક પોતાના કુટુંબ

કબીલા સહીત આવે છે. પણ જેમ આગળ સ્ટેજપર નાટક ચાલે છે તેમ પાછળ પ્રોમાનાડપર વળી જુદાજ નાટક ભજે છે. પછવાડે એક મોટી ફરાગાત પડશાળ છે, જ્યાથી ચાલતાં ચાલતાંબી તમે 'બાલે' જોઈ શકો. તેની પડખે દારૂના મોટા 'બાર' છે, જ્યાં સેંકડો ઈસ્કી મગાતરાંઓ ફરતાં ફરે છે. આ નાઝનીનોને મ્યુઝીક હાલના માલેકો મઝેહુથી આવવા દીએ છે અને પોલીસ આંખવીચામણા કરે છે. કોઇ લુલો ભુલો જોય તો તેઓનો ઠસ્સો જોઇને ગભરાઈજ જાય. કારણ કે કોઈ કોઇનાં માથાં ઉપર કાંઇ નહીં તો પાંચ ગીનીની તો ટોપી હશે! અલગતે સઘળો મામલો બહારથી તો આબરૂ ઈજ્જતનો જણાય છે, પણ માંહેથી પોકળ છે. અજબ છે કે લંડનના બહુ બોલા ધર્મધ્યક્ષો આટલી બધી ગડબડ કરવા છતાં—તથા સઘળો મામલો જાણ્યા છતાં—આ દેખઇતી નફટાઈને માટે કશું કરતા નથી.

પણ તમારે નાટકમાં જવું પરવડતું ન હોય અને મ્યુઝીક હાલમાં જતાં જીવ કમકમતો હોય તો લંડન શહેરમાં ટાઈમ પસાર કરવાનાં સાધનોનો ટોટો નથી. 'ટ પેની ટયુબ' રેલવેમાં કે બસનાં ટાપ ઉપર પાંચ મૈલ ગયા કે અર્લીસ કોર્ટ! મુંબઈમાં છેલ્લું મેદાનમાં પ્રજાની ગમતનું પ્રદરશન થયું હતું તે કરતાં પચાસગણું મોટું આ જાથુકનું મુકામ બારે માસ ચાલે છે. આપણી તરફ નો શેનન રીવર કે આલપાઈન રેલવે



પૃથ્વીમાં સર્વેથી ઉંચા
ચકરડી.

કદી દશ વર્ષે એક વાર બતાવી તો વાહ વાહ થાય છે પણ અહીં તો વાટર શુટ દરરોજ રાતના જોવાની મળે છે. આ બોટો જો કે ઘણી ઉંચાઇથી ઉતરે છે તોએ એવી સફાઈથી ઉતરે છે કે બેસનારને એક છાંટો પાણીનો લાગતો નથી. આ કોર્ટમાં એક ચકરડી ઉભી કીધી છે તે દુનીયામાં સર્વેથી ઉંચી કહેવાય છે.

આ ચકરડી ૩૬૦ ફીટ ઉંચી છે, એટલે લગભગ રાજાબાઇ ટાવર કરતાં બેવડી ઉંચી! તેના પાલણા ખુલ્લાં નહીં પણ સીગ્રામ રોકાં બંધ છે અને તેમાં બેઠા પછી ઇનજીનથી સ્ટાર્ટ થાય છે અને ફુલ સ્વીંગમાં આવે છે ત્યારે એટલી ઝડપમાં ફરે છે કે પાલણા કે માણસ કાંઇ દેખાતું નથી, માત્ર બધી લટકતી સીગ્રામોમાં સળગાવેલી બતીઓને લીધે ફકત એક આતશી ચકરડું નજરે પડે છે. એક ઠેકાણે એક તારનું પીંજરૂં કીધું છે તેમાં એક સાઈકલીસ્ટ પોતાનાં મશીન ઉપર એટલાં તો જોરથી ફરે છે કે એકવાર તે લગભગ માથું નીચે અને પગ ઉપર જેવી હાલતમાં આવી જાય છે પણ "રીવાલવીંગ"નાં જોર સમેત તે પડતો નથી. આ વાર આપણા આંગમાં તેની સલામતી માટે ધુજરાં છૂટે છે. આ અર્લેસ કોર્ટમાં વરસમાં ચાર પાંચ જાતનાં પ્રદરશાન ભરાય છે. દાખલા તરીકે હું ગયો ત્યારે ત્યાં ઈટાલીયન એકઝીબીશન ભરાયું હતું અને તેની અગાઉ ફીશરીસ મેળાવડો થયો હતો. કાંઈ નાની ફી આપીને

દાખલ થયા કે સારી રાત તેમાં ફર્યા કરો તો કોઇ પુછતું નથી. ઘણા જણ તો શોખને માટે આવીને ત્યાં બગીચામાં બેઠા બેઠા તમાશો જોયા કરે છે. જગે જગ સબી પાડનારી સ્ત્રીઓ તમને રોકે છે કે "ચોર ફોટો ફોર આ પેની સર" એટલે એક પેની માટે તમારી સબી સાહેબ. એક મીનીટ બેઠા કે વીજળીક બળથી એક રૂપીઆ જેટલા કદની તમારી તસવીર એક આનામાં પાડીને બે ત્રણ મીનીટમાં તમારા હાથમાં મુકે છે. અર્લ્સ કોર્ટથી ઠાકી ગયા તો ક્રીસટલ પેલેસમાં જાઓ. ત્યાં પણ સઘળો એજ અવતાર. ફરક એટલો કે નામીચી-ઘણીજ ઉમદા આતશબાજી, જેવી કોઈ વાર તમે આ તરફ જોઈ ન હશે તેવીજ ત્યાં એક શીલીંગમાં જોવાની. અને તેબી વળી જમતાં જમતાં! તેટલાથીબી પણ ન ધરાતા હો તો પાંચસો માણસોનું 'મારુડ' બેંડ તો અવારનવાર છેજ. બેહેસ્તીઓ ખરે દુઃખે દહાડા કહાડે છે!

પણ આગુ તો ચલો! હજી કયાં વાત ને કયાં લંડન? જાણે સમજો કે મારે તો એક પૈસો ખરચવો નથી ને તોબી મોજ મફતની મેળવવી છે તો જાઓ હાઇડ પાર્કમાં. અભાગીઆઓએ તો જાણે અરધી દુન્યા લપેટી લીધી છે. મુખ્ય ડ્રાઇવ લગભગ ચાર મૈલ લાંબી છે અને ઝાડપાનોની ઘટા તથા ત્યાં આવતાં લોકની છટા બે ઘડી જોવા જોગ છે. હાઇડ પાર્ક સર્વેને માટે ખુલ્લો છે. ચોક્કસ દીવસોએ મોટા મોટા ડયુકો

અને કાઉન્ટેસો પોતાની હજારો ગીનીની ઇસ્કી ગાડીઓ ઠાઠમાઠથી સજાવી કહાડે છે. તેમજ રાતના માંડવાઓ અને ખુણાખંટોળાંમાં ગરીબ કલાર્કો અને મુફલેસ કારીગરો પોતાની પ્રીયા સાથ ગોફતેગુમાં મશગુલ રહે છે. સર્વેથી સરસ મજાહ મુગા મુગા સીધી નજર રાખીને ચાલ્યા કીધામાં છે. વળી લંડનમાં એક બીજું નવાઇ જેવું ખાતું છે, જેની જોડી ખરેખર હીંદુસ્તાનમાં તો છેજ નહીં. ચોક્કસ મોટાં દીવાનખાનાઓ છે જ્યાં ચોક્કસ દીવસે ફી આપવાથી ગમે તે જઈને ગમે તેની સાથ નાચી શકે છે. અમે ગયા ત્યારે ત્યાં સુમારે પચાસેક જોડાં એક ઉસ્તાદની તકેદારી તળે નાચતાં હતાં. તમને નાચવા ગમતું હોય અગર નાચવાની ખુશી ન હોય તો ખાલી બેસીને તમાશો જોયા કરવાની કશી હરકત નથી. પણ માસ્તર ઓફ સેરીમની તમને આવીને પુછશે ખરો કે "સાહેબ, નાચવા સારૂં ભાગીયણ જોઇયે છે?" જો આ બધા દુ:ખના નમુનાથી ઠાકી ગયા તો હું સુચના કરીશ કે સનીવારે રાતના પેટીકોટ લેનમાં ભરાતાં બજારમાં જવું. અરેરે, બાપરે! શું ત્યાંનો અનુભવ કહું. ગરીબ ગુરબું તમામ લોક સનીવારે પોતાના છાકટુસ પતીને લઇને આ બજારમાં ઉતરી પડે છે. કારણ કે તે દહાડે અઠવાડીઆંની કમાણી મળે અને જો તેજ દહાડે તેમાંનો ઘણોખરો ભાગ બીજાં અઠવાડીઆં સારૂં ખોરાકી ભરી રાખવામાં

ન રોકે તો વાખા પડે—સબબ બચારા કામદારનાં ખીસાંને કાણું છે અને જરા જરા પીડું જોઈને પૈસો ખખડે તો ગળું સુકાઇ જાય છે. લેમબેથ આગળ એક થર્ડ કલાસ લોકાલીટીમાં આ બજાર રાતના ભરાય છે અને હજારો સ્ત્રી પુરૂષોની ફરેકાર બેહુકતી એટલી તો ગીરદી થાય છે કે પોલીસ તે રાતના ગાડીની આવજા બીલકુલ બંધ કરે છે, તે છતાં કચડાકચડીનો પાર નથી. આપણા જેવા ધરખમ માણસને પણ સાર્ડીનની પેઠે સીકડાઇને ઈંચ ઇંચ પગલું ભરવું પડે છે. વળી આવનારાઓમાં કેટલોક ભાગ હાઉસ ઓફ લાર્ડસના ચમટી-માસ્ટરો એટલે ખીસાંમાં એક પઈ રાખવી નહીં—સાધારણ રૂમાલબી રાખ્યો તો ગેબ થઇ જશે! હું પણ જુની ટોપી અને સાધારણ રંગત ગળે બંધ બાંધીને કોમન માણ-સની માફક ગયો હતો, તોબી ઓછામાં ઓછું પચીસેક વખત મારૂં ખીસું ખેંચાયું અને ચંપાઈ જોવાયું હતું. આ ઠેકાણે જવું તો ખુબી એ કે જે કાંઈ થાય તે ખુશ મીજાજમાં લઇ લેવું. જરાબી સાહેબ થવા ગીયા તો આંખમાં ધબ દેતી મુકી પડવાનો સોદો છે. સામાન વેચનારાઓની કીલીઆનનું વર્ણન હું આપી શકતો નથી. આઠ આઠ દહાડાનું વાસી કાપેલું ગોસ્ત અને હજારો 'રેબીટ' સસલાંના ઢગ તથા અડધી કોહેલી તરકારીનો અહીં ઉઠાવ થઇ જાય છે અને આ નામ-ચીન ગોસ્ત વળી બીજા આઠ દહાડા ચાલે છે. પણ

બચારાં આમ કરે નહીં તો જાયબી ક્યાં? આપણા તરફની સોંઘવારીવાળાને ત્યાંની મોઘવારીનો તો ખ્યાલ ન આવે. ત્યાં બાર આને રતલ તો ગોસ્ત અને પોણા-ચાર રૂપીએ મરઘી! ત્યારે પછી ત્યાંનો સુથાર કલાકની મજુરીની ત્રણ શીલીંગ માંગે તેમાં કાંઇ નવાઇ છે? આ પેટીકોટ લેન મારકેટમાં એક વાર પેસા કે જ્યારે ગમે ત્યારે બહાર નીકળાઇને ઘર જવાશે એમ ધારશો ના, કારણ કે ભીડ એવી છે કે ઘણીવ.ર મોહોલ્લાને એક નાકેથી બીજે નાકે નીકળતાં ત્રણ ત્રણ કલાક થાય છે.

પણ સનીવારનું આ ભીખારી બજાર વર્ણવતાં મને લંડનનો હલકો વર્ગ યાદ આવે છે. બચારો હાંડામાસ્તર આખું અઠવાડીઉં મહેનત કરીને સનીવારે પગાર મળતાં વીચાર કરે છે કે જરા છાંટો પાણી લઇને તૈયાર થવાનો તેને હક છે. પણ ઘર જતાં ને વાર ડોશી જીવ પછા-ડશે અને પૈસા કહાડી લઇને બે ચાર ગલાસ જીન પીવાના રાખશે નહીં એવી તેની પહેલાંથીજ ગણત્રી હોવાને લીધે તે જેવો કારખાનામાંથી બહાર પડયો કે પહેલુંજ 'પબ' એટલે પબલીક હાઉસ મળે ત્યાં જઈ સટકણ પાડીને પછી ઘર જાય છે. અલબતે છીટાં કહા-ડીને ઘરમાંથી પાછો ખલ્લી જવાનો તો તેનો ઠરાવ છે એટલે દાખલ થતાં ને વાર ફું ફું ફુંફારા મારતો તે ખરવાયાં તોડવા માંડશે. "આજે તો ચાહ બરાબર નથી, કાફી કાચી છે, બઇરી બરાબર આવકાર

દેતી નથી, મને તો જોઇને તુંને હમેશાજ દુઃખછ—” એવા એવા ઓરંગા મારી તેવણ બોલશે કે “જ્યારે મને મારાં ઘેરમાં સુખજ નથી ત્યારે જયાં મને મારા દોસ્તોની હસી ખુશીની કંપની મળે ત્યાં હું જઈશ”— કરીને ચાલ્યા સાસર્યે! સ્ત્રી જો ડાહી હશે તો એકાદ બે ગલાસ મળે એટલા પૈસા રાખી બાકીના કહાડી લેશે અને ધણીજીને પટાવીને જવા દેશે. કારણ કે ગમે તેમ કરતાંબી તે જવાનો તો ખરો. રાતના બારેક વાગામાં પાછો ન ફર્યો તો ધણીઆણી શોધવા નીકળશે. ખરી વાત એ છે કે વાટ જોતાં ધણીઆણીનુંબી જરા નાક સુકાય ખરૂં. ધણી ઘણુંખરાં કયાં પીઠાંને પેટ્રોનાઈઝ કરે છે તે ‘મીસીસ’ને ખબર એટલે ત્યાં જઈને દોસ્તોના દેખતાં ગોધીઆરૂં ઘાલે કે પછી જોઇ લ્યો મીજાજ! રસ્તે પડયાં કે પછી બફતાદમ બાજી શરૂ થાય. સ્ત્રીનાં પેટમાંબી જરા પડેલો એટલે તેબી કાંઈ ખાંડી ન જાય. ધબાધબ અકેકી મુક્કી સામા સામી પડે તો મારા બાપ! જાણે તોપના ગોળા! આ વાર આપણે તે મોહોલ્લામાંથી જતા હોઇએ તો સીધી નજર રાખીને ચાલ્યા કરવામાં ફાયદો છે નહીં તો આઇનો ખાર બાઇપર પડશે. બઈરીને મારતો તે તમારી સાથ છીટાં શોધશે કે “વોટ ધી હેલ, યુ આર લુકીંગ એટ!” વખતે જરા પોપટી વધારે પડી હોય તો વાત વધેબી ખરી, તેથી ખુબીવંતી વાત એ કે મુગા મુગા ચાલ્યા

કરવું, અને ડાબી જમણી ગમ જોવું નહીં. જરા વારમાં જોશો કે ધણી ધણીઆણી અકેકને વળગીને પ્યારથી 'કીસ' કરતાં હશે અને આ સુલેહ પાછી થઈ તેની ખુશાલીમાં આ જોડું એકાદ "પબ" માં જઈને સાથે સટકણ નવેસરથી પાડી આવશે. ઈંગ્લંડના ગરીબ લોકને માટે મારો વીચાર ઘણો હલકો હતો કારણ કે બચગીમાં પેલા રેનલડ નામના લખનારનાં એકાદ બે વાલમ મેં વાંચ્યાં હતાં અને તેનાં વર્ણન પ્રમાણે ઈંગ્લંડના ઈસ્ટ એંડનું લોક બધું ખુની, ફાંસીગર અને ચોરાંટીઉં હશે એમ હું ધારતો હતો. તેના લખવા પ્રમાણે 'સ્લુમ્સ' એટલે ગલી ગુચીમાં એટલી તો ગરીબી અને કંગાલ્યત છે કે મોટી ઉમરની છોક-રીઓ લગાભગ નગ્ન હાલતમાં ચીકડેહાલ ફરે છે અને રસ્તાનું અજીઠું પડેલું ખડેલું ઉપાડીને ખાય છે. આ જોવાની મારી ઘણી ખુશી હતી પણ હીંમત ચાલી નહીં. આખરે એક મીત્ર બહાર પડ્યો, તેણે કહયું કે એ ભાગોમાં હું રહેલો છું અને સઘળું જાણું છું પણ રાત્રીએ ઘણા મોડા જવું નહીં. સાંજના છએક વાગે ઠીક પડશે. અમોએ ઠરાવ પ્રમાણે જુનાં કપડાં સજ્યાં. કાલર કહાડી નાખી ગળે રંગત ગળેબંધ વીંટાળ્યો, જુનો ડગલો, જુની ટોપી પહેરીને નીકળ્યા. ઘણા ઠેકા-ણાઓમાં ફર્યા, ઘણી ગલીઓ જોઈ, પણ રેનલડસનાં વર્ણનને કશું મળતું જોવામાં આવ્યું નહીં. ગરીબી તો

ખરી—હા ભયંકર ગરીબી–પણ બધાજ ખુની હોય એવી કશી નીશાન ન હતી. ડાક્સ એટલે ઇસ્ટની ગોદીઓ આગળ કેટલાક ખવીસ જેવા દેખાવના પુરૂષો પીઠ પાછળ હાથ રાખીને લાલ ફાટે ડોળે ફર્યા કરતા હતા પણ તેઓ અમારા જેવાને છેડે એવા ન હતા. તેથી ઉલટું ત્યાં થોડાક દેશી ખલાસીઓ અકેકમાં ‘ઇકલીઝી-આસ્ટીક’ ભાષામાં એટલે જે ભાંડ ભાશામાં ગુજરાતીમાં વાત કરતા હતા. થોડોક વાર મુગા મુગા સાંભળીને હું આગળ ગયો અને એકનાં ખભાં ઉપર હાથ મુકીને પુછયું “એઇ કાકા, તું કીએ ગામનો, ને આ ગાળ કોણને દેછ?” પોતાની દેશી ભાષામાં ‘અસ્તમ’ ભણતાં પકડાઈ ગયલો આ દેશી ખલાસી ખાસ્સો એક ફુટ કુદયોઃ—

“ઓઇરે–ભાય–આવોરે–આ તો મારો નાહાલો–આપરી બોલી જાણે!”

આ વાર તે ખલાસીઓની ખુશાલ ચોકડીનો ચહેરો ચીતારવાને હું અશકત છું.

પ્રકરણ—૯ મું.

ગયાં પ્રકરણમાં નાટક, હીપોડરોમ, ક્રીસ્ટલ પેલેસ, વગેરેનું દાસ્તાન હું આપી ગયો છું. પણ એ રમુજનાં સાધનોને છેલ્લી સલામ કરવાની હજુર મારી હીંમત ચાલતી નથી, કારણ કે જ્યારેબી તેની યાદ હું કરૂં

છું ત્યારે એક જાતનો અંગમાં નાસીપાસીનો નીસાસો નખાઇ જાય છે. છેલ્લા એકાદ બે મેલની વાત ઉપર હકીકરને ઈંગ્લંડથી આ દુન્યા વર્ણનના હીપોડરોમના સંબંધમાં કેટલીક વધુ હકીકતો મળી છે જે એટલી જાણવાજોગ છે કે તેની અત્રે જગા કરવા માટે હું કાંઇ પણ ક્ષમા માગવાની જરૂર જોતો નથી. આ હીપોડરમના માલેક મી૦ મોસે હવડાં "ધી બેનડીટસ" નામનો એક બહુ દીલકસ દેખાવ રજુ કરવાની તૈયારી કરી છે. તેણે સ્ટેજ ઉપર એક મોટો પહાડ ઉભો કર્યો છે અને એવી યુકતી કરી છે કે યંત્રકળાથી આ પહાડ ફાટે અને તેમાંથી લખ્ખો ગ્યાલન પાણી એકદમ ધોધના આકારમાં છુટીને એક મોટો પુલ જાણે ભાંગીને ધોવાઇ જતો નજરે પડે. આ પુલ જ્યારે તણાઇ જાય છે ત્યારે તે ઉપર માણસો અને ઘોડા પણ જીવતા દેખાડવામાં આવે છે. પાણીના ધોધ સમેત આ ઘોડા તથા માણસો ઘસડાઈ જાય છે અને એક ભયંકર મોટા અકસ્માતનું આબેહુબ સ્વરૂપ તમાશગીરોને દેખાડે છે. આ કારણ માટે હીપોડ્રોમની બાદશાહી ઇમારતનાં મથાળાં ઉપર એક જંગી પાણીની ટાંકી ગોઠવવામાં આવી છે. આ પાણી ૧૩૦ ફીટની ઉંચાઇએથી સ્ટેજ ઉપર ધોધના આકારમાં પડે છે.

પણ હવે નાટક ફાટકનો ખ્યાલ છોડો. જર્મનીમાં વેટર વગરનાં હોટેલોનું હું સવીસ્તર બ્યાન આપી

ગયો છું. ચીરણમાં એક કલાઇનો સીક્કો નાંખતાં બીર કે આઇસક્રીમ—ગરમ દુધ કે ઇંડાંનો પોળો કેમ મળી શકે છે તે મેં વર્ણવ્યું છે. તેજ વાર મેં મત આપ્યું હતું કે આવાં આવાં ખેલ કૌતકોમાં ઇંગ્લંડ કરતાં જર્મનો બહુ ચઢીઆતા છે. ખોદા માલમ કે આ મારી ફરીઆદ ઇંગ્રેજોને કાને પડી હશે કે શું ! કેમકે હમણા લંડનથી ખબર મળ્યા પ્રમાણે ત્યાં એક સેંટ્રલ કીચન સોસાયટી ઉભી કરવાની વાત ચાલે છે. આપણી તરફના ભોળા, ધસીને ન ચાલનારા દેશી વાંચકો માટે એ કીચન સીસ્ટમનો કાંઇક ખ્યાલ આપવાની હું તજવીજ કરૂં છું. જેમ અત્રે ઠેકાણે ટ્રામના તબેલા છે—જેમ આગ હોલવવાનાં સ્ટેશનો છે કે જ્યાં ટેલીફોન મારફતે બાતમી આપવાથી આગના બુંબા આવી પહોંચે છે, તેમ આ પાદશાહી બાવરચીખાનાનું કારખાનું એક મસ મોટી જગ્યા ઉપર ઉંચાડવા ધાર્યું છે. તમારા ઘરમાં બટન દાબી આ બાવરચીખાનાના મેનેજરને વરદી આપો કે દશ વાગતે ફલાણું ફલાણું જોઈશે કે પાંચ મીનીટમાં મોટોરકાર ધમ ધમ કરતી ગરમા ગરમ નાસ્તો અથવા એકથી એક હજાર માણસનું ડીનર લઈ તમારા દરવાજા આગળ આવી ઉભી રહેશે. બધી ચીજના ભાવ અગાઉથી નક્કી કીધેલા છે એટલે બરાબર શું ખર્ચ થશે તે પણ ઘરનો ધણી જાણી શકશે. ખાણું પહોંચાડશે એટલુંજ નહીં પણ ટેબલ કલાથ, છરી, કાંટા, ફુલનાં વાઝીઝ સુદ્ધાં

બધું કમપ્લીટ હાજર થશે. કહે છે કે આના ભાવ એટલા તો કીફાયત રાખવામાં આવનાર છે કે હવે ઘરમાં રાંધવાની અથવા મેહેરસ્તાને બજારની વરદી આપવાની કે તેણે માછલીમાં શું ચાંસ મારી છે તે તપાસવાની કશી જરૂર રહેશે નહીં. આહા! આ સ્કીમ જો અમલમાં આવશે, તો જીંદગીના હાયસોસારામાં કેટલો મોટો ફરક પડી જશે! સમજો કે આવો એક સ્કીમ મુંબઈ શહેરમાં પારસી કોમમાં દાખલ કરવામાં આવે, તો ઘરની છોકરીઓને પછી કામજ શું બાકી રહેશે? હું ધારૂં છું કે પોતાનો માથે પડેલો વખત કામે લગાડવા માટે મોહોલ્લે મોહોલ્લે ભેસાનીઆઓની દુકાનો ખોલવી પડશે અને હવડાં જ્યાં પારસી બાનુઓ એક ઠેકાણે જાય છે ત્યાં ચાર ઠેકાણે જવાનો અવકાશ મળશે. આ તો કાચ્ચું છે અને આ તો લુગડો થઇ ગયલો છે—આ તો લાંદો છે અને આ તો છુંદો છે—એ તકરારનો હવે અંત આવશે. બચારા કેટલાક ભ્રથારો જેઓ દરેક ચીજમાં છીટાં શોધવામાં એક જાતની મોજ મેળવે છે તેઓ બાપડા હવે શું કરશે? કોણની સાથે ચીકડાં ફાડશે? પણ સબર કરો, આ કીચન સ્કીમ ઉપરથી મારાં અલ્પ ભેજામાં અનેક વીચારો ઉત્પન થાય છે. ઘરમાં બાવરચીખાનાની જરૂરજ નહીં રહેશે—લાકડાં ભરવાના કોઠારનું કામ ન પડશે. કમભાગ્યના કલાઇગરનો ધંધો જતો રહેશે અને ઈનશાલ્લાહ! બદહજમીને માટે ડાકટરોનો

ખપ કમતી થવાથી તેઓ માથે હાથ દઈને રડશે. કાંઈ નહીં, પારસી બબરચીઓ અને તરકડા ફરંગાઓ હવડાં બહુ નાચી નડરી રહેલા છે તેઓનો મોસ તુટશે, તો મારા ભેગા મારા વાંચનારાઓ પણ ખુશી થશે એમ હું માનું છું.

પણ ધીર ધરો. આ કીચન સ્કીમ જેમ ઇગ્લંડમાં કરવા ધાર્યો છે તેમ જો મુંબઇ શેહેરમાં થયો તો પછી શેહાદીના ગાંડનું કેમ? હું ધારૂં છું કે આ નવું ખાતું તુટેલાં બટન ટાંકવાનું અને કાણા પડેલાં ઇસ્ટાકીન રફુ કરવાનું પણ માથે લીએ, તો પછી શેહાદીની ઝુસરી ઉપાડવાને કોઈબી જવાનીઓ તૈયાર થાય એ બનવાજોગ નથી. અલબતે આ કીચન સીસ્ટમ થવાથી બાયડાંઓ પણ પોતાની કલબો ઉઘાડશે અને તેમ જો થાય તો શું તેઓની કલબની ફી ભરવા માટે છોકરાઓ તેમને પરણી લાવશે? જોઇએ, આગળ જતાં ઉંટડો કઇ તર બેશે છે!

બાયડાંઓની કલબ માટે ઉપલી સતરો લખતાં મને લંડનની નામાંકીત કલબોની કાંઈક યાદ આવી ગઇ છે, એટલે તેની અત્રે નોધ કરી લેવાની તક લઉં તો વાજબી ગણાશે. લંડનની કલબની જીંદગી આપણી તરફની કલબો કરતાં કાંઇ કેવળ જુદીજ તરાહની છે. અહીં સાંજના પાંચ કલાકે પાંચ દશ દોસ્તો મળ્યા, એકાદ બે ચોપટના દાવ કે બીલીયર્ડના ગેમ અથવા નેપનો પાસો

અજમાવ્યો કે આઠ વાગતામાં ઘેર ગયા એટલે કલબની જીંદગી ખતમ થઇ ગયેલી સમજવામાં આવે છે. પણ લંડનમાં તો કલબ લાઈફ પુરૂષની જીંદગીનો લગભગ અડધો ભાગ છે. ફક્ત મજુર વર્ગ સીવાય સઘળા વર્ગના લગભગ સઘળા પુરૂષો એક યા બીજી કલબના મેમબરો હોવા જોઇએ. આ કલબો કાંઈ ફક્ત ખાધા પીધાની કલબો નથી, પણ મોટો રાજદ્વારી વગવસીલો ધરાવનારાં ખાતાં છે. નેશનલ લીબરલ કલબ અને કનઝરવેટીવ કલબ એ બે હરીફ કલબો લંડનના નોરધેમબરલેંડ એવેન્યુના બહુ ખર્ચાળુ ભાગમાં પોતાની ખાસ ઈમારતોમાં પોતાનું કામ ચલાવે છે. કુદરતી રીતે મારી લાગણી લગાર લીબરલ પક્ષ તરફની હોવાથી હું નેશનલ લીબરલ કલબમાં રોજ પરોણા દાખલ જતો હતો, એટલે ત્યાંના વહીવટનો થોડોક અભ્યાસ કરવાની મને તક મળી હતી. ખાસું ૫૦ થી ૬૦ મોટાં દીવાનખાનાઓનું આ કુશાદે રાજવંશી મકાન આ કલબની મોટાઇનો આપણને પહેલો ખ્યાલ આપે છે. આ દલીદ્ર દેશની પેઠે ૫૦—૬૦ મેમ્બરો નહીં પણ પાંચથી છ હજાર મેમ્બરો આ લીબરલ કલબ ધરાવે છે અને દરેક મેમ્બર વરસ દહાડે ૬ ગીની એટલે ૯૦ રૂપીઆ ફી ભરે છે એટલે કલબની વરસ દહાડે ફીના આકારમાં લગભગ પાંચ લાખ રૂપીઆની આવક છે. કોઇબી ગ્રહસ્થ “લીબરલ” મત ધરાવતો હોય, તેને બે મેમ્બરોની

સમતીથી ચુંટી કહાડવામાં આવે છે. જમવાનું દીવાન-ખાનું જબરદસ્ત મોટું છે અને ગમે તે વખતે જાઓ ત્યારે ત્યાંની સંખ્યાબંધ મેજો જમનારાઓથી ચીકાર ભરેલી જણાય છે. ત્યાં મેમ્બરાને ઉત્તેજન આપવા માટે ખાધાપીધાનું એટલું ઉમદા અને એટલું સસ્તું રાખ્યું છે કે હું ધારૂં છું કે ઘણાક મેમ્બરો ક્વચીતજ પોતાને ઘરે જમતા હશે. નીચે એક સાંચો ગોઠવેલો છે, જ્યાં ઉભા રહી જોતાં બહુજ અજાયબી સાથે રમુજ પેદા થાય છે. આ સાંચો એક જાતનો જીવતો રીપોર્ટર છે. હું જ્યારે આગળ ઉભો રહયો હતો, ત્યારે તે ઉપર પોતાની મેળે એક ટેલીગ્રામ છપાતો હતો. કહે છે કે આવા સાંચા દરેક મોટી કલબમાં ઉભા કરેલા છે અને તે એક સેંટ્રલ આફીસમાંથી ચલાવવામાં આવે છે જેથી સાંચા આગળ ઉભા રહી વાંચો તો દર મીનીટે કાંઇ ને કાંઇ નવી ખબર પોતાની મેળે છપાતી કોઇબી રીપો-ર્ટર અથવા તાર વગર વાંચી શકો. નીચેજ એંટ્રી રૂમમાં સ્થંભ ઉભો કરેલો છે, જેમાં પેની નાંખવાથી પોસ્ટેજ સ્ટેંપ પોતાની મેળે મળી શકે છે. દાખલ થતાંજ એક નાની રીસીવીંગ અને ડીસ્પેચીંગ આફીસ ઉભી કરેલી છે, જ્યાંથી તમારે સરનામે આવેલા કાગળો તમને પહોંચાડવામાં આવે છે અને તમારા લખેલા કાગળો બરાબર ટાઈમે ટાઇમ રવાના કરવામાં આવે છે. બીજે માળે રેસીડંટ મેમ્બરો માટે જાથુક રહેવાના

સંખ્યાબંધ ઓરડાઓ છે. રાઈટીંગ રૂમ, વીઝીટર્સ રૂમ, સ્મોકીંગ રૂમ, રીડીંગ રૂમ, કાર્ડ રૂમ, બીલીયર્ડ રૂમ, ડાઇનીંગ વગેરેની ધમાધમી ભારી છે. કલબ લાઈફનો ખરો ચીતાર જોવો હોય તો આ નેશનલ લીબરલ કલબમાં જઇ આવવાની હું ભવીશના મુસાફરને ભલામણ કરૂં છું. આ કલબોનાં કુશાદે દીવાનખાનાઓમાં એટલી તો સગવડ છે કે કેટલાક સાહેબો આખો દીવસ ત્યાં પોતાની આફીસ જેવી રાખીને પડ્યા ને પાંથર્યા ઠસી રહે છે.

પણ વધારે નવાઇ જેવું મારા જોવામાં એ આવ્યું કે લંડનમાં એક ખાસ મોટી લેડીઝ કલબ છે. આ કલબનું મકાન પણ બહુ ગંજાવર અને ધપધપ્યું છે. વેટરો અને સર્વંટ ગર્લોનો ત્યાં ઠઠેરો ઓર તરાંહનો છે. લેડીઝ કમીટીની રજા વગર ત્યાં મરદોને દાખલ કરવામાં આવતા નથી. પણ અત્રેનાં પંકાયલાં મીસીસ એડમસ વાયલીનાં બહેનની મહેરબાનીથી એક દીવસે આ રૂપસુંદરીઓનાં જનાનામાં દાખલ થવાની સેવકને તક મળી હતી. સેંટ્રલ દીવાનખાનામાં કાંઈ નહીં તો ત્રણસેંથી ચારસેં બાનુઓ નાની નાની મેજો ઉપર ચા, કાફી વગેરે મીશટાનોનું નખ્ખોદ વાળતાં હતાં પુરૂષમાં તો હું એકલોજ અને વળી દેખાઇતો બીજા ખંડનો વતની એટલે ૬૦૦ ચમકતી આંખની જોડીઓ મારા તરફ ટીકી ટીકીને જોય એટલે મારી તે વાર શી અવસ્થા હશે તે સમજવું સહેલ છે. એક તો હું જાને

શરમાળ, તેમાં વળી ઇંગ્રેજ બાનુઓની વચ્ચો વચ્ચમાં એકજ મગરડાજીનો અવતાર કોઇબી રીતે જીવને ધીરજ આપનારો તે કયાંથી કહેવાય? પણ એટલું તો ખરૂં કે આ બાનુઓની કલબની કારકીર્દી એક કલાકના અરસામાં હું પામી ગયો અને કબુલ કરવું પડે છે કે ત્યાં ચોટલા પીખામણ કે નીંદા અડણ જેવું કશું નજરે આવતું ન હતું. સારાંશ કે સેંકડો બાનુઓ પોત પોતાની ચોક્કસ ટોળીમાં મળી હળવે હળવે વાતચીતમાં વેળા ગાળતી, અને આસપાસનાઓ ગમ ઝાંખીને જોવાની પણ દરકાર કરતી નહીં અને એ મોટી કલબમાં એમ કરવાની કશી જરૂરબી નથી.

પ્રકરણ—૧૦ મું.

ઈંગ્લંડ દેશ મહાભારત છે એમાં શી નવાઇ? ત્યાનાં લોકનું હાતમદીલ જોઈને આપણો દમ બંધાઇને બરફ થઈ જાય છે. આ કંગાળ દેશમાં કોઇએ એકાદ અગ્યારીનો ઓટલો બંધાવ્યો કે ૫૦૦૦ રૂપીઆ કોઇ ઝુકતાં ઝાકતાં ખાતાંમાં આપ્યા તો તેની વાહવાહ થઈ જાય છે. તેમાં અગાત્યે કરી લાખની ઉપર આંકડો ગયો કે આપનાર ધણી સાતમે આસમાને ચહડી જાય છે. પણ બહાદુર ઈગ્લંડમાં પચીસ ત્રીસ લાખ રૂપીઆ કે કરોડ રૂપીઆની સખાવત તો કુચ ગણત્રીમાં નથી. એ

લોકનું દીલ મોટું તો ખરૂં. હું કબુલ કરૂં છું કે ઈંગ્રે-જની જાતમાંજ લગાર નાકે ગંધ સમાયલી છે અને તેઓ યુરોપના બીજા વતનીઓની પેઠે એકદમ ભેળાતા નથી. તેઓ મીજાજી છે, લગાર છાંટાપાણી માસ્તર પણ ખરા, બહાદુર પણ ખરા, જરા આગળ વધીને કહું તો લગાર મતલબ્યા પણ ખરા, પણ હું એકવાર ફરી ભાર મુકી મુકીને કહું છું કે આપણા દેશમાં જે ઇંગ્રેજો આવે છે તેમના અનુભવ ઉપરથી ખુદ ઈંગ્લંડના ઈંગ્રેજોનું તોલ કરશો ના. એ બે જાતજ જુદી છે. હીંદુસ્તાન આવતા ઇંગ્રેજોને કોણ જાણે શું વરદાન છે કે આ દેશમાં છ માસ પગ મુકયા પછી તેમનાં નેણજ ફરી જાય છે, અને એજ અંગ્રેજ પાછો પોતાને વતન જતાં જુદીજ કીસમનો પુરૂષ જોવામાં આવે છે. હશે-કદાચ આપણી ધર્થીનો કસુર હશે!

પણ હું શું લખતાં કયાં ચાલી ગયો બાપા! અવલોકનની ખુમારીનો ગલબો કોઇ વાર અકસમાત ઉભરી આવે છે, માટે ક્ષમા માગું છું, પણ ભજીઆં સાથે ચટણી જોઈએ તેમ વર્ણન સાથે વ્યાખ્યા ન હોય તો લખાણ લુખું લાગે. મને ખબર મળી કે લંડનમાં એક મરનાર ગ્રહસ્થની વીધવાએ પોતાનો સર્વસ્વ ખજાનો જેની કીંમત એક કરોડથી ઉપરની ગણાતી હતી તે એમનો એમ પ્રજાને ભેટ આપી દીધો એટલે આ વીચીત્ર સખાવત કેવી છે તે જોવાને મારૂં મન ઉચટ પડયું.

એક મીત્રની જોડે આ "વોલેસ કલેકશન" જોવા હું ગયો અને સત્ય માનજો કે આપનાર અને લેનાર બંનેને મારાં મનમાં હજારો હજાર આશીશ દીધા. આફ્રીન છે, હજારો હજાર આફ્રીન છે આ બક્ષેસ કરનારની પહેલવાની છાતીને! હું એની થોડીક વીગતો નીચે આપું છું તે મહેરબાની કરી વાંચશો.

સર રીચર્ડ વોલેસ અને તેની બાનુ લેડી વોલેસ પોતાના "હર્ટફર્ડ હાઉસ" નામના ગંજાવર મહેલમાં સુખરૂપ રહેતાં હતાં. તેમને ત્યાં સનતાનની બક્ષેસ નહીં એટલે કરોડો રૂપીઆની દોલત તેઓએ અમુલ્ય પીકચરો, હીરાજડીત આરસીઓ, લખ્ખોની કીમતનાં કીમતી વાઝાં, ઘડીઆળો, વીટીઓ વગેરેમાં રોકી પોતાના મહેલને સણગારીને તેમાંજ પોતાનું સુખ સમજતાં હતાં. કમભાગ્યે સર રીચર્ડ વોલેસ મરણ પામ્યો અને પોતાનું સર્વસ્વ પોતાની બાનુને જેમ ગમે તેમ કરવા માટે મુકી ગયો. લેડી વોલેસનાં ભેજાંમાં આવ્યું કે પોતાને ત્યાં ફરજંદ નહીં, અથાગ દોલતનું કોઇ ખાનાર નહીં એટલે ઈંગલંડની પ્રજા એજ તેનાં બચ્ચાં. પોતાના પતીનું નામ કાયમ રહે એજ પોતાનું વસીયતનામું એમ ગણી પાર્લામેંટને અરજ કરી ૧૮૯૪ ના સાલમાં પોતાનું જે કંઇ હતું તે સઘળું પ્રજાને આપી દેવાની માગણી કરી. માત્ર સરત એટલીજ કરી કે આ કરોડો રૂપીઆનું સંગ્રહસ્થાન તેણીનાજ મહે-

એમાં એમનું એમ રાખવું, તેમાંથી કંઇ વેચવું નહીં, તેમાં બહારનો કોઇનો સામાન મુકવો નહીં, પાર્લામેંટે તેની દેખરેખ રાખવી, અને તેનું નામ સદાનું "વોલેસ કલેકશન" એમ રાખવું.

પાર્લામેંટે આ ઉદાર માગણી સ્વીકારીને આ કીમતી ખજાનો પોતાના સ્વાધીનમાં લઇને પ્રજાને માટે સદાનો ખુલ્લો મુકયો છે. "હર્ટફર્ડ હાઉસ" નો મહેલ લંડનના એવા ભાગમાં આવ્યો છે કે તેની ખાલી જગાજ અમથી વેચવા કહાડે તો દર ચોરસવારે એક હજારથી પંદરસો રૂપીઆનો ભાવ આવે. યાદ રાખવું કે ખંડાળા, તીથલ, દેવલાલી વગેરે મથકોએ એકરને ભાવે જમીન ગણાય છે. મુંબઇમાં ચોરસવારે બસો રૂપીઆનો આંકડો સાંભળતાં ડોળા આસમાને ચહડી જાય છે, પણ લંડનમાં જમીનનો ભાવ ઇંચિના હીસાબથી છે. આ રીતે જોતાં "હર્ટફર્ડ હાઉસ" ની જમીન અને મહેલ આજની કીમતે ગણતાં ઓછામાં ઓછો દશ લાખ રૂપીઆનો હશે, પણ તે માહેલા ખજાનાની કીમત આંકનાર હજુર સુધી જનમયો નથી. પાર્લામેંટે આ મોટા વારસાની કારસાજી કરવા માટે લૉર્ડ લેન્સડાઉન અને અબજપતી રોથશચાઇલ્ડ જેવાઓની એક કમીટી નેમી અને તેઓની સલાહ પ્રમાણે "હર્ટફર્ડ હાઉસ" માં લખ્ખોના ખરચે મોટા ફેરફાર કરીને મરહુમ સર રીચર્ડ વોલેસનો આ ખજાનો પ્રજાને માટે ખુલ્લો મુકયો છે. આ માહેલો

સામાન જમાના થયા સર રીચર્ડના બાપદાદાઓએ ભેગો કરવા માંડયો હતો. તેઓ પાસે અખુટ દોલત હોવાથી ફ્રેંચ અને રોમન ચીતારાઓનાં લાખ લાખ રૂપીઆની કીમતનાં એકેક પીકચર ખરીદ કરી આ સંગ્રહ વધાર્યાજ ગયા હતા. તે એટલાં સુધી કે આ મહેલમાં ટીસ્યાં, બરનાર્ડો, વેનડાઇક, રૂબન્સ જેવા નામાંકીત ચીતારાઓનાં જેટલાં પીક્ચરો અહીં જમાવ કરેલાં છે તેટલાં આખાં યુરોપનાં કોઇ પણ સંગ્રહસ્થાનમાં નથી. હાથીદાંત ઉપરનાં કોતરકામ, અને 'સેવેરીઝ' કોરીકામનાં અકેકાં પાદશાહી વાઝો આંખને છક કરી નાખે છે. એક ઓરડામાં ખરા હીરા અને મોતીજડીત તપકીરની દાબડીઓ સુમારે ત્રણસેથી ચારસે જોવા મુકી છે, જેમાંની કોઇ એકની કીમત લાખથી દોઢ લાખ સુધીની ગણાય છે. એક બીજાં મોટાં દીવાનખાનામાં ફ્રેંચ તેરમી સદીનાં ઇનલેડ ફરની-ચરોનો સંગ્રહ મુકયો છે તેમાં એક સીપની 'ઇનલેડ' કીધેલી ટેબલ ફકત એકલી બે લાખ રૂપીઆની છે. પેરીસના ૧૮૭૦ ના ઘેરા પછી ફ્રાંસ વેચાઈ સતાઇ ગયું અને પાયમાલ થયું તે વારે શોખીન સર રીચર્ડ વોલેસ પોતે જાતે પારીસમાં જઇને ત્યાંનો કીમતી ખજાનો લખ્ખોને ખરચે ખરીદીને ઉપાડી લાવ્યો, તે સઘળો અહીં જમાવ કરેલો છે. આ ખજાનો કેટલો મોટો હશે તેનો એટલાંથીજ ખ્યાલ આવશે કે 'હર્ટફર્ડ હાઉસ' ના મહેલમાં ટાઉન હૉલનાં મોટાં દીવાનખાના જેવા બાવીસ

મોટા હૉલો ખીચોખીચ ભર્યા છે. કેટલીએક ચીજો એવી છે કે જેની કીમત પણ અંકાતી નથી, પણ હું બીહતાં બીહતાં કહું છું કે આ સંગ્રહસ્થાનમાં મુકેલી હજારો ચીજોની કીમત એક કરોડ રૂપીઆ ઉપરની તો સેહેજ હશે! આ ચીજોનો 'કેટલોગ' જે પાર્લામેંટે છપાવ્યો છે તેણે ૪૦૦ સફા રોકયા છે અને તે ઉપર લગભગ પચાસ હથ્યારબંધ સોલજરો રાત દીવસ ચોકી રાખે છે. એક ઘડીઆળ મારા જોવામાં આવ્યું જે કાળાં અગનુસનાં લાકડાંનું બનાવેલું હતું અને તે ઉપર ખરાં સોનાની કારીગીરી કરેલી હતી. તેના સર રીચર્ડ વોલેસે એક લાખ ફ્રાંક આપ્યા હતા. ટુંકમાં અહીં બધો લાખનોજ હીસાબ છે અને આ સઘળું એક કલમના ઝટકાથી લેડી વોલેસે દેશને બક્ષીશ આપી દીધું, તેની કીમત વીષે વીચાર કરતાં એક રીતે જીવ ફરી આવે છે. બોલો હવે ઈંગ્લંડ મહાભારત છે, ઈંગલંડનું લોક આપણા કરતાં જુદીજ તરેહનો છાતો ધરાવે છે એમ જે હું ઉપર કહી ગયો તેમાં કંઇબી વાંધા વીસ્તી જેવું છે? એક લાલ રંગનું મીના કીધેલું નાનું અફરગાનીઉ બત્રીસ હજાર ફ્રાંક, એક ફુટ ઉંચું સોના કામથી મઢી લીધેલું ઈટાલીયન બનાવટનું ઘડીઆળ તેના ફકત લાખ રૂપીઆ, એક બે તસુ લાંબી એમપ્રેસ યુજીનીની તપકીરની દાબડી હીરાજડીત છે જેની કીંમતજ કોઇ આંકી શકતું નથી. આ જોયા પછી મારો જીવ એટલો ધરાઇ ગયો છે કે

તેનું વર્ણન આપવું એ ગોયા 'બ્રીલીયંટ' હીરા ઉપર કલાઈનો ઢોલ ચહડાવ્યા બરાબર છે. આખા સંગ્રહસ્થાનમાં જેટલા બીલીયાનના હીરા છે તે એટલા બધા છે કે આખાં મુંબઇના સોરાબજી ખાનો અને બીજા હીરાના વેપારીઓના હીરા જમા કર્યે તોબી એ હીરાના જથ્થાની જાતીને પણ ન પુગે.

પણ હવે જવા દો. હીરા, પાણાથી અને મોતી માણેકથી માથું ફરી જશે. કંઇ બીજી બાબદ ઉપર આવ્યે. કહેવામાં આવ્યું જે લંડનમાં બીજું જોવા લાયક સંગ્રહસ્થાન મેડમ ટુશોંનું મીણનાં બનાવેલાં પુતળાંનું છે. આ સંગ્રહસ્થાન વીષે હું બચગીથી સાંભળતો આવ્યો હતો, એટલે તે જોયા વગર કંઇ ચાલે નહીં. એક શીલીંગ આપી દાખલ થતાં દરવાજામાંજ ખુરસી ઉપર એક બુઢો માણસ માથે હાથ ટેકવીને ઉંઘતો હતો. તેનો શ્વાસોશ્વાસ નીયમીત ચાલતો હતો અને છાતી ખુશ ઉંઘમાં ઉંચકાતી હતી. મેં મારા મીત્રને હળવેથી આંગળી કરી અજાયબી બતાવી કે આટલા બધા તમાશગીરોની ગીરદીમાં આ બચારો ખુશ નીંદ્રામાં ગીરફ્તાર થયલો કોણ જાણે કયો ઘરબારનો સુખ્યારો હશે! પણ તેનાં માથાં ઉપર ટીકીટ મારેલી જોઇ વહેમ પડયો અને વધારે બારીકીથી તપાસતાં જણાયું જે એ જીવતો નહીં પણ મીણનો બનાવેલો હતો અને તેની છાતીમાં સાંચાકામ મુકી એવી કળા કરેલી હતી કે જાણે તે દમ

ખરેખર લેતો હોય. પહેલી નજરે આ દેખાવથી અમે બહુ હેરત રહયા પણ પછી તો આપણા રાજા એડવર્ડ, તેની બાનુ, રાજવંશીઓ, સીપાઇ બચ્ચાઓ, હજારોની સંખ્યામાં ફુલ ડ્રેસમાં ઉભેલા એટલા બધા જોયા કે નવઇ થોડા વારમાં જતી રહી. પછી એકવાર એવોબી વખત આવ્યો કે સામે ઉભેલો ખરેખરો માણસ હોય તો વહેમમાં પડી જઇએ કે આબી ખરો છે કે ઢોંગ!

સવાસો વરસની વાત ઉપર ફ્રાન્સમાં જ્યારે પાદશાહી દોર દમામ પુર બાહરમાં હતો ત્યારે ત્યાં જોન ક્રીસ્ટોફર કરશીયસ નામે એક ફીરંગી પેરીસમાં વસવા આવ્યો. તે અસલ ડાક્ટર હતો અને શરીરના કોઈબી ભાગો મીણમાં એવા આબેહુબ બનાવવાની કળા ધરાવતો હતો કે મેડીકલ સ્ટુડંટોને કેળવણી આપવા ખાતર તેના હાથના બનાવેલા હાથ પગના, વસુરી અને ગુમડાંના 'મોડલો' પેરીસમાં વાહવાહ બોલાવી રહયા હતા. આ ધણીના બનાવેલા મીણના નમુનાઓ ઉપર પેરીસ્યનો કુરબાન થઇ ગયા, અને તે ઉપરથી તેની પાસે મીણના પુતળાંઓ બનાવવાનું ફ્રેંચમેનોને ઘેલું લાગ્યું. આ વાર આ કારીગર કરશીયશનું કળાકામ જોવાને એક ફ્રેંચ છોકરી હમેશ આવતી હતી. આ છોકરી તે હાલનાં સંગ્રહસ્થાનનો પાયો નાખનાર મેડમ ટુસોં.

આ છોકરીએ પહેલાં મીણનાં ફુલો બનાવવાનું શરૂ કર્યું અને આસ્તે આસ્તે તે પોતાના હુન્નરમાં

એટલી ખીલી ગઈ કે મેડમ ટુસોંનું "વેક્ષ વર્ક" આજ નેવું વરસ થયાં ઈંગ્લંડમાં પ્રખ્યાત છે તોબી પાછળ હઠયું નથી. આ એકઝીબીશનમાં એક ખાતું ભયંકર ખુનો અને ખુનીઓનું જુદું રાખેલું છે, અહીં લોહીનો ઝરો અને કાપેલાં ગળાં એવાં આબેહુબ બતાવવામાં આવે છે કે ત્યાં ઘણીક નરમ હૈયાંની લેડીઓ દાખલ થવાની પણ હીમત કરતી નથી. એક ઠેકાણે કાચના પડદાની પછવાડે ઈંગ્લંડના બે દશ દશ બાર બાર વરસના પ્રીન્સોને ઝાડીની અંદર સુવાડયા છે, જેઓનું જે ઘડી જાય છે તેમાં ખુન થનાર છે. આ છોકરાઓ નીરદોશ ઉંઘમાં પડેલા છે અને તેમના ઉપર વીજળીક બતીની મદદથી ચાંદરણાં જેવું અજવાળું પાડવામાં આવે છે. આ છોકરાઓ એવા આબેહુબ બનાવ્યા છે અને તેમની છાતી સાંચાકામથી એવી સફાઈથી ઉંચક મેલ થાય છે, તેમજ નાકનાં ફીફડાં એવી કુદરતી રીતે હાલે છે કે જે ઘડી જાય છે તેમાં તેમની છાતીમાં ખંજર ભોકાશે એવા ખ્યાલથી આપણી છાતી ધડકે છે.

આ શાહજાદાઓની કથા અને તેમનો ફ્રેંજ એટલો દયાજનક છે કે તેની ઘણીજ ટુંક નોધ અહીં ટુંકમાં અને પછીથી લંબાણથી હું આપું છું કારણકે એ બનાવ આઘેથી જોતાં અને તે મીણનો છે એમ જાણવા છતાં મારી આંખમાં તે વાર ઝલઝલ્યાં ભરાઇ આવ્યાં હતાં. જ્યારે ઈંગ્લંડનો ચોથો એડવર્ડ ગુજરી ગયો ત્યારે પોતાની પાંચ બેટીઓ

ઉપરાંત બે છોકરાઓ મેલી ગયો તેમનું નામ એડવર્ડ અને રીચર્ડ. ઉમર વરસ તેર અને અગીઆર. આ છોકરાઓના કાકા ડયુક ઓફ ગ્લોસ્ટરે જોયું કે જ્યારે હશે ત્યારે તેર વરસનો પ્રીન્સ ગાદી ઉપર આવશે. એટલે તેણે પોતાના મરનાર ભાઈ એડવર્ડના સઘળા વગવાળા ઉમરાવોને આસ્તે આસ્તે કતલ કરાવ્યા. ફક્ત બે ઉમરાવો ડયુક ઓફ બકીંગહામ અને મારકવીસ ઓફ હેસ્ટીંગસ બાકી રહી ગયા. બકીંગહામને મોટી લાંચ આપી તથા મોટા ઓધા આપીને કાકા ગ્લોસ્ટરે પોતાની પક્ષમાં લઈ લીધો પણ હેસ્ટીંગસ પોતાના મરહુમ સરતાજનાં નીરદોશ બચ્ચાંઓની પક્ષમાં રહયો. ગ્લોસ્ટરને તો પોતાને રાજા થવું હતું એટલે તેણે ટાવર ઓફ લંડનમાં એક કાઉનસીલ મીટીંગ બોલાવી અને ત્યાં કંઇ છીટું બાહનું કહાડીને પોતાના ભાડુતીઓ પાસે હેસ્ટીંગસને મુસ્કાટાટ બંધાવ્યો અને પાંચ મીનીટમાં તો તેનું ડોકું ત્યાંનું ત્યાંજ છટકાવી નાખ્યું. આ વાર ઉપલા બંને નીરદોશ શાહજાદાઓને ટાવરમાં કેદ રાખેલા હતા. ટાવરનો રખેવાલ તે વાર સર રોબર્ટ બ્રેકનબરી કરી હતો, તેને ડયુક ઓફ ગ્લોસ્ટરે હુકમ કર્યો કે ગુપચુપ ઉપર જઈ બંને છોકરાઓને જમેહ કરવા. ભલા બ્રેકનબરીએ પોતાના પવીત્ર હાથ પાપી લોહીમાં બોળવાને ના પાડી પણ ગ્લોસ્ટરનો એક માનીતો હજુરીયો સર જેમ્સ ટીરલ કરી હતો

તેણે આ નજીસ બીડું ઝડપ્યું. પોતાની સાથે ડ્રાઈટન અને ફોરેસ્ટ નામના બે ખુનીઓને લઈને તે મધરાતના ટાવરના ઉપલા ઓરડામાં જ્યાં આ બુચાઓ સુતેલા હુતા ત્યાં ગયો. તે લોકનાં મોહડાં ઉપર તકયા દાબીને તેઓને આ ત્રણ કરપીણોએ ગુંગળાવી મારી નાખ્યા અને તેમની લાસ 'ટાવર ઓફ લંડન' માં એક દાદરની તળે ઝડપમાં રાતોરાત ડાટી નાખીને તે ઉપર મોટા પથરા મેલ્યા. સહુવારના તેઓએ બુમ ઉરાડી કે છોકરાઓ તો રાતોવાઇ કેથે નાહસી ગયા હુતા. નાપાક કાકો ગ્લોસ્ટર રીચર્ડ ત્રીજાનું નામ ધારણ કરીને ઈંગ્લંડની ગાદી ઉપર ચહડી બેઠો. ૧૬૭૪ માં જ્યારે ટાવરમાં કાંઇ મરામત કરવા સારૂં આ દાદર ઉખેડવામાં આવ્યો ત્યારે તેમાંથી આ કમનસીબ બુચાઓનાં હાડકાં જડયાં. પાછળથી ચાર્લસ બીજાએ તે હાડકાં મોટી ક્રીયા સાથે વેસ્ટમીનીસટર એબીમાં ભુમીદા કરાવ્યાં. રાતના બાર વાગે જ્યારે સર જેમ્સ ટીરલ પોતાના બે ખુનીઓ સાથે પ્રીન્સને મારી નાખવા જાય છે તે વખતનો દેખાવ મેડમ ટુસોંનાં સંગ્રહસ્થાનમાં આબેહુબ જાણે જીવતો બનતો હોય તેમ નજરે પડે છે.

ઇંગલંડના નજીસ ખુનીઓ, ખોટા ચેકો બનાવનારાઓ, અથંગ જુગારીઓ, બેંક ફાડનારાઓ વગેરેને જાણે જીવતા જોનારની સામે હારોહાર ઉભા રાખ્યા છે. છેલ્લાં ફ્રેંચ 'રેવોલ્યુસન' વેળાએ જે નાપાક છરીથી વીસ

હજાર જણનાં ડોકાં તેમનાં ધડથી છુટાં પડયાં હતાં તે છરી પણ ખુદ અસલ અહીં જોવા મુકી છે. આ અહરેમનની છરીએ ફ્રાંસના રાજા લુઇ સોળમાને, રાણી મેરી એનટોન્યટ, ડયુક ઓફ ઓરલ્યાં અને ફ્રાન્સમાં ધુમ મચાવનાર રોબ્સપીયરને જબેહ કીધા હતા. જબેહ કરનાર જલ્લાદ સેનસનના વારસો પાસેથી આ છરી મેડમ ટુસોં અને તેણીના બેટાઓએ મોટી કીમત આપીને ખરીદ કીધી હતી.

નામદાર રાણી વીકટોરીયાના કાકા જ્યારે મરણ પામ્યા ત્યારે સહુવારના પાંચ વાગે અઢાર વરસની વીકટોરીયાને 'તું ઇંગલંડની રાણી થઈ છે' એવી ખબર આપવા આર્ચબીશપ ઓફ કેનટરબરી મેહેલમાં ગયો અને ગુટણ ઉપર પડીને અચરતીમાં ગરકાવ થયલી આ છોકરીને જ્યારે ઉપલી ખબર આપી તેનો દેખાવ પણ ત્યાં જોવાજોગ છે. નેપોલ્યન બોનાપાર્ટ જયારે ઈંગ્રેજોને હાથ પકડાયો ત્યારે સેંટ હેલીનાના ટાપુમાં તેને કેદ કરવામાં આવ્યો હતો તે વાર જે સાદરી ઉપર તે સુતો તે તથા તેની સાથનો તકીયો જે ઊપરજ તે મરણ પામયો હતો તે ખરી ચીજો અહીં દેખાડવામાં આવે છે. સારાંશ કે મેડમ ટુસોંનું એકઝીબીશન જીંદગીમાં એક વાર જોવાજોગ છે.

પ્રકરણ ૧૧ મું.

લંડન સુધી જવું અને જરથોસ્તીઓની આરામગાહની જગા જોવા વગર પાછું ફરવું એ ઘમબારમાં જઇને ધીચ્યા વગર પાછું આવવા બરાબર છે. લંડનના 'નીક્રોપોલીસ' એટલે મૃત્યુકસ્થાનમાં મારા એટલા અંગાત અને ઈસ્ટ મીત્રો પડેલા છે કે તેઓની સેવટની આરામગાહની જગાએ જઈને સેઝદો કરવાને મારૂં દીલ તલપી રહ્યું હતું. ખબર મળ્યા પ્રમાણે રવાનોને લઇ જતી ટ્રેન અઠવાડયાંના ચોક્સ દીવસોએજ વોકીંગ સ્ટેશન માટે ઉપડી જાય છે. એટલે એક દીવસે આ ગંભીર ટ્રેનનો ટાઇમ પકડીને અમો સ્ટેશન ઉપર ગયા. ત્યાંની રીતભાત આપણી તરફ કરતાં એટલી જુદી છે, કેટલીક રીતે સારી ને કેટલીક રીતે ઉતરતી છે કે તેનું થોડુંક બ્યાન આપવાનું હું દરૂસ્ત ધારૂં છું. જે મુંબઇગરા જરથોસ્તીઓનાં લાગતાવળગતાઓ અને અઝીઝ સગાં સંબંધીઓ આ ઠેકાણે ભુમીદા થયાં છે તેઓને આ મારૂં વર્ણન કદાચ કાંઇક ઉપયોગી થઈ પડશે. રવાનોને લઇ જવા માટેનાં ખાસ સ્ટેશન ઉપર એક ઓરડો અલાહેદો કાઢેલો છે ત્યાં 'કોફીન' ને લાવીને થોડો વખત સુધી ખુલ્લું રાખવામાં આવે છે કે જેથી ગુજરનારના મીત્રો તેના ચહેરાનો છેલ્લીવાર સંસ્કાર કરી શકે. અહીં સુધી તો સઘળું

ઠીક છે, પણ ત્યાર પછીની સઘળી સામગ્રી મારા અસલી વીચારને રૂચતી નથી. હું બીજી વાતે ગમે એવો ખામીઓથી ભરપુર હોઈશ પણ ગુજરેલાંઓ તરફની મારી લાગણી અતીશય તીક્ષણ છે. 'આપ મુવે પીછે ડુબ ગઇ દુનીયાં' અથવા ઇંગ્રેજીમાં કહેવત છે તેમ 'After me the deluge' નો નીયમ સ્વીકારવાને મારૂં અંતઃકરણ સાફ ના પાડે છે. રવાનોને લઈ જનારી 'ટ્રક' માં એવી ગોઠવણ કરી છે કે જેમ માલ ભરવાનાં ગાડાંમાં એકેકની ઉપર ટ્રંકો અથવા તરકારીની ઝાઓ સીંચવામાં આવે છે તેમ કોફીનોને એકેક ઉપર અભરાઇઓ ઉપર રચવામાં આવે છે જે દેખાવ આપણા સરેસ્તાનાં પારસી રવાન તરફનાં માનની નજરથી જોતાં ઘણો કઢંગો, ક્રુર અને અપમાનભર્યો જણાય છે. સાર્ડીનની પેઠે રવાનોના એકેકની ઉપર ઢગ ચઢાવી, બીજી ગાડીઓમાં સાથે જનારાઓને બેસાડીને ટ્રેન વોકીંગનાં સ્ટેશન ઉપર આવી પુગી કે જરથોસ્તી રવાન માટે જે ગોઠવણ મારા જોવામાં આવી તે પણ દીલ દુઃખવનારી હું લેખું છું. મરનાર ગમે એવો આપણો અતલગનો ખેશી હોય, ગમે એવો જાનફેશાની કરનાર મીત્ર હોય પણ તેનાં રવાનને સેવટની જગ્યાએ લઇ જવા માટે આપણું કશું ચાલતું નથી.

કફ્ન ગાડીમાંથી ઉતારીને પારસીઓ માટે ભુમીદા કરવાની જે જગા અલાહેદી રાખી છે ત્યાં લઈ જવા

માટે ભાડુતી ઈંગ્રેજ ખભાં-બરદારો રાખ્યા છે. રેલવે કંપની આ ભાડુતી ક્રીશચીયનો પાસેજ સઘળાં રવાનો ઉંચકાવવાની રૂઢી અખત્યાર કરી બેઠી છે અને તેના કારણમાં એવું જણાવવામા આવે છે જે એકાદ બે વાર અગાઉ જરથોસ્તીઓ પોતેજ પોતાના જાત ભાઈઓનું રવાન ખભે ઉપાડીને લઇ જતાં સ્ટેશન ઉપર કાંઇક નાના અકસમાત બન્યા હતા. પણ આ નજીવી દલીલ મારાં મગજમાં ઉતરતી નથી. ખેર, ભુમીદાની જગ્યાએ ગયા પછી મેં આશા રાખી હતી કે લંડનના પારસીઓ તો સુધારાના અને સફાઈના ખાં છે, પૈસે ટકે ઓસ્તવાર છે, પારસી નાજુક લાગણીને સદા પીછાનવા બીદાર છે, પણત્યાંનો દેખાવ જોઇ હું તદન નાસીપાસ થયો એમ કહેવાની મને ફરજ પડે છે. એક ખાલી મેદાનના કટકા ઉપર સુમારે ત્રીસ કબરો કંઇ પણ ઢંગ ધડા વગર આમ તેમ પડેલી હતી. ના તેની આસપાસ કોઈ જાતની રેલીંગ કે ના રખેવાળ, ના પાણી કે ના પંખેરૂં. બચારા આપણા પુરાણા મીત્રો એક વહેંતની જગ્યામાં એકલા વાએજાન હંમેશગીમાં પોઢેલા હતા. મારા દોસ્તો અને ખેરખાહો, જેઓ સાથે વરસો સુધી ખાણીપીણી અને દોસ્તીનો નીકંટ સંબંધ હતો તેઓને આ વેરાણ જગ્યામાં આવી રીતે પડેલા જોઇ મારો જીવ બહુજ રંજીદા થયો. આ સઘળા ગમગીન મામલા વચ્ચે એકજ ચીજ સધ્યારો આપનારી હતી અને તે મરહુમ

ઓનરેબલ નવરોજજી વહાડયાનાં પુન માટે બંધાવેલી સગડી હતી. આ ઇમારત નાની છે, સ્વચ્છ છે, પણ તે ઉપર જે ખર્ચ થયલો કહેવામાં આવે છે તેટલું બધું મારી બીનઅનુભવી નજરને લાગ્યું નહીં. મસ મોટા વીસ્તારની જગો ખાલી નાખવાને બદલે એક નાનો બગીચો ઘેરી લઈ ત્યાં સુંદર કયારાઓ કરી ફુલપાનથી આરાસ્તા કરીને ગુજરેલા જરથોસ્તીઓના યાદગીરીના કાયદાસર સ્થંભ ઉભા કરવામાં આવે અને તેમની યાદદાસ્ત તાજી રહે એવી રીતે તેમની બરદાસત કરવામાં આવે તો તે બની શકે એવું છે. ઘણીએક જરથોસ્તી કબરો ઉપર 'સ્લેબ' કદરબીહામણા છે અને ઘણાકોની ઉપરનાં તો નામ વટીક વંચાતાં નથી. ઘણીક આનાકાની સાથે અને કેટલીક અચરતી સાથે હું આ ગમગીન સફો અત્રે બંધ કરૂં છું.

વીલાયતમાં ફરો તો બદન ઉપરનું ચામડું જાડું અને હોજરૂં ટટણખાર રાખવાની ઘણી જરૂર છે. જો ગુપચુપ ખીસામાં હાથ રાખી ફર્યા તો કાંઈ નથી પણ અત્રેથી ઓળખાણ પાળખાણનાં કાગળો લઈને ધપધપ કંપનીમાં ઘુસ્યા તો "સ્ટમક" નું નખોદ અને ખીસાં ઉપર ગજબનો હીસાબ પહેલાંથી રાખજો. "ઈનટ્રોડકશન લેટર" જતાંજ તમારા ઉતારાની જગાએ 'રીટર્ન વીઝીટો' ની ધમાલ ચાલુ થશે અને નાસ્તા અને લંચ, ડીનર અને 'સપર' નાં ઈજનોના ધસારા

એવા થશે કે તમે ખાતાં અને ખવાડતાં કંટાળી જશો. કોઈ વાર તો એવી ધમાલ પડે છે કે સવારના આઠ વાગતાથી પાછલી રાતના એક વાગતા સુધીમાં પાંચ પાંચ છ છ 'એનગેજમેન્ટો' ને આધીન થવું પડે છે. રાતના સાત વાગતે ડીનર ઉપર ગયા કે ખવાડનાર ધણી તમને પુછયા પરછયા વગર નાટક કે 'ઓપેરા'માં ઘસડી જાય છે. ત્યાંથી સાડા અગીયાર વાગતે છુટયા કે ચાલો તેની કલબમાં. ત્યાં વળી અધુરામાં પુરૂં સપર દાબ્યું કે તમારે ઉતારે પહોંચાડતાં વચ્ચે એકાદ 'પબ્લીક હાઉસ' આવતાંજ બાકી રહેલો વીહુસ્કી સોડાનો સહુરેટો પડેલોજ છે. આપણી તરફ અહીં અંગ્રજો સારો દીવસ સીગારના સહુરકા ફુંકે છે પણ એટલું ગનીમત છે કે લંડનમાં એટલી હદ સુધી આ દેખાવ જોવામાં આવતો નથી. આપણી તરફ એક સાધારણ ચીરૂટ ચાર પૈસા કે ઘણું તો બે આનામાં મળી શકે છે પણ ત્યાં એક સારી સીગાર બેથી ત્રણ રૂપીઆની કીમતની એટલે અહીંના ચલે જાવ સાહેબ જેઓ આખા દીવસમાં વીસથી ત્રીસ ચીમનીઓ ફુંકે છે તેઓને ત્યાં એક કે બે પણ મોંઘી પડી જાય છે. તેનું કારણ એજ કે ત્યાં ચીરૂટ ઉપર અતી મોટો કર છે. ત્યાં કોઇ ટોપીવાળો 'બસ' ના ટાપ ઉપર અગીઆર વાગતે ચીરૂટ ફુંકતો બેસે તો તે તો મોટા માતબરમાં ખપે છે. જે દહાડે તમારાં સારાં ભાગ્યે રાતનાં જમવાનું ઇજન ન હોય ત્યારે ત્યાંનાં

પાદશાહી રેસ્ટોરાંમાં જઇ ખાણાંની લેહેજત ચાખવાની ઓર મજાહ છે. એકેક રેસ્ટોરાંમાં પાંચસેથી છસે સ્ત્રી પુરૂષો નાની મોટી ટેબલો ઉપર જમતાં એકીવારે તમારી નજરે પડશે. વળી સઘળાં જાણીતાં રેસ્ટોરાંની દરેકની જુદી જુદી વલણ છે. કોઈ મછીની સરસ વાણીઓ માટે પંકાયલું છે તો કોઇમાં ફ્રૂટનો ઝઝખરો ભારી છે. અલબતે હોજરૂં ભરવા માટે નહીં પણ અનુભવ મેળવવા માટે મેં આ માહેનાં ઘણાંખરાંની મુલાકાત એકેક વાર લીધી હતી અને ત્યાંનો મારો અંગત અનુભવ બહુ રમુજી છે. એક ઠેકાણે ગયા તો ઝીણી સફેદ ભુજેલી લેવટીની ડીશ એક શીલીંગમાં એટલી બધી આણી મુકી કે આપણા તરફ તેમાંથી ચાર જણા જમીને આઠ ડાકટરોનાં બીલ પગાર કરે. બીજે ઠેકાણે પંદર વીસ જાતની ફ્રૂટોના ઝીણા ઝીણા ટુકડા કરી તે ઉપર બરફથી ઠંડાં કીધેલાં કસ્તરની મલાહી નામીને એક ડીશ આણી મુકી તે જોતાંજ બપાવાના બાપની ચાસની યાદ આવે. એક શીલીંગમાં એટલો બધો જથ્થો આપે કે તમારેથી ખવાય નહીં. એક દીવસે વાંચ્યું કે "મોનેકો" નામનાં પ્રખ્યાત રેસ્ટોરાંમાં સ્વીસ બાબરચીઓને હાથનો બનાવેલો "સરપ્રાઇઝ ઓમલેટ" આપનાર છે. આ તે વળી શું હશે? રખે કંઇ દેડકાની વાણી અથવા વાંદરાનાં ગોસના ચાપ હોય! જોઇએ તો ખરા. મેજ ઉપર બેઠા પછી હસીને

હાથ ધરતા વેટરને હોકમ ફરમાવ્યો કે "સરપ્રાઈઝ ઓમલેટ" લાવ. ડીશ આવી તો તે બહારના દેખાવે એક સાધારણ પુડીંગની ડીશ જેવી હતી. ઝટ ચમચો મારી મોહોડાંમાં નવાલો લીધો તો ઘણું સરસ આઈસ-ક્રીમ ગટ દઈને ગળી જવાયું. આમાં તે શું મોટી વાત! મારા વહાલાએ તો સજ્જડ બનાવ્યા એમ મનથી વમાસણ કરી બીજો ચમચો મારી મોહોડું ભર્યું કે—ઓ તું ખવાડતો મરે—એવું તો ગરમ આતશ જેવું પુડીંગ કે જીભ દાઝી ને હી હી કરવું પડ્યું. સારાંશ કે આ એકજ ડીશમાં સીફતથી એક બાજુએ આઇસક્રીમ અને બીજી બાજુએ ખખડતું પુડીંગ છુપાવીને બંને સાથે એવી રીતે રચી મુકયાં હતાં કે અજાણ્યો ખાનાર છેતરાયા વગર રહે નહીં. આનું નામ તે 'સરપ્રાઈઝ ઓમલેટ!' વળી એક બીજે ઠેકાણે એક મુસલમાન ક્રીસ્બીએ 'કરી અને રાઇસ' પાપડ અને બુમલાનું રેસ્ટોરાં કાઢ્યું છે. જે ભોજન અહીં બેહેરામ ઇરાનીની દુકાન ઉપર બે આનામાં પેટ ભરીને જોભર્યે તેની ત્યાં ફક્ત પાંચ શીલીંગ એટલે જે પોણાચાર રૂપીઆ!

સીટીમાં સહવારના દશ વાગતાથી સાંજના પાંચ વાગતા સુધી કેવી ધધુખર છે તે હું આગળ વર્ણવી ગયો છું. દીસાદીસ ત્યાં રસ્તામાં ચાલવાની જગ્યા મળતી નથી. હજારો ગાડીઓની સામસામીથી આવજાવ એવી ભારી છે કે આ બાજુના ફુટપાથથી સામી બાજુના ફુટપાથ ઉપર


દોડી જવા માટે કોઇ વાર પાથી અરધો કલાક ખોટી થવું પડે છે અને તોપણ ઘણી વાર પોલીસમેનની મદદ વગર આ બાજુથી પેલી બાજુ જવાની હીંમત ચાલતી નથી. એવી વખતે ખાધા પીધાની ગોઠવણ વળી જુદીજ જાતની છે. સીટીમાં કામ કરતા લખ્ખોપતીઓને મનથી વખત એ પૈસા છે એટલે ત્યાં તે તરફનાં રેસ્ટોરાંઓમાં બપોરના ટીફીનને વખતે દેખાવ વળી કાંઇ તદન ઓરજ છે. લાંબી ને લાંબી મારબલ ટાપની ઉંચી લાઇન ઉભી કરેલી જ્યાં સીટીમાં કરોડોની ઉથલપાથલ કરનારા સાહેબો સીલ્કની ચીમની હેટ સુદ્ધાં દાખલ થઇ ઉભાને ઉભાજ હારોહાર બે ચાર આડાઅવળા કોલ્યા ઉઠાવી ટપ દેતી શીલીંગ ટપકાવીને ચાલ્યા જાય છે. ખુરસી માંડીને બેસવાનીબી તેઓને ફુરસદ નથી. મેં ઘણી રમુજ સાથે જોયું કે મુંબઈ મધે વસી ગયલા કેટલાક મહાન બેંકરો, એકાદ બે અત્રેના હાઇ કોર્ટના જડજો અને તેવાજ બીજા ધરખમ પુરૂષો જેઓને અહીં કલબમાં ટીફીન લેતાં બે ત્રણ કલાક વગર ચાલે નહીં, પંખા વગર જેના દુશમનનો જીવ ફરી આવે, કમરબંધવાળા ખાનસમાનો ઉપર હુકમ ચલાવે તેઓ બીચારા ત્યાં ગરીબ બકરાંની પેઠે આવાં રેસ્ટોરાંમાં જઈ ઉભેલા ને ઉભેલાજ બે બુક આમ તેમ ચપાટીને પાછા કુતરાંની પેઠે દોડે! તેમ વળી ત્યાં સુખવાસીઓનાં જમવાનાં સાધનો પણ કમતી નથી. એક ઠેકાણે ગયા તો બધો પાદશાહી કારભાર હતો. એક

'ચાપ ઓરડર' કરતાં એક ચાંદીની ગાડી ઠરઠર કરતી તમારી ટેબલ આગળ દોડી આવી, તેની નીચે સ્પીરીટનું બળતું સળગી રહયું હતું. ચાંદીનું 'રીવોલવીંગ' ટોપ ઉઘાડી તમારી હજુરમાંજ તરતર કરતો તળાતો ચાપ કાપીને તમારી પ્લેટ ઉપર પીરસીને પાછી ગાડી ધરધર કરતી બીજી ટેબલ આગળ પહોંચી ગઇ. જીવના એવા સુવાઓ સુખવાસી કે બબરચીખાનામાંથી તૈયાર થઇને આવે તેટલો વારબી ચાપ ઠંડો પડવો નહીં જોઇએ. આ ચાંદીનો ટ્રાવલીંગ ચુલો કાંઈ નહીં તો રૂપીઆ બે હજારનો હશે. ઇંગ્રેજોનાં એવાં એવાં ઢણુકછે અને તેનું વર્ણન કરવાનો મારો અભખરો હજી પુરો પડયો નથી.

જાહેરખબરોની બાબદમાં પણ ઇંગ્રેજો હદ કરી રહયા છે. આપણા ગરીબડાં દેશમાં જાહેરખબર છપાવનારાઓ દર મારો વીસથી ત્રીસ રૂપીઆ આપતાં ડોળા ચહડાવી દે છે, પણ ત્યાં તો લાખોનાં લેખાં છે. તમોએ પીયર્સનો સાબુ તો વાપર્યો હશે. નામ ત્યારે સાબુ પણ એ કંપની જાહેરખબરો ઉપર વરસ દહાડે બે લાખ રૂપીઆ ખરચે છે. પોતાની બનાવટ ગમે એમ કરીને વાપરનારનાં ધ્યાનપર ઠસાવવા માટે એઓની યુક્તીઓ તરેહવાર છે. દાખલા તરીકે પીયર્સ સાબુવાળાએ સર. ઈ. મેલે નામના નામીચા ચીતારા પાસે એક ચીત્ર રંગાવ્યું, જેમાં એક છોકરો સાબુના પરપોટા ઉડાવતો દેખાડયો છે. આ ચીત્ર રંગનાર આરટીસ્ટને

રૂપીઆ ૩૩૦૦૦ આપ્યા. ત્યારબાદ તે ચીત્રની હજારો રંગત નકલો ત્રણ લાખ રૂપીઆ ખર્ચીને છપાવી ને દરેક મોટાં હોટેલોનાં જાજરૂમાં બરાબર તમારી આંખ આગળ ટાંગી દીધી છે. જ્યાંબી જાઓ ત્યાં બીજું કશું કામ નહીં એટલે આ ચીત્ર જોવા વગર છુટકો નહીં. ચીત્ર જોયું અને પીયર્સના સાબુનો છાપ ભેજાં ઉપર ઠસ્યો કે સાબુ લીધા વગર છુટકો નહીં. વળી મોટાં હોટેલોમાં તમારા નવા ઓરડામાં જેવા દાખલ થયા કે પીયર્સના સાબુનો નવો ગોળો તમારી નજરે પડે. કહે છે કે ઘણાંક હોટેલોમાં આ પ્રમાણે મુકવા માટે એ કંપનીવાળાઓ હજારો રૂપીઆની કીમતના ગોળા મુફ્ત મોકલે છે. જ્યારે તમે જુઓ કે નામાંકીત હોટેલોમાંબી આ સાબુ વપરાય છે ત્યારે કુદરતીજ તમે પછવાડેથી તેની ખરીદી કરો. 'ગ્રાફીક' અને 'ઇલસટ્રેટેડ લંડન ન્યુસ' જેવાં પત્રોનાં ક્રીસ્ટમસ અંકનાં પુઠાં ઉપર પોતાની રંગત જાહેરખબર **ફકત એકજ અંકમાં** આપવા માટે આ કંપની ૭થી ૮ હજાર રૂપીઆ આપે છે! જ્યારે એક વરસમાં બે લાખ રૂપીઆની જાહેર-ખબર ત્યારે કંપનીનો વાર્ષીક નફો શું હશે!—નફો તો એક બાજુએ રહયો પણ વાર્ષીક ખપ શું હશે, તે વીચારવું સહેલ છે. બીચમ 'પીલ્સ' નામની જોલા-બની ગોળીવાળાઓ પણ વરસ દહાડે જાહેરખબર ઉપર બે લાખ રૂપીઆનો ખરચ રાખે છે. વીનોલીઆ શોપ કંપની

થોડા વખતમાં એટલી ખીલી ગઇ કે તે કંપનીનું ગુડવીલ–એક બીજી કંપનીએ પચાસ લાખ રૂપીએ વેચાતું લીધું! હંટલી પામર બીસકોટવાળા, કેડબરી કોકોવાળા અને ક્રોસ અને બ્લૅકવેલ જામ જેલીવાળાઓ, આ ફક્ત પાંચ કંપનીવાળાઓજ વરસ દાહાડે જુમલે દશ લાખ રૂપીઆની જાહેરખબરો છપાવે છે એટલે આખી લંડનની જાહેરખબરોનો જુમલો કરોડોનો થવા જાય છે. આહા! એ ખ્યાલજ અત્રેનાં વર્તમાનપત્રોના માલેકોનાં મોહમાં પાણી છોડાવવાને બસ છે. એટલાથીજ એ લોક ધરાતા નથી. નાટકમાં ગયા તો દશ મીનીટના વીસામા માટે પરદો પડે ત્યારે પણ વીજળીની મદદથી તરેહવાર જાહેરખબરો પરદા ઉપર દેખાડવામાં આવે. એક જાહેર ખબર એક મીનીટ વાંચી કે અંધારૂં થઇને બીજીજ જાહેર ખબર દેખાય. જેઓ બહાર છાંટાપાણી માટે નહીં જાય તેઓને તે વાંચ્યા વગર છુટકોજ નહીં. બોલો હવે ઇંગ્રેજો શું ધુળ મુકવા આપણા કંગાળ દેશમાં પડી રહે! જરા ચીચોડા થયા કે લાગલા પોતાને વતન દોડી જાય છે તેમાં આપણે તેઓનો શું કસુર કહાડીશું!



બર્લિનના એક જાહેર રેસ્ટોરાંની ધમાલ.

પ્રકરણ—૧૨ મું.

ગયાં પ્રકરણમાં મેં ઇસારો કર્યો છે કે વેલાતમાં મોટે ખાંચરે માથાં મારવાની ઉમેદમાં જાઓ તો ખીસું લાંબું અને હોજરૂં સ્ટીલનું રાખવાની જરૂર પડશે. વીસ દીવસ તો જેમ તેમ કહાડયા, પછી તો ખાતાં ને ખવાડતાં એવો તો કંટાળી ગયો કે સુહવારના ઉઠતાં ફાળ પડવા માંડી કે વળી આજનો દીવસ કોણ જાણે કેવી ગુરાની કઢી થશે. આખરે નહીંજ ટકાયું એટલે વીચાર કીધો કે કોઇ નજદીકની જગ્યાએ નાસી જઇ ચાર પાંચ દીવસ ભરાઈ બેશું. મને અગાઉથીજ ખબર હતી કે લંડનથી બે ત્રણ કલાકને છેટે બ્રાઇટન બહુ શાંત અને જોવાજોગ છે. હું છ દીવસ ત્યાં રહયો એટલાંમાં ત્યાંનો મેળવેલો થોડો ઘણો અનુભવ અત્રે વીસ્તારૂં છું. ખરેખર લંડનથી આજેજ થયલો મુસાફર જ્યારે બ્રાઇટનના કીનારા ઉપર જઈને પડે છે ત્યારે તે જાણે દોજખમાંથી નીકળીને બેહેસ્તમાં આવ્યો હોય એવો સંતોષનો નીસાસો નાખે છે. દેખાવે બ્રાઈટનનો કીનારો મુંબઈના કેનેડી સી ફ્રેસ કરતાં કોઇબી રીતે ચઢીયાતો નથી, પણ ત્યાંના શોખીન લોકોએ આ રેતીના કીનારાનો લાભ લઇ આ જગ્યાને બેહેસ્તનો બાગ બનાવી દીધો છે. કીનારા ઉપર મસ મોટાં પાદશાહી હોટેલો હારોહાર ઉભાઇ

જાય છે અને મોસમમાં તેઓ એટલાં ચીકાર રહે છે કે કોઇવાર જગા મેળવવાની પણ મુશ્કેલી પડે છે. હોટેલો ઉપરાંત કુશાદે મકાનોમાં સુવાના રૂમ્સ, નાસ્તા સાથે, દરરોજના ૯ શીલીંગના એટલે સાડાચાર રૂપીઆના નાહાના ખર્ચમાં મળી શકશે. સ્ટેશન ઉપરથી આવતાંજ માર્ગમાં મોટાં મોટાં ઘરો આગળ ઉભેલા ઘરવાળાઓ લાંબા લાંબા હાથ કરી મુસાફરને બોલાવે છે કે "આવો સાહેબ, મારા ઓરડાઓ જુવો, ઘણા સફાઇદાર છે, બધી રીતનું સુખ છે." ઇત્યાદી. સહુવારના ચા નાસ્તો અને ઘોંટાવાનું મળ્યું કે પછી બપોર અને રાતના ખાધાની જીકર કરવાની જરૂર નથી. બ્રાઈટન જેવાં એક મથકમાં પણ ખાધા પીધાનો શું મહેમાર હશે તેનો દાખલો બતાવવા માટે ત્યાંનાં રેસ્ટોરાંમાં મંડાતી ગંજાવર ખાણાંની ટેબલોનો એક ચીતાર હું ખાસ મારાં વતનનાં વાંચનારાંઓ માટે ઉતરાવી લાવ્યો હતો, તે હું પાસે આપું છું.

યાદ રાખવું કે મુંબઇ આગળ જેમ મેહેમ છે તેમ લંડન આગળ બ્રાઇટન એક નાનું ફુકાર્યું છે તે છતાં શોખીન ઇંગ્રેજ બચ્ચાની બોલબાલાથી તેનો મહીમા આપણા મુંબઇ કરતાં પણ મોટો છે. દરીયા કીનારા આગળ જતાં છેક ઉંડાં પાણી સુધી મોટા "પીયર" બાંધી લીધા છે, જેમાં ફક્ત છ પેન્સ આપી દાખલ થતાં સાહવારથી રાતના બાર

વાગા સુધી ખુટે નહીં એટલો ગમતનો ખજાનો ભરેલો છે. સુરજ અસ્ત પામ્યા પછીથી આ "પીયરો" ઉપર ઝભુકદાર વીજળીક રોશની દરરોજ રાતના કરવામાં આવે છે. બે ત્રણ ગમ બેંડ વાગે છે, એક ખુણામાં નાટક, તો બીજા ખુણામાં સાઇકલની સરત, ને ત્રીજાં ખુણામાં "કાફે શાંટા" એ પ્રમાણે હમા ચીજ રોજની ચાલુ છે. પણ સર્વેથી સરસ મોજ તો સહુવારના સાત વાગતામાં ત્યાં કીનારા ઉપર જઇ બાજઠ ઉપર બેઠા બેઠા દરીયામાં નાહવા આવનાર સ્ત્રી, પુરૂષોની ગમત જોવા-માં છે. લેડીઓમાં, પછી શું ઇંગ્રેજ કે શું પારસી—— પોતાના પગ ખુલ્લા દેખાડવાનો રવૈયો નથી. પણ બ્રાઇટનમાં આ રવૈયો અભડાઇએ ઉંચો મેલવામાં આવે છે. સાત આઠ વરસની દુકતીઓથી અઢાર ને વીસ વરસની ગાધીઓ અને પચાસથી સાહઠ વરસની ડોસી ડગારીઓ બુટ, મોજાં કહાડી નાખી ટુકાં જાંગ્યાં પેહરી બેધીંગ મશીનમાંથી ભસોભસ દરીયામાં કુદાવી પડે છે અને ત્યાં ભચકોરાં મારે છે તે ગુપચુપ બેસીને ખચીત જોવાજોગ છે. નાની નાની પોટ્ટીઓ છુટા બાલ અને ઉઘાડાં ટેટાં અને ખુલ્લી બાજુ સાથે કમરપુર પાણીમાં એક બીજાં સાથે ખેંચાખેંચ કરી મસ્તી તોફાન કરે છે તે દેખાવ કોઇ દહાડેબી આપણી તરફ તમે જોશો નહીં. મારી મોટામાં મોટી ગમત તો એ હતી કે કીનારા ઉપર સોજા ગોળ કાંકરાઓની જમીન શોધી કહાડી તે ઉપર

અરડાઇને પડવું ને ઝીણી ઝીણી આંખ્યો કરી આ સઘળો તમાશો જોયા કરવો. હું એકવાર આ પ્રમાણે અરધો જાગતો, અરધો ઉંઘમાં કીનારે પડેલો હતો એવામાં એક જણે આવી નમનતાઈથી પુછ્યું "સાહેબ કાંઇ ફોટોગ્રાફ ખરીદશો?" મેં ના પાડી, પણ પેલો બજીદ થવા લાગ્યો કે "તમારે ન ગમે તો ખરીદશો ના, પણ જરા જુવો તો ખરા, તમને બહુ રમુજ લાગશે." સભ્યતાને ખાતર હાથમાં લઇ જોવું છ તો મારો પોતાનોજ ફોટોગ્રાફ! માથાં તળે હાથ મુકીને કરારને જીવે અરડાયલો તેજ હાલતમાં પાડી લીધેલો. કીમત ફક્ત છ પેન્સ. આ જોઈ મને બહુ હસવું આવ્યું. પછી પુછપુરછ કરતાં જણાયું કે કીનારા આગળ ન જણાય તેમ પાંચ સાત કેમેરા ઉભેલા ને ઉભેલા રાખે છે અને જેની લાગ ફાવે તેની તસ્વીર ઉતારી લઇ પા કલાકમાં તો તમને કેબીનેટ સાઇઝની નકલ પાવલા છ આનામાં પહોંચાડી દીયે.

બ્રાઇટનમાં જયારે જાઓ ત્યારે એક યા બીજું બેંડ વાગતું ને વાગતું જોવામાં આવશે. હવે મને બેંડની નવાઈ નથી, પણ એક રાત્રે હું ગયો ત્યાં પચીસ ઘરડા પ્રવીણ વગાડનારાઓનું બેંડ વાગતું હતું. તેનો બેંડ માસ્તર કોણ હતો? પાસે જુઓ.

આ ઠીંગુજી બેંડ માસ્તર નામે સ્ટેનેલી આટલી ઉંમરે મ્યુઝીકનો એવો ઉસ્તાદ છે કે તે વાયોલીન ઘણીજ નાદર વગાડી જાણે છે એટલુંજ નહીં પણ મુશ્કેલ મ્યુઝીકના "પીસીઝ" બનાવી જાણે છે. એને



આઇરીશનના નામાંકીત બેંડનો અંગ્રેજ બેંડ ગાનાર
ઉમ્મર વરસ નવ!

હાથનો જોડેલો "મા મેરી" નામનો એક 'વોલઝ' જે રાતે બ્રાઈટનના પીયર ઉપર વગાડવામાં આવ્યો ત્યારે તમામ ત્યાંની ખલક તે સાંભળવાને ઉભાઈ ગઇ હતી. નાનો બુચો એક ઈસ્તાન ઉપર ઉભો રહી સાહુકથી સીતેરની વયના ઘરડા 'બેંડસ મેન' ને હાથના ચાળા કરી વજડાવે એ દેખાવ મારી નજરમાં લગાર અકુદરતી જેવો પહેલાં લાગ્યો. મારાં પ્રીય વાંચકોને હું ઓજર-ખવાહીથી અરજ કરૂં છું કે તેઓ જો ઈંગ્લંડ તરફ તશરીફ લઇ જાય તો જરૂરબા જરૂર એક આંટો બ્રાઇટન ગામ મારવાને ચુકવું નહીં.

લંડનમાં રવીવારે સવારના "પેટીકોટ લેન બઝાર" જોવાની એક ઓર મજાહ છે. તે વેળા વળી પાછું સોજા કાળા ડગલા અને નેકટાઇ કોલરને ખીસામાં મારવાની જરૂર છે. એક આખો મહોલ્લો જરીપુરાણાવાળાઓને માટે તે દીવસે ખુલ્લો મુકવામાં આવે છે. નવાં કપડાંના સુટ, ભાગેલી હથોડીઓ, ચીનીકામની પેટીઓ, નવાં અને 'સેકંડહેંડ' બુટ, બટન, મોજાંનાં પાકીટો, લેસની ગાંસડીની ગાંસડીઓ વગેરે જેમ જાય તેમ કહાડી નાખવાને ત્યાં દુકાનદારો ઉભરી નીકળે છે. આ મધે મુખ્ય વેચનારાઓ ઇંગ્રેજી જયુ મારા જોવામાં આવ્યા હતા. જેમ હુરરાજી કરનાર વધારે બોલકનો ને રમુજી તેમ તેના 'સ્ટોલ' ઉપર ભીડ ભારી. વગર ડગલે એક ટેબલ ઉપર ઉભો રહે અને શર્ટની બાંહે ચઢાવી લાંબા

લાંબા હાથ કરી, ગીત ગાતો હોય તેવા રાગડા તાણી બોલે કે "મારો બાપ કોણ હતો તે જો કોઇ પારખે તેને આ પ્રીન્સ ઓફ વેલ્સનો ઉતરેલો સુટ આપી દેવા તૈયાર છું." ઇત્યાદી. બચારા આસેપાસેનાં કનટ્રીમાંથી ગામડયા બોચ ખરીદ કરવા અથવા તમાશો જોવા આવે તેઓને આ બોલીદરાઝ હરરાજીવાળો એક સપાટામાં શીશામાં ઉતારી દીયે. "અરે સાહેબ, આ ડગલો પહેરો તો તમે કીંગ એડવર્ડમાં ભેળાઇ જશો, મારા બાપના સમ, નરા જાણે આર્ચબીશપ ઓફ હમેશગ્યાન." પેલો બચારો એવો ગભરાઇ અકળાઇ જાય કે લીલાંઉવાળો કપડાં ઠોકીઠાકી ઘડી વાળી તેની બગલની અંદર ગાંસડી પકડાવી દઈને સપાટામાં પાંચ શીલીંગ ઓકાવી દીયે તેનું પેલા ખરીદનારને ધ્યાનબી નહીં રેહે. પહેલાં ભાવ હાકે ત્યારે પાંચ પૌંડ અને સેવટે ઉતરીને પાંચ શીલીંગ પર આવી જાય. પણ ત્યાં બધું સસ્તું તો ખરૂં. લેડીઓ અને મારી પારસી બેનપણીઓ લેસ ઉપર મરી ફીટે છે તેવી જરા વપરાયલી અથવા લગભગ નવી લેસની ગાંસડી એકાદ બે શીલીંગમાં મળે. ઉલન મોજાંનાં નવાં ને નવાં બંદલ શીલીંગમાં હાથમાં આવી જાય. પીક કેપ એક શીલીંગમાં ચાર પાંચ. સેકંડ હેંડ ખાસ્સાં મજાનાં બુટ ૧ શીલીંગ—કાંઈબી આફર કરો, તો ના નહીં. જે માલ વેતરાયો તે ખરો. આ ચોરા-ટીઆ હરરાજીઓ મુડદાંનો માલ શોધતાજ ફરે અને

પછી રવીવારે વેચી સાટીને પરવારી જાય. બધા પાર્લામેંટના મેમ્બરોએ ત્યાં આવે એટલે ખીસાંપર હમેશ હાથ રાખેલો સારો. આ બજારમાં મેં જોયું કે કાચી ‘ઇલ’ માછલી ગરીબ લોકને ખાવાનો ઘણો શોખ છે. અરે બાપરે, એ લોકનાં હોજરાં કે બલા! એક પ્યાલીમાં લેવટા જેવી ‘ઇલ’ માછલીઓ નાખેલી અને તે સવર સવર હીલે અને ખાટી બટ જેવી વાસ મારે ને છતાં તે જીવતી ને જીવતી કચર કચર ચાવીને ખાઇ જાય! ગંધાય તો એવી કે જેની સરખામણીનો શબ્દ અહીં આપવાને મને લાજ લાગે છે. હું ખરૂં કહું છું કે તેની એકવાર આઘેથી મને એવી ઉબક આવી કે મેં બે ચાર વાર ગળાં તાણ્યા પછી જ્યારે કોઈને તે ખાતાં જોઉં ત્યારે મોંહ ફેરવી નાખ્યા વગર ચાલે નહીં. એ તો કોઠે કોઠેની બુદ્ધી. આપણને સુકા બુમલા ખાવાની ટેવ પડી ગઇ છે, તેથી લાગતું નથી પણ મેં કાંઇક વણીક વર્ગના ગ્રહસ્થોને કહેતાં સાંભળ્યા છે કે આ બુમલાના વાસથી તેઓને મુએલાં બલાડાંની યાદ આવે છે અને તેમનો જીવ બગાડી આવે છે. તેમ આ પણ ખરૂં. પણ મને કોઈ જો હજાર રૂપીઆની ઢગલી મુકીને કહે કે આ કાળી સવરતી જળો માંહેથી એક ખા તો હું કસમ ખાઇને કહું છું કે હું ના કહું.

પ્રકરણ—૧૩ મું.

શું લખું ને શું રાખું! એક ખાતું પકડવા જાઉં છું તો લંબાણ થઇ જાય છે. માટે હયાં લગાર લંડનનું પરચુટણ ચવચવ આપી સંતોષ પકડીશ. લંડનનાં લોક સુખવાસી છે—તેઓની સંખ્યા મોટી છે, પણ તે સાથે તેઓની જઠરાગ્ની એટલે જે હોજરી અજબ મેળવણીની બનેલી હોવી જોઇયે, કારણ કે આ હોજરૂં ખાધા પીધા માટે નવાઈ જેવી રીતે હમેશ તલપતું રહે છે. ખુદ લંડન શેહેરમાં ૪૧૪ રીફ્રેશમેંટ રૂમ્સ, ૭૯૨ ડાઇનીંગ રૂમ્સ, ૧૭૧૨ કાફી હાઉસીસ,—એટલાં તો ખાધાપીધાનાં મકાનો હાજર છે, અને તે સહવાર, બપોર અને રાત્રે ભરેલાં રહે છે તો પછી ખાનારાઓની સંખ્યા કેટલી હશે તેની સેહેજ ગણત્રી થઇ શકશે. એકેક ખાતાં માટે સરાસરી ૨૦૦ માણસની રાસ લઇયે, તો દરરોજ છ લાખ માણસનું ખાણું આ પોંચખાનાઓમાં તૈયાર થાય છે. એવી ગંજાવર ગણત્રી આપણને હેબતાવી નાખે છે. આ ગણત્રીમાં હું સેંકડો રાક્ષસી હોટલોને સમાવતો નથી. દરેક હોટેલોમાં ફકત ૫૦૦ માણસનીજ રાસ ગણશું તો કાંઈ હજારો સુખી જીવડાઓ ત્યાં જમતા હશે.

લંડનની તવારીખ તો સ્કુલનો સાધારણ અભ્યાસી પણ બચગીથી શીખતો આવ્યો છે. ત્યાંની કોરપો-

રેશન, જે બહુ બળવાન કહેવાય છે, તેનું બંધન બહુ પુરાણું અને નોધી લેવા જોગ છે. કહે છે કે લંડનની કોરપોરેશન જયારે ઇંગલંડને નોરમન લોકોએ જીતી લીધું તેની પણ અગાઉની છે. એનો વડો લોર્ડ મેયર કહેવાય છે અને તેની સત્તા ભારે છે. જયારે નવો લોર્ડ મેયર નેમવામાં આવે છે, અને તે પોતાના સોનેરી રથમાં ભારે ઠાઠમાઠ સાથે સપત લેવા જાય છે, ત્યારે લંડન અને તેની આસપાસની કાઉંટીનું લખ્ખો લોક તે દેખાવ નીહાળવાને તેમજ સરઘસમાં ભાગ લેવાને ભેગું મળે છે. પણ આ બંધનમાં સર્વથી ઉપયોગી તત્વ એ છે કે લોર્ડ મેયરની પોતાની ખાસ ન્યાયી કોર્ટ છે, જયાં તેઓ દર-રોજ બીરાજી જાતજાતના મુકદમાઓ સાંભળીને ચુકાદા આપે છે. આ કોર્ટ કેમ ચાલતી હશે તે જાણવાની મને જીગ્નાસા થવાથી હું એક દીવસ સહવારમાં ગયો હતો. મારાં નામનો કાર્ડ જેની પાછળ મેં "જે. પી." કરી લખ્યું હતું, તે લોર્ડ મેયરને પુગતાંજ ઇંગ્રેજ ચોબદા-રોએ આવી ગીરદીમાંથી મને કોર્ટના દીવાનખાનામાં એક ઉંચી જગ્યા ઉપર બેસાડયો. જાણવું કે આ કમનસીબ દેશના જે. પી. અને ઈંગલંડના જસ્ટીસો વચ્ચે આસમાન જમીનનો ફેર છે. ત્યાં અમુક કાઉંટીનો જસ્ટીસ એક માજીસ્ટ્રેટની સઘળી સત્તા ધરાવે છે. લોર્ડ મેયર સાહેબ ખાસ્સા મઘરડા જેવા ચાર ફીટ પહોળાં મોટાં આસન ઉપર બેઠા હતા. ગળાંમાં પોતાના ઓદ્ધાની

મોટી સોનાની સાંકળ ઓળવી હતી, અને સઘળું કામ આપણા માજીસ્ટ્રેટોની કોર્ટોની પેઠેજ ચાલતું હતું. અગાઉ આ લોર્ડ મેયર એટલે જે લંડનનો તાજ વગરનો પ્રજાનો પાદશાહ પ્રજા પોતેજ ચુંટી કહાડતી હતી. તેવાર કુલ ખલક સેંટ પોલસ ચર્ચના કમપાઉંડમાં ભેગું મળતું અને જે ધણી ઉપર તેમની પસંદગી ઉતરે તેને લોર્ડ મેયર દાખલ ચુંટી કહાડવામાં આવતો હતો. પણ આ ગોઠવણથી હરીફાઇને લીધે એટલી મારામારી ચાલી અને એટલાં માથાં ફાટાં કે આખરે એ હક લઇ લેવામાં આવ્યો. હવડાં એવી ગોઠવણ છે કે લંડનના જુદા જુદા ધંધાદારી ટોળીવાળાઓએ પોત પોતાનો આલડરમેન ચુંટી કહાડવો અને આ આલડરમેનની ટોળી પોતામાંથી લોર્ડ મેયર પસંદ કરે.

જેમ લંડનની વસ્તી ઝાઝી છે—જેમ ત્યાંનું લોક શોખીન છે—જેમ ખર્ચ મોટો છે અને આવક ધરખમ છે, તેમ ત્યાં સઘળુંજ મોટું મોટું હોય તેમાં નવાઇ નથી. દાખલા તરીકે ત્યાંનો હાઇડ પાર્ક લયો. આ બગીચો કુલ ૬૩૧ એકર જગો રોકે છે. ૬૩૧ એકર એટલે જે લગભગ ૩૨ લાખ વાર જગા થઇ. તેનીજ જરા આઘે સેંટ જેમસીસ પાર્ક, ગ્રીન પાર્ક, કેનસીંગટન ગાર્ડનસ વગેરે બગીચાઓ પ્રજાના ઉપયોગ માટે ખુલ્લા મેલેલા છે. આ બગીચાઓએ કુલ ૭૫૦ એકર જમીન રોકી છે. હાઇડ પાર્કમાં માંહેના માંહેજ ફરો તો લગ-

ભગ ચાર માઇલ ચાલવું પડે. એ આખા પાર્કને લોઢાંના કઠેરાની રેલીંગ કરી છે. મને યાદ આવે છે કે હું નાની વયને હતો ત્યારે લંડનમાં એકવાર રફુ લોકોએ રમખાણ જગાડયું અને તે વાર તેઓએ હાઈડ પાર્ક આગળ ભેગા મળી તેના સઘળા કઠેરા ઉખેડી કહાડયા હતા. લંડનની બીજી જોવાજોગ ચીજ ત્યાંની મોટી ગટર છે. હું ધારૂં છું કે આપણી તરફના બહુબોલા પેસુ સમજુઓને એકવાર પ્રજાના ખરચે આ સ્યુઅરેજ વર્ક્સ જોવા માટે લંડન મોકલવા જોઈએ, કે ફરીથી ડ્રેનેજ સીસ્ટમનું નામ ન લે. હું જાતે એનજીનીયર નથી, પણ ફક્ત બે લીટીમાં આ ગટરોને ખ્યાલ આપીશ. તેઓ એટલી મોટી—એવી પહોળી—અને એવી સ્વચ્છ છે કે તે માંહેથી ચાર ઘોડાની ચારટ આખી ને આખી હંકારી લઇ જઇ શકાય. હવે પછી હું લંડનના મહોલ્લાઓની ગમતનું કાંઈક વર્ણન આપવા ધારૂં છું અને તે માટેની શરૂઆત અત્રે ત્રેફલગાર સ્કવેરથી કરીશ, કે જ્યાં મારૂં માનીતું મેત્રોપોલ હોટેલ નાકના દાંડા આગળ ઉભેલું છે. એ જગ્યાને માટે કહે છે કે આખાં યુરોપમાં સર્વથી સરસ, ઉત્તમ, દમામદાર પોઝીશન આ ત્રેફલગાર સ્કવેરનું ચોગાન કહેવાય છે. નામાંકીત એડમીરલ નેલસન, જે પોતાનાં રાજ્યની સેવા બજાવતાં માર્યો ગયો, તેની યાદગારીમાં આ ચોકમાં એક બહુજ ખુબસુરત સ્થંભ ઉભો કરવામાં આવ્યો છે. તે કાળા

પથરનો અને ૧૭૭ ફીટ ઉંચો છે. કહે છે કે રોમ મધે માર્સ ખોદાનો એક સ્થંભ છે તેના ઉપરથી આ નકલ કરવામાં આવી છે. આ મોન્યુમેંટની તળેટીમાં ચાર બ્રોઝના એમબોસ કીધેલા જબરદસ્ત તખ્તાઓ જડી લીધા છે. આ માંહેલા એક તખ્તા ઉપર નેલસનનું મરણ દેખાડયું છે. ઇંગ્લીશ પ્રજાએ પોતાના માનીતા લડવઈયા નેલસનને માટે જાહેર ઉઘરાણું કરી, ૪।। લાખ રૂપીઆને ખરચે આ સ્થંભ ઉભો કરાવ્યો હતો. મરનારના રૂહની યાદ લંડનની પ્રજામાં હજી એટલી તાજી છે કે મરહુમની વરસીને દીવસે આ મીનારાની આસપાસ મોટી જાત્રા ભરાય છે અને ત્યાં લખ્ખો લોક સ્થંભ ઊપર ફુલના હાર ચહડાવે છે. નેલસનના સ્થંભથી જરા આઘે મેજર જનરલ સર હેનરી હેવેલોકનું પુતળું ઉભું કરેલું છે. ૧૮૫૭ ના હીંદુસ્તાનના બળવા વખતે આ બહાદુર લડવઇયો લકનોની મદદે જઇ પહોંચ્યો તેની યાદગારીમાં આ ભાગ્યશાળી જગા તેને આપવામાં આવી છે. તેનીજ પાસે આપણા માનીતા જનરલ સર ચાર્લસ નેપીયરનું પુતળું પ્રજાએ પોતાને ખરચે ઊભું કરાવ્યું છે. તેનીજ પાડોશમાં ખારટુમમાં માર્યો ગયલો જનરલ ગોર્ડન ઊભો છે. આ પ્રમાણે આ ત્રેફલગાર સ્કવેર ઘણુંખરૂં હીંદુસ્તાનના સંબંધમાં પ્રખ્યાત થઈ ગયલા જોદ્ધાઓથી ભરાઈ ગયું છે. હું ધારૂં છું કે આજ પ્રસંગે સેંટ પોલનું નામાંકીત કેથીડ્રલ પણ

જોઈ લેવું તો ઠીક પડશે. લંડનની સર્વેથી જાણીતી અને માનીતી જગા આ સેંટપોલનું જંગી દેવળ છે એમ કહું તો ચાલે. ખરૂં ખોટું તો ઈશ્વર જાણે, પણ એમ સાધારણ રીતે બોલાય છે કે જ્યારે ઈંગલંડમાં ક્રીશ્ચીયાનીટી કોઇ સમજતું ન હતું, બલકે ઈસુ ખ્રીસ્તના જન્મની પણ અગાઉ આ સેંટ પોલનાં દેવળની જગા ઉપર ડાએના દેવીનું મંદીર હતું. ગમે એમ હોય, પણ આ જગ્યા ધર્મનાં કામ માટે ક્રાઈસ્ટના જન્મની અગાઉ જાણીતી તો હશેજ હશે, કારણ કે જ્યારે સર ક્રીસ્ટોફર રેને આ નવું દેવળ સુધારવા માટે ચોક્સ પાયા ખોદયા ત્યારે તેમાંથી થોડાંક ક્રીયાકામનાં બહુ પુરાણાં વાસણો મળી આવ્યાં હતાં. સર ક્રીસ્ટોફર રેનનું મત એવું હતું કે પહેલવહેલાં રોમન લોકોએ અહીં દેવળ બાંધ્યું હશે અને તેને પછવાડેથી સેક્સન લોકોએ તોડી નાંખ્યું હશે. ત્યાર પછી ઈસ્વી સન ૬૧૦ માં એટલે જે આજથી ૧૩૦૦ વરસ ઉપર ઈંગ્લંડના રાજા એથલબર્ટે તે પાછું બંધાવેલું જણાય છે. આ વીચીત્ર દેવળના નસીબમાં આગે મોટો ભાગ બજાવ્યો છે, કારણ કે ઇ. સ. ૯૬૧ માં મોટી આગ લાગી તેમાં તે તમામ જમીનદોસ્ત થયું. ત્યાર પછી એક વરસમાં તે ઊભું થવા બાદ ઈ૦ સ૦ ૧૦૮૭ માં વળી પાછું આગથી બળી ગયું. તેને ફરીથી બાંધવા કહાડયું. તે કામ ૨૦૦ વરસ સુધી ચાલ્યું. એનો જુનો ડોમ

પર૦ ફીટ ઉંચો હતો. કહે છે કે યુરોપમાં સર્વેથી ઉંચો દેવળનો મીનારો કોલોં કેથીડ્રલનો છે. પણ તે કરતાંબી આઠ ફીટ વધારે ઉંચો આ સેંટ પોલનો મીનારો હતો. આ જુનો ડોમ અથવા મીનારો આગથી તારાજ થયો છે અને નવો મીનારો આજ સુધી વાવાઝોડાં અને વરસાદનાં તોફાનની દરકાર ન કરતો એમનો એમ તતણખાર ઉભો છે. એજ સેંટ પોલની જગ્યા આગળ અગાઉ ઘરડી ડોસીઓને ડાકણો તરીકે માનીને પજવીને મારી નાખવામાં આવતી હતી. એ વખતે જે તખ્તા ઉપર ઉભા રહીને જાલમ પાદરીઓ મોતનો સેનટેન્સ મારતા હતા, તે તખ્તો સમજ ન પડે એવી રીતે ગેપ થઈ ગયો હતો. તે રહી રહીને ૧૮૭૯ ના સાલમાં બગીચાને માટે જમીન ખોદતાં કેટલાક મજુરોને મળી આવ્યો હતો. રમુજી વધારે એ છે કે અગાઉ આ નામાંકીત ચર્ચનાં ભોંયરામાં દારૂ પીવાની અને ઢીંગા મસ્તી કરવાની ગુપ્ત દુકાનો હતી. એક વાર તો વાત એટલી આગળ વધી કે ત્યાં એક શોખીન જીવડાએ વાંધાભરેલા ખેલો કરવાનું થીએટર વટીક ઉઘાડયું. પણ વળી એ સઘળાંને વીસરાવે એવો એક બીજો ઉડાવગીર મળી આવ્યો. ૬ ઠા એડવર્ડના અમલમાં પ્રોટેકટર ડયુક ઓફ સોમરસેટ જે મંડયો, તે આ દેવળના ઘડેલા પથરા તફરાવી જઈ તેમાંથી પોતાનો નામાંકીત સોમરસેટ હાઉસ નામનો મહેલ બાંધ્યો!

હાલનું સેંટ પોલનું દેવળ સર ક્રીસ્ટોફર રેને ૧૬૭૫ માં બાંધવા માંડયું અને તે ૩૫ વરસે પુરૂં થયું. એ દેવળ બાંધવા ઉપર ૧ કરોડ ૧૦ લાખ રૂપીઆનો ખર્ચ બેઠો હતો અને તે કોલસા ઉપર જગાત નાખીને પુરો પાડવામાં આવ્યો હતો. પણ અહીંયાં સબર કરવાની જરૂર છે. સેંટ પોલને લગતી તથા બીજી વીગતો આ પછીનાં પ્રકરણમાં આપું છું.

પ્રકરણ—૧૪ મું.

માફ કરજો; મહેરબાન રફીકો, સેંટ પોલના દેવળનો પીછો મુકાતો નથી. કેમકે એવા તાજમહાલો અને ગંભીર ગુંબજો કાંઈ ઘડીએ ઘડી નજર પડતા નથી. કહે છે કે આખી દુન્યામાં સેંટ પોલનો ગુંબજ પાંચમી પદવી ભોગવે છે. સર્વેથી મોટો ડોમ રોમનાં સેંટ પીટર્સનો છે. સેંટ પોલના ગુંબજમાં એના મસ મોટાં કદથી બીજું વધારે જોવા લાયક તેમાં બાંધેલી નાની ઘાંટરડી છે. આ ઘંટ જેને "બીગ બેન" નાં લાડકવાયાં નામથી બોલાવવામાં આવે છે તે ફકત ૧૬ ટન એટલે જે ૧૨૮૦ મણ વજનનો છે અને જયારે તે પોતાનો ઝીણો સાદ કહાડે છે ત્યારે આખાં લંડનમાં સંભળાય છે! ગુંબજને મથાળે એક મોટો દડો મુકયો છે અને તે ઉપર એક કરૂસ ચઢાવેલો છે. આ દડો

રસ્તા ઉપરથી ફુટબોલના એક દડા જેટલો દેખાય છે પણ તેનું એકંદર વજન ૮૯૬૦ રતલ છે. અને તેની અંદરનો ઘેરાવો છ ફીટનો છે. આ દડામાં બાર માણસ આસાનીથી બેસી શકે. હું મજબુત ભલામણ કરૂં છું કે જ્યારેબી આ સેંટ પોલનું કેથીડ્રલ જોવા જાઓ તો ભક્તી ચાલતી હોય ત્યારેજ જજો. જ્યારે ત્યાં ફુલ સર્વીસ ચાલતી હોય ત્યારે પાંચસોથી છસો છોકરા છોકરીઓના કેળવેલા મધુર હલકનું ભેગું ગાયન અને તે સાથે પાદશાહી આર્ગીનનો મીઠો સરોદ તમારા કાનને એવા ખુશ કરી નાખે છે કે ત્યાંથી ઉઠવા ગમતું નથી. વળી ઉપલા ગુંબજમાં એવી કરામત કરેલી છે કે તેની માંહેની બાજુથી એક સલંગ ગ્યાલરી ફરતી બાંધી છે. આ ગ્યાલરીના એક ભાગમાં તમો ઊભા રહો અને બરાબર સામે દોઢસો ફીટ આઘે સામેની બાજુ બીજો કોઇ ઊભો રહે અને ભીતને હોઠ લગાડીને ઘણાજ હળવેથી બોલે તો આબાદ તે સઘળું બોલવું સામે પાર ઊભેલાને સંભળાય. આ ગ્યાલરીને "વીહીસપરીંગ ગ્યાલરી" નું નામ આપ્યું છે. કહે છે કે એને મળતીજ એક ગ્યાલરી બીજાપુરમાં પણ છે. જેઓને આ કેથીડ્રલમાં ડાટયા છે તેઓનો જીવ બહેસ્તમાં ગયો હશે. કારણ કે આવી પવીત્ર જગામાં મટ્ટી પડે એ કાંઇ નાની સુની વાત નથી, પણ તેઓના જે સ્થંભ ઊભા કીધા છે તેમાં કાંઈ દમ જેવું નથી. મુખ્ય કરી લશકરી અમલદારોનો

ઠાર અહીં થયલો દીસે છે. ક્રાઇમીયાની લડાઈમાં માર્યા ગયલા સીપાહો, સુડાનમાં મરણ પામેલો જનરલ સ્ટુઅર્ટ, ખારતુમમાં માર્યો ગયલો જનરલ ગોર્ડન વગેરે અહીં કરીઠામ થયા છે.

વળી ફરીથી કહું છું કે માફ કરજો. એક વાતનો પીછો પકડયો કે તે પુરૂં કરવા વગર જીવને ચેન પડતું નથી. આજે દેવળોનુંજ ઘેલાપણું લાગું છે એટલે લંડન છોડયા અગાઉ ત્યાંનાં ગંજાવર વેસ્ટમીનસટર આબે સાથ તમારી ઓળખાણ કરાવ્યા વગર ચાલે એમ નથી. કહે છે કે બારસો વરસની વાત ઉપર ઈંગલંડમાં જે સેક્ષન રાજાઓ હતા, તેઓ બધા મુર્તીપુજક હતા. ક્રીશ્ચીયાનીટી તો કોઈ સમજતું ન હતું. પણ ત્યાર પછી સીબરટ નામનો એક રાજા આવ્યો તેણે પહેલ વહેલી ક્રીશ્ચીયાનીટી અખત્યાર કરી. આ ધર્મી રાજાએ પહેલવહેલું દેવળ બાંધ્યું તેને માટે ધર્મચુસ્ત સ્ત્રીઓ અને પુરૂષો એવું માને છે કે તેની ક્રીયા કરવા માટે સેંટપીટર ફરેસ્તો પોતે જાતે કોણ જાણે કયાંથી ઉતરી આવ્યો હતો. કહેતા તો દીવાના પણ સુનતાબી દીવાના! આ વેસ્ટ-મીનસ્ટર આબે તેવારે ઘણું નાનું અને કદરૂપું દેવળ હતું અને બંધાયા પછી થોડાંજ વરસમાં ડેન લોકોએ ચીઢમાં આવીને તેને જડમૅળથી ઉખેડી નાંખ્યું. પણ પાછળથી ૧૦૫૦ ના સાલમા એડવર્ડ ધી કનફેસર રાજાએ તે પાછું બંધાવ્યું. આ વાર તેણે હુકમ કહાડયો હતો કે

તેની પછી જે કોઇ ઇંગલંડનો રાજા થાય તેને આ દેવળમાંજ તાજ પહેરાવવાની ક્રીયા કરવી. આ વીચીત્ર હુકમ કહાડયાને આજે નવસો વરસ થઈ ગયાં છે તોબી અત્યારલગણ તે હુકમ પાળવામાં આવ્યો છે. વાંચક વર્ગને જણાવવાની જરૂર ન હશે કે નામવર મરહુમ મહારાણી વીકટોરીઆને તેમજ હાલના આપણા સરતાજ એડવર્ડ ૭ માને પણ વેસ્ટમીનસ્ટર આબેમાંજ ગાદીનશીન કરવામાં આવ્યા હતા. વળી ઉપલા એડવર્ડ ધી કનફેસરે એક સોનાનું તાજ અને રાજદંડ ઇંગ્લંડ દેશની પ્રજાને બક્ષીસ આપ્યાં હતાં અને ફરમાવ્યું હતું કે દરેક નવા રાજપતીએ ગાદીપર બેસતીવાર આ તાજ પહેરવું તથા રાજદંડ હાથમાં રાખવો. આ વેસ્ટમીનસ્ટર આબે બહુ મહાન ઇતીહાસીક અગત્યતા ધરાવે છે, કારણ કે એક પછી એક ગરોથમાન બેહેસ્ત પામતાં ઇંગલંડના મહાન રાજા રાણીઓ તેમાં હમેશાની ઉંઘમાં પોઢેલાં છે. એટલુંજ નહીં પણ દેશના મોટા દુન્યાવાર્ણ રાજ અધીકારીઓ, ધરતી ધ્રુજાવનારા જોદ્ધાઓ, નામચીન કવીઓ, અથંગ ચીતારાઓ અને પ્રખ્યાત લેખકો, જેઓ ઉપર પ્રજા ફીદા હતી, તેઓ સઘળા અહીં ઊંઘે છે. જ્યારે હજાર વરસની વાત ઉપર આ દેવળ બંધાયું ત્યારે તેની આસપાસ પાણી હતું, એટલે જે ને એક ટાપુ ઊપર બાંધવામાં આવ્યું હતું. હમણા તો જેમ મોદીખાનેનાં ઘરો આગળ પાણીની નીશાન નથી તેમ આ જગ્યાએ કરોડોની

મીલકતો ઊભી થઈ છે અને તે તરફની જગ્યાની કીમત દર ચોરસવારે લગભગ બે હજાર રૂપીઆ આંકવામાં આવે છે. આ વેસ્ટમીનસ્ટર આબે કાંઇ એક દાયકા અથવા બે દાયકાની જણસ નથી, પણ જમાનાના જમાના સુધી એક પછી એક આવતા પાદશાહોએ કરોડોના ખરચે વધારો કરીને લગભગ એક હજાર વરસની મહેનતનું એ પરીણામ છે. આબેનો દરેક ભાગ સંભાળથી જોવાની તજવીજ કર્યે તો તે કામ એક દીવસમાં બને એવું નથી. જે જે મહાન પુરૂષોનાં હાડકાં ત્યાં ડર પડયાં છે, તેઓનાં ફક્ત નામો અને કબરો જોતાંજ એક આખો દહાડો નીકળી જાય એમ છે. દાખલ થતાંજ નામાંકીત રાજ્યાધીકારીઓ પીટ અને ફોક્ષની કબરો નજરે પડે છે. આબેમાં જેઓને ડાટયા છે તેઓની જો ટીપ આપવા બેશું તો બીજો એક અંક ભરાય અને તેમ કરવાની કાંઈ જરૂર નથી. પણ થોડાંક નામો જે તે વાર મારી યાદદાસ્તમાં આવી ગયાં તે મેં તપકાવી લીધાં છે.

લોર્ડ બીકનસફીલ્ડ.
લોર્ડ પામરસ્તન.
સર રોબર્ટ પીલ.
વોર્ન હેસ્ટીંગસ.
રીચર્ડ કોબડન.
મી૦ અને મીસીસ ગ્લાડસ્ટન.

એ સઘળાંની કબરો દાખલ થતાંજ ચાલમાં છે. આબેનું મોટું ઓરગાન કેટલું જંગી હશે, અને તેનો કેવો સાદ હશે, તેનો એટલાંથીજ ખ્યાલ આવશે કે બંદગીનાં મોટાં દીવાનખાનાની બે બાજુએ બે ભાગમાં તે વહેંચીને મેલેલું છે અને તેની તમામ પહોળાઈ માપ્યે તો લગભગ ૩૦૦ ફીટ થવા જાય. વીજળીક બળથી આ ઓરગાન ચાલે છે. જ્યારે એ વાગે છે ત્યારે એટલો મોટો પણ એવો સ્વચ્છ અવાજ નીકળે છે કે જ્યારે ૭૦૦ જણના ભેગા અવાજ સાથે તે ચાલે છે ત્યારે ગાનારાઓના હુલ્લક સાથે ઓરગાનનો સાદ ભેળાઈ જઇને ઓળખમાં આવતો નથી. બંદગીનો જે સેંટ્રલ હૉલ છે ત્યાં ઘણાજ નામાંકીત પુરૂષોની કબરો મેલી છે. પણ તે ઉપર જડેલી મારબલની તખ્તીઓ જમીન બરાબર હોવાથી લોકો તે ઉપરથી બેધડક ચાલી જાય છે તે આપણી તરફના હીંદી ખ્યાલ મુજબ—તેમાં મુખ્ય કરી જરથોસ્તી ખ્યાલ મુજબ—પસંદ કરવા જોગ નથી. આવી રીતે સેંટ્રલ હૉલમાં પડેલાંઓમાં મુખ્ય નામ જે આપણું ધ્યાન ખેંચે છે તે જગપ્રસીદ્ધ ધર્માધ્યક્ષ જયોરજ પીબડીનું છે. તેનીજ પાડોશમાં નામાંકીત મુસાફર ડા૦ લીવીંગસ્ટનને સુવાડયો છે.

આબેની દક્ષીણ દીશાએ એક ભાગ કવીઓ અને લેખકો માટે જુદો કહાડયો છે. આ અદના લખનારના ભાઇબંધ બંગાલાદારીઓનાં કાલબુદો અહીં આરામ પામે

છે એ ખ્યાલથી મેં આ ભાગની અસાધારણ ખબર કાઢી હતી. આહા! કે દહાડે એવો વખત આવશે કે જ્યારે અહીંના નામીચા તકરામચીસદાસ લેખકો અને મુવેલી કસારી ઉપર વીલાપતી કવીતા લખનારા કવીઓનાં બાવલાં આપણા મોબેદ સાહેબોની દેખરેખ તળે અહીંની અગીઆરીઓમાં ઉભા કરવામાં આવશે! કોઈ દહાડે નહીં બને. કસારીનાં મરણ ઉપરના વીલાપની નાદર કવીતાઓ અને અનુપમ અનુપ્રાસોની ખુબીઓ સમજવાની આપણા લોકમાં તાકાતજ કયાં છે? આ કવીઓના મંડીયરમાં કોણ કોણ સુતા છે તેનાં નામજ એ ભાગની અગત્યતા બનાવવાને બસ છે.

ચોસર.	શેરીડન.
ટેનીસન.	શેકસપીયર.
રસકીન.	બર્નસ.
ગ્રોટ.	સાઉથી.
ગેરીક (નાટકી).	કોલરીડજ.
ડીકન્સ.	મીલટન.
એડીસન.	સ્પેનસર.
મેકોલે.	બેન જોનસન.
થેકરે.	લોંગફેલો.
ગોલ્ડસ્મીથ.	ડ્રાઇડન.

બોલો, આ નામોની હારમાળા શું દેખાડે છે? આ લખેસરીઓનાં ખુણામાં કેવાં ગાહાન ભેજાંઓ પડયાં છે તેની ખાતરી આપવા માટે આ કરતાં વધારે નામો આપવાની જરૂર છે?

વેસ્ટમીનસ્ટર આબેના એક ભાગનું નામ 'ધી સેંકચુઅરી' કરી આપેલું છે. બંદગી કરવાની રેલ અથવા કઠેરાની અંદરની બાજુએ આ જગ્યામાં એક નાની જગ્યા બીલકુલ અલાહેદી રાખી છે, અને આ જગાયામાં ઈંગલંડના રાજા રાણીઓને છેક અસલ-વારેથી તાજ પહેરાવવાની ક્રીયા કરવામાં આવે છે. એ ક્રીયા કરતી વખતે રાજાને જે ખુરસી ઉપર બેસાડવામાં આવે છે તે ખુરસી મારા જોવામાં આવી ત્યારે તે આટલી કીમત ધરાવતી હશે એમ માનવાને મેં ના પાડ્યું, કારણ કે આગળથી જોતાં તે પાદશાહની ખુરસીને બદલે જરી પુરાણાવાળાની દુકાનને વધારે લાયક દેખાઇ હતી. આગળથી જોતાં ન મળે વારનીસ કે ન મળે નકસી—ના રંગ કે ના ઢંગ. પણ આ ખુરસીની ખરી કીમત એટલામાં કહેવાય છે કે તેની માંહે સેંટ પીટરનો પવીત્ર કાળો પથ્થર મુકેલો છે અને તે ઉપરજ નવા રાજાને બેસાડવો જોઇયે.


આ ખુરસી માંહેનો પથ્થર સાધારણ કાળા રંગનો અને રફ છે. ઉપર કાંઇ પણ લખાણ કે લેખ જોવામાં આવતો નથી. તેમજ એની ઉકમાઇ જોતાં તે ઉપર કાંઇ ખાસ તકેદારી રાખવામાં આવતી હોય એમ પણ જોવામાં આવતું નથી. પણ વાતબી ખરી—એવા સફેદ હાથીને ચોરીબી કોણ જાય! બીજાની વાત તો હું કહી શકતો નથી, પણ મને બક્ષીશ આપે તો હું ધસીને ના પાડું. એ વીષે હું ખરી ખાત્રી આપું છું.

આ પથ્થરને વાસ્તે વધુ વીગત એવી મળી છે કે અગાઉ સ્કોટલંડના રાજાઓ અને તેથીબી અગાઉ આયરલંડના રાજાઓ જ્યારે ગાદીપર બેસ્તા ત્યારે આ પથ્થર ઉપર નાહવાની ક્રીયા કરતા હતા. પણ એજ પથ્થર ઉપર કાંય ક્રીયા કરતા હશે, એ સવાલ કુદરતી રીતે ઊભો થાય છે. ત્યારે સાંભળો તેનો ખુલાસો. ખ્રીસ્તી પેટ્રીઆર્ક યાને ફરેસ્તા જેકબે જ્યારે બેઠા બેઠા આકાશના દેવતાઓનો સ્વપનો જોયો, ત્યારે તેણે આ પથ્થર ઉપર પોતાનું ડોકું નમાવેલું કહેવાય છે. ઈ૦સ૦ ૮૫૦ ના સાલમાં તે આયરલંડમાંથી સ્કોટલંડ લઇ જવામાં આવ્યો અને ત્યાં એક આઇરીશ ઉમરાવના કીલ્લામાં ૪૦૦ વરસ સુધી પડી રહેવા પછી ૧૨૯૬ ના સાલમાં ૧ લા એડવર્ડે તેને ઇંગ્લંડમાં લાવી આ રાજખુરસીમાં જડાવ્યો. આ નામાંકીત દેવળની ઓળખાણ કરાવતાં શરૂઆતમાં હું કહી ગયો છું કે પહેલા રાજા સીબર્ટે તે બારસો–તેરસો વરસ અગાઉ બાંધ્યું હતું. આ સીબર્ટની કબર હજી અહીં છે અને હું ધારૂં છું કે તે સર્વથી પુરાણી હશે. દેવળના એક બીજા ભાગમાં બધા રાજા રાણીઓનોજ ઝુખંડો ડાટેલો છે. આ સર્વેની વચમાં ૭ મા હેનરીની કબર સર્વેથી સરસ અને ઉંચી મેલી છે અને તેનીજ જરા આઘે વગર તાજ પહેરવે થયલા રાજા ઓલીવર ક્રોમવેલની બેટીની કબર કોણ જાણે શા કારણથી મેલી છે! દેવલની

બાહેર રસ્તા ઉપર એક નાનો કાળા પથ્થરનો સમચોરસ ચોતરો બનાવવામા આવ્યો છે, જે ઉપર અક્ષર કોતર્યા છે કે આ જગ્યાએ ફલાણી તારીખે મહારાણી વીકટોરીઆએ પોતાની જુબીલીના પ્રસંગે લોકોની સલામ અંગીકાર કરી પ્રાર્થના કરી હતી.

પ્રકરણ—૧૫ મું.

લંડનના મારા હેવાલથી કોઇને સેહેજ વીચાર આવશે કે શું બધી ચાઈચાઈઓ અને બધી ખાઉખાઉઓ લંડનમાંજ ભરી મુકી છે? ભલા આદમી આજે દશ દશ પ્રકરણ થયા તોએ લંડનનો છેડો છોડતો નથી એટલે છે શું? હા, શેઠ અને શેઠાણીઓ, અઇયાશીઓ અને સેહેલાણીઓ, લંડનમા ખાઉખાઉ સાથે હાઉહાઉનો પણ કાંઇ ટોટો નથી. ખીસાંમાથી ઝટ પૌંડ કહાડીને આંખના પલકારામાં તેનો ધુમાડો કરાવી નાખનાર સ્ત્રી અને પુરૂષ મદારીઓની બાબદમાં લંડન સર્વોપરી સરદારી ભોગવે છે એમ કહું તો ચાલશે. દાખલા તરીકે ત્યાના મહાન જીલ્લાઓનો થોડોક ખ્યાલ આપીશ. જેમ આપણી મુંબઈમાં ઈંગ્રેજ બજાર, પાલવા બંદર અને કોટેકોટ સર્વેથી ઉત્તમ અને "એરીસ્ટોક્રેટીક" જીલ્લા ગણાય છે તેમ લંડનમાં 'ઓક્ષફર્ડ સ્ત્રીટ' 'રીજંટ સ્ત્રીટ' 'પીકેડીલી સરકસ' અને 'ટ્રાફલગાર સ્કવેર' જાણીતાં



પીકાડીલી સરકસ—લંડન.

છે. આ મધીનો 'ઓક્ષફર્ડ સ્ટ્રીટ' લગભગ ચાર માઇલ સીધો ને સીધો લાંબો કહેવાય છે અને તેમાં સહવારના આઠ વાગયાથી તે રાતના સાત વાગયા સુધી હજારો દુકાનોમાં કરોડો રૂપીઆની ઉથલપાથલ થાય છે. એની આસપાસ નામાંકીત હોટેલો અને રેસ્ટોરાંઓ આવ્યાથી તથા પાસેંજ ચેરીંગ ક્રોસનું ગંજાવર સ્ટેશન હોવાથી એ જીલ્લાઓની દુકાનોની કીમત અને ભાડાં સાંભળી ને માનવાને આપણી સાદી અક્કલ ના પાડે તો હું તેમાં નવાઇ ગણતો નથી. ફક્ત પંદરથી વીસ ફીટ દરશાનની એકાદ નાની દુકાનના અહીં ચારસોથી પાંચસો રૂપીઆ દર માસે આપવા પડે છે અને તે આપતાંબી જગ્યા મળતી નથી. એજ પ્રમાણે 'પીકાડીલી સરકસ' આગળ સહુવારથી સાંજના સાત વાગ્યા સુધી પગે ચાલવાની મારામાર અને ગાડી ઘોડાની ધમાલ ચાલુ રહે છે પણ સાત વાગ્યા પછી એક કલાક શાંતીનો પસાર થવા બાદ આ સઘળી નામીચી જગ્યાઓના સ્વરૂપ અજબ રીતે ફેરવાઇ ગયલાં મેં જોયાં છે. જ્યાં દીવસના લખ્ખોનાં લેખાં લખાતાં હતાં ત્યાં આઠ વાગ્યા પછી ચળકતી ફુલકસુરો અને ભેજાં ખોઈ બેઠેલા મોજશોખની શોધમાં નીકળેલા શોખીન જીવડાઓથી આ જીલ્લાના ફુટપાથો કકડી જાય છે. આઠ વાગયાથી બાર વાગતા સુધીમાં આ પાદશાહી લોકાલીટીઓ ફ્રાક કોટવાળા ઈસ્કી જીવડાઓથી અને પચાસ ગીનીના ડ્રેસવાળી

જીવડીઓથી એવી ઉભાઇ જાય છે કે અત્રેથી ગયલો અંજાણો પુરૂષ પહેલી બારીમાં આ શું નાટક ભજાય છે તે સમજતો નથી. પણ જ્યારે ફુટપાથને એક નાકેથી બીજે નાકે એકના એક સ્ત્રી પુરૂશો પાંચ પચાસ ફેરા ખાયા કરે છે ત્યારે મંદ મારી ગયલું ભેજું સમજવા લાગે છે કે રાતના આઠ વાગતા પછી આ ધોરી રસ્તાઓ ઉપર લટાર મારતા જીવડાઓ ફરેસ્તાઓ નથી. ત્યાંની પોલીસ એટલી ચકોર છે કે આ સઘળાં કોણ ફરે છે, કાં ફરે છે અને કયાં રહે છે ને સઘળું તેઓની નખની નોક ઉપર છે. પણ જ્યાં સુધી આ ચાલનારાંઓ કોઇ સાથે વાત વગત કરવાની તજવીજ કરવા વગર મુગા મુગા પોતાનો રસ્તો કાપ્યા કરે ત્યાં સુધી 'ખસ' કરીને કોઇને કહેવાની તેઓની તાકાતબી નથી તેમજ હુકમ પણ નથી. જ્યાં સુધી પાઉંપ્યાદા પુરૂશો અને સ્ત્રીઓ ચાલ્યા કરશે ત્યાં સુધી પોલીસમેન એક શબ્દ બોલવાનો નથી. પોતાના પોસ્ટ ઉપર લાકડાંના કોરી કહાડેલા થાંભલાની મીસાલ તે ઠરીઠામ થઈ ઉભો રહેશે અને તમારી ગમ જોશે પણ નહીં. તેના ડોળા જાણે સામે હવામાં જોતા હોય એમ દેખાશે, પણ જાણવું કે તેને માથાંની પાછળબી બે આંખો છે અને તમારી તરફ ડોળા ફેરવ્યા વગર તે તમારી સઘળી હીલચાલ અને ચેનચાળા બારીકીથી તપાસ્તો ઉભો છે.

જ્યાં સુધી તમે હીંડયા કરો ત્યાં સુધી તે જમણી કે ડાબીગમ જોનાર નથી પણ જેવું કોઇ ઉભું રહયું કે

તે હળવેથી આવીને કહેશે કે "ભાઈ સાહેબ, અથવા બાઈ સાહેબ, મહેરબાની કરી આગળ ચાલો." Move on, Move on Please એ શબ્દો વારેઘડી તમારે કાને પડશે અને ત્યાં આક બાગા પછીની ફરતી વસ્તી એવી સમજુ (!) એવી ધાર્મીક લાગણીવાળી અને એવી ચતુરસુજાન! છે જે આ "Move on Please" નો અર્થ ચેતી જઇ તેને નાફરમાન થવાનું સ્વપને વીચારતી નથી. પણ વધારે નવાઇ જેવું તો એ છે કે આ સઘળા દેખઇતા નાટક છતાં લંડનના પાદરીઓ અને લંડનના પાર્લામેંટરીઓ ઉકમાઇથી વડાઇ લે છે કે "અમારા લંડન જેવું પવીત્ર શહેર આખી પૃથ્વીમાં નથી. અમારા લંડન શહેરમાં એકબી અનીતીનું મુકામ નથી. અમારા મુલકમાં પાપી પેશા કરનાર માનવીઓ વસ્તાંજ નથી." ગરીબ બીચારા પાદરીઓ! જે સામલા ચાલે છે તે એટલો દેખઈતો છે, પોલીસને એટલો જાણીતો છે કે સત્તાવાળાઓ તે વીશે બેખબર હોય એ માનવાની હું સાફ ના પાડું છું. છતી આંખે આંધળા થવામાં માલ નથી એટલે જે ચીજ તમારા નાકના દાંડા આગળ બને તે માટે નાકે જીભ લગાડવામાં ફાયદો નથી. પણ મારી અજાયબી એ છે કે આટલી દેખઇતી ખરાબી ચાલવા છતાં લાગતા વળગતાઓ તે માટે ચાંપતા ઉપાય લેતા કાં ન હશે? જે સઘળું મારા જોવામાં આવ્યું છે તે ઉપરથી મેં નક્કી વીચાર બાંધ્યો છે કે આપણો દેશ નીતીના બાબમાં


યુરોપને પાંચ પચાસ પોઈંટ આપે એમાં શક નથી અને ત્યાંનો સઘળો રાહગાટ જોતાં મારૂં ખાલેસ મત છે કે આપણી તરફના ઉછરતા બીન અનુભવી જવાનોને કેળવણી અથવા બીજા કોઈ કારણે એકલા, કોઈ આબરૂદાર કુટુંબની દેખરેખ વગર, વેલાત મોકલવા એ ઘણું પસંદ કરવા જોગ નથી.

પીકેડીલીથી ફરતા ફરતા સેકન્ડ અને થર્ડ કલાસ 'લોકેલીટી' ઓ તરફ લટાર મારતાં જે ચીત્ર નજરે પડે છે તે ઉપલાંથીએ વધુ દલીદ્રતાવાળું છે. 'ઓલ્ડ જુઅરી' નામે એક ભાગમાં મોટો ભાગ 'જુ' પંથના લોકો વસે છે, અલબતાં આ વીલાયતી જુ લોક ઈંગ્રેજ કરતાં પણ વધારે ખુબસુરત અને ઘટમાળા છે એ જાણીતી વાત છે. 'સરકેશ્યન' અને ડમાસ્કસની 'બ્યુટી'ઓનાં વર્ણન તો તમે વાંચ્યાં હશે તેવીજ આંખે ઉડી આવે એવી પરીઓનું સંસ્થાન 'ઓલ્ડ જુઅરી' તરફ જોવામાં આવે છે. પણ કેવું કંગાળ, કેવી ભયંકર ગરીબાઈ! પંદરથી પચાસ વરસની સ્ત્રીઓ મોડી રાત સુધી એક પાંઉના ટુકડા માટે ઉઘાડે પગે રખડીને રાહદારીને આજીજી સાથે ત્રાસ પમાડે છે. વધારે આગળ ચાલતાં એથીબી કંગાળ જીલ્લો જેને 'ધી ડોકસ' કરી કહે છે તે આવે છે. 'રેનલ્ડસ' નામના લખનારે પોતાનાં પુસ્તકોમાં "વાહીટ ફ્રાયરસ" અને "વાહીટ ચેપલ" વગેરે ખુનીઓથી ભરેલા મેહોલ્લાઓનાં

જે વર્ણન આપ્યાં છે તે આ જીલ્લો છે. રાતના એકલા ત્યાં જવું સલામતીભરેલું નથી એ હું કબુલ કરૂં છું. આ જીલ્લામાં માણસની જીંદગીની ઝાઝી કીમત ગણાતી નથી ને પણ ખરૂં, અહીંના પોલીસમેન પણ દેવ જેવા જબરદસ્ત અને હીંમતી છે તે છતાં કામ પડે ત્યારે તેઓ આ જીહાંગાર જીલ્લામાં એકલા જવાની હીંમત કરતા નથી. "વાહીટ ચેપલ" જેવી જગ્યાઓમાં પોલીસમેનો બાથોબાથ લડીને પોતાના જાન મુકી આવેલાના ઘણા દાખલા નોધાયલા છે. પણ જે દમ રૂધી નાખનારી ગરીબાઇ, જે મોટી વયની તદન વસ્ત્ર વગરની છોડીઓનાં છાતીતોડ ચીસો આપણી હજુરમાં મેલવામાં આવ્યાં હતાં તેવું કશું મારા જોવામાં આવ્યું નથી. હા, ખરી વાત છે કે અરધાં ભુખાં છોકરાંઓ રસ્તે પડયું ખડયું મળે તે ઉપાડી ખાવા માંડે પણ મારે ખુલાસાથી કહેવું જોઇયે કે "રેનલ્ડસ" લખનારે જે ભયાનક ખ્યાલ ત્યાંની દલીદ્રતાનો, ભુખમરાનો અને નાપાકીનો આપણા મગજ પર વરતાવ્યો હતો તે ખ્યાલ હસ્તી સાથે તપાસતાં મને બીલકુલ ખોટો જણાયો છે. હું ૧૯૦૪ ના મુબારક સાલની વાત કહું છું આગલી પાછલી તો ઇશ્વર જાણે.

તમે અહીંયાં તમારી નામીચી ક્રાફર્ડ મારકીટની જયારે હોય ત્યારે વાખવાખી કરો છો પણ જયારે લંડનની 'કોવેંટ ગાર્ડન મારકીટ' જોશો ત્યારે તમારૂં માન

ઊતરી જશે એમ હું ખાત્રી આપું છું. શું ફુલ, શું ફળ અને શું એકેકા ફુલના તુરા! અરે યારો! તમે કોઇવાર અહીંયા કોઈ નસીબદાર પરોણાને આપવા માટે વીસ પચીસ રૂપીઆનો તુરો બનવાવો તો તમારે મનથી સમજશો કે અવધી કરી પણ આ 'કોવેંટ ગાર્ડન' માં પચાસ ગીની એટલે સાતસોથી આઠસો રૂપીઆનો તુરો તો સાધારણ છે. પ્રીયા પોતાના પતીને અને પતી પોતાની પ્રીયાને બટન હોલના એક ફલાવર માટે સોનાનો સોવરેન એટલે પંદર રૂપીઆ ચટ દેતા ફેંકી દે છે. 'વેસ્ટમીનીસ્ટર' તરફ સેંટ પીટરનું [illegible] હતું ત્યાંની જે અસલ ફુલવાડી તે આ હાલની 'કોવેંટ ગાર્ડન' સમજવી. જ્યારે આ મઠ ઉખેડી નાખવામાં આવ્યું ત્યારે આ જગ્યા બા મુદત સુધી ખાલી પડી રહી. ત્યાર પછી ત્યાં બટાટા, નોલકોલ, મુળા વગેરે વેચાવા માંડયું, પણ પાછળથી અરલ ઓફ બેડફરડ નામનો શોખીન જીવડો જન્મ પામ્યો અને તેણે આ ત્રણ એકર જગ્યા ઉપર ફુલવાડી સ્થાપી. હવડાં ત્યાં દીવસના જવાની ઓર મજાહ છે. ત્યાંની એકેકી ફ્રુટની ગંજાવર દુકાનો આગળથી ખસ્વાનો જીવ ચાલતો નથી. તમો કદાપી માનસો નહીં પણ ખાસ્સી મોટાં કદની સોપારી જેવડી દ્રાક્ષો ત્યાં સુંદર નકસીવાળા વાડકાઓમાં મેલેલી અને તે ઉપર ભાવ માંડેલા કે એક રતલની દશ શીલીંગ એટલે સાડા સાત રૂપીઆ! એક રતલના સાડા



ટેમસ નદી ઉપરના 'ટાવર બ્રીડજ.'

સાત રૂપીઆ! હા, કીમત ભારે છે ખરી પણ તેમ ખાનારા ખવાડનારા લખપતીઓનાં ખીસાં પણ તર છે. કોવેંટ ગાર્ડનમાં જેવાં ફુલ પાતરાંના રંગની મેળવણી અને ભેળસભેળા જોવામાં આવે છે તેવું આજ સુધી બીજા કોઇ મુલકમાં મેં જોયું નથી.

ત્યાંથી નીકળ્યો કે એક બીજો જોવા લાયક દેખાવ ટેમ્સ નદી ઉપરનો ટાવર બ્રીડ્જ નામે બનાવેલો મહા-ભારત પુલ છે.

નદીની આ પાર ને પેલે પાર વચ્ચે આ પુલ નાખ્યો છે તેનો ખર્ચ પોણા બે કરોડ રૂપીઆ થયો હતો તે ઉપરથીંજ તેના કદનો કાંઇ ખ્યાલ આવશે. એ પુલ ઉપર એટલો મોટો ખર્ચ થવાનું કારણ એ કે એ નદીનો પાટ બસો ફીટ પહોળો છે એટલે પુલ એવો થવો જોઈયે કે નીચેથી મોટાં વહાણ અને સ્ટીમરો જઇ શકે. આ કારણથી એવું કર્યું છે કે બે પારે બે જબરદસ્ત ટાવરો ઉભા કર્યા છે તેઓ એકેકથી બસેં ફીટ દુર છે અને દરેક ટાવર દોઢસો ફીટ ઉંચો છે. જ્યારે સ્ટીમર આવવાની હોય ત્યારે ગાડીઘોડાનો બ્રીડ્જ પોતાની મેળે છુટો પડીને વચમાંથી ઉંચકાઇ જાય છે જે આ ચીત્રમાં બતાવ્યું છે. જેવી સ્ટીમર કે વહાણ પસાર થઇ ગયું કે 'હાઇડરોલીક પાવર' થી આ પુલ પોતાની મેળે પાછો વગોસગો થઇ જાય છે અને ઉપરથી ગાડીઘોડા દોડે છે. વળી પાઉંખ્યાદા લોકને અડચણ ન પડે તે માટે

ટાવરને તળીએ જતાંજ લીફ્ટ તૈયાર રહે છે જેમાં દર વેળાએ ત્રીસ માણસ બેસીને છેક ટાવરનાં મથાળાં ઉપર જઇ પહોંચે અને ત્યાં ઉંચાણમાં આવેલા બીજા બ્રીડજ ઉપરથી ચાલીને સામા ટાવર ઊપર જાય અને ત્યાં વળી બીજી લીફ્ટ તૈયાર ઉભેલી તેમાં બેસીને નીચે ઊતરી જાય. જે કરે તે થોડું છે, બાપા, એ લોક જે કરે તે થોડું છે.

પ્રકરણ—૧૬ મું.

ધીર ધરીને કોઈ આ કામ
રે નથી રહેવાનું:

ધીર ધરો–બાપુ ઠંડા રહો, હવે લંડનનોબી આંકો આવ્યો છે. રસ્તે જતાં "આરગન આઇનડર" એટલે હાથો ફેરવીને વાજું વગાડનાર ઇટાલીયનને લંડનના મોટા વસ્તીવાળા ભાગોમાં ફરવાની છુટ નથી. પણ ચોક્સ દીવસોએ, ચોક્સ કલાકે, ચોક્સ મોહોલ્લાઓમાં તેઓને વજાડવા દેવામાં આવે છે. જે વેળાનો દેખાવ બહુ રમુજી છે. એક ગમથી કાળી દાઢીવાળો મેલો ઇટાલીયન, બીજી મેર છોકરીઓ અને છોકરાઓ અને ઘરડી ડોસીઓ અને ઘરડાઓ સેંકડો લોકોની વચ્ચે ખુશાલ કમરે હાથ ટેકવીને નાચે. આ વાર તેઓ ખુશીમાં આવી જઇને નાચતાં હોય એવું હસ્તું મોહ્ડું

પણ ન રાખે, પણ જાણે મ્યુઝીક ચાલ્યું એટલે તે તકનો લાભ લઈને કસરત કરવીજ જોઈયે તેમ "સીરીયાઉસ" ડાચું કરીને નાચ્યા કરે. જાડી પીપ જેવી ડોસી ડગારીઓ સાઠથી પાંસઠ વરસની, ઘાઘરો જમીનથી અલગ કરીને નાચે, તે દેખાવ વીસરાઇ જવાય તેવો નથી.

મુંબઇગરા અચાશીઓ અને બેંડસ્ટાંડપર ફરતા શોખીન પારસીઓને અવારનવાર ફરીઆદ કરતા મેં સાંભળ્યા છે કે અમને ધંધો નથી, ધાપો નથી, અમે કામ કરવા ખુશી છીયે પણ કામ જડતું નથી. એવા આઈતાંપર કોઇતાં મારનારા શેઠ સાહેબોને હું પુછીશ કે હજારો રૂપીઆની ઉથલપાથલ કરનારા પીંક કંપનીની સસ્તી જામ જેલી, સરકો, રાઇ, પેપરમીંટ અને "પ્રીઝર્વસ"નો મેં હેવાલ આપ્યો હતો તેનો કેટલા સાહેબોએ લાભ લીધો છે? જામનું એક ટીન જે અત્રે પાંચ આને મળે, એવોજ માલ **બીલોરનાં ટંબલરમાં** ટંબલર સાથે ત્રણ આનામાં મળે તે મેં આખાં હાડકાંવાળાઓની જાણમાં આણ્યું તે છતાં કેટલા સાહેબોએ મજકુર પીંક કંપનીને લખીને વીગતો મંગાવી છે? કાંઇ નહીં. અહીં તો ઉધાર આપ ને પુરૂં જોખ જેવો મામલો છે.

પણ હવે જવા દયો. જડ થઈ ગયલાં હાડકાંવાળાઓ અને મંદ પડી ગયલા માવાવાળાઓને હું એક બીજી તક આપું છું. પાંચસો રૂપીઆની મુંડી રોકતાં અઢીસો રૂપીઆનો નફો કરવાનો રસ્તો હું બતાવું છું

અને બેજરાબવાહીથી ખાત્રી આપવા માગું છું કે હું આ જે વર્ણવું છું તે બોલબોલ ખરૂં અને હજીબી—તમો ચાહો તો–બની શકે તેવું છે. એક દહાડો હું મારા ઈંગ્રેજ મીત્ર લોમીયા સાથે સ્ટ્રાંડ ડીસટ્રીકટમાં ગયો. આ જીલ્લો ચોપડી વેચવાના ઉદયોગ માટે પંકાયલો છે. ફલીટ સ્ટ્રીટ અને સ્ટ્રાંડ ગોયા વર્તમાનપત્રો, ચોપાન્યાંઓ અને ચોપડીઓનાં મુખ્ય મંદીર છે. અમો એક પબલીશર નામે કીંગ એંડ કું૦ લીમીટેડની આફીસમાં ગયા. બાહેરની આફીસમાં એકેકી જાતની ચોપડીનો એકેકો નમુનો ટેબલ ઉપર જોવા માટે મેલ્યો હતો. એક ચોપડી, જે ઉપર સોનેરી અક્ષરે નામ દાબેલું હતું કે "મેકોલેઝ એસેસ" ને ઉપર એક કાર્ડ મારેલો હતો કે આવીજ જીલદની ચારસો સાઠ જુદા જુદા વીશયોની કેતાબો તૈયાર છે. મેં લીસ્ટ ફેરવી જોયું તો ટોપમાં મીલટન, વરડઝવર્થ, પોપ, ડ્રાઈદન વગેરે કવીઓ, સ્કાટ, ડીકનસ, મારીએટ, વગેરે નૉવેલીસ્ટો, ફીલસુફીના, રસાયણના, ભુગોળ, ખગોળ વગેરેનાં પુસ્તકોની સંપુર્ણ હારમાળા હતી. બાઈનડીંગ પણ ફુલ કપડાંની બાંધેલી, ઉપર ગીલ્ટનું નામ, ચારસોથી પાંચસો સફાનું ખાસ્સું વોલ્યુમ! મેં ફક્ત નવાઇને ખાતર પુછયું કે જો આ ચારસો સાઠ વાલમોનો આખો સટ લઉં તો શું ભાવે આપશો? પેલાએ જવાબ દીધો કે પાંચ પેન્સ—પાંચ આના! ઓ તારી! હું તો કાંઇ સમજ્યો નહીં. ચાર-

સોથી પાંચસો પાનાની ફુલ ક્લોથ બાઉંડ બુકના ફક્ત પાંચ આના! કાંઇ સાંભળતાં ભુલ્યો હોઇશ! હું અચરતીથી ખોલાસો પુછવા જતો હતો, જે સમજી જઈ મારા મીત્ર ભોમીયાએ હળવેથી મારો ડગલો તાણી મને ચેતાવ્યો કે મારે ચુપ રહેવું, પછી તેણેજ પુછયું કે "ત્યારે કહોની, એ ભાવે ગણતાં આખા સટના, કેટલા પઈસા?" જવાબ મળ્યો કે "નવ પાઉંડ અગીઆર શીલીંગ આઠ પેન્સ" એટલે જે સુમારે ૧૪૦ રૂપીઆ.

"કંઇ એમાં ઓછું કરશો?"

"નહીં, અમો હમેશ કીમત ઘણી કસોકસ રાખ્યે છીયે પણ તમે આખો સટ લેઓ છો એટલે પેકીંગ મફત કરીને સ્ટીમર ઉપર ચહડાવી આપીશું."

સાડી ચારસોથી ઉપર વાલમના ફક્ત રૂ ૧૪૦! મેં તુરત એક સટનો હુકમ આપ્યો અને તે મારાં પુસ્તકખાનામાં અત્રે આવીને ગોઠવાઈ પણ ગયો છે. તમારે નજરે જોવાની ખુશી હોય તો સુખેથી "બેલાર્ડ હાઉસ," માં પધારજો. હવે હું પુછું છું કે આવું ખાસ્સું ઠાયું ઠોયું વાલમ પાંચ આના મુકીને આઠ આનામાં પણ અત્રે કયે દહાડે મળે છે? ફક્ત પાંચસો રૂપીઆ ખર્ચીને ત્રણ સટ મંગાવ્યા હોય તો લગભગ ચઉદસો પુસ્તકો આવે અને તેપર ફક્ત બબે આના નફો ખાઈ સાતથી આઠ આને કોઇ વેચે તો પાંચસો રૂપીઆની મુડી રોકવે એકસો પંચોતેર રૂપીઆની એટલે

૩૩ ટકાની કમાણી કરે અને તેજ કમાણી વરસમાં બે ચાર વાર ફેરવ ફેરવ કરે તો પોતાના રોકેલા રૂપીઆ સઘળા વસુલ કરવા ઉપરાંત ખાઇ પીને ખુશાલ રહે. પણ એવી મહેનત કોણ લે? પેલા આળસુના પાદશાહની વાત યાદ છેની? એક આળસુનો પાદશાહ ઝાડની તળે પડયો પડયો કાંસતો હતો, જે જોઇને એક વટેમાર્ગુને દયા આવી ને તેણે પુછયું કે "કેમ ભાઇ તને શું પીડા છે? તું આમ તલપાપડ કેમ થઇ રહયો છે?"

પેલાએ ઉત્તર દીધો કે "ભાઈ શું કરૂં? ભુખની વ્યાધી છે. કાલ સવારનું મેં ખાધું નથી અને બહુ મુઝાઉં છું."

ભોળા રાહદારીને બહુ દયા આવી એટલે તે બોલ્યો "કાંઇ નહીં, કાંઇ નહીં. ચાલ આવ તું મારી સાથ. મારે ત્યાં ભાત ખેતરમાં પડયું છે તેમાંથી પેટ ભરી રોટલો બનાવી ખા."

આળસુના પાદશાહે પોતાની આંખ્યો જે અત્યાર સુધી બંધ હતી તે જરા ચુંચી ઉઘાડી ને કોકીલો સાદ કહાડી પુછયું "તે બધું ખરૂં પણ ભાતનાં છલાં કાઢેલાં છે કે એમનજ?"

"ના ભાઇ, છલાં તો કહાડયાં નથી. એટલું તો તને કરવું પડશે."

પાદશાહજી પાછા ફોર વાળીને પોઢીગયા અને બોલ્યા: "જા બા જા, મોટો ધર્મ કરવા નીકળ્યો છે! છલાં કાઢેલા

દાણા તૈયાર હોય તો વળી ઉડું, નહીં તો છલાં કાઢવાની ખટપટ કોણ કરે?"

માટે રે ભ્રાતો! આ તો કલ્પીત બનાવ છે, પણ આપણા તીસમારખાં, નેકટાઈ કાલરખાંઓ મોઢે સાફ સાફ બોલતા નથી પણ તેઓની આશાઓ અને નીરાશાઓનો ભાવાર્થ પણ એવોજ જાણવો.

લાધ દે લધામણ દે
ઔર લાધનેવાળા સાથ દે
પેહેરનકુ પટુ દે
ઔર બેઠનકુ ટટ્ટુ દે.

એવા બજરબટ્ટુઓ અને નાકકટ્ટુઓ સાથ માથાં ઝીંકણ કરવામાં કાંઇ સાર નથી. તે છતાં હું જણાવું છું કે કોઇ પણ સાહેબને આ કીતાબો જોવી હોય તથા તેના ઠરઠેકાણાંની વધારે વીગત જાણવી હોય તો હું ખુશીથી તેમને મદદ કરીશ. આ પાંચ આનાનાં વાલમ કરતાં બહુજ સરસ કાગજપર છાપેલાં, કસ્બી ગીલીટનાં પાનાવાળાં, ઇનામને લાયકનાં જાડાં મોટાં વાલ્યુમો જે અહીં બજારમાં પોણાબેથી બે રૂપીએ મળે તે આ ઠેકાણે ફક્ત નવથી દશ આનામાં મળી શકે છે. આટલી સસ્તી ચોપડીઓ કેમ બનતી હશે તેના ખ્યાલથી મારાં કપાલ ઉપર ચીલ્લો ચહડી ગયલો જોઈ કીંગ કું૦ નો મેનેજર પામી ગયો કે મારાં મનમાં શું મુઝવણ છે. જરાવારે તે બોલ્યો કે "તમને કાંઇ ખુલાસો જોઇતો

હોય તો બેલાશક પુછો. હું ધારૂં છ કે આ પુસ્તકોની કીમત જોઇ તમે અજબ થયા છો."

"હા, તેમ છે ખરૂં. હું પોતે એક પ્રીન્ટર અને પબલીશર છું અને કાગળના ભાવતાલ, કપડાંની કીમત, સોનેરી અક્ષર પડાવવાની મજુરી અને ખર્ચ સઘળો સમજું છું. જે ભાવમાં તમે આ કેતાબો વેચો છો તે ભાવમાં અમારી તરફ તો ખાલી પુઠુંબી ન બને. એ તમને પરવડે છે કેમ તે હું સમજી શકતો નથી."

"તેનો ખુલાસો હું આપું. અમે કોઇબી નવી ચોપડી એક લાખ નકલોની અંદર છાપતા નથી. એકવાર કંપોઝ કરીને તેની સ્ટીર્યો પ્લેટો રાખી કે પછી ફકત કાગળનો ખર્ચ. લાખ ચોપડીઓ ઉપર જે લાગત ખર્ચ થાય તે ઉપર એક ચોપડીએ એક ફાર્ધીંગ અમે નફાની ચહડાવ્યે છીયે. અમે લખ્ખો સટો વેચીયે છીયે એટલે અમને ઘણો સારો નફો રહે છે. દાખલા તરીકે તમે આજે ૪૯૦ પુસ્તકોનો સટ લીધો તેના લગભગ દોઢસો રૂપીઆ થયા. આ ઉપર અમને ૪૯૦ ફારધીંગ એટલે લગભગ રૂ૭ા નફો મળશે, જે દોઢસો રૂપીઆ ઉપર પાંચ ટકા થયા. અમારે મનથી પાંચ ટકા ઘણા થયા. એમ પાંચ પાંચ ટકા વરસમાં ચાર પાંચ વાર ફરી વળે તો વીસ પચીસ ટકા થાય."

વેપાર તે એનું નામ!

લંડનના એક ભાગમાં એક પાટીઆંએ મારૂં ધ્યાન ખેંચ્યું. તે પાટીઆંપર લખેલું હતું કે જાપાનીસ ચાની દુકાન. ઘણી નવાઈ લાગવાથી હું અંદર ગયો ને દુકાનની શેઠાણી એક જાપાનીસ બાનુ હતી, પણ તેના હાથ તળેની સઘળી વેટરેસો ઇંગ્રેજ હતીઓ. તેઓને જાપાનીસ ડ્રેસ પહેરાવેલો હતો અને કમર ઉપર મોટું બોચકું બાંધવાથી બરાબર જાપાનીસ બાનુઓની પેઠેજ વાંકી વાંકી ચાલતી હતીઓ. ખરી જાપાનીસ માલેકણે પગમાં ચંપલ પહેરી હતી પણ વેટરેસોના પગમાં ઉંચી એડીનાં ફ્રેંચ બુટ હતાં એટલે મેં લગાર નવાઇથી પુછયું કે "જાપાનીસ બાનુઓ કાંઇ એવાં બુટ પહેરતી નથી! જ્યારે તમે બધી જાપાનીસ નકલો કરો છો ત્યારે આટલું અધુરૂં કેમ?" શું ધારો છો? શું જવાબ મળ્યો હશે? એક જે બહુ બોલકણી હતી તેણીએ સઘળીઓની રમુજ વચ્ચે ઉત્તર દીધો કે "અમારા ચહેરા રૂપાળા છે પણ ઇંગ્રેજ સ્ત્રીઓના પગ ઘણા "અગલી" રહે છે માટે તે લોકને દેખાડીને અમારી મશકરી કરાવવા માગતાં નથી!"

જુવો શેઠીયાઓ, તમારી પાસે સોનાના સીક્કાની સગવડ સારી હોય તો મારે કાંઇ કહેવું નથી પણ એટલી શીખામણ આપું છું કે એક ચીજનો ભાવ રીજંટ સ્ટ્રીટમાં પાંચ પાઉંડ તો તેજ ચીજનો તેનેથી અરધો માઇલ આઘે એક સેકંડ કલાસ સ્ટ્રીટમાં પાંચ

શીલીંગ! દાખલો, મુંબઈથી માંગણીપર માંગણી આવે કે ફલાણા ફલાણા ફોટોગ્રાફે એનલારજ કરાવી લાવજો. ચાલો ભાઈ, લાલા લાખ ને કહે સવા લાખ. પીકેડીલી સરકલને નાકે આવેલી એક તીસમારખાં શોપમાં ગયા અને ફોટોગ્રાફ હાથમાં મુકી પુછયું કે આને એનલાર્જ કરવાનું શું પડશે? તો કહે એક નકલના બાર પોંડ એટલે ૧૮૦ રૂપીઆ! માર્યા ઠાર સરગારદાન! વારૂં, જોઇશું, કરી બહાર પડયા અને બીજી દુકાને ખબર કહાડી તો કહે અકેક નકલના પાંચ પોંડ એટલે ૭૫ રૂપીઆ! ઠીક છે આગળ ચાલો. આમ ભાવ ઉતરતો જશે તો હાડકાં કયાં એક ઠેકાણે પડશે ખરાં. હું જ્યારે ભારે કીંમતની તકરાર લઉં ત્યારે આરટીસ્ટ મોટી મોટી ભારે શબ્દોની ભાષા વાપરીને મને ડબકાવવાની તજવીજ કરે. "એ તો જોની સાહેબ, ઇસ્થેટીક ગ્રાનસાનડેનતેલીઝમના ઇનવરસ રીફલેકશનનું કામ હોય ઇત્યાદી ઈત્યાદી!" હું મનસે હસું કે બચ્ચા માર તોપ કોણ પુછેછ? જોઇએ ગ્રાનસાનડેનતેલીઝમનો વીચાર કરીને કાલે જવાબ દેવા કહીને ત્યાંથી ખર્યા અને બ્લેક એન્ડ વાહીટની ઓફીસમાં પેઠા.

"ભાઇ આ ફોટોગ્રાફ એનલાર્જ કરવાનું શું લેશો?"

"છ શીલીંગ." (સાડા ચાર રૂપીઆ.)

અંહંહંહં! શુચવાડાને મારે મને હાંસાની વ્યાધી થઇ આવી. હસી પડવું કે રડી પડવું તે સમજાય નહીં.

"કેટલા દીવસમાં તૈયાર થશે?"

"પરમ દહાડે."

"એન્જ એનલાર્જમેંટ રંગી આપશો તો શું લેશો?"

"એક શીલીંગ વધારે."

બીજી ઠાંસાની ગુચ અને દશ નકલોનો આરડર! મારા સમ આ સાચી વાત છે. એનલાર્જમેંટ જોવાં હોય તો ભલે પધારો. બીલ પણ દેખાડીશ. માટે રે, સુજ્ઞ વાંચનાર! ડાચાં લચકાઈ જાય એવા ભારી શબ્દો અને "ત્રાનસાનડેનટેલીઝમ" ના ધપકારાથી અંજાઇ જશો ના.

હીમતની બાબદમાં હું ધારૂં છું કે ઈંગ્રેજ લોકની બરાબર યુરોપની કોઈ બીજી પ્રજા આવી શકશે નહીં. ફ્રાન્સ અને જર્મનીમાં જયારે હું ફરતો હતો ત્યારે મેં ખુબ બારીક નેગાહ આ સવાલ ઉપર રાખી હતી અને મને કહેવા વગર ચાલતું નથી કે જીવપર આવી જવા માટે જેટલા ઇંગ્રેજો તતપર છે તેટલા બીજા કોઇ ન હશે. એ લોકનાં મોંહમાંથી bloody બોલ હર પળે નીસરી પડે છે. જરા જરામાં bloody fool, bloody ass વગેરે શબ્દોમાં જયાં હોય ત્યાં લોહી, લોહી, અને લોહી એવો લોહીવીકાર એઓને વળગેલો છે. મરદ તો તેવાજ પણ સાથે સ્ત્રીઓ પણ તેવીજ. એક વાર એક ખેલમાં ઉપરથી તારનું આખું પીંજરૂં ખાસ્સું એક મોટા ઓરડા જેવડું ઉતરી આવ્યું અને તેનું બારણું ઉઘાડતાંજ આઠ મોટા વાઘો દોડી આવી એક બીજામાં લડવા

લાગ્યા. થોડી વારે એક નાની અઢાર વરસની છોકરી હાથમાં ચાબુક લઇ એકલી આ પીંજરાંમાં દાખલ થઇ અને પોતાની આસપાસ ભુસ્કા મારતા આઠ વાઘોને ફડા-ફડ ફટકાવવા લાગી. બોલો, સુનાબાઇ સટાકો અને કુંવરબાઇ કાંગાલીઓ, તમો આમ કરશો? અરે કુકીબાઇ ને ડોસીબાઇ તો એક બાજુ રહયાં પણ પેસ્તનજી પોમેટમો અને માણેકજી પદેરાઓ તમે આમાંનો આઠમો ભાગબી કરી બતાવશો? ગુવા તમે કરતા! મેં લંડનમાં જોયું કે આલપ્સ પર્વત ઉપર ભયંકર ખીણો કુદાવીને દોરડાંની મારફતે ઉંચી ટોંચોપર પહોંચવાને કેટલાક શોખીન મુસાફરો પોતાના જીવ આપવા તૈયાર રહે છે. હજારો ફીટ ઉંડી ખાહીમાં એક દોરડાંને આધારે લટકતા ટીંગાઈ ટીંગાઇને ચહડવું એ ખ્યાલજ આપણાં હાડકાં ધુજાવે છે પણ એ હીમતવાન ઇંગ્રેજી મુસાફરની મોજ છે!

મારા વહાલા ચતુરબી ખરા. તમારે કોઇ ઠેકાણે જવું હોય અને ઓળખાણમાં આવવું ન હોય તો લેમ-બેઠ તરફ આવેલી એકાદ દુકાનમાં પેસો અને દશ મીનીટમાં તમને રંગરૂપમાં એવા ફેરવી મોકલશે કે સગી મા પણ તમને ઓળખે નહીં. કંઈ આંખ ઉપર રંગનો આમ ચપકો ને ગાલ ઉપર પેલી મેર ડપકો લગાડી જુવાનને ઘરડો અને ઘરડાને જુવાન એવો બનાવી મેલશે કે આપણે પોતે પોતાનેજ ઓળખ્યે નહીં.

પ્રકરણ—૧૭ મું.

સવાલ સેહેજ પુછાશે કે એ વળી "આગળનું" નવું ખેણ શું છે? જરા સબર અખત્યાર કરોજી. તેનો પણ ખુલાસો આપું છું. ગયાં અઠવાડયાંમાં એક કદરદાન મીત્ર લખે છે કે "તમારી રસીક કહાણી બહુ વંચાય છે અને ગવાય છે પણ તેનું મથાળું યોગ્ય નથી. તમે મારસેલ્સ તો ક્યારના છોડી ચાલ્યા અને હજુર જાણે ત્યાંજ ઠબી બેઠા હોય તેમ શામાટે લખો છો? મને આ વીચાર ઈંગલંડનાં પ્રખ્યાત "નાઈનટીન્થ સેન્ચરી" ચોપાનીઆં ઉપરથી આવ્યો. જ્યારે ઓગણીસમી સદી પસાર થઇ ગઈ અને વીસમી સદીમાં પેઠા ત્યારે આ મહાન ચોપાનીઆંનું પ્રીય નામ બદલીને 'વીસમી સેન્ચરી' નહીં રાખ્યું પણ તેના પરવરતાવનારાઓએ એક અચ્છો તોર શોધી કહાડી તેનું મથાળું બદલયું કે 'ધી નાઇનટીન્થ સેનચરી એન્ડ આફ્ટર' તેમ તમેબી કરો તો ઠીક." આ સુચના ઝટ મારાં મસ્તકમાં ઉતરી ગઈ છે અને પટ દઇને અમલમાં મેલી છે અને તે માટે હું મારા સૌચન્ય મીત્રનો આભારી છું.

પણ હાયરે, ગયાં અઠવાડીઆંમાં મેં શું બલા માથે હોરી લીધી. પીંકના જામ જેલી બનાવનારાઓનું વર્ણન અને સસ્તી ચોપડીનાં પીંજણ લખી મેં જરા

દેશી જવાન્યાઓને ચીમકી લગાવી ત્યારે હું થોડુંજ જાણતો હતો કે હું ધારદાર હથીઆર સાથ ચેડાં કાઢું છું. બીજે સોમવારે હું મારી આફીસના ઓટલા ઉપર પગ મુકતાં જોઉં છું શું કે બાર પંદર સાહેબો ભેગા મળી મારી રાહ જોતા હતા. આપણે તો ગભરાયા કે લખતાં કાંઇ ચીમકી ઝાઝી લાગી ગઇ છે કે શું? આ બધા હાથમાં લાકડી ને બગલમાં પોથા મારી શેના આવ્યા હશે! મેં નમ્રતાથી પુછપરછ કરી કે "કેમ ભાઇઓ કોને પુછો છો, કેમ ભેગા મળ્યા છો?"

"અમે તમારી સાથ જરા વાત કરવા માંગયે છીયે."

બાપા મારા, નક્કી આજ કાંઈ આદાંની સુંઠ થઇ ગઇ છે. એ તો આમજ તો—લાડવો ખાય તે લપડાકબી ખાય.

"શું છે ભાઈઓ, કહો તો ખરા!"

"તમે ગઇ પરમ દીનનાં "મોદીખાનાથી મારસેલ્સ"માં જે સસ્તી ચોપડીઓ અને બીજાં વર્ણન કર્યાં છે તે અમને મહેરબાની કરી દેખાડશો?"

આહ! ત્યારે આ કાંઇ બરડાની બેવડ થવાની વાત નથી, આ તો મહેતાજીની સોટીનો ચમચમાટ છે. બંદાના રૂખસાર ઉપર સંતોષની સુરખી પ્રગટી નીકળી.

"પધારો, સાહેબો, ભલે પધારો. જે મારી પાસે છે તે આપની સેવામાં હાજર છે."

સઘળું લાહુલશકર ઉપર આવ્યું અને ચોપડીઓ આમ તેમ ફેરવીને જોઈ. પોતપોતામાં મસલહત કીધી અને મોટી જાડી કેતાબોની પાંચ ને છ આના કીમત જાણીને બહુ ઓચંબો પામ્યા. હું મનથી મગન થયો કે વારૂં લખાણબાજીનાબી આવડા પ્રતાપ છે! પણ હજુ તો મોહોડાં ઉપરથી રમુજનો રણકો ઉડી ગયો નથી એટલાં બીજી સ્વારી આવી પહોંચી.

"સાહેબ, તમે પેલા છ શીલીંગ ફોટો એનલાર્જમેંટ વીષે લખો છો તે જરા દેખાડશો?"

અંહ! વાત–જરા ગરમ પડવા માંડી ખરી–પણ કાંઇ નહીં–ભલા કર ભલા હોગા—"જુઓ ભાઇ, આ રહયા" આમ કહી મારૂં પોતાનું કમીનું એનલાર્જમેંટ આગાળ ધર્યું, પરીક્ષક ભાઇએ તે આઘેથી જોયું, પાસેથી જોયું, આંખ ચુંચી કરી જોયું, અને હકીરની મુર્તીને પોતાનાં કલ્પના મંદીરમાં મરડી મચડી નાખી. તેઓએ ભાવ પુછયા, ઠેકાણાં પુછયાં અને વીદાય થયા. પણ સબુર કરોજી, હજી તો ધાડ આવે છે. ટપાલ ખોલ્યો તો બાર કાગળો આવેલાં કે 'પીંક કંપનીનું નામ ઠામ આપજો, પૈસા કેમ વાળવા તે લખજો, શું મંગાવવું તે વર્ણવજો, ખપશે કે નહીં તેનું મત આપજો, ચોપડીઓનું લીસ્ટ મોકલજો, માંહેથી કવીતાની ટીપ જુદી આપજો,' ઇત્યાદી ઈત્યાદી ઇત્યાદી. બહારગામથી આમ લખે તે તો વારૂં સમજ્યા. પણ કેટલાક સાહેબો તો મુંબઇથી

બેઠા બેઠા ટપાલમાં ચચાર પાના ભરી વીગતો લખી માંગે છે તે લોકને નમનતાઇ સાથ જણાવું છું કે શેઠીયાઓરે, આમ જો સર્વેને કાગળના વીગતવાર જવાબ લખવા બેશું તો કાલનું કાલ પાછું વીસબાડન જવું પડે તેનો કાંઇ વીચાર કીધો! જુઓ આવાં કાગળો માંહેનો એકજ નમુનો તમારી ખીદમતગારીમાં રજુ કરૂં છું જે પરથી જણાશે કે વણ ખાધાની મોર્ચી તે કેવી થતી હશે:—

અમથી થોડીજ વીગત જોઇયે છે!

તા૦ ૨૭ મી ફેબરવારી ૧૯૦૧.

નેકનામ કદરદાન શેઠજી જાહાંગીરજી
બેહેરામજી મરઝબાન,
જામે જમશેદના માલેક
મુંબઇ.

જત તસ્દી આપું છું તે માફ કરવી. સબબ તમારો અમુલ્ય વખત રોકવા સરખું છે. તે એ કે આપ સાહેબનાં જગ જાહેર "જામે" માં તા૦ ૨૪ મી ફેબરવારીના અંકમાં મુંબઈથી મારસે-લ્સના અતી રસીલા હેવાલમાં પીનસની જેલી જામ ખોરાકી બાબેનો ઇસારો આપેલો અને તે બાબે લંબાણ આગળ હેવાલ આપ્યો હશે પણ તે સેવકના વાંચવામાં આવેલું નહીં તેથી એ પીનસ

કું૦નું Full address તથા Fleet streetના કીંગ કું૦ બુકસેલરનું Full addressની નવાજેશ કરશો તો બહુ મોટો ઉપકાર થશે.

બીજું શેઠજી એ કુંપનીઓપર **નાણાં શી તરે વાળવાં** એકદમ મોકલવાં કે અરધાં આગળ ને અરધાં માલ મળેથી ને તે **શી તરે કોઈ બેંકના ચેકથી કે કોઈ વેપારીની પેઢીની હુંડીથી?**

જેમ તમો સાહેબે બુકના ૧ શેટના રોકડા આપ્યા તેથી આગબોટપર માલ તેમાંજ ચડાવી આપ્યો તેમ કરવું બેતર ને કીફાયત પડશે તેમ કરવું કે **શી તરે.** બીજું એક આખો સટ ૪૯૦ બુકોનો આવે છે પણ તેમાં કઈ કઇ ચોપડીઓ છે. એટલે **કયા કયા** Authors ની તે જાણવાની જરૂર છે. જો આપ પાસે Catalogue હોય તે મોકલવાની મેહેર કરશો તો તરત પાછી વાળશું.

બીજું ૪૯૦ ચોપડીઓનો એક શટ છે તેમાં Poots વગેરેનાં works છે પણ જો અમો ૪૯૦ ચોપડીમાંથી બધાં Poetical works મંગાવ્યે જેમ કે ૧૨ Milton ના ૧૨ Dryden ૧૨ Tennyson ૧૨ Pope ૧૨ Coleridge ૧૨ Shakspere ૧૨ Cowper **તો તે મોકલે**

કે **નહી** કે Set જ મંગાવવો જોઇએ તે મહેરબાની કરીને ખુલાસો કરશો તો મોટો ઉપકાર થશેજી ને એવાંજ works નાં સારી બાઈંડીંગવાળી ચોપડીઓ બાબે આપ લખો છો તે **અરધે** દશ આનાને ભાવે મળશે તો તેનોબી સટજ **આવશે કે મંગાવયે તે સટ મોકલશે** એના Catalogue માં ખુલાસો હોય તો જરૂર Catalogue મોકલજોજી.

તેજ પ્રમાણે Oilman stores બાબે "પીન્સ" ની કુંo વાળાપર લીસ્ટ **મોકલવું કે કાંઈ ચોકસ રકમ મોકલવી** કે તેમાં તે બધું નમુના તરીકે મોકલી આપશે તેમાં તેના મેકરની જેમ Huntly Palmer, Peak Frean બીસકોટોના ડબ્બા આવે છે તેવી બીસકોટોના ડબબાબી મંગાવ્યા હોય તો પોતાની બનાવટની બીસકોટોના **ડબા બી મોકલે કે કેમ તે** પણ જણાવજોજી.

ઘણીજ તસ્દી છે. આપ કહેશો કે હાથ આપતાં પોંચાને વળગો છો પણ લાચારીએ આ તસ્દી આપને મોટા મનના જાણીને આપી છે તે માફ કરશોજી. એ બેઉ કુંo ના Catalogue હશે તો તે મોકલશો તો અમો તેમાંથી જાણી શકશું કે

આપને વધુ તસ્દીજ નહીં. અમારો વીચાર છે એ બેઉ કું૦ નો માલ મંગાવી સેહેજ નફે વેચવા. લાખની પાન.

તસ્દી માફ કરશોજી.

લા૦ દુવાગો સેવક,

....

ફક્ત હાથ આપતાં પોંચો! આંગળું આપતાં પોંચો, માથું, પેટ, પગ સઘળું ઝીલાઇ ગયું. પણ હવે એ રડાકુટો છોડી આગળ ચાલ્યે.

તમે દરરોજ દર દોસ્તદારોને ચીઠી ચીઠા લખો છો અને જરી કસબના શાદીના કાર્ડો અને ગીલી લગાડનારા ક્રીસ્ટમસ કાર્ડો મોકલો છો પણ કોઇ દહાડે તમારા જીવ સાથે એવો સવાલ કીધો છે કે એ સઘળાં ક્યાંથી આવતાં હશે અને કેમ બનતાં હશે? દરરોજ ફક્ત મુંબઇનાંજ વર્તમાનપત્રો માટે હજારો ટન લીલાં, પીળાં અને ગોલાબી કાગળોમાં મસ્કાદાર મીઠી મીઠી વાતો વાંચીને તેમાં પછવાડેથી લીલો હલવો અને કોઈવાર જુનાં ખાસડાં વીંટાળો છો તો જરા જાણવાની ખાએસ તો કરો કે એ કાગળના ઉદયોગ પાછળ કેટલાં કરોડો મગજો ઝીખાતાં હશે અને કેટલાં અબજો રોકાતાં હશે! લંડનની આસપાસ જોવાજોગ જગ્યાઓમાં હું ઘણી અગત્યની પદવી કાગળ બનાવવાનાં મહાભારત

કારખાનાઓને આપું છું. પોણી મુંબઇના કાગદીઓને અને લગાભગ સઘળાં પ્રેસોને કાગળ પુરાં પાડનાર કારખાનાઓ લંડનમાં બે છે. જોન ડીકનસનની કુંપની અને એડવર્ડ લોઈડની કુંપનીનાં નામો એટલાં મશહુર છે કે તેઓનાં કારખાનાં જોયા વગર પાછું ફરવું એ એક પુરાણા છાપાવાળાને માટે સરફ હેમાકાત જેવું ગણાય. જોન ડીકનસનવાળાઓની કુલ પાંચ મીલો છે. તે માંહેથી એકાદ બેનું રમુજી વર્ણન હું મારી યથા શકતી મુજબ આપીશ.

લંડનથી ત્રીસેક માઇલના રસ્તા ઉપર હર્ટફર્ડશાયરમાં તેમની પાંચ મીલો આવેલી છે. એમાંની સર્વથી જોવાલાયક મીલ જેમાં કસ્બી ફીનારીના કાર્ડો અને એનવીલપો વગેરે બને છે અને જેનું નામ એપસ્લી મીલ છે તે જોતાં આ લખનારને એક આખો દીવસ થયો હતો. હું જ્યારે સુમારે બાર વાગે પહોંચ્યો ત્યારે મીલની ઠણઠણ કરતી બે ઘોડાની ગાડી સ્ટેશન ઉપર હાજર હતી અને ખુદ મીલ ઉપર ચીફ ડાયરેકટર પોતે હાજર રહયા હતા. જોન ડીકનસનની કંપનીની કુલ થાપણ લગાભગ પોણા કરોડ રૂપીઆની છે. તેઓ દર અઠવાડીએ બસો ટન એટલે જે સાડાચાર લાખ રતલ કાગળો કહાડી શકે છે. એપસ્લી મીલમાં કોલસાથી ચાલતાં બે જબરદસ્ત એનજીનો ઉપરાંત પાણીથી ચાલતાં ચાર એનજીનો છે. તેઓના કોલસાનો ભંડાર

એટલો મોટો છે કે તેમાં એકીવારે ચાર હજાર ટન કોલસો સમાઈ શકાય. આ કોલસો મીલની માંહે ખોદેલી નહેરમાં સ્ટીમ બાર્જોમાં આવે છે અને તેમાં એવી કળા કરેલી છે કે જેમ કુવા માંહેથી પાણી કહાડવાને રેહેંટ ફરે છે તેમ લોહોડાંની સ્ટીમથી ચાલતી રેહેંટ આ બાર્જની અંદર પેસી કોલસો છેક એનજીન રૂમ સુધી લઇ જઇ પોતાની મેળેજ બોઈલરોમાં નાંખે છે. એટલે જે, આ તરફ બોઈલરોમાં છાતી તોડ મહેનત કરી કોલસાના કડછા મારતા જે સ્ટોકરો આપણે જોઈયે છીએ તેવું ત્યાં કાંઇ નથી. આ કોલસાની રેહેંટ સદા ફરતી રહે છે તે એવી રીતે કે આગનાં મોહોમાં કોલસો રેડીને જમીન તળેથી બાલદીઓ ઠંડી થતી થતી પાછી બાર્જમાં જાય અને પોતાની મેળેજ કોલસો લઇને બોઈલર ભણી મુસાફરી કરે છે. આ પ્રમાણે સેંકડો ટન કોલસો બોઇલરોનાં પેટાંમાં નાખવા છતાં ત્યાં ફક્ત એક માણસ આખો દીવસ દેખરેખને માટે હાજર રહે છે. પણ આ મીલમાં સર્વથી જોવાલાયક ત્યાંની કામ કરતી નાની છોકરીઓ છે. એપસ્લી મીલમાં પુરૂષ કામદારો ઉપરાંત સુમારે એક હજાર ઉપર છોડીઓ કામ કરતી હશે. એકેક છોકરી આખા દીવસમાં સરાસરી પચાસ હજાર એનવીલપો બનાવે છે. આ એનવીલપ બનાવવાના સાંચાનું વર્ણન કરવું યા સમજાવવું એ એક આફત જેવી બીના છે. એક બાજુ કાગળનો ઢગ

અને બીજી બાજુથી તૈયાર વાળેલું, સરસ લગાડેલું એનવીલપ જોઈ લેવું. આ એનવીલપ એક પછી એક મુસાફરી કરતું સેવટના ઢગ આગળ જાય છે ત્યારે જાણે એકાદ સ્પેશીયલ ટ્રેન એનવીલપ કાગળની બનાવેલી દોડતી હોય એવો ખ્યાલ ભેજાંમાં ઉત્પન્ન થાય છે. હું ધારૂં છું કે આ છોડીઓને તેઓનાં કામ પ્રમાણે દામ મળતું હશે, કારણ કે તેઓ પોતાનાં કામમાં નીચી મુંડીએ એવી મશગુલ રહે છે કે આપણી તરફ ઝાંખીને જોવાનીબી તસ્દી લેતી નથી, બલકે તેમ કરવાની તેઓને ફુરસુદજ નથી. આ છોડીઓનાં કામ કરવાનાં દીવાનખાનાનું એક ચીત્ર પાશે આપવાની રજા લઉં છું.

આ મીલના કામદારો અને તેમનાં છોકરા છોકરીઓ સુખી અને ખુશાલ રહે અને પોતાની માનીતી મીલોને વળગી રહે તેમાં હું નવાઈ જોતો નથી કારણ કે આ કામદારોને ખુશાલ રાખવા માટે તથા પોતા તરફ ખેંચી રાખવા માટે મીલના ધણીઓ વખાણવાજોગ કાળજી બતાવે છે. દાખલા તરીકે ક્રોકસ્લી મીલમાં પહેલાં તો એક ફાયર બ્રીગેડ સ્થાપવામાં આવી છે. કામ ખલાસ થયું કે કામદારો તથા તેમનાં બચ્ચાંઓ માટે એક બેંડ સ્થાપ્યું છે, જે બેંડમાં વગાડનારાંઓબી મીલનાં કામદારોજ છે. પણ વાજીંત્ર વગેરેનો સઘળો ખર્ચ મીલમાંથી થાય છે એટલુંજ નહીં પણ મીલની

થાપણમાંથી ચોક્કસ રકમ દર વરસે જુદી કહાડી તેમાંથી નાનાં સ્વચ્છ પણ કુશાદે મકાનો બાંધવામાં આવે છે અને તે મકાનો મીલનાં કામદારોને ઘણાજ કીફાયત ભાવે ભાડે આપવામાં આવે છે. આવી રીતે મીલની પડોશમાં સુમારે એકસો બંગલાઓએ અથાગ જમીન રોકી છે અને ત્યાં વસ્તા મેહેનતુ પણ ગરીબ કામદારો પોતાના શેઠોને દુવા દે છે. એક પુરૂષ પરણેલો હોય અથવા પરણવા ઈચ્છે તો તેની બાયડી છોકરાં વગેરે સઘળાં મીલમાંજ સમાઈ જાય છે. એટલે જે મીલમાં ખાલી પડતી જગ્યાઓઓ ઉપર તેમનો પહેલો હક ગણવામાં આવે છે. આ લીધે બને છે એવું કે મીલનાં એક ખાતાંમાં બાપ, મા, બેટી તથા બેટાઓ સાથે કામ કરતાં ઘણીવાર જણાય છે. કોઇબી કામદાર કાગળની બનાવટના સુધારા માટે, બચાવ માટે અથવા ઉદયોગને ફાયદો થાય એવું કાંઇબી શોધી કહાડવા માટે કાંઇબી સુચના કરે તો તે માટે મોટાં ઈનામો દેવાલે દેવાલ ડાયરેક્ટરોએ ચોંટાડયાં છે. વળી મીલમાં કામ કરતા નાના છોકરાઓને પણ વીસારવામાં આવ્યા નથી. છોડીઓ માટે સીવવાના વર્ગો, રાંધવાના વર્ગો, નર્સીંગના વર્ગો, અને વેતરવાના વર્ગો માટે જુદી જુદી માસ્તરણો રાખી છે; તેમજ છોડાઓને સુથારનું કામ, કોતરકામ, કાગળ બનાવવાનો ઉદયોગ, વીજળીની વીદ્યાના મુફત કલાસો મીલને ખર્ચે ચાલે છે. પણ જ્યાં

જુવો ત્યાં કામ કામ અને કામજ નથી. છોકરીની જાત એટલે જરા નાચ્યા વગર તો ચાલે નહીં. એટલા માટે તેઓને માટે ડાનસીંગ કલાસીસ કહાડયા છે અને ઘણું ખાઇને ગીદ્દર બનેલી પોરીઓ માટે કસરતશાળા પણ સ્ત્રી શીક્ષકોને હસ્તક ઉઘાડી છે. બહેસ્તીઓનો જીવ સફળ જાય છે, કારણ કે મીલની બહાર કમપાઉંડમાં અજવાળીયાંમાં બે વાર બેંડ વાગે છે, જ્યાં છોડા છોડીઓ એક બીજા સાથ ભેળાઇને નાચી નાચીને થાકે છે. પણ હજી આગળ ચાલો. આ પરોપકારી કારખાનાવાળાઓ પોતાનાં કામદારોના સુખ અર્થે એક પળ જંપીને બેસતા નથી. તેઓને રીઝવવા નાટક મંડળી, ક્રીકેટ કલબ, રાઇફલ કલબ વગેરે સ્થાપ્યાં છે. હવે કહો કે આવા સમજદાર, દયાળુ દાઝવાળા માલેકોની નોકરીમાંથી જવાનું કોણ પસંદ કરે? આપણી તરફ મીલ મજુરોના પરસેવાપર ડુંબા બનીને ફાટી જતા મીલ માલેકોએ પોતાના કંગાળ કામદારોનાં સુખને માટેનું આ માંહેનું એક સોનું પગલું પણ ભર્યુ છે? મુંબઇની મીલનો કામદાર મરે કે જીવે તેને માટે કોઇને કંઈ પણ દાઝ છે? નહીં. અહીં તો ગણત્રી એટલાપરજ આવી અટકી છે કે એમને મારો ગરદન, એમની કાયાનું નખોદ થાય તો ભલે, પણ આપણી હજારોની માસીક ઉપજમાં એક પૈનો પણ ખાડો આવવો ન જોઈયે.



બન. ઠીરનગરની એપસતી મોઢ આનતીલાય ખાતું.

પ્રકરણ ૧૮ મું.

"એ ચંચળ, ધારે-ધારે-ધારે-ધારે
દમે ભાલે રખીએ પૈયાં તું."

કાંઈ વાત! ધીર શાની ને વીર શાની. કાગળની મીલોમાં કામદાર છુકરીઓ નીચી ડોકીએ સારો દીવસ કામ કરીને પોતાનાં માતપીતાને ઘર ખરચમાં મદદ લાગે અને ન કમાય તો ભુખાં સુવે. અહીં કાંઇ બાવા લાડ-કીઓના મામલા નથી. આપણાં ગુલઝાર મુંબઇ શેહેરમાં સવારનાં પોહોરમાં ગરમ આતશ જેવી રંગદાર ને પમરતી ચાહ આવે ત્યારે બાવીસ વરસની બાઇ સાહેબ અવાચી ખાઈને છતર પલંગપરથી ઉઠશે—તેબી શા સારૂં—નાહીં કે કામે જવાનો વખત થઇ જશે અને રોજીમાં ખલલ પડશે તે માટે—ના—ના—એ ફુટડીઓ સાડા સાત વાગતામાં છલંગ મારીને ઉઠશે ખરી, પણ તે રખે ચાહ ઠંડી પડી જાય તે માટે! પણ ઇંગલંડ તરફની હવાજ જુદી છે. તાંહાં તો મુસારો લાવો તો મસાલો ખાવો, નાહીં તો પેટે ઘાસનો પુળો બાંધીને પોઢી જાવો. મારાં ગયાં પ્રકરણમાં મેં કબુલાત આપી હતી કે, જોન ડીકનસનની મીલોમાં આનવીલોપ બના-વતી છોડીઓનું ચીત્ર આપીશ તે કબુલાત અત્રે પાળું છું.

આ છોડીઓ લગભગ આઠ કલાક મેહેનત કરે

અને તે છતાં કેવી! યા દાદાર! આપણી તરફની કાવલી સીલ્લાઓ અને સુનાઓ, આજે મરે તો કાલે બે દહાડા થાય એવી હીલ્લાંઓ અને પીલ્લાંઓ, ખલીર કાગડા ઉંચકી જાય એવી ધનમાયો ને આલાં-માયો, જરા વાંચો ને ખ્યાલ કરો. આ પચાસ હજાર આનવીલોપ રોજના બનાવતી એકેકી સોળથી અઢાર વરસની પોરીઓની હાથની કાંડી જુવો તો ખરા. પેશુ પેપરમીટોને એક છાપટ મારીને ઉરાડી નાખે, જો પાટી-આંની ભોંય ઉપર ચાલે તો આખો માળ ધમધમાવી મુકે. કામપરથી છુટે ને રસ્તામાં ચાલી જાય તો નરી બરછી વાઘણ!

પણ જવા દયોની, બળાપો કીધામાં સાર શું છે? જે ચીજ બનવાના આપણા દેશમાં ચાન્સ નહીં તે ઉપર પાંથરણાકુટણ કીધામાં હાંસલ શી! થોડુંક ઉપરજ 'જામે જમશેદ' માં સીલાઈના રોદરા અને દરજીના દરોરાનું હૈયાંફુટું વર્ણન આવ્યું હતું, એટલે આપણા ગામની સ્રીઓ પોતાના ભ્રથારો અને માત પીતાને સંસાર ચલાવવામાં મદદગાર થઈ પડે એવા ખ્યાલ ઉપર સેવકે સેવટનો પુરો મુકયો છે. આ 'જામે જમશેદ' જે ગુલાબી કાગળ ઉપર છપાય છે તે સપ-લાઇ કરનારા નામાંકીત એડવર્ડ લોઈડની પેહેડીવાળાઓને જયારે ખબર મળી કે ફુલીસકેપ અને કાર્ડ બનાવવાનાં કારખાના હું જોઇ આવ્યો છું ત્યારે તેઓએ મને આગ્રહથી ખાસ આમંત્રણ મોકલ્યું કે તેઓનું સીટીં-

બોર્ન ખાતેનું રાક્ષશી કાગળ બનાવવાનું કારખાનું જોવા વગર જવું નહીં. મારે પણ તે જોવુંજ હતું, કારણ કે મારૂં પ્યારૂં 'જામે' ત્યાં પેપર આકારે કેમ બનતુ હશે તે જાણવાની મારી હોંશ પહેલાંથીજ હતી. સીટીંગ-બોર્નનું કાગળનું કારખાનું એક કારખાનું નહીં પણ નાનું જેવું શેહેર છે. જયારે હું કહીશ કે આ મીલમાંથી દર અઠવાડીયે લગભગ 1000 ટન કાગળ નીકળે છે ત્યારે તમે તેના વીસ્તારનો કાંઈએક ખ્યાલ કરી શકશો. લંડનનાં બુચકલાં પત્રો જેઓની દરરોજ સવારના ૩ થી ૪ લાખ નકલો ખપે છે તેઓ માટે, તથા હાર્મસટનનું નવું પત્ર "ડેલી મેલ" જેની દરરોજની ૧૦ લાખ કોપી ખપે છે તે માટે, તેમજ પોતાનું અઠવાડીક પત્ર "લોઇડસ વીકલી" જેની ૧૩ લાખ કોપી ખપે છે તે સઘળાં માટે આ જંગી કાગળનું કારખાનું ખોરાક પુરો પાડે છે. કોઇ સવાલ કરશે કે આટલાં લખ્ખો પત્રોની નકલ માટે કાગળ બનાવીને રાખતા કયાં હશે અને તેને માટે પેટ ભરતો મસાલો, ચીથરાં વગેરે લાવતા કયાંથી હશે? એ સઘળાંનો ખુલાસો હું સેહેલમાં આપીશ. પહેલાં તો કાગળ બનાવીને રાખી મેલવાની વાતજ નથી, બલકે તેમ બની શકે એવું છેજ નહીં. જો ફકત ૮ દીવસનોજ સ્ટોક બનાવીને રાખે તો માઇલ બે માઇલનાં ગોડાઉનો જોઈયે. ત્યારે કેમ કરતા હશે? સાંભળો. કાગળ બનાવવા માટે ચીથરાં તો પરવડે નહીં, કારણ કે દેશમાં

જેટલાં ચીથરાં પડે તેટલાં વપરાઇ ગયાં તો પછી શું આખાંને ભાંગીને આટો કરે? શું કાગળ બનાવવા માટે લાંગક્લાથના તાકા ફાડે? જેટલાં વરસ કે બે વરસમાં ચીથરાં નીકળી શકે એટલાંમાંથી તો એક વર્તમાનપત્રનું પણ પેટ ન ભરાય. એટલે લાચારીએ ચીથરાંને પડતાં મેલવાં પડયાં અને કાગળ બનાવનારાઓએ તેને બદલે બીજી જીણસો શોધવા માંડી. ત્યારે જાણવું કે હમણા છાપવાનાં કાગળોનો મોટો ભાગ "એસપાર્ટો" નામનાં ઘાસને ગુંદીને તેના માવામાંથી બનાવવામાં આવે છે. બીજો માવો લાકડાંના ઘાબમાંથી ઉપજાવે છે, જેનું નામ "વુડ પલ્પ" કરી રાખ્યું છે. હવે આ 'એસપાર્ટો' અથવા 'વુડ પલ્પ' ઇંગ્લંડમાં મળતાં નથી, પણ મોટા જથ્થામાં નોર્વેમાં ઉગે છે, એટલે લોઇડ મીલવાળાઓએ નોર્વેમાં મોટાં મોટાં ફારમો ખરીદ કરી ત્યાંથી 'એસપાર્ટો' ઘાસની અને 'વુડ પલ્પ'ની ગાંસડીઓ મંગાવવી કરી છે. દરરોજ પોતાનાં ખાસ બારકસોમાં ગાંસડીઓ આવે કે લાગલી ભીજવવાના ઓરડામાં ગઇ ત્યાં તેને દોહવીને માવો બનાવ્યો કે લાગલોજ ૧૧ પેપર મેકીંગ મશીનો ઉપર તેનું કાગળ બનતું ચાલ્યું. જેવું કાગળ બન્યું કે રોલો બારજીસમાં ચહડીને લંડન આવ્યાં. લંડન પહોંચતાંને વાર છાપવાનાં મશીનો ઉપર છપાયાં, વંચાયાં કે પાછાં કચરાની ટોપલીમાં ગયાં. એટલે એમ સમજો કે 'એસપાર્ટોની' ૧૦૦૦ ગાસડી સોમવારે સવારના ૧૦

વાગે સીટીંગબોર્નની મીલમાં ખાલી થઇ કે ૧૨ વાગામાં તેનો 'પલ્પ' બન્યો. 'પલ્પ' એટલે માવો, અને ૪ વાગામાં તો તેનું કાગળ બની મંગળવારે સવારના ફ્લીટ સ્ટ્રીટ લંડનમાં 'ક્રોનીકલ' ની ઓફીસનાં બારણાં આગળ આવી રોલો ઉભેલાંજ છે. મંગળવારે ૧૨ વાગે બપોરના પહેલું એડીશન પેપર છપાયું કે વંચાઇને સાંજના તો ખુણે પડ્યું. એટલે નોર્વેથી કાચી ઘાસની ગાંસડી આજે નીકળી તો પરમ દહાડે એ રદ્દ થયલાં જુનાં ન્યુસપેપર તરીકે ઇંગ્રેજી વોહરાજીઓને હાથ ગયલું જાણવું. આમ છે ત્યારે ગોડાઉનને શું આગ લગાડે! ગોડાઉનમાં ભરી મુકવા જેટલી ફુરસુદજ હોય કોણને? કુદરતી રીતેજ મારા મનમાં સવાલ ઉઠયો કે કદાચને કંઇ સંજોગથી નોરવેથી એસપાર્ટો ઘાસની કાચી ગાંસડીઓ આવતી અટકી પડી તો? શું લંડનમાં તે દીવસે વાંચવાનાં વર્તમાન પત્રો નહીં મળે? અરે યારો, વર્તમાનપત્ર વાંચવાની લંડનની ભુખનો તમને કંઈજ ખ્યાલ ન હશે. એ લોક કદાપી બે વારનું ખાધા વગર રહે પણ વર્તમાનપત્ર ન હોય તો હું ધારૂં છું કે ફ્લીટ સ્ટ્રીટ અને સ્ટ્રાંડની વર્તમાનપત્રોની આફીસો છાપ-રાંથી તળીયાં સુધી તોડી પાડે. આ મારી શંકા મેં મારી સાથે ફરતા લોઇડસ કંપનીના વડાને કહી. તેણે હસી હસી જવાબ દીધો કે તમારી ગણત્રી ખરી છે અને એવીજ ગણત્રી અમોએ પણ અગમચેતીથી કરી

રાખી છે. ચાલો આવો, હું તમને બતાવું. મીલમાંથી બાહેર પડયા કે પછવાડે એક જબરદસ્ત ચોગાનમાં ઘાસની ૧૦ થી ૧૫ લાખ ગાંસડીઓ આસમાન સુધી ચહડાવી મુકેલી. કબુ નોરવેથી આવતો સપલાઇ એક મહીનો સુધીબી અટકી પડે તો આ ગાંસડીઓ જવાબ આપે. મેં પુછયું કે આ હજારો વારની લંબાઇએ પડેલો ડુંગર કેટલીક થાપણ રોકનો હશે?

કાંઈ ઘણો નહીં, સુમારે ૬૦ લાખ રૂપીઆ! આ કાગળ બનાવવાનાં ૧૧ મશીનો આગળ એકવાર ઉભા તો ત્યાંથી ખસવાજ ગમતું નથી, કારણ કે દર એક મશીન એક મીનીટે લગભગ ૧૫૦ ફીટ લાંબુ અને ૧૫ ફીટ પોહોળું કાગળ બનાવેછે. એ લોર્ડવાળાઓએ ઓલજીરીયા, સ્પેન વગેરે મોટાં મોટાં જંગલોમાંથી 'એસપાર્ટો' ઘાસ ભેગું કરવાનાં કંટાકટો કીધાં છે. તેજ પ્રમાણે ઉત્તર આફ્રીકામાં એક જાતની કેળ થાય છે તેનો ઘાબ પણ કાગળ બનાવવાનાં કામમાં આવ્યાથી ત્યાં પણ મોટાં ફોરેસ્ટો કરી મુકયાં છે. એ લોક પોતાની મીલનો ઘણો ભાગ 'વોટર પાવર'થી ચલાવે છે અને હું જો ભુલતો નહીં હોઉં તો ચોકસ મોસમમાં એ લોક પાસ ૧૨૦૦૦ હોર્સ પાવર સુધીનું બળ મોજુદ છે. 'વુડ પલ્પ' બાર્જોમાં નોરવેથી ચોક્કસ રેલવે સ્ટેશન સુધી આવ્યા પછી સીટીંગબોર્ન મીલમાં લઇ જવા માટે એ લોકની ખાસ ટ્રેનો છે. કોઇ ગણત્રીબાજે એવી ગણત્રી કાગળ ઉપર

મુકી બતાવી છે કે જેટલું કાગળ એડવર્ડ લોઈડવાળા એક વરસમાં બનાવે છે તે જો એક વાર પનેનું કાપી કાઢયું હોય તો ચંદ્રમા સુધી જઇને પાછું આવે એટલી લંબાઈ થાય. પોતાની મીલમાં બનતાં કાગળથી તેઓ લંડન અને ઈંડીયાની માગણીને પુરા પડી શકતા નથી અને પોતાનાં કંટ્રાકટો અદા કરવા માટે તેઓ લગભગ ૧ લાખ ટન કાગળ બીજી મીલોનું વેચાતું લીયે છે.

પ્રકરણ—૧૯ મું.

હવે લખાણબાજીની નાવડી કીનારે આવતી જાય છે. લંડનનાં ખુણેખુણાં જોઇ વળ્યાં છીયે એટલે હવે એ પરીયાંના માળાને, પાપના ભંડારને, ઉદયોગના સાગરને, અને ચતુરાઇના ચોકને છેલ્લી રામ રામ કીધા અગાઉ થોડી ઘણી ઉટકી ચુટકી નોધો ટપકાવી લઇશ કે જેથી મારૂં વર્ણન સંપુર્ણ કહેવાય. એકાદ આગલાં પ્રકરણમાં 'ટાવર બ્રીડજ'નો મેં જે હેવાલ ચીત્ર સાથે આપ્યો છે તેવુંજ એક બીજું મહાભારત ઇજનેરી કામ "બલાકવાલ ટનલ" કરી છે. લંડનમાં જગાની મારામાર એટલે ટેમ્સ નદીની તળે રસ્તો કોતરી કહાડી ત્યાંથી ગાડીઓ આવજા કરે એ પણ આ જમાનાની એક કરામત છે. નીચે 'બસ' દોડે અને ઉપર સ્ટીમરો ચાલે! આ ટનલ બાંધવી ૧૮૯૨ માં શરૂ કરી અને તે

માતૃશ્રી રાણી વીકટોરીયાને નામે પ્રીન્સ ઓફ વેલ્સે ૧૮૯૭ માં ખુલ્લી મુકી. એટલે પાંચ વરસે આ ગંજાવર કામ પુરૂં થયું. અગાઉ ટેમ્સ નદીની પેલે પાર જવા માટે હોડીઓ અને પડાઉઓ કામ લાગતા હતા, તે હવે એકત્ર થઇ એક દેશ થઇ ગયો છે. આ ટનલ માંહેથી ૨૩ ફીટ પોહોળી છે અને સામસામી બે મોટી ગાડીઓ આસાનીથી પસાર થઇ શકે છે. જોયા વગર આ મહાભારત બાંધકામનો ખ્યાલ ન આવે. આપણા એક હાંડામાં જરા કાણું પડ્યું હોય તો તર તર માંહેથી પાણી ગળી પડે અને રેવાણ દેતાં ઠાકયે, તો આ તો માથાંપર આખો સમુદ્ર પડયો છે ને તોય નીચે એક ટીપું જણાતું નથી. હું જ્યારે 'બસ' નાં ટોપ ઉપર બેસી આ ટનલમાંથી હાંકી ગયો ત્યારે મને અનેકવાર વીચાર આવ્યો કે કદાચને આ ટનલનાં ટોપ માંહેથી સુમારે દશેક ફીટનો કકડો ભાગીને માંહે પડે તો! ઓ બાપજી! તેનો ખ્યાલજ કરવો ભયંકર છે. આ ટનલ છ હજાર બસો ફીટ લાંબી છે. અકસમાત બચાવવા થકી પાંઉખ્યાદાઓને માટે બંને બાજુએ ફુટપાથ રાખ્યા છે. આખે રસ્તે દીસાદીસ ઇલેકટ્રીક લાઇટો રાખી છે અને માહેની દેવાલ ઉપર ગલેઝડ સફેદ ટાઇલસ જડયાં છે કે ભીનાસ ન થાય અને વીજળીની બતીની ઝળે મારે. પણ ૬ હજાર ફીટની પાણી નીચેની ટનલમાં બફાઇ મરીએ તો? તેનો પણ ઉપાય કીધો છે.

પંદરસો ફીટને છેટે એકેકી ઉંચી ચીમની આસમાન ગમ બાંધી કહાડી છે અને તેમાંથી તાજી હવા એવી આવે છે કે અંડર ગ્રાઉંડ રેલવે કરતાં આ પાણીની નીચે ડુબેલી ટનલમાં વધારે ઠંડક રહે છે. આ આખી ટનલ ઉપર શું ખરચ થયો હશે? ફક્ત દોઢ કરોડ રૂપીઆ! મારે ખોલાસો કરવો જોઇયે કે આ ટનલ નક્કર લોઢાંની ટ્યુબની બનાવેલી છે. આ ટ્યુબ બે ઈંચ જાડી છે અને બહારનો ઘેરાવો ૨૭ ફીટનો છે. પછી એ ટ્યુબની અંદર સીમીટની કફ્લાત કરીને ઉપર ગલેઝડ ટાઇલસ લગાડયાં છે. નદીની તળે ૧૭ ફીટની ભોંય કાયમ રાખીને આ ટનલ દોડે છે. પણ પાણીને છેડયા વગર આવડું મોટું નાકું આરપાર કેમ પાડયું હશે એ સર્વથી મોટી અજાયબી છે.

ખરેખાત, લંડનની જાત ખરવસ્તર તો ખરી. એક તો મોસમનો ભરૂસો નહીં એટલે ગમે એવો ખુલ્લો દીવસ હોય તોબી હાથમાં છત્રી વગર ગયા તો અચાનક છર છર તુટી પડે તો સીલ્કની ટોપી ને અસ્રી કીધેલા ડગલાના જુઓ વાવટા! અરધો કલાક મેઘલાજી ગર્યા કે વળી તડકો પડે એટલે છત્રી તો ઉઘડાય નહીં. જાણવું કે એ લોકમાં ગમે એવો તડકો પડે તોય પુરૂષથી છત્રી ઉઘડાય નહીં. ગમે એવી તાઢ, ઠાંઠર, વરસાદ કે તડકો હોય તોબી સઘળા 'બસ'ના ટાપપર બેસવા માગે. તદન લેલેગુરે થઈ ગયા હોય તે અને

બહેણાની બરણીઓ માત્ર નીચે બેસે. ચાલીશ ડીગ્રી ઠંડી હોય તોબી બાનુઓની 'બસ' નાં મથાળાં ઉપર બેસવાની લુટાલુટ. 'બસ' દોડતી જતી હોય તે ઉપર આ લાડકીઓ દોડીને ઝડપ દેતી ચહડી જાય તેબી બે ઘડી જોયાજ કર્યું. આ વાર આપણી તરફના મોટા પેટવાળા અકાબરો જે લટકાથી ચાલે છે તે યાદ આવ્યાથી હું બહુ મન સાથ રીઝીઓ. પાવડાપરથી પગ નીચે મુકતાં કેવા બચારા આશી બાયલા જેવા ચાલે છે! એવા થોડાકોને લંડન મોકલવા જોઇયે. પેટ કહાડીને લટકા કરવા જાય એટલાંમાં તો ત્રણ ટ્રેનો ઉપડી જાય ને પેટપરથી પાંચ ગાડીઓ ફરી જાય. જેવાં માબાપ તેવાં છોકરાં. નરાં લાલ તુતી જેવાં, મકરે મકરાંની! આઠ નવ વરસનો થયો કે પોતે પોતાની સંભાળ લેવા શીખે. ગેરઇનસાફ થાય તો મુક્કા ચહડાવવે બહાધર. માઇલના માઈલ સુધી એકલો મુસાફરી કરે ને વાતચીતમાં સોળ આનાના સવાસોળ પુરા ચુકવી આપે. આપણી તરફનો બાર વરસનો લધ્ધો વાંદરે જવાનો હશે તો સાથે સીપાઇ, નહીં તો આયા તો જોઇયે. જો જરા આંગળાંપર દડો વાગો તો ડાકટરને બોલાવેલોજ છે. જરા અંધારૂં થતાં ઘેર ન આયો તો રડારોળ ચાલેલીજ છે. જરા બારીએ ટીંગાયો તો કહેશે "બાવા સીધો બેસ, પરી જશે!" આવાં કારણોને લીધે અત્રે વસ્તા ઇંગ્રેજો આ દેશને પોતાનું જાથુકનું

વતન કરતા નથી, અહીંના ખુશામદીઆ નોકરોને લીધે પોતાનાં બચ્ચાંઓને કેળવણી આપવા સારૂં વેલાત મોકલી દે છે. આમ જો ન કરે તો હું તેઓને બેવકુફ સમજું. શું કરવા આ દેશમાં રહે? જેઓની જીંદગી વેલાતમાં તો સાંજના સાત વાગા પછી શરૂ થાય તેઓને અહીં સાડાસાત વાગતામાં ઘોંટાઇ જવા કહે ત્યારે જીવપર છરી ફરે તેમાં નવાઈ શી છે!

આપણી તરફ તો મોટે ઘેર ખાધા પીધાના ફ્રેસ્તાબી ઘણા છે. લગનમાં ગયા ને સાહાસની માછલી-પર હાથ માર્યો, તેમજ જરતો, નહીં જરતો વીસ્કી ધીચીને પેટમાં પોપટી બોલાવી ને ઘેર આવીને ઘોંટાઇ ગયા. તેવા હીસાબે લંડનમાં ચાલવા જશો તો હાડમાર થશો. પહેલાં તો કોઇને ત્યાંનું મળવાનું ઇજન આવે કે હાય સોસારામાં પડીયે કે વળી પેલો અગાલી હેલ જેવો પુછડીઓ ડગલો ને ત્રીમત્રાક, ગલું કાત્રી નાખે એવો કાલર પહેરવો પડશે. કાલર કે શર્ટ ઉપર જરાબી ડાઘ ચાલે નહીં. જરાબી ડુચાયલું કપડું ચાલે નહીં. નરા દરજીની દુકાનમાંથી નવી અસ્ત્રી થઇને નીકળ્યા હોઈયે તેમ જોઇયે. વારનીસના કોર્ટ શુઉ પહેરવાં જોઇયે. પગમાં કાળાં રેશમી મોજાં જોઇયે. બાલ તુરતજ હેર ડ્રેસરની દુકાનમાંથી કરાવી અતરંગના અતરંગ જવું જોઇશે. બહાર ઉભેલા વેટરો એવા ચતુર હોય છે કે તમે ગમે એવા છેલછબીલા થઈને જશો તોબી એક પલકા-

રામાં પામી જશે કે તમે હાંડાશેઠ છો, ઇજનેર છો, ગ્રહસ્થ છો કે ઉમરાવ છો. તમારા મુછના તાવ, દાઢીનો ભરાવ, શર્ટનો ઉઠાવ કે શુઉના ટેકાવપરથી તેઓ પામી જાય છે. વળી જાણવું કે જો ડીનર ઇનવીટેશનમાં ૭—૩૦ નો ટાઇમ લખ્યો હોય તો ૭–૨૦ માં જઇને ઉભા રહેશો તો કોઈ વાર મેહેમાની કરનાર ઘરમાં હોય પણ નહીં. ને ૭–૪૦ વાગતે જશો તો ચપાટી જવા મંડી ગયલા જોશો. તમે જઇને ગાભરાં મારશો કે ઘડીઆળ સ્લો હતું અથવા ટ્રેન ચુકી ગયો તે કાંઇ ચાલવાનું નથી. તે લોક કાંઇ બોલશે નહીં પણ તુરત પામી જશે કે તમે યાતો ઘણા ઇચ્ચમજી કે યાતો ગ્રહસ્થ મંડળમાં આગ્રા ફરેલા નથી. બરાબર ટાઇમ લખ્યો હોય તેની પાંચ મીનીટ આગળ જવું. આપણે તો આવા ને આવા કામકાજના કાઢણીયા પડયા એટલે પા કલાક અગાઉથી ઘર આગળ જઇ પહોંચ્યે તો મોહોલ્લાને નાકે આમથી તેમ ફેરા આંટી ખાઇને બરાબર મુકરર ટાઇમની પાંચ મીનીટ અગાઉ જુડું જુડું હસ્તા દાખલ થઈએ. વેટર બહાર પડસાળમાં ઉભેલોજ હોય તેનો ઠઠેરો જોતાંજ ધસ્કો પડે કે સંઘ કાશી કેમ જશે. હાથમાં કીડનાં ગ્લવસ, ગુચ્છાદાર બાલ કરલ કરીને ચળચળ કરતા, ખાસ્સા દશ શીલીંગનો શર્ટ તેમાંથી કીસ મી કવીક કે પેચુલીનો બેહેકાટ આવે, ઝીણી ઝીણી મુછના તાવ દીધેલા અને વારનીસનાં શુઉ અને પુછડીઆ ડગલામાં સજ

થયલો! આપણે તો જાણે રેંજીપેંજી જેવા લાગ્યે. જેવા ગાડીમાંથી ઉતર્યા કે "allow me sir" કરી નાજુકાઇથી આપણા હાથમાંની લાકડી ટોપી લઇ વગેસગે મુકશે અને ઓવર કોટ કાઢીને ટાંગશે અને ડગલા ઉપર જુઠો સાચો બ્રશ મારશે. પછી દીવાનખાના આગળ જઈ જાહેર કરશે કે ફલાણા ફલાણા સાહેબ આવ્યા. સાહેબજી, સાહેબજી કરી શેકહેન્ડ કરી કે પાંચ મીનીટ—ઘણું તો દશ મીનીટમાં બટલર આવેલોજ છે. તે મોટે સાદે પોકારશે કે ખાણું તૈયાર છે સાહેબો. આપણા દેશમાં તો આઠ વાગે જમવાનું હોય તો સાત વાગેથી બોલાવીને આંટરડાં ચીચવાવશે. ઘરની એકાદ છોકરી જે આખો દીવસ પરોણાને અજબ કરવાની મકસદથી પ્રેકટીસ કરી કરીને ઠાકી હશે તે અખંતર જેવો એકાદ પીસ પીયાનાપર કુટી મારશે. ઘરધણી મનમાં સમજશે કે 'હું મારા કુટુંબની બાનુઓ કેવી હોશયાર છે તે બતાઉંછું ને હું કેવો સુખી છું તેનો ખ્યાલ આપું છું.' એણીમેર પરોણો હસ્તું મોંહ રાખી મનમાં બડબડતો બેસશે કે 'આ ભેજાંદુખાણ ક્યારે પુરૂં થશે. અહીં કોસો શેકાયછે ને આએ નકામું માથું કુટેછે.' આવા ઢંગ અને રંગ મેં શેહરે મુંબઇમાં અગત્ય કરી પારસી મંડળમાં અનેકવાર જોયા છે. પણ લંડન સોસાયટીનો તો તરીકોજ જુદો છે. ત્યાં મોટે ઘરે જમવા ગયા કે અકેક ગ્રહસ્થ એક એક બાનુને સોંપી

આપવામાં આવશે. હજુ તો જઇને સલામ અકરામ થઈ નહીં એટલામાં તો ચાલો જમવા. તમને સોંપેલી લેડીનો હાથ બગલમાં લઇને જવાનું ને આખો વખત તેની ગોરસી કરવાનું. સઉ કોઈની જગા પણ નેમી આપેલી. દરેક પ્લેટ ઉપર ત્યાં બેસનારના નામનો કાર્ડ મુકેલો. ઘણું કરી ઘરની વડી હેડ ઉપર બેશે, અને તેના જમણા હાથ ઉપર નોતરેલાંઓમાંથી જે સર્વથી વધુ ધપધપ્યો હોય તેને બેસાડે. ડાબા હાથ ઉપર ધપધપ નંબર ટુ! હેડની પેલે નાકે ઘરનો ધણી બેશે, તેના જમણા હાથ ઉપર સર્વેથી ઉંચી બાનુ, અને ડાબી બાજુએ નંબર ટુ બાનુ. ટેબલ ઉપર પરોણાઓને કેમ ગોઠવવાં એ ઇંગ્રેજોમાં એક મોટો હુન્નર કહેવાય છે અને ઘણીક ડીનર ટેબલોની ફત્તેહ આ પરોણાઓની રચના ઉપર આધાર રાખે છે. કોઈ ફડાકામારૂ કર્નલ પાસે ઘરડી તડાકામારૂ સ્ત્રી આવી ગઇ અને ટપાટપી ચાલુ થઈ તો બધો ઘાણ બગાડી જાય છે. પણ જાણે સમજો કે બધા ગોઠવાઇને બેઠા. ભુલે ચુકે ખંડોબા હાઈ કંપનીની ટેબલ હોય તો વીહસ્કી, સોડા કે બ્રાંડી માંગતા ના, નહીં તો હાજર રહેલી ફુલકસુરો પોતપોતામાં ઠીઠી હસીને તમારૂં પત જશે. માછલી સાથે ફુલાણોજ વાઇન, ગોસ્ત સાથે ફુલાણો અને ચોક્સ ડીશો સાથે ચમપીન એમ સઘળું સંસારી કાયદાથી મુકરર કરી આપેલું છે. તમે ભુલે ચુકે શેરીવાઇનની

વારી હોય ત્યારે ચમપીન માગો અથવા હોક કે કલેરેટને મળતી ડીશ હોય ત્યારે બીજા કોઈ દારૂની ઇચ્છા કરી તો તમારી પ્રતીસ્ઠાનો ડીસકાઉંટ પંચોતેર ટકા! સર્વથી સરસ પ્લાન એ કે ન સમજ પડે તો "no thank you" કરી ટુંકેથી ડાહ્યું. કારણ કે જીવ ધરાય તેમ તરસ મટાડવાનો સંજોગ આવે છે તે પાછળ જોશો. મારી વહાલી લેડીઓ વાઇનનું ગ્લાસ ભરાવીને ટીપું ટીપું ચુસીને પોતાની મમાઇ બપાઈ-ઓનાં ડોળા બાળે પણ મીન્જલસમાં આવ્યા અગાઉ તરનું ટાઢું કરીને આવે તેનો મુજાખો નહીં. ડીનર ઉપર લેડીઝોની હાજરીમાં રાજદ્વારી તકરાર કે વાત વગત થાય નહીં. એ લોક જમતાં જમતાં ઓછામાં ઓછો દોઢથી બે કલાક લે છે અને તેટલા અરસામાં કચકંઇ બાનુઓની ઈજતના વાવટા ફાડીને ચીથરાં કરવામાં આવે છે. મારા ટુંક અનુભવ ઉપરથી હું જોઇ શકયો કે ઇંગ્રેજી સંસાર મંડળમાં ચોક્કસ ગેરરીતીથી વર્તવાનું જેટલું પાપ નથી તેટલું તે ગેરરીતીમાં પકડાઇ જવાનું પાપ વધારે છે. જોઇયે તો પાપ કરો પણ પકડાઓ ના એ નીયમ ત્યાં વધારે જાએજ જણાય છે. વળી બીજું શું? એકાદ સ્ત્રી મેત્રીમોનીયલ કોર્ટ કે બીજી કોઈ ઇનસાફની અદાલતમાં નીતિનો કાયદો તોડવાના આરોપ માટે જાહેર થઇ કે ઇંગ્રેજી સોસાયટી તેણીને પોતાનાં મંડળમાંથી ઉરાડી નાખી ચુંથી પીખી

નાખે છે. પણ એવાજ અથવા એથી બદતર અપરાધ માટે કોઈ પુરૂષ ઝટકાયો તો ઉલટું તેના ઉપર ખાનગી મંડળોમાં વધારે જીપલાં નખાય છે અને તેણે શું મોટો વાઘ માર્યો હોય તેવી રીતે તેના તરફ જોવામાં આવે છે. એ લોકના જમવાના કાયદા પણ વીચીત્ર છે અને દરેક વેલાત જનારને અગાઉથી તેનો થોડોક અભ્યાસ કરવાની હું સુચના કરૂં છું. સુપ એકથી બે વાર માગવો નહીં. કોઈબી કારણે છરી મોહોડામાં લેવી નહીં. આંગળાંથી દાંતમાંનાં વળગેલાં તણખાં કહાડવાં નહીં, ભોંય ઉપર કાંઇબી થુંકવું નહીં, કારણ ઇંગ્રેજ લોક ઘણીક વાતે સુધરેલા છે અથવા સુધરેલામાં ખપે છે. એક ઈંગ્રેજ બાનુ પોતાના ડ્રોઈંગ રૂમમાં કોઇ ગ્રહસ્થને સ્મોક કરવા દેશે નહીં કે ડીનર રૂમમાં એક તણખુબી ભોંય ઉપર નાખવા દેશે નહીં. પણ કોઇ વાર જોશો કે એક ઇંગ્રેજને થુંકવાની તલબ થઇ કે ખીસાંમાંથી રૂમાલ કહાડીને હું કરી થુંકનો લબકો નાખી તે રૂમાલનો ડુચો કરી પાછો ખીસામાં ખોસી દેશે અને અરધી ઘડીમાં તેજ રૂમાલ પાછો કહાડી તે વડે મોહડું લુછશે. બોર કે દરાખ કે એવી કાંઇ ઠળીઆવાળી ચીજ ખાઇને તેના ઠળીઆ ભોંય ઉપર થુકાય નહીં પણ રૂમાલમાંજ ખાલી કરી તે રૂમાલ ઠળીઆ સાથેજ ખીસાંમાં દાબી દેશે. વળી ઘણાક લોક તો ખીસામાં એક દાબડી રાખે છે તેમાં થુકીને દાબડી ગજવામાં મુકી દે. હું ખરૂં કહું છું કે સુઘડતાના

બાબમાં આપણા દેશના ચોક્સ વર્ગોને હજાર ભલાઇ છે.

પણ હું આ શું પીંજન માંડી બેઠો છું! ખાણું ઠંડું પડી જાય છે અને હું ક્યાંનો ક્યાં આડો ફાટયો? જમી રહયા કે ડેઝરટ એટલે ફ્રૂટ, સુકો મેવો, પુડીંગ વગેરે આવે. જે ખલાસ થવા પછી સઘળી બાનુઓ રૂખસદ લેવા ઉઠે તે વારે સઘળાઓએ ઉઠીને ઉભા થવુ જોઇએ. જે કોઈ બારણાની નજદીક હોય તે ગ્રહસ્થ વહેલો વહેલો ઉઠીને બારણું ઉઘાડે અને સઘળી બાનુઓ ડ્રોઇંગ રૂમમાં પધે, તેમના જવા પછી વાત-ચીત, વીહીસ્કી બ્રાંડીનો બાહાર છુટે. સોડા વીહીસ્કી વગેરેની ડીકાનડરો ટેબલપર મુકીને વેટરો પણ ગેબ થઇ જાય એટલે પછી "ઇકલીઝીયાસ્ટીક પાર્લામેંટરી ટોક" બધી જાતની ટોક છુટથી ચાલે. છાંટોપાણી પણ જરા વધતા ઓછો ખરો. અરધો કલાક જવા પછી માંહેથી વળી શેઠાણીનું તેડું આવે કે ચાલો હવે ઘણું થયું—કાફી તૈયાર છે. એટલે બધા ડાહયા દોહરા થઈને ડ્રોઈંગ રૂમમાં જાય. ત્યાં પછી મ્યુઝીક ગાન તાન ગુલ-તાન કારડ નાસાગોસા વગેરે જે આપણામાં ખાણાં અગાઉ કરી લે છે તે સઘળું ખાણા પછી થાય. આપણે તો એણી ગમથી જમ્યા કે બીજી ગમથી પાનનો ડુચો મોહમાં માર્યો કે પાઘડી પહેરીને ચાલ મારા બાપ! તેણી મેર બધોજ ઉલટો મામલો. મળવું, ભેટવું, ગાવું, વગા-ડવું સઘળું ખાધા પછી. વળી જો જલદી જવું હોય તો

ઢોલ તાસા વગાડીને સાહેબજી સાહેબજી કરી આખી મીજલસને તોડી નાખવાનો રવઈયો નથી. જવું હોય તો ગુપચુપ સટી જવું. હવે છેલ્લી મુશકેલી રહી. મેજ ઉપર વેટર બટલર અને પીરસનારી છોડીઓનો ઠઠેરો એવો કે કુદરતી ગભરાટ થાય કે એ લોકને નવાજવું કેમ? કોઈ દહાડેબી શીલીંગ બે શીલીંગ એઓના હાથમાં મુકતા ના. કેમ કરવું તેનો હું રસ્તો સુઝવું છું. જ્યારે ડેઝરટની રકાબી મુકી જાય ત્યારે ડીનરનો ઠસ્સો અને નોકરોની સંખ્યા ધ્યાનમાં લઇ જે આપવું હોય તે અરધો સોવરેન કે સોવરેન હળવેથી કહાડી ડેઝરટ પ્લેટના ખુણામાં મુકવો! આ વાર બટલર અને પોરીઓ આસમાન ગમ જોતાં હશે પણ ભરૂસે રહેશો નહીં. તેઓની તનદ્રશટી આસમાન ગમ હશે પણ મનદ્રશટી તમોએ હળવેથી મુકેલા સીક્કા ગમ છે એમ નક્કી જાણજો. ઘરનો ધણી પણ બધું સમજે છે પણ જાણે કશું જાણતો ન હોય તેમ વર્તે છે. સઘળાઓ ડ્રોઈંગ રૂમમા ગયા પછી વેટરો તમોએ મેલેલો સીક્કો ઉપાડી લેશે ને પોતે પોતાની રીત પ્રમાણે વહેંચી લેશે. યાદ રાખવું કે છેકજ ઝીણું કાંતશો ના. આ દેશની પેઠે ત્યાં કાંઈ બે આની પાવલીથી કામ સરવાનું નથી. મોટે ઘેરનો બટલર તો આઠ આનાની ચીરૂટ એક લેહ-જામાં ફુંકી જશે. આના સંબંધમાં બે ખરા બનેલા દાખલા એક આ દેશમાં અને બીજો વેલાતમાં બનેલા મારા

એક અંગત મરહુમ મીત્રે કહેલા યાદ આવે છે. આ મીત્ર પહેલ વહેલા વીલાયત ગયા ત્યારે ત્યાંની રીતભાતથી અણજાણ્યા હતા એટલે એક મોટે ઘેર જમવા ગયા અને આ દેશની રીત પ્રમાણે ખીસાંમાંથી શીલીંગ કહાડીને ટેબઇતી રકાબી ઉપર મુકી પણ બટલરનાં નાકમાં સોળ ખાંડી ગંધ તોબી મોંહ ડાવકું રાખી પેલી શીલીંગને અડકયા વગર દુરથી આંગળી બતાવી કહયું "સર, આએ તમારો સીક્કો ભુલમાં ટેબલપર રહી ગયો છે." ઘણે વારે શેઠને સમજ પડી કે આ નાનો સીક્કો મોટે ઘેરના બટલરને ગળે ઉતર્યો નથી. આ તરફનો એવોજ એક બીજો દાખલો આપું. ઈંગ્લંડથી આવતી ઇંગ્રેજ બાનુઓ કોણ જાણે શા કારણથી અહીંના નોકરોને બહુજ હલકા ગણે છે અને પોતાનો જીવ અસાધારણ ચીસ્ટો રાખે છે. એક ઇંગ્રેજ બાનુ પોતાની લગભગ પાંત્રીસ વરસની ઉમરે પરણીને પહેલ વહેલાં હીંદુસ્તાન આવ્યાં. ઈશ્વર કૃપાથી પતીને પહેલીજવાર પુત્રની બક્ષેશ કરી. ઘરમાં આનંદ વ્યાપી રહયો. કારણ કે ઘણી લાંબી આશા પછી આ ગાદી વારસ પેદા થયો હતો. માસ્તર અને મડમ બહુ મગન થઇ ગયાં અને પોતાના કંઈ વરસોના એક પુરાણા પરદેશી નોકરને બોલાવીને મડમે ખુશીની બહારમાં ધરર દઇને અરધો રૂપીયો બક્ષેશ આપ્યો. ત્રીસ વરસની નોકરી બાદ આ અનહદ નવાજેશથી હેબતીજઇ નોકરે પોતાની સમયસુચકતા ખોઈ

નહીં. તેણે બે હાથે સલામ કરી મેમસાબને કહયું કે "મારી પેટી હમણા ભાંગી ગઇ છે તેથી એ રકમ તમારીજ પાસે રાખો વ્યાજે વધશે ને હું માંગી લઇશ."

પણ ચાલો હવે આ વીશય તમામ કરીશું. એટલું યાદ રાખવું કે કોઇએ તમને જમવા તેડયા તો ત્રણ ચાર દીવસમાં તેમને ત્યાં વીઝીટ આપવા જવાનો કાયદો છે. આ વીઝીટના સંબંધમાં થોડોક ખોલાસો હું આવતાં પ્રકરણમાં કરીશ.

પ્રકરણ—૨૦ મું

આપણા મુંબઇ શેહેરમાં અરસપરસ મુલાકાતની રૂઢી કમાલ એબોથી ભરેલી છે તે કોણ જાણતું નથી? સાંજના પાંચ વાગે બહાર જવું તો જોઈયે એટલે સાલ્લો ચહડાવીને મા દીકરીઓ અને સાસુ વહુઓ ગોઠવણ કરશે કે ચાલો રોજ ને રોજ પાલવા બંદરપર શું જયા કર્યે! આજે ફલાણી ચીણીને તાંહ મળી આવ્યે. આ પ્રમાણે રચના રચી સઘળું સંગ્રહસ્થાન કમનસીબ ફલાણી ચીનીને ત્યાં જઇ ધામો નાખશે અને આઠ વાગતા સુધીનું સાટું! આ વાર તેઓ ભુલી જાય છે કે બાપડી ફલાણી ચીણી પોતાના ભથાર કે બેટીઓ સાથ પોતે ફરવા જવાની હશે તેઓને આપણે અટકાવ્યે છીયે. એ અવીચારી રૂઢીને હું શરીયામ એકલ-

પેટાઇની ઉપમા આપું છું. પોતાને સોહોવાવાને ખાતર પારકાને અગવડ કેટલી થાય છે તેની ગણત્રી કરવામાં આવતી નથી, અથવા ગણત્રી કરવામાં આવે તો તેની દરકાર રહેતી નથી. આ સઘળું લંબાણથી લખવાનો મારો હેતુ એવું દેખાડવાનો છે કે ઈંગ્લંડનાં લોક આવા આવા સંસારી જરબો ખમી ખમીને ચગોર બન્યા છે. તેઓએ કસી કસીને આ વીઝીટો અદલ બદલ કરવાનો રવૈયો એવો તો ચાલતી છરીની ધાર પેઠે બારીક બનાવ્યો છે કે તેઓને હવે કશી હરકત પડતી હોય તેમ જણાતું નથી—ઘણાં ખરાં મોટે ઘરનાં લોક અઠવાડીયાંનો એક દીવસ અને વળી તેના પણ ચોકસ કલાકો વીઝીટરોને રીસીવ કરવા માટે જુદા કહાડી રાખે છે. દાખલા તરીકે—મંડળમાં જાણીતી વાત હોય છે કે ભેસ્પતવારે ત્રણથી પાંચ સુધીનો ટાઈમ લેડી હેમીલટનનો "એટ હોમ" નો મુકરર કરેલો ટાઇમ છે. આ વખતેજ સઘળા વીઝીટરો આવે છે અને એ કલાકોએ ઘરનાં બાનુ ખાસ તૈયારી રાખી ઘરમાં રહે છે. અલબતે સોમાં નેવું ટકા તેમના ધણી તો કોણ જાણે કઈ વેહેવાણના નાતરાંમાં ફરતા હશે. તેવણ ઘણા ખરા પોતાની ધણીઆણીના એટહોમમાં નજરે પડતા નથી. સારાંશ કે વીઝીટીંગનું ચેટક ઘણું કરી સ્ત્રી મંડળમાં વધારે સમાઈ રહેલું છે અને તેમની પુઠે પુઠ ફરનારા કામ કાજના કઠીઆરા આસી બાએલાઓ સીવાય ઉદયોગી પુરૂષોને વીઝીટીંગ

ફીઝીટીંગની ફુરસુદ નથી. આ મુકરર કીધેલા વીઝીટીંગ ટાઈમ ઉપરાંત તમો મુલાકાતે જાઓ તો સો વસા ઝાડુ મળશે. બાઈ સાહેબ પોતાના બેડ રૂમમાં ખાસ્સાં અસે-ટાઇને નોવેલ વાંચતાં હશે, તોબી ઠંડે પેટે નોકર જવાબ દેશે કે "not at home sir" તેનો ખરો અર્થ એ કે બાઇના બાલનાં ઝળખરાં પલખરાં હજી ભુતારી માતા જેવાં છે અને તેવણ વીઝીટરોને રીસીવ કરવા જેવી એસ્ક્રી હાલતમાં નથી. પણ એ લોકમાં એટલું સારૂં છે કે વીઝીટ કરવા જવું એટલે ખાસ ધણી ધણીઆણી અથવા કુટુંબને મળવુંજ જોઇએ એવી કાંઇ જરૂર નથી. ફક્ત પોતાનો કાર્ડ મુકી ચાલ્યા જાય તો સાધારણ ઓળખાણવાળાઓ વચ્ચે તે વીઝીટ બરાબરજ ગણ-વામાં આવે છે અને સામો ધણી પણ તેવીજ રીતે પોતાનો કાર્ડ નાખી જઇ વીઝીટ વાળેલી સમજે છે. એક ઠેકાણે તમે "કોલ" કરી આવ્યા કે ત્રણ ચાર અઠવા-ડયામાં તમને ત્યાંથી ડીનરનું તેડું આવવુંજ જોઈએ. અગર આઠ દશ દીવસમાં આ વીઝીટ પાછી રીટર્ન કરવામાં ન આવે તો સમજવું કે "you are dimissed with cost" એટલે જે તમને ભેરવ્યા, ને કુટું-બને તમારી સાથ ઓળખાણ ચાલુ રાખવાની ખુશી નથી.

એવોજ ચોકસ અને દાખલો લેવા જોગ બંદોબસ્ત બીમારને મળવા જવાના સંબંધમાં પણ છે. આ બાબ-દમાં આપણી તરફ, તેમાં મુખ્ય કરી ચોકસ વર્ગના

પારસી કુટુંબોમાં જે ભયભરેલું અજ્ઞાનપણું અને દેખાદેખીનું હુંપણું ચાલે છે તે ખાસ અનુભવ ઉપ-રથી હું આ નુકતેચીની મારફતે દેખાડવા માગું છું. બીમાર ગયો જહાનમમાં! મળવા આવનારને તેની એક તલભાર પણ પરવા નથી. તેઓ બીમારને જોવા આવતાં નથી તેટલાં આસપાસનાં ઘરવાળાંઓને તેમજ ભલતાં-ઓને દેખાડવા તલબ કરે છે કે જુઓ અમે આ કુટુંબ સાથ કેટલો ઘાડો સંબંધ ધરાવ્યે છીએ. જેમ બીમા-રનું કુટુંબ ચીકાશદાર તેનાજ પ્રમાણમાં અલફાતુઓની ધધુખર પણ ભારી. વળી જે કોઇ ઘણુંજ અતલગાનું ખપવા માંગતું હોય તેને જો બીમારના કોચ ઉપર ચહડી બેસ્વા દેવામાં ન આવે તો તેનો સ્ટીમ ચહડી જાય. બીમારના કોચ ઉપર ખાસ ચહડી બેસ્વું એ તો આપણા લોકમાં ખાસ સગાઇની નીશાન છે અને એવા કોચ ઉપર ચહડી બેસનારની છાતી અધગાજ ખીલે છે. વળી સારવાર અને શેક પોતની રમુજી કથા કહું. એક બીમાર તાવથી તખલતો હતો, તેની આસપાસ સગાં સંબંધી લગભગ અગીયાર જણને મેં ફરી વળેલાં જોયાં છે. એટલું સારૂં કે આ અગીયારે અગીયાર જણ અગીયાર કુ બાવીસ જાતના પોતાને મન સુઝે તેવા ઉપાય કરે છે તોએ ગભરાટ વચ્ચે કોઈ પુછતું નથી. એક જણ પગે દાઝી જાય તેવો અજમાનો શેક કરતું હશે તો બીજું બીજે પગે રાઇનું પ્લાસ્ટર ચોહોંટાડી

દેશે. ત્રીજું તાળક ઉપર ભેભટ દાબશે તો ચોથું નીદાર ઉપર કોલનવોટરના છબકારા ચલાવશે. બીચારો બીમાર એકસો ને પાંચ ડીગ્રી તાવમાં સસરતો હશે તેના ઉપર કોઇ બે ચાર ધધરતા બંદુસો ઓઢાડશે અને વળી કોઇ માસી સાસુની બેહન બીજી મેરથી તેને પવન નાખશે. આ વાર બીમાર અકળાઇને લેવટાની પેઠે ટવળશે ત્યારે સાતમું કદરદાન સગું તેનાં દેખતાંજ મોહ મચકાવી ડાકટર પાજનસ્ટેચરની પેઠે વીદ્વાન મત આપશે કે "માય રૂપીયો ખોટો જો!" આ વર્ણન કોઇબી રીતે અતીશયોકતીભર્યું નથી એમ હું ખાત્રીથી કહેવા માગું છું. મેં એવા ઘણાક બનાવો નજરે જોયા છે. પણ ઇંગ્રેજોમાં જુવો. સીક ઓરડામાં વઇદની પરવાનગી વગર એક બીમારના પતીને પણ દાખલ થવાનો હુકમ નથી. કાયદાની સત્તા સાથે બીમારનો ઓરડો ડાકટરના હુકમ અને અધીકાર તળે રહે છે, અને તેમાંથી તેને બહાર કહાડવાની અને ખીસ કરીને પણ કહેવાની ઘરના ધણીને સત્તા નથી. ઓળખીતા પાળખીતા ફક્ત દરવાજા આગળ આવી નોકરોથી ખબર અંતર પુછીને એક બે મીનીટમાં ચાલ્યા જાય છે. હું દશ વખત આવી ગયો ને પંદર વખત આવી ગયો એવી ટચાકી ભરી ખબર ઘરમાં વસનારાઓને આપવાની તે દરકાર કરતો નથી.

વીઝીટીંગ બાબદ કાંઇએક ખુલાસાથી લખવાની મેં મારી કબુલાત પાળી છે અને તેમ કરતાં કદાચ જોઈયે તે કરતાં

વધારે સખત ભાષામાં મુબાહેમત થઇ હોય તો હું દર-ગુજર ચાહું છું પણ મારી મતલબ વીલાયતની રખડતી નોંધ સાથે જોડાજોડ થોડીક શીખામણના શબ્દો લખતા જઈને આપણા લોકની સ્થીતીમાં કંઈક સુધારો કરાવ-વાની છે અને તે માટે ખુલ્લા શબ્દોમાં આપણી નબ-ળાઇઓનું વર્ણન આપવાની જરૂર પડે છે. પણ હવે આગળ ચાલો. હું તો જાણું કે વરસમાં બાર વારનો કલીયરંસ સેલોનો પવન મુંબઇમાંજ હશે. પણ લંડ-નમાં તો એ વ્યાધી ચાર ચાસણી સરસ છે. લેમબેઠ તરફ ફરતાં ત્યાંનાં મોટાં બજારમાં કંઇ પચાસેક મોટા મોટા પ્લેકાર્ડો કલીયરંસ સેલના મારા જોવામાં આવ્યા હતા. પણ આ બધાં સેલો ફક્ત જોવાનાંજ છે. પાંચ પંદર ચીજ સેલને બહાને બહાર કહાડી ઘરાકો ખેંચ-વાની તજવીજ દેખઈતી રીતે જણાઇ આવતી હતી. પણ એટલું ખરૂં કે કોઇ વેપારી ધંધો બંધ કરતો હોય, કોઇ ડુબેલાં વહાણનો સાલવેજ માલ વીમાવાળાઓને હીસાબે કહાડી નાખવાનો હોય, તેવાઓનાં સેલમાં રૂપીયાનો માલ બે આને હાથ કરવાની તક ઘણી સારી મળે છે. તેમાં મુખ્ય કરી ચોપડી વેચનારાઓના બાબમાં આ સગવડ મારા જોવામાં આવી છે. હું અત્યાર સુધી બહુ અજબ થતો હતો કે હીંદુસ્તાનમાં બુકસેલરો શીલીંગનો માલ દશ આને વેચતાંબી પાંચ પઇસા પેદા કરી નાકપર માખ બેસ્વા દેતા નથી તે કેમ બનતું હશે! પણ હવે

એનો ભેદ સમજાઈ ગયો છે અને તે હું તમારી સનમુખ ધરીશ. વીલાયતમાં એવો કાયદો છે કે એક લેખકે એકાદ પુસ્તક લખ્યું કે તે પોતે છપાવવાનું કશુ માથે લેતો નથી, અને લીએ તો ગાંડના ગોપીચંદ કરે છે. ત્યાં એવો ધારો છે કે એવાં પુસ્તકોની છપાઇનો હક ખરીદનારી મોટી પેહેડીઓ હોય છે, તેઓ પાસે આ લખાણ પહેલાં એ કામના કરનારા દલાલો લઇ જાય છે અને એવાં કંટ્રાકટો માથે લેનાર લખોપતીઓ હોવાથી તેઓ લખાણો વાંચી, તપાસી, તે ઉપર રીપોર્ટ કરવા માટે ખાસ વીદ્વાનો રાખે છે. આ વીદ્વાનોના રીપોર્ટ ઉપરથી લખાણની કીંમત અંકાઈને તે પ્રમાણે સો, બસો, ચારસો, હજાર કે દશ હજાર પાઉંડ લખાઇના આપી મેન્યુસક્રીપટ પોતાને સ્વાધીન લીએ છે. પેહેલી આવૃતીનો હક કે તે પછીની બધી આવૃતીઓનો હક અને દરેક આવૃતીની કેટલી નકલ તે સંધુ પહેલાંથીજ નક્કી કરવામાં આવે છે. હવે સમજો કે મી૦ જેમ્સે એક પુસ્તક કાબુલની લડાઇ વીષે લખ્યું. તેની પહેલી આવૃતીનો હક મારસટન કંપની લીમીટેડને ૧૦૦૦ પાઉંડ માટે વેચ્યો. બોલી એ જે પહેલી આવૃતીની નકલો ૨૦૦૦૦ થી વધારે કહાડવી નહીં. ચોપડી છપાતાંજ તે ઉપર તુટા તુટ પડી અને એક વરસની મુદતમાં સઘળી આવૃતી ખપી ગઈ. માત્ર સેવટની બસે ચારસે નકલો વેચાયા વગર પડી રહી છે. ચોપડીની કીમત ૨૦

શીલીંગ છે એમ સમજો. હવે બુકસેલરો તરફથી જ્યારે પુછપુરછ થાય ત્યારે આવા બાકી વધેલા સ્ટોકો જેને 'જોબ લોટસ' કરી કહે છે તે ઉપલા પબલીશરો ઘણેજ સેહેજ દામે—કહો કે ૨૦ શીલીંગની બુક ચાર અથવા પાંચ શીલીંગે, અથવા તેથીબી ઓછે હીસાબ સાફ કરવા માટે એ વધારાને કહાડી નાખે છે. આવી રીતે બસો પાંચસો જાતની બુકોના 'જોબલોટો' જેની મુળ કીમત ૧૦૦૦૦ રૂપીયા થવા જાય, તે નવી ને નવીજ હજાર રૂપીઆમાં લઇ આવી આ દેશમાં શીલીંગના શીલીંગે વેચાય ત્યારે પછી બુકસેલીંગ બીઝનેસ સોનાનાં નળીયાં ચહડાવે એમાં નવાઇ શી છે? અલબતાં બધીજ બુકો એમ અતરે આવતી નથી. કેટલાક મોઘાં ડાટ એડીશનો, સાયનટીફીક બુકો, ડાકટરી બુકો, વગેરે ઘણા મોઘા ભાવે અત્રે આવે છે અને તેનાં વેચાણ પણ થોડાં છે. પણ તેમાં મુદલા મુદલ થાય નો મેં પહેલાં વર્ણવ્યું તેવા ધંધામાં બે આને રૂપીઓ પેદા થવાનો સંજોગ છે. વળી કેટલેક ઠેકાણે સેકંડ હેંડ બુક્સને નામે લખ્ખો ચોપડીઓ વેચવા મેલાય છે. પણ તે તો નામેજ સેકંડ હેંડ છે. તેના ઉપરના પાનાબી કાપેલાં જણાતાં નથી. કંઇક ઠેકાણે ચોપડીઓ મણને ભાવે મળે છે. પણ તે વીષે બારીક બ્યાન આપવાની હું જરૂર જોતો નથી, કારણ કે તેનેજ મળતું કંઈ અહીં પણ છે. કદાચ અમારા વાંચનારાઓમાંથી નવલકથા વાંચનારા કેટલાક સાહેબોને

માલમ હશે કે નાની નાની વાર્તાનાં ચોપાનીયાં અને રમુજી ચીત્રોના પીરીયોડીકલો છથી બાર આને મણને હીસાબે જેટલાં જોઇયે તેટલાં કકરી જાય છે. હું ધારૂં છું કે એક રૂપીઆનું "ઇનવેસ્ટમેંટ" કીધું હોય તો તમને આખો જનમારો સુધી અને ૫૦ છોડીઓનાં માથાં આખી જીંદગી સુધી ફેરવી નાખવા જેટલું વાંચન પુરૂં પાડે.

લંડન જાવો તો ત્યાંની નામીચી બીલીંગસગેટ ફીશ મારકેટ–મછી બજાર જોવાની તક ખોશો ના. ઇંગ્રેજી ચોપડીઓમાં ચોઇસ બીલીંગસગેટ ભાષા એટલે કે નજીસ ભાષાનું નામ પાડ્યું છે તે આ મછી બજાર ઉપરથી છે. અરે બાપરે! બીલીંગસગેટની માછણોનાં હાથનો કાંડો, કમરનો કલ્લો અને ગળાંનો ઘાંટો! મેં મારા જનમમાં આ ત્રણની સરસાઇ કરનારૂં શેહેર કહી જોયું નથી. કોણ જાણે માછીમારના ધંધામાંજ પુરૂ-ષને વરદાન છે કેમ જે આપણા મેહેમના કોળીઓ અને વાંદરેના માછીમારોને જોઇયે છીયે કે કોળી બચારો ભાચાજી, અને ધંધા ધાપાની ઉપરી તેની મીસીસ. તેજ આબાદ મામલો બીલીંગસગેટ મારકેટમાં પણ જોવામાં આવે છે. ધણી બીચારો અફળાઇ ઝીંકાઇને માછલાં પકડી લાવે કે તેની ડયુટી ખલાસ થઈ. તે ચીરૂટ ફુંકતો એક ખુણામાં ઉભો રહે અને બધો રોજગાર, ગાળાગાળી, ટોટા પીસામન સઘળું તેની સ્રીનું હુકદાર રાજ્ય ગણાય. અહીં બે માછણો મળે ત્યારે તે દેખાવ ભલાં

એક થીયેટરને હંફાવે એવો છે. મુક્કાબાજીનો માર, નખર્યાંનો સણગાર, ગાળો અને ભાંડ ભાષાના વઘાર સાથ માછલીનો વીસરાટ એ સઘળું જો તમે બે કલાક સુધી શાંત મને સહન કરી શકો તો હું સમજું કે તમે માણસ નહીં પણ-પણ—દેવતા છો.

પ્રકરણ—૨૧ મું.

લંડનના રહેવાસીઓને પોતાનાં આગલાં પાપોની યાદદાસ્ત તાજી રાખવાનો અસાધારણ અભખરો જણાય છે, કારણ કે ધી ટાવર ઓફ લંડન નામનો પુરાણો કીલ્લો જેમાં શયતાનીયતભર્યાં અઘોર પાપો થયલાં છે, જ્યાં રાજવંશીઓનાં ડોકાં છંટાઈ ગયાં છે, જ્યાં નીરદોષ શાહજાદાઓને કતલ કરી તેમનાં હાડકાં રાતોવાઇ છુપાવવામાં આવ્યાં છે, એવો એક પાપી સ્થંભ તેઓએ કાંઇ ઓર પ્રીતીથી પોતાની વચ્ચે જાળવી રાખ્યો છે! લંડન જવું તો જરૂર ટાવર ઓફ લંડન જોવા વીના પાછું ફરવું નહીં. તે કોઈબી રીતે શોભીતો કે મનહર નથી. તેથી ઉલટું ભુંડો, કદરૂપો, અને જરી પુરાણાવાળાને વધારે યોગ્ય છે. પણ એની દરેક લાદીની, અને દરેક ઈંટનાં તસુએ તસુમાં જમેહ થયલાઓના પોકાર અને રેડાયલાં લોહીનો પ્રવેશ થયલો છે અને હું આગાળ કહી ગયો છું તેમ ઈંગ્રેજો જેઓનાં મોહમાં હરદમ bloody

શબ્દ છે તેઓ આ bloody ટાવરને એક માનીતાં બાળકની પેઠે પંપાળે છે. આ ટાવરે લગભગ સાઠ હજાર ચોરસવાર જેટલી જગો રોકી છે અને અઠવાડયાંના બે દીવસ સર્વ કોઇને તે જોવા જવાની છુટ છે. વળી રમુજી શું છે કે જે રાજવંશીઓનાં ડોકાં છાંટી નાખ્યાં હશે તેમનાંજ કમનસીબ મસ્તક ઉપર પહેરવાનાં તાજો અને ખરા હીરાજડીત રાજદંડો ત્યાંજ જોવા મુકયા છે. એ ઉપરાંત અસલી ઇંગ્રેજી આર્મેરી એટલે જે લડાઇનાં શસ્ત્રોનો એક એવો સંગ્રહ રચી મુકયો છે કે જે જોવાને યુરોપના મુખ્ય કરીને લશકરી અમલદારો જીપલાં મારે છે. આ કંગાળ ટાવર કોણનાં રાજ્યમાં અને કયાં વરસમાં શરૂ થયો એ ચોક્સ રીતે કોઈબી કહી શકતું નથી, તો જો કે મેં તે જાણવાની તજવીજ કીધી હતી. કહે છે કે રોમન લડવૈયો જુલીયસ સીઝર જ્યારે વેલાયત ઉપર ધ્વજા ઉડાવી રહયો હતો ત્યારે તેણે એ ટાવરની શરૂઆત કરેલી હોવી જોઇયે. ગમે એમ હોય પણ ત્યાર પછી લગભગ ૫૦૦ વરસ સુધી ઈંગ્લંડના રાજા રાણીઓ આ કંગાળ કીલ્લાની અંદર પોતાનું રહેઠાણ કરી વસ્વાટ કરી રહયાં હતાં. કીંગ જોન તેમજ તેનો બેટો ત્રીજો હેનરી અવાર નવાર આ ટાવરમાં વરસો સુધી રહેતા, કારણ કે માથું ફેરવી બેઠલા અમીરોથી બચવાને તેઓને અનેક કારણો હતાં. એડવર્ડ ધી થર્ડ જ્યારે નાનો હતો ત્યારે રખે તે પોતે હકદાર

પાદશાહ છે એમ જાણીને નાફરમાન થાય અને પોતાની સત્તા ઘટે એવા ડરથી તેની માએ તેને આ ટાવર ઓફ લંડનમાં કેદ ચાંપી રાખ્યો હતો, અને તે એટલા સુધી કે એડવર્ડ પોતે જાણતો નહીં હતો કે તે "ઈંગ્લંડ" નો પાદશાહ છે. જ્યારે એને પોતાની ખરી સત્તાની ખબર પડી ત્યારે તે ટાવરમાંથી છટકવા પામ્યો. અલબતાં આ વખતે એક બહુ જાણવાજોગ ઈતીહાસીક સફાની અહીં ટુંક નોધ લેવી જરૂરની છે. એડવર્ડ ત્રીજાની મા મોર્ટીમર નામના એક અમીર સાથે પ્રીતમાં પડી અને તેણીએ પોતાના આશક સાથ મસલત કરીને એડવર્ડ ત્રીજાના બાપને મારી નાખવાનો તાગડો રચ્યો હતો અને તે બાદ એડવર્ડને આ ટાવરના કીલ્લામાં દાબી રાખીને ઉપલા મોર્ટીમરની સલાહથી ઈંગ્લંડ ઉપર પોતે હકુમત ચલાવવાની ગણત્રી રચી હતી. વળી રીચર્ડ બીજો જ્યારે રાજગાદી ઉપર આવ્યો ત્યારે આ ટાવર-માંથીજ તેને વેસ્ટમીનસ્ટર એબીમાં તાજ પહેરાવવાની કીયા માટે લઈ જવામાં આવ્યો હતો અને પાછળથી જ્યારે ચોકઠું બગડી ગયું ત્યારે એજ ટાવરની અંદર ઢીમડાં ઉપર તેનું માથું મેલાવીને જમેહ કરાવવામાં આવ્યું હતું. છઠ્ઠો હેનરી કાંઈ મુદત સુધી આ કીલ્લામાં એક બંદીવાન તરીકે ભરાઇ રહયો હતો અને આખરે એના ભાઇ ડયુક ઓફ ગ્લોસ્ટર, જે પછવાડેથી ત્રીજા રીચર્ડ તરીકે ગાદીએ ચહડી બેઠો તેની શીખવ-

ણીથી એ બીચારો આ ટાવરમાંજ કર્પીણ ખુનીઓના હાથને શરણ થયો.

આ ટાવરની નોંધ લેતી વેળા એમાં બનેલા સર્વથી રસમય બનાવની યાદ અત્રે એક વાર ફરી તાજી કર્યા વીના એ નોધ સંપુર્ણ ગણાશે નહીં. વાંચનારને યાદ હશે કે મેડમ ટુશોના પ્રદર્શનનું વર્ણન આપતી વખતે તેમાં જમેહુ થયલા બે શાહજાદાઓની કાંઇક વીગત મેં આપી હતી. એ બનાવ એવો તો ગમખાર, એટલો તો જીહાંગાર અને એવો તો રસીલો ને સાથે અસાધારણ છે કે લંડન ટાવરની તવારીખમાં તે સર્વથી અગતનો બનાવ ગણાય છે. કીંગ એડવર્ડ અને તેનો નાનો ભાઇ રીચર્ડ, ડયુક ઓફ યોર્ક પોતાના કર્પીણ કાકા રીચર્ડના લોભની આડે આવનાર હતા એટલે આ કર્પીણ કાકાએ આ ફુલ જેવાં બચ્ચાંઓને ટાવરમાં કેદ કરી ત્યાં પોતાના ભાડુતી ખુનીઓ પાસે તેમનાં મોહ ઉપર તકીયો દાબીને ગુંગળાવીને મારી નખાવ્યાં અને પછી પોતે ગાદીએ બેઠો.

આ ઇંગલંડના રાજપતીઓના ઇતીહાસનો એવો તો શીહા સફો છે અને તે ખરા બનાવ કરતાં એક કરૂણારસ નાટકને અથવા કલ્પીત કથાને એટલો તો મળતો આવે છે કે તે ઉપર આએ પ્રકરણ રોકવાને હું મારો લોભ થોભાવી શકતો નથી. આ પ્રકરણ સંભાળથી વાંચી જવાને હું મારા વાંચનારને વીનંતી કરૂં છું

આને લગતું એક ચીત્ર એટલે જે ગુંગળાવી મારેલા પ્રીન્સ અને તેના ખુનીઓનું છે તે પાશે આપુંછું.

એડવર્ડ ચોથાના અમલમાં આપસ આપસની લડાઈ ખલાસ થવા પછી પાદશાહને લાગ્યું કે જો કાંઇ બરાબર બંદોબસ્ત કરવામાં નહીં આવશે તો જરૂર ઈંગ્રેજી પ્રજા તેનાં મરણ પછી પોત પોતામાં લડી મરશે. જાણવું કે ઇંગ્લંડમાં રાજદ્વારી મંડળમાં તે વાર બે મજબુત પાર્ટી થઈ ગઈ હતી. એક પાર્ટીને મથાળે રાણી અને બીજી પાર્ટી ડયુક ઓફ બકીંગાહામની સરદારી હેઠળ ઇંગ્લંડના અમીર ઉમરાવો. એડવર્ડ પાદશાહ જ્યારે મોતને બીછાને સુતો ત્યારે તેણે સઘળા લડતા વઢતા અમીર ઉમરાવોને પોતાનાં બીછાના આગળ બોલાવ્યા અને હળીમળીને ચાલવાની શીખામણ દીધી, તથા ઇચ્છા દેખાડી કે પોતાનો બેટો જે હજી બાળક હતો તે ઉમરમાં આવે ત્યાં સુધી પોતાના ભાઇ રીચર્ડ ડયુક ઓફ ગ્લોસ્ટરને રીજંટ નેમવો. થોડાક દીવસ સુધી તો આ પ્રમાણે ચાલ્યું, પણ જેવી પાદશાહની આંખ મીચાઇ કે બંને બાજુએ ધપાધપી પાછી શરૂ થઇ. બંને બાજુવાળાઓએ બાળક રાજાના કાકા રીચર્ડ ગ્લોસ્ટરને જલદીથી લંડન આવવાનું આમંત્રણ કર્યું. આ વાર બુચો રાજા વેલ્સમાં પોતાના મામા અર્લ રીવર્સના સ્વાધીનમાં રહેતો હતો. તેની મા હરપળે ધ્રુજતી

હતી કે રખે સામી પક્ષવાળાઓ આ નાનાં બાળકોને કોઈ રીતે હલાક કરે.

હવે એણી મેર ડયુક ઓફ ગ્લોસ્ટર શું બાજી રમતો હતો તે જુવો. તેની નીષ્ટા પહેલાંથી રાજ પચાવી પાડવાની હતી, પણ તે એટલું જાણતો હતો કે કામ ઘણું સફાઇથી લેવું પડશે. તેણે કસરેવજી કરી બાળક રાજાની માને કહેવાડયું કે "હું રીજંટ તો છું પણ નાના રાજાને ગાદીનશીન કરવો જોઇયે માટે તમારા બેઉ બેટાઓ અને બેટીઓને લઇને લંડન પધારજો. અમો તમને સઘળાં માન સાથે એસ્તેકબાલ લેવા આવશું. સાથે ઝાઝું લશકર વગેરે લાવશો નહીં, કારણ કે પક્ષાપક્ષીની લડાઈ હવડાંજ ખલાસ થઇ છે અને ઝાઝા સીપાઇ સપરાની ધામધુમ થશે તો ફોકટનો ફીતનો જાગશે." આ વચનને સાચું ગણીને રાણી પોતાના બેટાઓ અને પાંચ બેટીઓને લઈને લંડન આવવા ઉપડી. પાપી ડયુક ઓફ ગ્લોસ્ટર પોતાની શરીયતથી ઉલટી રીતે મોટું લશકર લઇને સામો ભેટયો પણ ચતુર રાણી તુરત પામી ગઈ કે આમાં કાંઇ દગો છે. તે ગભરાઇને વેસ્ટ-મીનસ્ટર આબીનાં પવીત્ર મઠમાં ભરાઈ ગઇ. રીજંટ ગ્લોસ્ટરે જોયું કે જ્યાં સુધી તે ત્યાં ભરાઇ બેસશે ત્યાં સુધી બાળક શાહજાદાઓ હાથમાં આવવાના નથી એટલે આર્ચબીશપ ઓફ કેનટરબરી અને આર્ચબીશપ ઓફ યોર્કને તેણે ઉશકેર્યા કે રાણી આ પ્રમાણે શાહજા-

દાઓને લઇને મઠમાં ભરાઇ રહે એ તો આપણા ઉપર મોટો અવીશ્વાસનો આરોપ મુકેલો કહેવાય, માટે એને સમજાવીને બહાર આણવી જોઇયે. આ ઉપરથી ઉપલા ધર્મગુરૂઓએ રાણી ઉપર બહુ ચાંપતું દબાણ કર્યું એટલે તે લાઇલાજ થઈ અને પોતાના બે ફુલ જેવાં ફરઝંદોને ઉપલા ધર્મગુરૂઓને સ્વાધીન કીધાં. આ વાર તેણીને કાંઇ બસારતજ થઇ હતી કે હવે ફરીથી પોતાનાં બચ્ચાંઓને તે જોવા પામશે નહીં, કારણ કે જ્યારે તે છુટી પડી ત્યારે ખુબ રડી અને બોલી કે આ તમારી સાથ છેલ્લી ભેટ છે.

હવે ચંડાળ રીજંટ ગ્લોસ્ટરનું કામ સેહેલું થયું. ગાદીએ ચહડીને ખુદ પાદશાહ થવામાં આડે આવનારાઓનો કાંટો કહાડવો જોઈયે. સર્વથી પહેલી નડતર છોકરાઓનો મામો અર્લ રીવર્સ હતો. સામી પક્ષવાળા ડયુક ઓફ બકીંગહામ અને લોર્ડ હેસ્ટીંગ્સને પહેલાં ગ્લોસ્ટરે સમજાવી લીધા. બકીંગહામને કહયું કે હું તને આખા મુલકનો વડો અમીર કરીશ. જો તું મને સહાય ન થાય તો બાળક રાજાની માતા તરીકે રાણી તથા તેનો ભાઈ અર્લ રીવર્સ બધું પચાવી બેસશે અને આપણે સઘળા રખડી મરીશું. માટે તું જો જરા આંખવીચામણા કરે તો આપણે બધાંને નક્કી કરી દઇયે. લોભ્યા બકીંગહામે લોહીમાં પોતાના પાપી હાથ બોળવાને હા પાડી. પણ તેનો બીજો ગોઠયો લોર્ડ હેસ્ટીંગ્સ ફફડી

પડયો. પોતાના મરહુમ પાદશાહનાં લાચાર બચ્ચાંઓના ખુનમાં કોઇબી રીતની સામેલગીરી આપવાની તેણે ધસીને ના પાડી. તે દીવસથીજ અર્લ હેસ્ટીંગ્સનો દહાડો ભરાઇ ચુકયો. બકીંગહામ અને કાકા ગ્લોસ્ટરે એક બીજામાં મસલત કરી કે હેસ્ટીંગ્સ બહુ ડાહયો થાય છે તો ઠીક, એવણનેબી પુરા કરો.

આ વાર રાણીના ભાઇ અર્લ રીવર્સ અને લોર્ડ ગ્રે, બીજા ઉમરાવોને રીજંટ ગ્લોસ્ટરના હુકમથી કેદ કરેલા હતા. ગલોસ્ટરે લોર્ડ હેસ્ટીંગસને બોલાવી તેનેજ હાથે મરઘી કપાવી અને છુપા મારાઓ મોકલીને ઉપલા ત્રણ ઉમરાવોને રાતોવાઇ કતલ કર્યા. હવે અર્લ હેસ્ટીંગસની વારી આવી. પેલી ઇંગ્રેજી બે લીટીઓ બચગીની તમને યાદ છે?——

Will you walk into my parlour?
Said a spider to a fly,
Will you, Will you, Will you, Will you,
Will you walk in pretty fly?

આ પ્રમાણે રીજંટ ગલોસ્ટરે અર્લ હેસ્ટીંગસને તેડું મોકલ્યું કે આવોની, ટાવરમાં આપણે ઉજાણી કર્યે. હેસ્ટીંગસ બીચારો ભોળાઇમાં ગયો. રીજંટ સાહેબ બહુ ખુશ મીજાજમાં હતા, તે એટલા સુધી કે, ઈલાઇના ધર્મગુરૂ બીશપ મારટનના બરડા ઉપર હાથ ઠોકી

પુછ્યું કે આવી સુંદર સ્ટ્રોબેરી તારા બગીચામાં થાય છે તો જરા મને તો ચખાડ. આમ રમુજ કરીને ગલોસ્ટર કાઉનસીલ હોલમાંથી બહાર ગયો અને થોડી વારે લાલ પીળો થઈને પાછો દાખલ થયો અને ઘાંટો પાડીને પુછ્યું:

"બોલો સાહેબો, હું ખુદ રાજાનો કાકો, રાજપર હાલ અમલ ધરાવનારો, તેની જીંદગી સામે કાવતરૂં રચનારને શું સજા થવી જોઇયે?"

હેસ્ટીંગસે ઉત્તર દીધો; "સાહેબ, એવા ધણી-ઓને ફીતુરીઓની સજા કરવી સજાવાર છે."

રીજંટે જુકા જુકા ઘાંટા પાડીને કહ્યું—"ત્યારે ઠીક છે, એ બદમાશો કોણ છે તે તમે જાણો છો? મારા ભાઈની બાયડી, મારા ભાઈની રાખેલી રાંડ જેન શોર અને તેના બીજા મળત્યાઓ. (ડોળા કકડાવીને) જુવો, પોતાનાં જાદુ કોતલથી એ લોકોએ મારા શું હાલ કર્યા છે!"

આ પ્રમાણે બોલી ગલોસ્ટરે પોતાનો ડાબો હાથ ખુલ્લો કીધો જે બીલકુલ સડી ગયલો અને ખરાબ દર-દથી ચીમરાઇ ગયલો હતો. હાજર રહેલા અમીર ઉમ-રાવો આ ધડાકો જોઇ ગભરાઇ ગયા. તેઓ સારી પેઠે જાણતા હતા કે એને આ હાથનું દરદ તો બચગીથી વળગેલું હતું. વળી સાંતક શું બન્યું કે રાજા એડવર્ડે જેન શોરને રાખેલી હતી ખરી, પણ રાજા એડવર્ડના મુઆ પછી તેવણના નવા મુરબ્બી અર્લ હેસ્ટીંગસ પોતે

હતા. હવે કરવું કેમ? હેસ્ટીંગસે ઠાવકું મોહ રાખી જવાબ દીધો.

"ખરી વાત છે મુરબ્બી સાહેબ, અગર આ લોકે એવો ગુનાહ કીધો હોય તો અલબત, તેઓને સખતમાં સખત સજા થવી જોઇયે."

ગલોસ્ટરે ઘાંટો કહાડી કહ્યું, "એ અગર ને તગર તું કોણને સમજાવે છે? એ ડાકણ જેન શોરનો મોટો મળત્યો તું છે, તું પોતે ફીતુરી છે, ને હું સેંટ પોલના સોગંદ લઈને કહું છુ કે તારૂં કાપેલું ડોકું મારી આગળ રજુ કરવામાં આવશે નહીં ત્યાં લગી હું મોહપર અન્ન પાણી લેનાર નથી."

આ તો "તેં ગુનાહ નહીં કર્યો તો તારા બાપે કર્યો હશે" તેવી વાત થઇ. ગલોસ્ટરે જોરમાં ટેબલ ઉપર હાથ ઠોકયો એટલે હથ્યારબંધ ખુનીઓ કીધેલી ગોઠવણ પ્રમાણે માંહે ધસી આવ્યા. કાઉનસીલ રૂમમાં ગભરાટ મચી રહયો. એક ચોબદારે જાણે ભુલમાં બનતું હોય તેમ પોતાનો કોહાડો ઉંચકીને લોર્ડ સ્ટેન-લીનાં માથાંમાં માર્યો. આ ઉમરાવ ગભરાઇને ટેબલ તળે ભરાઈ ગયો અને પોતાની જીંદગી બચાવી શકયો, પણ માથું ચીરાઇ ગયું.

"પકડો એને!" એવો હુકમ થતાંજ ખુનીઓએ અર્લ હેસ્ટીંગસને પકડયો. તેને તાબડતોબ ટાવરને ભોંય તળીયે લઇ ગયા અને ત્યાં એક રખડતું ઢીમડું પડેલું

હતું તે ઉપર માથું મેલાયું ને એક આંખના પલકારામાં બદન અને માથું છુટાં પડી ગયાં. આ ઠીમડું હજી ત્યાં પડેલું છે.

જાણે કાંઇ હોયજ નહીં તેમ ત્યાંનો ત્યાંજ એક ઢંઢેરો ઘડી કહાડવામાં આવ્યો. તેમાં હેસ્ટીંગસની બેવફાઈ, તેની કાયદાપુર્વક તપાસ ઇત્યાદી ઈત્યાદી ખુબ પટાવી સમજાવી વર્ણવેલાં હતાં. અર્લ હેસ્ટીંગસ લંડન-વાસીઓનો બહુ માનીતો હોવાથી ગલોસ્ટરે ધાર્યું કે જો કાંઇ બહાના હીલ્લાં કહાડીને આ ખુનનો ખુલાસો આપવામાં નહીં આવશે તો તેવણનું પોતાનું ધડ સલામત રહેવા પામશે નહીં. જેવો અર્લ હેસ્ટીંગસને સફા કીધો કે રીજંટે તરતજ બીજા કાઉનસીલરો જે હાજર હતા તેઓને તેજ ઘડી પકડી ટાવરમાં પુરી દીધા અને પોતાનો કકો ખરો કરવાને માટે એડવર્ડની રાખેલી જેન શોરને ભુત પલીદી ચલાવવાના અપરાધ માટે તપા-સને સારૂં કાઉનસીલની હજુર ઉભી કીધી. ત્યાં તો આ સ્રી ઉપર કાંઇબી પુરવાર થઇ શકયું નહીં ત્યારે વળી પાછો ગ્લોસ્ટર બીજો દાવપેચ રમ્યો.

"સાહેબો, આ ઓરત ડાકણ નથી તો શું થયું? પણ એ નીતિની ખરાબ તો છેની? એણે મારા હીરા જેવા ભાઈને બગાડયો માટે એને સજા થવી જોઇયે."

બચારા પાદરાઓ આએ જાલમ દેવની ચપોચપ માથાં છટકાવી દેવાની કુનેહથી એવા હેબતી ગયા હતા

કે તે જે કહે તે હાજી—હા. તેઓએ સેનટેંસ માર્યો કે આ જેન શોરને છુટા બાલ સાથે ફક્ત એક સફેદ કુરતાંમાં ઉઘાડે પગે સેંટપોલનાં દેવળ આગળ લોકની વચ્ચે ચોકસ દીવસો સુધી ઉભી રાખવી. આ જેન શોર એક આબરૂદાર કુટુંબની બહુ ખુબસુરત અને ભણેલી બાનુ હતી. તે એક સાધારણ વેપારી સાથે પરણેલી હતી, પણ રાજા એડવર્ડનાં પૈસા આગળ તે ટકી શકી નહીં. તેણીની નીતી સંબંધી આવી હાલહવાલી છતાં તે ધર્મ-ધ્યાન અને સખાવતનાં કામમાં રાજા એડવર્ડની મોટી સલાહકાર હતી. તેને સેંટપૌલ આગળ ઉભી રહેવાની સજા થવા પછી તેણી બીજાં ૪૦ વરસ જીવી અને આખરે એક ભીખારી હાલતમાં એક નાની કોટડીમાં ભુખમરાથી મરણ પામી.

હું ધારતો હતો તેના કરતાં આ વીષય બહુ લાંબો થયો છે. તકીયા તળે ગુંગળાવી મારેલા શાહજાદાઓ તો જેમના તેમ વાટ જોય છે, પણ એમની કથા સમજાવવા માટે આ ઇતીહાસીક ચપકો પહેલાંથી સમજાવવાની જરૂર હતી. હવે જો આપની આજ્ઞા હશે તો આવતાં પ્રકરણમાં આ મહાન રસભર્યું કથન પુરૂં કરી આગળ ચલાવીશ.

પ્રકરણ—૨૨ મું.

ઇંગ્લંડના પ્રવાસનું રમુજી વર્ણન અને દીલચસ્પ દાસ્તાન આપતાં આપનાં હું ગયા અંકમાં ઇંગલંડના એક પાદશાહી શીહા સફાની રંગભુમી ઉપર ઉતરી પડયો હતો. કલમકસીના આવેશમાં લખાઈ તો ગયું પણ પછી અંદેશો પડયો કે મારા સુજ્ઞ વાંચનારાઓને આ ઇતીહાસીક કરૂણારસ વીવેચન કદાપી ગળે ન ઉતરે. પણ આસપાસના મીત્ર મંડળથી જાણી બહુ ખુંશી છું કે એ કાપા કાપીનું ક્રૂર દાસ્તાન જે અસલી ઝોહાકના ફીરદોશીના દાસ્તાનને મળતું આવે છે તે ઘણી હોંસથી વંચાયું છે. હોંસ હો કે બેહોંસ હો પણ પલંગ ઘડવા બેઠા ત્યાં ત્રણ પગ બનાવીને 'ડીઝાઇન' પસંદ ન પડે તો ચોથો ન લગાડવો એ રૂઢી ચાલે એવી નથી. એ તો ગધેડે ચઢયા તો ગામની પાદરેજ ઉતરવું, માટે હું ગઈ વેળાનું દ્રષ્ટાંત આજે પુરૂં કરૂં છું.

ડયુક ઓફ હેસ્ટીંગસ અને જવાન શાહજાદાના મામા અર્લ ઓફ રીવર્સને ચટ ને પટ મારી નાંખનાર કાકો ગલોસ્ટર હવે છડેચોક બહાર પડયો કે હવે ઇંગલંડનું રાજ તો ખરેખર મને ખપે. એનાં કારણમાં તેણે એક વીચીત્ર દલીલ પ્રજા હજુર રજુ કરી. તે દલીલ એ કર્પીણ ઉમરાવનાં બીજાં સઘળાં કામકાજનાં

જેવીજ કઢંગી અને શરમ ભરેલી હતી. તેણે વાંધો કહાડયો કે આ છોકરાઓનો બાપ, એટલે જે પોતાનો સગો ભાઇ પોતાની રાણી સાથે પરણ્યો તે અગાઉ એક ઉમરાવની છોડી સાથે પ્યારમાં પડયો હતો અને તેણીને અનીતીના મારગ ઉપર લઇ જવા માગતો હતો. પણ આ ઉમરાવજાદી બહુ ચકોર અને નીતીમાન હતી, એટલે તેણીએ રાજા એડવર્ડને સાફ સાફ કહયું કે મારો પોઢવાનો રસ્તો દેવળમાં થઇને આવવાનો છે એટલે જે જો મારાં બદનના પતી થવું હોય તો દેવળમાં જઇ કાયદાસર ગાંઠ જોડાવવા વના કાંઇ વળશે નહીં. એડ-વર્ડ એટલો તો મોહોબતમાં લીન થઇ ગયો હતો કે આખરે છુપાછુપ આ ઉમરાવજાદી સાથ શાદીના ગાંઠથી જોડાયો. આ વાર એવું કહેવામાં આવે છે કે દેવળમાં ક્રીયા વખતે ક્રીયા કરનાર બીશપ ઓફ બાથ સીવાય બીજું કોઇ હાજર નહીં હતું. આ લીધે રાજાના રાણી સાથનાં પછીથી થયલાં લગન ખોટાં—એટલે તેણીને પેટે થયલાં બાળક પણ ખોટાં—એટલે ખરો વારસ હું. વળી આ એબલગામણા પુરૂષે બીજી શું જીકર ઉઠાવી તે જુવો. તેણે પોતાના લાગતાવળગતાઓને શીખવીને એવી વાત ફેલાવી કે તેનો મરહુમ ભાઇ એડવર્ડ અને તેથી ઉતરતો ભાઈ ડયુક ઓફ કલેરંસ એ પણ ખોટા હતા, કારણ કે અમારી મા પોતાના ખેલવતગાહામાં જુદા જુદા યારોને દાખલ કરતી અને આ એડવર્ડ અને

તેનો બીજો ભાઇ તો હરામને પેટના હતા! પોતાની સગી માને વાસ્તે—અને તેબી તે વાર જીવતી માને વાસ્તે–અને તેબી વળી ખુદ દેવળમાં અને-શરમ છે!–આ ગ્લોસ્ટરની પોતાની હાજરીમાં આ પ્રમાણે બોલાય એ બેશર્મીની હદ થઈ એમ કહ્યા વના છુટકો નથી. જ્યારે ડા૦ શો નામના એક પાદરીએ આગળથી રચેલા તાગડા પ્રમાણે આ મુજબ વાયજી કરી ત્યારે એવી ગોઠવણ કીધી હતી કે ગ્લોસ્ટરનાં દેવળમાં દાખલ થતાં વાર દેવળમાં હાજર રહેલાં સઘળાં લોક હર્ખભેર ઉભા થાય અને પોકાર ઉઠાવે કે 'ખુદા **રાજા–રીચર્ડ ગ્લોસ્ટરને** સલામત રાખે.' અલબતાં આ પ્રમાણે નાટક રચવાની મતલબ એ કે પછી દેશમાં જાહેરનામું ફેરવવું કે વગર માંગવે લોકો રીચર્ડ ગ્લોસ્ટરને રાજપદ આપવા માંગે છે. પણ 'કર ને જો' અહીંનું અહીં છે. ઠાઠમાઠથી ગ્લોસ્ટર સાહેબ દેવળમાં દાખલ થયા પણ એક જાણબી ઉઠયું નહીં અને સઘળાં સમમ—બંકમ થઇને બેસી રહયાં. બીચારો બીશપ અને ઉમેદવાર રાજા તો ચાટ પડી ગયા.

જ્યારે આ તજવીજ રદ ગઈ ત્યારે એક બીજી બાજી રચવામાં આવી. બીશપ શો, જે ગ્લોસ્ટરનો ખાંધ્યો હતો, તેનો ભાઇ લોર્ડ મેયર હતો. તેણે પ્રજાની જાહેર સભા બોલાવી અને ત્યાં ડયુક ઓફ બકીંગહામે મોટું ભાષણ કરી ગ્લોસ્ટરનાં જાબજા વખાણ કરી

અચબુચ સવાલ નાખ્યો કે, 'કેમ ઇંગલંડની પ્રજા, તમે આપણા મહાભારત, ખરા હક્કદાર રીચર્ડ ગ્લોસ્ટરને રાજા સ્વીકારશો?' ગોઠવણ એવી કરવામાં આવી હતી કે તે વાર પચાસ—સો આદમીઓએ ઉભા થઈને 'જીવતા રહો રાજા—હુરરે—હુરરે' કરીને ગડબડ મચાવવી. પણ વકીથી ઉલટી રીતે કોઇ ચું કે ચાં બોલ્યું નહીં! આથી બકીંગહામનો મીજાજ ગયો અને તેણે પોતાના હજુર્યાઓ ઉપર ડોળા કકડાવ્યા. આથી બીહી ધ્રુજીને થોડાક પગારદાર નોકરો ધીમે સાદે બોલ્યા, 'ખુદા રાજા રીચર્ડને સલામત રાખે.' ચા—આ—આલો. આટલા શબ્દથી પ્રજાની ખાએસ જણાઇ ગઇ. બકીંગહામ લાગલો પાદશાહના મેહેલમાં દોડયો અને જાહેર કીધું કે સાહેબ, પ્રજા તમને રાજગાદીએ બેસાડવાને ભુખે ખાતા નથી અને ઉંઘે ઉંઘાતા નથી. પેલી આપણામાં કહેવત છે કે 'મરઘીવાળા જેવા પગ છે—દશ આના લેછ—બાર આના લેછ?' તેમ ગ્લોસ્ટરે આસમાન ગમે ડોળા ચહડાવી નાકે જીભ લગાડી કે 'નારે સાહેબો, મને શાનું તાજ ઘટે? હું તો છોકરાઓ મોટા થાય ત્યાં સુધી તેમનું નીમક ખાઇશ' ઇત્યાદી ઇત્યાદી.

પણ સામાવાળાઓ કાંઇ છપણમે પાને ઉડવા આવ્યા ન હતા. તેઓએ વળી કપાળે જીભ લગાડી કહયું 'અરે સાહેબ, એમ કાંઈ હોય? તમુને લેવુંજ પડશે!' ઇત્યાદી ઇત્યાદી.

આ સઘળા ભવૈયાના ખેલ પછી ગ્લોસ્ટર સાહેબ ખરેખરા ગાદીએ ચહડી બેઠા.

પણ ફક્ત ગાદીએજ બેઠા હોત તો ધુળ નાંખી. ત્યાર પછીનાં તેનાં કૃત્યો બહુ ભયંકર છે. ઈંગ્લંડની હીસ્ટરી ઉપર તે કાળો ડાઘ છે અને તે આપણે અત્યાર લગાણમાં લગાર વીસારી મુકેલા ટાવરના બાબમાં એક ગજબનાક બનાવ છે. એ બનાવ હક્દાર વારસો એડવર્ડનાં બચ્ચાંઓના આ ટાવરમાં આ કર્પીણ કાકાએ કરાવેલાં ખુન છે. તેણે જોયું કે હવડાં તો એ ભુલકાં છે અને ખરી વાત ઇંગ્લંડની પ્રજા જાણતી નથી ત્યાં સુધી તો ઠીકાઠીક છે પણ તેઓ વયનાં થયાં ને ખરી વાત જણાઇ તો ગરદન છંટાઈ જવાનો સોદો છે. માટે સર્વથી સરસ ઉપાય એ કે એ બે પીડાઓનો કાંટો કહાડી નાંખવો. ઘણીવાર વીચાર કરીને તેણે ટાવરના રખેવાળ સર રોબર્ટ બ્રેકનબરીને બોલાવી મંગાવ્યો અને તેને કહ્યું કે લોક ન જાણે તેમ આ બે નાના ભાઇઓનો ખુરદો કરી નાખે તો તને નેહાલ કરૂં. આ અઘોર પાપમાં હાથ બોળવાને ભલા બ્રેકનબરીએ ના પાડી એટલે ગ્લોસ્ટરે પોતાના એક નજીસ ખાંધ્યા, નામે સર જેમ્સ તીરલને બોલાવ્યો અને તેણે આ કામ પાર ઉતારવાની કબુલાત આપી. ચોક્કસ કારણોને લીધે બ્રેકનબરીને પણ ઠાર કરવાનું બને એમ નહીં હતું, એટલે ગ્લોસ્ટરે તેને હુકમ કીધો કે ટાવરની ચાવીઓ ફક્ત એક

રાતને માટે ભાડુતી તીરલને સોંપવી. ત્રણ સાથીઓને લઈને આ નાપાક તીરલ પાછલી રાતના ટાવરમાં, જે ઓરડામાં આ બે નીરદોશ પ્રીન્સીસ પોઢયા હતા ત્યાં દાખલ થયો. પોતે બહાર ઉભો રહયો અને પેલા ત્રણ ખવીસોને માંહે મોકલ્યા. એ વાર આ પ્રીન્સો ભર ઉંઘમાં સુતેલા હતા. તેઓનાં મોંહપર ટકયો દાબી તેઓને ગુંગળાવી મારી નાખ્યા પછી તેમનાં કપડાં કહાડી લીધાં અને નાગાં બદન તીરલને બતાવ્યાં. તેના હુકમથી આ બે બદનોને દાદરને તળ્યે એક પથ્થરના ઢગાની નીચે ડાટવામાં આવ્યાં. રીચર્ડની પછીનાં રાજમાં આ ચારે જણે આ ગુનાહ કબુલ કર્યો, પણ તે વારબી તેઓને સજા કરવામાં ન આવી, કારણ કે ત્યાર પછી આવનાર પાદશાહ હેનરીનું એવું મત હતું કે દરેક રૈયત પોતાના પાદશાહનાં ગમે એવાં ખરાં યા ખોટાં ફરમાનને માન આપવાને બંધાયલી છે.

એકજ વાત હજી ખુલાસા વાર સંધાઈ શકાતી નથી. કહે છે કે જયારે કર્પીણ કાકા રીચર્ડને આ નીરદોષ બાળકોનાં રવાંનોને દાદર નીચે ડાટવાની ખબર પડી ત્યારે બહુ કફ્રા થવાના તેણે ચાળા કર્યા અને પોતાના ખાસ પાદરીને હુકમ કર્યો કે રવાનો પાછાં કહાડીને પવીત્ર જગામાં ડાટવાં. પાદરીએ રીપોર્ટ કર્યો કે તેણે પાદશાહનો હુકમ બજાવ્યો છે, પણ રીપોર્ટ કરતાંજ થોડાજ દીવસમાં એ પાદરીનાંબી મરણના સમાચાર



નીરદોશ શાહજાદાના ર્પાંણ પુનામ્મા.

બહાર આવ્યા. કઇ જગાયામાં આ હાડકાં ગાડ્યાં છે તેની નવા પાદશાહ હેનરીએ ઘણીબી શોધ ખોળ કરી પણ કશો પત્તો હાથ લાગ્યો નહીં. તે છેક રહી રહીને ઘણાં વરસો પછી ટાવરમાં ઉપલા પથ્થરના દાદર આગળ કાંઈ સમારકામ થતું હતું એવામાં બે બચ્ચાંઓનાં હાડકાં નીકળી આવ્યાં. તેમનાં કદ અને સંખ્યા ઉપરથી ખુન થયલા શાહજાદાઓનાંજ તે હતાં એમ સીદ્ધ થયું. તે હાડકાંઓને કીંગ ચાર્લસે ત્યાર પછી સંગેમરમરની કબરોમાં બાઆબરૂથી ડટાવ્યાં. એવું ધારવામાં આવે છે કે ગ્લોસ્ટરની બીહીકે પાદરીએ તોપ મારી હશે.

પ્રકરણ—૨૩ મું.

હું શરમીંદો છું—બહુ લજાવાઉં છું કેમજે ઇંગલંડ જર્મનીનો પ્રવાસ આપતાં આપતાં ખુની રાજાઓનાં વૃતાંત ઉપર ઉતરી પડયો—પણ હવે તે કીસ્સો તમામ થયો છે અને પાછું મારૂં માનીતું લંડન ખુંદારી મારીશ. ઈંગ્લંડના લોક બહારથી કેવા ગોરા ગોરા ને ઠાયા દોયા લાગે છે પણ મોંઢે પોળા ને માંહે તમોરા—સમજી લ્યો. હું ધારૂં છ કે ઉતરતો વર્ગ ત્રીસ દીવસમાં એકવારબી સ્નાન કરતો ન હશે. ઘણા બડે લોકને પણ આઠ દીવસે એક વાર 'બાથ' લેવાની જરૂર જણાય છે. ખરૂં છે કે ત્યાં રૂતુ એવી છે કે નાહવાની રૂચીજ

થતી નથી. આપણે આ દેશમાં દરરોજ ન અંગોળ કર્યે તો કચવચ થાય ને ત્યાં આઠ દહાડે સદરો કહાડયે તો જાણે એવું થાય કે ઘડી બનાવીને પાછો પેટીમાં મેલી છાણીએ. બેડ રૂમમાં મોરી જેવી ચીજ નહીં એટલે સઘળો આધાર એક ગીંદી ઉપર. જ્યાં મોઢું ધોવાની મારામાર ત્યાં પગ ધોવાના તે કયાંથી હોય! વળી જગ્યા એટલી મોઘી કે તસુએ વેચાય એટલે ગરીબ ઘરમાં ગમે એવી પણ નાની સ્નાન કરવાની જગાયા મળી શકે નહીં. આ કારણને લીધે હમણા ત્યાંના વીચારવંત સત્તાવાળાઓએ જાહેર હમામખાના કહાડયાં છે. આવું એક પબલીક બાથ હું જોવા ગયો હતો અને તેજ વેળા મેં ધાર્યું કે આવી કાંઇ યોજના આપણા મુંબઈ શેહેરમાં થવી જોઈયે. ખાસ્સાં કુસાદે મકાનમાં નાહવાની ઓરડીઓ સેંકડો કહાડેલી ત્યાં ફકત બે પેન્સ આપો અને મન ચાહે એટલાં પાણીથી અંગોળ કરી આવો. આ બે પેન્સમાં સાબુનો કટકો અને બે ટીલનુછના સુદ્ધાં. જેવું એક ધાણીએ ટીલ નુછયું કે તે ટુવાલોના ઢગ ને ઢગ ભઠ્ઠીમાં નાખીને બાફી કહાડે અને તેને સ્વચ્છ કરીને પછી સ્ટીમવાળા ઓરડામાં સુકવીને એક કલાકમાં પાછાં તૈયાર. જેને તરવાનો શોખ હોય તેને માટે જુદી જુદી નાની હોજો પણ રાખેલી છે. સનીવારે સાંજના આ 'બાથો' ઉપર હજારોની ધમાલ પડે છે કારણ કે આવતી કાલે આતવાર એટલે 'ઝાટલીમેન' થવાનું.

લંડનની આસ્પીટલોબી જોવાજોગ છે. એ માહેની એક પ્રખ્યાત નામે સેંટ ગાઇઝ આસ્પીટલ તેના વડા સર પેરી કુપરની મેહેરબાનીથી હું બહુ બારીકીથી જોવા પામ્યો હતો. જ્યારે મેં કહ્યું કે હું વીએનાની સરકારી ગંજાવર, બે હજાર બીમારોવાળી આસ્પીટલ જોઈ આવ્યો છું ત્યારે સેંટ ગાઈઝવાળા હસીને બોલ્યા કે "ત્યારે તો તમે અમને મોટો ગેરઈનસાફ કરશો કારણ કે તે મોટું ખાતું જોવા પછી અમારી ૭૦૦ બીછાનાવાળી આસ્પીટલ તમારા ખ્યાલમાં આવશેજ નહીં!" તે છતાં સ્વચ્છતા, સીસ્ટરોની ગંભીરતા, ડાકટરોની ધમાલની બાબદમાં આ સેંટ ગાઇઝ આસ્પીટલ એક નાદર ખાતું છે અને લંડન જનાર ગ્રહસ્થોને તે જોઇ આવવાની હું ખાસ ભલામણ કરૂં છું.

હવે આ છેલ્લાં લંડનનાં પ્રકરણ બાકી રહેલા મસાલાની ઝાડઝુડના છે. એક બીજું જાણવાજોગ મથક હેંપટન કોર્ટ પેલેસ કરી છે તે પણ આપણા હીંદવાસીઓને જોવાજોગ છે. આ મેહેલની ત્રણ બાજુએ ટેમ્સ નદી ફરી વળી છે. મોટા દરવાજામાં દાખલ થવાની એક પેની. દાખલ થતાં સંભાલ રાખજો કેમજે બહારથી જે સુંદર બગીચો દેખાય છે તે ભુલભુલામણી છે અને રસ્તો ચુકયા તો ચક્કર ચક્કર ફર્યાજ કરશો, અને મેહેલ આગળ જવા પામશો નહીં. આ મેહેલ ઘણી ઇતીહાસીક અગત્ય ધરાવે છે પણ હમણાં તો પડત જેવો

પડયો છે, અને તેનો કેટલોક ભાગ પાદશાહની ખુશીમાં આવે તેને વાપરવા આપવામાં આવે છે. ઘણું કરી ઘરડા ખખ થઇ ગયલા લડવૈયાઓ અથવા સુસ્ત મારી ગયલા રાજદ્વારીઓ, જેઓ પૈસે ટકે ખરાબ થઇ ગયા હોય તેઓને તેઓની આગલી સેવાઓની યાદમાં આ ઠેકાણે રહેવાની પરવાનગી પાદશાહ પોતે આપે છે. જે ભાગમાં અસલ રાજ જોડાં રહેતાં હતાં ત્યાં હજીબી ઘણાં કીમતી ચીત્રો એમનાં એમ ટાંગી રાખેલાં છે અને તે પ્રજાને જોવા માટે ખુલ્લાં છે. આ મેહેલ પ્રજામાં એટલો તો માનીતો છે કે તે જોવા માટે દર સાલ સાડા ત્રણ લાખ માણસ જાય છે એવી ગણત્રી કહાડી છે. કહે છે કે ઈંગ્લંડના, સઘળા રાજ મહેલો કરતાં આ મોટો છે અને તે પંદરમી સદીમાં યાને પાંચશો વરસ અગાઉ રાજા આઠમા હેનરીના લાડકવાયા કારડીનલ ઉલસીએ બંધાવ્યો હતો અને પાછળથી પાદશાહને બક્ષીશ આપી દીધો. આલીવર ક્રોમવેલ જ્યારે રાજાઓનાં હાથમાંથી હકુમત ઝુંટાવી લઇને ઇંગ્લંડનો ધણી થઇ બેઠો ત્યારે તે આ હેંપટન કોર્ટમાં રહેતો હતો. આ મેહેલનો વીસ્તાર કેટલો મોટો હશે તેનો એટલા ઉપરથીજ ખ્યાલ આવશે કે તેમાં મોટા મોટા એક હજાર ઓરડા છે જે માંહેના ૮૦૦ માં નસીબદાર પેનશનરો રહે છે. આ હેંપટન કોર્ટનો બગીચો લંડનની આસપાસ સર્વેથી ઉત્તમ ગણાય છે પણ તેમાં એક સર્વેથી જોવાજોગ

ચીજ એક દ્રાક્ષનો માંડવો છે. કહે છે કે આ રોપો ૧૭૬૮ ના સાલમાં રોપવામાં આવ્યો હતો. તેનું થડ ઘેરાવામાં ૩૮ ઈંચ છે અને તેની ડાંખળીઓ ૨૨ ચોરસ ફીટ ઉપર વીખેરાઇ પડી છે. આ એકજ વેલા-માંથી વરસ દહાડે બારસો ઝુમખા કાળી મોટી દ્રાક્ષ ઉતરે છે અને તેનું એકંદર વજન લગભગ ૧૦૦૦ રતલ થવા જાય છે.

જ્યારે લંડન આવડું ગંજાવર છે ત્યારે તેનું તારખાતું કેવુંક હશે તેનો કાંઇક વીચાર કીધો? તેમાં વળી દરેક શબ્દની અરધી પેની એટલે અરધો આનો કીમત એટલે પછી આખે હાડકેનાઓ કાગળ લખવાની તસદી પણ શું કામ લીયે! અહીંની પેઠે "તાર આફી-સમાં જા ને ટીકીટ લગાવ ને રશીબ લાવ" એવી ભાંજગડનીબી જરૂર નથી. જેવાં પોસ્ટનાં સ્ટાંપ કીધેલાં કવર આવે છે તેવાજ સ્ટાંપ મારેલા તૈયાર તારના ફાર્મબી આવે છે. એવી એક સ્ટાંપ મારેલા ફાર્મની ચોપડી રાખી મેલી કે પછી તમારો સંદેશો લખીને જોઇયે તો પોસ્ટ આફીસમાં આપો, કે રેલવે સ્ટેશનપર આપો કે પોસ્તના થાંભલામાં નાખો. તમારે નક્કી જાણવું કે તમારો સંદેશો પા કલાકમાં પહોંચી ગયલોજ છે! લંડ-નમાં ફકત ૩૦૦ (!) તારની આફીસો છે.

ટેલીગ્રાફ આફીસની તાર—યંત્રની ગેલેરીઓ એક વખાણવાજોગ અને અભ્યાસ કરવાજોગ દેખાવ છે અને

કોઈ જાણીતા બેંકર અથવા વેપારી મારફત તે જોવાની રજા સેહેલાઈથી મળી શકે છે. અકેક ગેલેરી ૯૦ ફીટ પોહોળી અને ૬૦૦ ફીટ લાંબી છે અને તેમાં ૫૦૦ તાર મોકલવાના સંચાઓ અને ૫૦૦ કલાર્ક બેસાડેલા છે. નીચે ભોંયરામાં ચાર સ્ટીમ એનજીનો ૫૦ ઘોડાંના બળનાં ચાલે છે, જેની મદદથી લંડનના જુદા જુદા ભાગોમાં ન્યુમેટીક ટયુબ મારફતે તારના સંદેશાઓ મોકલી શકાય છે. ગણત્રી કરવામાં આવી છે કે એક વરસના અરસામાં ૮ાા કરોડ તારો આ આફીસ રવાના કરે છે.

જેમ ટેલીગ્રાફની સગવડ તેવીજ ટેલીફોનની સગવડ. મોહોલ્લે મોહોલ્લે અને ખુણે ખુણે ટેલીફોનનાં સ્ટાંડ ઉભાં કીધેલાં. ત્રણ મીનીટ વાત કરવાની ત્રણ પેન્સ. પણ એટલુંજ કરીને લંડનવાસી ધરાયા નથી. હવે તો પેરીસ સાથે પણ ખુદ ટેલીફોનથી વાત થઈ શકે છે. ઉપલી બે લીટીઓથી કદાચ મારા લખવાનો પુર સ્વાદ સાધારણ વાંચકને ઉતરી જશે નહીં તેથી એક મીશાલ સમજાઉં છું. જાણો કે મારી બેઠક લંડનનાં સીટીમાં એકાદ આફીસમાં છે અને મારે પેરીસમાં એટલે જે ફ્રાંસ દેશમાં ખાસ ઇંગ્લીશ ચેનલ ઓળંગીને સેંકડો માઇલ દુર કોઈ બીજી પેહેડી સાથે કામ છે તો કાગળ મોકલવાની કે તાર કરવાની કશી જરૂર નથી. ફકત ટેલીફોનમાં તે ધણીને બોલાવ્યાથી લંડનમાં એક ગમ અને પેરીસમાં બીજી ગમ ઊભા ઊભા પેટ

ભરીને વાત થશે. તાર અને ટેલીફોન તો થયું. હવે નાનાં નાનાં બોચકાં જગેજગ પહોંચાડવાની સગવડનો કાંઇક ખ્યાલ આપું છું. ત્યાં સંખ્યાબંધ કંપનીઓએ દરેક ગલીએ ગલી પોતાની નાની આફીસો રાખી છે. આ માહેલી તમારાં ઘરની નજદીકમાં જે આફીસ મળે ત્યાં જાઓ, તમારૂં પારસલ ત્યાં આપો અને ૩ પેન્સ આપો કે ૪ રતલના બોજા સુધીનું પારસલ કોટથી પરેલ સુધી પહોંચાડી આપશે. પણ તમો આળસુના પાદશાહ હોવો અને નજદીકની દુકાન સુધીબી જવાની આળસાઇ આવતી હોય તો તમારાં ઘરનાં આંગણામાં C. P. એવા બે અક્ષરો દેખાય એમ લખીને ઓટલાપર ટાંગવા કે ઉપલી કંપનીઓનાં હજારો જતાં આવતાં ગાડાં ઉભાં રહીને તમારૂં પારસલ ઘર બેઠાં ઉપાડી જશે. આ બધું તો સમજ પડે એવું છે અને ચંદરો-ઝમાં આપણા તરફબી, ૨૦૦—૩૦૦ વરસમાં અમલમાં આવશે. પણ એક બીજું કૌતક એવું છે કે જે કોઇ દહાડેબી આ અભાગયા દેશમાં દાખલ થાય એવાં ચીન્હો જણાતાં નથી. એ નવી નવાઇ લેડી—લોમ્યાની છે. ૧૮૮૮ માં એક બાનુઓની કલબ એવી સ્થાપવામાં આવી છે કે એમાંથી લંડનના જુદા જુદા દેખાવો દેખાડ-વાને માટે, જુદી જુદી ભાષાના દુભાશ્યા તરીકે, મુસાફરી કરવાના કમપેન્યન તરીકે અને બાનુઓને દુકાનોમાં ખરીદીમાં મદદ કરવા માટે, સ્ત્રી-મદદનીશો ઘણી થોડી

ફીમાં પુરી પાડે છે. એટલુંજ નહીં પણ આ બાનુઓની સોસાયટી, બોર્ડીંગ હાઉસ કયાં કયાં આવ્યાં છે તેની નોંધ રાખે છે. અગાઉથી હોટેલો સાથે ઓરડાના બંદોબસ્ત કરે છે, રેલવેની ટીકીટો મેળવી તમારી સીટો રીઝર્વડ કરાવે છે. આવી એક સોહામણી દુભાશ્યાની ફી એક દીવસની પાંચ શીલીંગ.

આએ વીષય પોસ્ટ આફીસોને લગતીજ થોડીક સતરોથી પુરો કરીશ. આ ખાતાંના આંકડા એવા તો જબરદસ્ત છે કે કદાપી તે માનવાને કોઇ ના પાડશે. પણ હું એ આંકડા સત્તાવાર રીતે મેળવી શકયો છું અને તેમાં જરાબી અતીશયોકતી નથી. ૧૮૯૯ નાં સાલમાં કુલ ગ્રેટબ્રીટનમાં સઘળાં મળી બે અબજ ૮૯ કરોડ કાગલો વહેંચવામાં આવ્યાં હતાં. એ કાગલો ઉપરાંત ૮૫ કરોડ બુક પોસ્ટ અને ન્યુસપેપરોનાં પારસલો હતાં અને તે ઉપરાંત તેજ વરસમાં ૩૮ કરોડ પોસ્ટ કાર્ડ વહેંચાયા હતા. મેહેરબાન મીત્રો, કાગળો, ન્યુસપેપર, પારસલો અને પોસ્ટ કાર્ડો મળી કેટલી સંખ્યા થઇ, તેનો કાંઇ વીચાર કીધો? એજ સાલમાં એજ ઉમદા પોસ્ટ આફીસે ૭ા કરોડ પારસલો ગ્રેટબ્રીટનથી બહાર મોકલ્યાં હતાં અને એજ સાલમાં ૪૨ કરોડ રૂપીઆના મનીઆરડરો ઈશયુ કર્યા હતા. વળી એજ પોસ્ટ આફીસની સેવીંગાસ બેંકમાં ૧ અબજ ૨૦ કરોડ રૂપીઆ લોકના ડીપાજીટ છે અને એજ ઇંગ્રેજી પોસ્ટ આફી-

સનો એજ સાલનો નફો ૪।। કરોડ રૂપીઆનો છે. બીલડીંગ ઘણી નાની છે—ફક્ત ઉપર ૬૦ લાખ રૂપીઆનો ખરચ થયો હતો.

પ્રકરણ ૨૪ મું.

લંડન—આહ!—લંડન—તને છોડવાનો વખત પાસે આવતો જાય છે તેમ માથે કેવી મધુરી ઘેંણ ચહડે છે! ખરાં લંડનમાં ૧૦૦૦૦ મોહોલ્લા છે, જે જો લીટીબંધ જોડી નાખ્યા હોય તો ત્રણ હજાર માઇલ લાંબા થાય. આખાં શહેરમાં છ લાખ તો મસ ઘરો છે. તેમાં એ ધર્મી સકર્મીઓ પંદરસો દેવળો, પરહેજી કરનારાઓનાં પેટપર ધાડ આવવા સારૂં ૭૫૦૦ પીઠાં, ૧૭૦૦ કાફી હાઉસો અને ૫૦૦ હોટેલો છે. ખુદ લંડન શહેરની કારસાજી એક કાઉંટી કૌન્સીલના હાથમાં છે અને તેનો ખરચ દર સાલ વીસ કરોડ રૂપીઆનો છે. અને દેવું છાસઠ કરોડ રૂપીઆનું ગણવામાં આવે છે.

લંડનના મ્યુનીસીપાલીટીને લગતા સાહાસમાં સર્વેથી મહાભારત કામ જોવું હોય તો તેની ગટર છે. આ ડ્રેનેજ કળા ઉપર શું ખરચ થયો હશે તેનો કાંઇ ખ્યાલ છે? ૧૦ કરોડ રૂપીઆ! આ ડ્રેનેજ ૮૭।। મૈલ લાંબી છે અને તે માંહેથી દર સાલ ૬ કરોડ ટન મેલું પસાર થઇ ટેમ્સ નદીના મુખરા આગળ જાય છે જ્યાં

તે રસાયણ પ્રયોગથી સફા થઈને બેમાલમ થાય છે. આ મ્યુનીસીપાલીટીએ હાથ ધરેલાં કામો કેવાં જંગી છે તેનો ખ્યાલ આપવા માટે હું થોડાક આંકડા નીચે આપું છું. બ્લાકવોલ ટનલ ઉઘાડી તેપર દોઢ કરોડ ખરચી કહાડયા. ગ્રીનીચ આગળ એક નવી ટનલ બાંધે છે તે ઉપર ખરચવા ચાર કરોડ જુદા કહાડયા છે. હોબોર્ન નામના જીલ્લામાં ઘરો તોડી પાડીને તે જીલ્લાને મોકળો કરવાને છેલ્લાં વરસમાં કાઉન્સીલે છ કરોડ રૂપીઆની પરવાનગી આપી છે. બેથન્લગ્રીન જીલ્લામાં ઘરો તોડી પાડયાં એટલે ત્યાંના રહીશોને માટે મ્યુનીસીપાલીટીએ ઘણાજ ખુબસુરત મકાનો બંધાવી ૪૦૦૦ લોકને વસાવી દીધાં છે અને તે ઉપર કરોડ રૂપીઆ ખુશીથી પગાર કીધો છે. પણ હજી એથી આગળ ચાલો. એજ મ્યુનીસીપાલીટી દર સાલ સાહાઠ લાખ રૂપીઆને ખરચે પાંચ મેડહાઉસો ઝીલી રાખે છે જેમાં કુલ પંદર હજાર દેવાનાઓને પુરી મુકેલા છે. લંડનની મુખ્ય ટ્રામ લાઇનના માલેક પણ એઓજ છે. તેની વાર્ષીક આવક દોઢ કરોડ રૂપીઆ ગણવામાં આવે છે. અને તેમાં બાવીસ કરોડ પાસીનજરો બાર માસમાં આવ જા કરે છે. હું જ્યારે મ્યુનીસીપાલીટીના સંબંધમાં લખવા બેઠો છું ત્યારે તો બાકીની વીગતોબી આપી દઇશ. ત્યાં પાણીની કારસાજી મ્યુનીસીપાલીટીના હસ્તકમાં નથી પણ આઠ ખાનગી કંપનીઓને હસ્તક છે. સાહાઠ લાખ માણસોને

દરરોજ પાણી પુરૂં પાડવું એ કાંઈ મશકરીની વાત નથી. દરરોજનું ૨૫૦૦૦૦૦૦૦ (પચ્ચીસ કરોડ) ગ્યાલન પાણી જોઇયે. આ કંપનીઓને દર સાલ સાડાત્રણ કરોડ રૂપીઆની આવક છે. આખાં લંડનમાં પાંચ મોટી ગેઆસ કંપનીઓ છે અને તેઓ ૩૫૦૦૦૦૦૦૦૦૦ (પાંત્રીસ અબજ) કયુબીક ફીટ ગેઆસ વરસ દહાડે સપલાઇ કરે છે અને તેઓની આવક છ કરોડ રૂપીઆ છે. બધો કરોડનોજ ત્યાં હીસાબ છે. ત્યાં કાંઇ તમારી મુંબઇની પેઠે આણુપાણુના સરવાળા કરવાના નથી. અહીં તો લાલા લાખ તો કહે સવા લાખ! કેળવણીનું કામબી આ મહાન યોદ્ધાઓએ પોતાને કબજે રાખ્યું છે. કુલ ૪૩૦ મ્યુનીસીપલ સ્કુલોમાં સવાપાંચ લાખ (!) છોકરાંઓ કેળવણી લે છે. તે ઉપરાંત ૨૮૦ સાંજની સ્કુલો છે અને શાબાશ! લંડનવાસીઓને કે રાંધણકળા અને બીજા ઉદયોગો શીખાડવા માટે ૫૯૦ જુદી શાળાઓ છે. આખાં લંડનમાં કુલ ૯૭૦૦ સર્ટીફીકેટવાળા શીક્ષકો છે.

આ બધું લખી તમારૂં ભેજું કસ્યું તેથી દલગીર છું પણ લંડન છોડવા આગમજ સઘળી બારીક વીગત વર્ણવવાની જરૂર મને લાગી હતી. યાદ રાખવું કે લંડનમાં રવીવારનો દીવસ મહા પવીત્ર ગણાય છે. તે દહાડો તમામ આસાએશનો છે. કાંઇ કામ કરાય નહીં, પણ દારૂ પીવાની અડચણ નથી. તેમાં સ્કાટલંડ તો એવું ધર્મી છે કે રવીવારને દીને ધસીને હસાયબી નહીં.

બસ એરંડીઆંનાં ગ્લાસ જેવું વણસાયનું ડાચું રાખવું જોઇયે. રવીવારે નાટક ફાટક બંધ, દુકાનો બંધ, ભઠીઆરાની દુકાન બંધ, ફક્ત પીઠાં ઉઘાડાં. એમાં ખોટું શું છે? ધર્મની ધુંઇ ભેજાંમાં જાય તેને તોડવા માટે જરા સ્ટીમ ચહડાવવાની દેખીતી જરૂર છે. ગમે એવો હલકો મજુરડો હશે પણ "પ્લીઝ" વગર વાત નહીં. ફ્રાંસમાં પગે પગ "સીલ વુ પ્લે" એટલે જે 'ઈફ યુ પ્લીઝ' પગલે ને ડગલે સાંભળવામાં આવે છે તેમ લંડનમાં દર મીનીટે 'પ્લીઝ"નો સાદ સંભળાશે. અગાઉ જરા જરામાં 'બેગ યોર પારડન' કરતા હતા તે રૂઢી હવે નીકળી ગઇ છે અને 'સોરી' શબ્દ ફાશીનમાં આવ્યો છે. રસ્તે ચાલતાં જો જરા કોઈને આંચકી લાગી તો કહેશે "સોરી." જરા જરામાં બચારા 'સોરી' થઇ જાય છે, એવા એ લોક "મેહેનતે દલગીર" છે. ટોપી ઉતારવી એ માનની નીશાન છે ખરી પણ ફક્ત ઓળખાણની લેડી સામે થઈ જાય તોજ ટોપી સાબેત માથાંપરથી કહાડી નાખવી. પણ જાહેર જગાઓ જેવી કે દુકાનો, કાફેઓ, મ્યુઝીક હૉલો અને મ્યુઝીયમોમાં ટોપી ઉતારવાની જરૂર નથી. લીફ્ટમાં ઉપર ચહડતા હો અથવા ઉતરતા હો ત્યારે જો લીફ્ટમાં લેડી હોય તો ટોપી કહાડીને હાથમાં પકડવાની જરૂર છે. જો તમે મારાં મનમાં છે તેવા "ફાશનેબલ" હો તો જાણવું કે વીઝીટ કરવાનો ટાઇમ સાંજના ૪ થી ૬ વાગતાનો છે.

જો મુંબઇથી ઈનટ્રોડકશનનું ચીથડું લઇ ગયા હો તો તેને વાપરવાનો ખરો રસતો એ છે કે તે કાગળ જાતે લઇ જઇને આપણા નામવાળા કાર્ડ સાથે પહોંચાડવું. પણ જો મળવા જવાની જગ્યા લાંબે હોય તો દરગુઝર ચાહીને એક કાગળ સાથ ટપાલમાંબી મોકલશો તો ચાલશે.

અરે બાપુઓ, બધું કરજો પણ નાના બીલ્લ જેવડા ખીસાં કાતરૂઓથી સમાલજો. કેવા ગરીબ ગાય જેવા દેખાશે પણ નરા 'વલદે હેલ' છે. બે પોર્યાઓ રસ્તામાં રમતા હોય અને એક બીજાને આંચકા મારતા હોય તેવામાં એક દુકનો આવીને તમારી સાથ અથડી પડશે અને બોલશે કે 'સોરી' પણ એજ ઘડીએ તમારાં ખીસાંનું ઘડીઆળ ગેબ થઇ ગયું હશે તો "સોરી" ખરેખાત થવું પડશે. બીજી જાતનીબી બલા અને આફતો લંડનમાં ઘણી છે. કોઈ બાનુ બચારી રસ્તામાં ચકરી આવીને પડી ગયલી હોય તો ભગલા હજામ થઈને તેની મદદે દોડી જશો ના. ખરેખરી દયા આવે તો પોલીસમેનને બોલાવજો, નહીં તો બેસુદ્ધ થઇ જનારી બાનુને દર મહીને ખવાડવાના પૈસા આપતાં બરડાની બેવડ વળી જશે. યાદ રાખજો કે એવી બેહોશ થઇ જનારી બીબીના ગરાડ જેવા ભાઇઓ અને ભ્રથારો ગલીને નાકે છુપાઇને તમારા જેવા શેકારોની વાટ જોતાજ ઉભા હશે. સારાંશ, કે બને ત્યાંસુધી કોઇબી અણજાણ્યા સાથ રસ્તામાં ભાઇબંધી કરવી નહીં. ઈસ્ટ એંડ અને ડાક તરફ રાતના જેમ બને તેમ

જવું નહીં એ મારી પાકી સલાહ છે. વળી હલકા મોહોલ્લાઓમાં પગેપગ લીલાંઉઓ ચાલે છે. કોઈ ઠેકાણે મોટાં મોટાં પીકચરો આંખના પલકારામાં પાણીને મુલે વેચાઇ જતાં તમે જોશો, પણ મારૂં માનજો, એવાં લીલાંઉ-ખાનામાં જશો ના. જો જાઓ તો સાથે કોઇ અનુભવી કાગડાને લઇ જજો. જો લંડનમાં કોઈનું 'એડરેસ' શોધી કહાડવું હોય તો Kelly's "post office directory" નામનું ત્રણ હજાર સફાનું દલદાર પુસ્તક દરેક હોટે-લમાં કે દુકાનમાં મળશે તેમાંથી જે માંગશો તે મળશે. લંડનમાં વળી હમણા એક નવું ખેંમાન ખોલવામાં આવ્યું છે. મોહોલ્લાને નાકે નાકે સીસોડીઓ ટાંગી છે. તે પકડીને એક વાર સીપટી વગાડી કે એક બ્રુમ અને બે વાર વગાડી કે એક હેનસમ કેબ તમારી આગળ આવીને ઉભી રહેશે.

એક નવાઇ જેવું બીજું ખાતું જે મારી નજરમાં ખુંચી બેઠું તે લંડનની "ફાઉંડલીંગ આસ્પીટલ" છે. જે નવાં અવતરેલાં બાળકોને તેમની ક્રૂર માતાઓ નાખી જાય તેઓને જીવાડી ઉછેરીને મોટાં કરનારૂં આ ખાતું ૧૭૩૯ ના સાલમાં કેપટન કોરાગ નામના એક દયાળુ દીલના ધણીએ સ્થાપ્યું હતું. પણ ત્યાર પછી તો એ આસ્પીટલની રચના બદલાઇ ગઇ છે. હવે કોઈબી માતા પોતાનાં બાળકને ત્યાં આપી આવે તો તે લીધામાં આવે છે. હાલમાં આ નવાઇ જેવાં ખાતાંમાં લગભગ સાડી

પાંચસો બાળકો છે અને તેઓની પાપી માત પીતાઓ તરફથી વરસ દહાડે કુલ ત્રણ લાખ રૂપીઆની આવક ફીના આકારમાં મળે છે. આ ખાતું એક આશીર્વાદ છે કે એક જબુન પાપને ઉંચકી રાખનારૂં સાધન છે તે ઉપર હું મત બાંધી શકયો નથી. પણ એવું ખાતું આપણા શેહેરમાં ઉઘાડવાની યોજના થાય તો હું નક્કી સામો થાઉં. આ ખાતું દર સોમવારે વીઝીટરોને માટે ખુલ્લું છે. જો જવું તો આ નાચાર ભુલકાંઓ જ્યારે જમવા બેઠાં હોય તે ટાંકણું સાંધીને જવું—ઘણી ગમત પડશે.

હવે બાવાજી, લંડનનો દમબી આખર થવા આવ્યો છે. મને જાનવર સંગ્રહનો ઘણો શોખ નથી પણ લંડનની 'ઝુ' જોયા વગર ચાલે નહીં. હાથી તો આપણે બચગીથી જોતા આવ્યા છીયે એટલે તેની તો નવાઇ નથી, પણ લંડનવાસીઓ તો આ ગોસ્તના ડુંગરને જોઇને ઘેલા ગાંડા થઈ જાય છે. મારો વહાલો હાથીબી બડો નસીબવાન! આખા દહાડામાં કોણ જાણે કેટલી બીસકોટ ને પેપરમીટ ખાતો હશે! આ 'ઝુ' જોવાને વરસ દહાડે સાત લાખ વીઝીટરો આવે છે. માહે લગભગ ત્રણ હજાર જાનવરોનો સંગ્રહ છે અને આ બધાં સંગ્રહસ્થાનને જમાડવા અને સાફ રાખવા સારૂં એકસો ગોરા નોકરોને કામે લગાડેલા છે. આ જાનવરોને એવું જમાડવામાં આવે છે કે ચુસ્તમાં ચુસ્ત મરજાદી પણ ખુશી થાય. ઘોડાનાં ગોસ્તથી તે ચેરી અને લીલી

દ્રાક્ષના લુગદાઓથી આ નસીબદાર જાનવરોને તર રાખવામાં આવે છે. જરા નીચલી ટીપ ઉપર નજર કરો.

ઘાસ ૧૪૨ ગાંસડી.	મચ્છી ૪૦૦૦૦ રતલ.
ઘઉં ૪૦ મણ.	ખાંડ ૪૫૪ રતલ.
ચોખા ૩૦૦ મણ.	દ્રાક્ષ ૧૩૦૦ રતલ.
પાંઉ ૬૩૮૬.	અંજીર ૧૬૮ રતલ.
દુધ ૪૭૦૦ બાટલી.	લીબીગ એક્સ્ટ્રાક્ટ મીટ ૫૦ ટીન.
પ્રીઝર્વ દુધ ૮૦૩ ટીન.	
બીસકીટ ૧૫૦૦ મણ.	પટેટા ૪૦૦ મણ.
ઇંડાં ૩૦૦૦૦.	કેળાં ૨૦૦૦૦.
ઘોડા (કાપવા સારૂ) ૨૩૪.	ખજુર ૧૫૨૦ રતલ.
બકરા ૧૮૬.	મોસંબી ૬૩૦૦.

ખા મારા બાપ! હવે કહો ઝુલોજીકલ ગાર્ડનનાં જાનવર આપણા માંહેથી કેટલાકનાં કરતાં નસીબદાર નહીં?

કાઆઆળું મેસ! આ શબ્દ તમે કોઇવાર સાંભળ્યો ન હશે. વીઝબાડનની મોહોકાણ તો હું અગાઉ કહી ગયો છું. ત્યાં મે અને જુનમાં રાતના નવ વાગે સુવા જઇયે તોબી બપોરના ૪ વાગતા જેવું ઉજરડું પડ્ એટલે ઉંઘ કેમે કરી આવે નહીં. વળી સહવારના બે વાગતામાં આંખ ઉંઘડી જાય તો જાણે સહવારના સાત વાગ્યા હોય એમ ઠગાઈ જઈયે. સારાંશ કે ત્યાં ઉપલા માસમાં રાત ફક્ત બે ત્રણ કલાકનીજ હોય. પણ અકટો-

બર માસમાં લંડનમાં એથી ઉલટુંજ છે. "બ્લેક પ્રોગ" જેને કહે છે તે એક વાર ત્યાં ચહડી આવ્યો. બપોરના બાર વાગેલા અને એવું અંધકાર કે મોહોલ્લામાંની ઇમારતોબી દીસે નહીં. સામેથી માણસ કે ગાડી આવતાં જણાય નહીં. બપોરના બાર વાગે ત્યાં બધી મોહો-લ્લાની ગેચઆસ લાઇટ સળગેલી અને દુકાનો પણ હજારો લાઈટથી કામ ચલાવે. કેબમાં બેઠા હોઇયે તો નાકના દાંડા આગળ એક બીટ દેખાય નહીં. અમથું અંધારૂં હોય તો ધુળ નાખી પણ 'પ્રોગ' એવો કાળો કે જાણે આપણી આગળ કોઈ વીધવાની કાળી સાડી ધરી હોય. જેમ વીસબાડનમાં બે કલાકજ રાત તેમ લંડ-નમાં ચોવીસ કલાકમાં ફક્ત બે કલાકજ ઉજરડું જણાય. બધો મામલો ઢંગ ધડા વગરનો. ઘડીમાં તડકો પડે અને ઘડીમાં છરછર વરસાદ પડી બધો રસ્તો કીચલથી ભરી નાખે !

આાહ! કેમ ભાઇ નીસાસો નાખો છો? લંડન ખલાસ થયું!—લંડન—લંડન-લ-ન-ડ-ન!! સલામ તને છેલ્લી સલામ—વીદયાના સાગર, છેલ્લી સલામ! પાપના ડુંગર છેલ્લી સલામ. હવે આવતાં પ્રકરણથી ચાલ્યા પારીસ.

પ્રકરણ—૨૫ મું.

પારીસ! તારા પેદાના કરનારને શું કહેવું જોઇયે! અરે યારો, આ બેહેસ્તખાનાને માટે હું અઢાર વરસનો ગબરૂ જવાન હતો ત્યારથી—પારીસ! ઓ પારીસ! આહ પારીસ કરી રહયો હતો અને જ્યારે અટ્ઠાવન વરસની ઉમરે ખરેખાત જોયું ત્યારે સ્વપના અને સાચમાં કેટલો ફેર! પણ ધીર ધરો. હજી પારીસમાં પગ મુકવાને વાર છે. હજુ તો પેડીંગટન સ્ટેશન ઉપર લંડનમાં છું. એક આંખનો ઝોંકો અને ડોવર આવી પહોંચ્યું. આગળજ મોટી—પહાડ જેવી સ્ટીમર ઉભેલી હતી તેમાં દાખલ થતાં કેટલી વાર? સામાનમાં એક હેંડબેગ અને ઓવરકોટ સીવાય બીજું કાંઇબી લેવાના કસમ ખાધેલા. ડેકપર ચાહડતાંજ એક અમલદાર બરાડા પાડે કે "ફર્સ્ટ કલાસવાળા જમણીગમ, સેકંડવાળા ડાબીગમ." ચતુર જાત એટલે પાંચ મીનીટમાં સઘળા વગે સગે થઈ ગયા કે લંગર ઉપાડ ને ચાલ્યા સડસડાટ. કોઇ નીચે ગગડે નહીં. સવા કલાકમાં તો ચેનલ પસાર કરી દેવાની એટલે બધાંજ ઉપર બેસી રહેલાં. પણ ચેનલ માતાની ધાક ઇંગ્રેજી બાનુઓને ભારી છે. તેઓનો મોટો ભાગ ઘરથી નીકળતાંજ બીહી મરે છે કે ચેનલ કેમ ઓળંગશું! આ બીક તેઓનાં માથાં ઉપર એટલી તો ગાલેબ

આવે છે કે હજુ તો લંગર ઉંચક્યું નથી તેટલાં કેટ-લાંકો ગળાં તાણવા અને કાંસ્વા પડી જાય છે. ધીકે ન મુઓ એટલો બીકે મુઓ! હીસ્ટીર્યા—સાત પાણીએ ધોયલો હીસ્ટીર્યા! હું જે સ્ટીમરમાં આવ્યો તે ટરબા-ઇન બોટ હતી એટલે એટલી ઝડપથી પાણી કાપતી હતી કે સ્ટીમરને રોલ થવાને પુરો ટાઇમજ ન મળે. પણ પવનનું જોર ભારી—બહુ ભારી—તે એટલાં સુધી કે કઠેરાને મજબુત પકડી રાખ્યા વગર ડેકપર ચાલવા જઇયે તો રતનાગર સાગરની ભેટ લેવી પડે. મારફુટે સવા કલાકમાં કેલે આવ્યું અને સઘળાઓ ધડા ધડ ઉતરી ગયા કે નાકના દાંડા આગળજ બીજી ટ્રેન તમારી સેવામાં તૈયાર ઉભેલી.

ચાઆઆલો! પારીસ આવ્યા! સીધા ને સીધા દોજ—બેહેસ્ત મુકામે પહોંચી ગયા. અરે વાંચક ખલક! પારીસમાં એવું તો હફ્તેખાન, રમખાન, ભરેલું છે, તેમાં વીદયા હુન્નરના ભંડાર, શોખના સાગર, શરીરનું સત્યાનાશ અને જોવા લાયક બાબદોનો ચીકાશ એટલો ઉભાઇ જાય છે કે આ નાના કદમાં તેનું વર્ણન આપવું તો કયાંથી બને! ખુદ પારીસ શહેરની ચઢતી પડતી અને નવાઇઓનોજ ઇંતેખાબ આવાં પાંચ પુસ્તકોમાં સમાઈ શકાય નહીં. માટે આ જે નીચે લખું છું તે મારા ફકત તેર દીવસના પ્રવાસમાં એકઠી કરી લીધેલી નોંધો છે. એટલે આ લખ્યાથી આખું પારીસ જોયું એમ


માનવું નહીં. હું તો ધારતો હતો કે ફ્રેંચ સીપાહો જેઓ એકવાર નેપોલીયન બોનાપાર્ટની સરદારી તળે જીતતા જીતતા છેક એશીયા સુધી આવી પહોંચ્યા હતા, જેઓએ એક વાર જર્મની, ઈટાલી અને રશીયા હાથ કીધું હતું તે કોણ જાણે કેવાક સાત ફીટીઆ રાક્ષસો હશે, પણ જ્યારે મેં નજરો નજર તેઓને જોયા ત્યારે હું અચરજ પામ્યો. ઈંગ્રેજી હાઈલેંડર અને મસ ટેટાં-વાળો યોર્કશાયર સોલજર કયાં અને આ બચારા ખલીર કાગડા જેવી ગરદનવાળા સોલદાદ કયાં! નરો બાવળની ગાંઠ મીસાલ, બટર બીસકાટ જેવો, ચોળો, ચપટો, ખપતો જર્મન સીપાહ કયાં ને આ બચારો વાંકી ડોકી રૂં જેવો છોકરવાદી સીપાહ કયાં! સોલજરોને બલુ જાકીટ અને કીરમજી પાટલુન પહેરાવેલાં એટલે બાબા લોકનાં રમવાનાં રમકડાં જેવા લાગે. ઘણાખરા ઉમરે છોકરવાદી અને ઝીણી ઝીણી મુછવાળા, મોટે ભાગે એક આંખે કાચ ઘાલેલા એટલે કોઇબી રીતે ચીવટ લડ-વૈયા તરીકે તો મારી નજરમાં ઉતર્યાજ નહીં. જેના મારેલા નહીં મરે તેના દીઠેલા શું મરે! લેડીઓની પેઠ ટાઇટ કમર બાંધેલી અને મુછને મીણ લગાડી આંકડા ચહડાવેલા એવા નાજુક દેખાવના આફીસરો 'સાયનટ્રી-ફીક' લડાઇમાં પ્રવીણ હશે પણ હાથો હાથ મુક્કાબા-જીમાં કે ખરતલ રગડમાં લાંબો વખત સુધી ટકી શકે એવું મારા ખ્યાલમાં ઉતરી શકયું નહીં. કદાચ હું

ભુલતોબી હોઉં. પણ જવા દયોની, તેની સાથ આપ-ણને શું કામ છે? આઈનાં સીકોરાં બાઇને ભારી. જ્યારે લડાઇ જાગશે ત્યારે આપો આપ જોઇશું. ફ્રેંચો મુછ-પર તાવ ચહડાવી હમણાબી બોલતા ફરે છે કે જર્મનો ઉપર પાછો દાવ લેવાનો અમારો વખત પાસે ને પાસે આવતોજ જાય છે—તમે જુવો તો ખરા શું કરી બતાવ્યેછ તે—ઇત્યાદી. પણ હાલનો મામલો જોતાં, હાલનો જર્મન કદાવર સોલજર જોતાં, હાલ તેમનું દ્રવ્ય અને લશકરી કવાયદ જોતાં તે વખત અત્યારે ને અત્યારે આવે એવું લાગતું તો નથી.

હું જ્યારે પારીસ ઉતર્યો ત્યારે રાતનો વખત હતો. જોઉં છું શું કે કરોડો વીજળીક બતીઓ ઝળકી રહી છે. લાલ લાલ રૂખસારની પરી જેવી પોદ્રીઓ હસ્તી હસ્તી અને નાજ નખરાં કરતી મોહોલ્લાઓમાંથી દોડતી જાય છે! પુરૂષો જાણે કેવાક સંતોષી અને કરોડપતીઓ હોય તેમ પેટ પકડીને ગેલ કરતા અને મોટે મોટે ખડ ખડ હસીને વાત કરતા ચાલ્યા જાય છે. હું તો એમજ સમજ્યો કે મારી બચગીના સ્વપનાઇ પરસ્તાનમાં હું આવી પડયો છું. આહ! શું ચાલતીની ચળક, શું ઇમારતોની રોનક, શું બતીની ઝળક, ને શું મરદોની ધમક, શું હસ્વાના ભાવટા, ને આબરૂ ઇજતના વાવટા. જેઓ મને અંગત ઓળખે છે તેઓ એટલું તો છાતીએ હાથ દઇ કહી શકશે કે હું લગાર સમજનો કોતાહ

અને ભોળો ભટાક કદાચ હોઇશ પણ છેક ઓડાની તો નથી. કેમ ખરૂં કેની? પણ મારી પારીસની પહેલી રાતે મેં મારી સુધ બુધ ખોઇ નાખી એમ મારે પહેલાંથીજ કહી દેવું જોઇયે. તારાપોર કે ઈચ્છાપોરથી પહેલ વહેલો મુંબઇ આવેલો બોચીઓ પટેલીઓ અહીંની વડોદરા રેલવેની આફીસ જોઈને જેમ તેને ઈંગ્લંડના પાદશાહનો મેહેલ સમજે છે તેમ હું પારીસને પરવરદેગારનું માનીતું બેહેસ્ત સમજી બેબાખરો બની ગયો. ક્યાં જવું, શું પુછવું, કોણને પુછવું તે કાંઇ સુઝે નહીં. ધમ ધમ કરતી ગાડી આંહીથી આવે, મોટોર તાંહાંથી આવે, ઉપરથી આવે, નીચેથી આવે, જાણે કાંઇ સમજ પડે નહીં. સર્વેથી એક નવાઇ જેવા દેખાવે મારૂં પહેલું ધ્યાન ખેંચ્યું તેનું ચીત્ર પાસે આપું છું.

ગ્રાંડ હોટેલમાં ઉતારો લઈ પેટડાંની જરા પુંજા કરી બહાર નીકળ્યા તો શું જોઉં છું કે મોહોલ્લાઓમાં હારો હાર બહાર ફુટપાથ ઉપર ટેબલો માંડેલી અને ત્યાં હજારો લોક—સ્ત્રી અને પુરૂષ અનેક રીતે મોજમાં ચકચુર થઇ રહેલું. જરા પાસેનાં ચીત્ર ઉપર નજર તો કરો. નાની નાની મેજો ઉપર બબે ત્રણ ત્રણનાં ટોળાં બેઠાં છે. કોઇ સીગારેટ સ્મોક કરે છે, કોઇ વર્તમાનપત્રો વાંચે છે, કોઈ કાફી પીએ છે, કોઇ બ્રાંડી ટપકાવે છે. રસ્તો તો જાણે બાપ દાદાનું ઘર! આ પ્રમાણે લગભગ અરધી રાત પારીશીયનો બહાર ખુલ્લામાં ગુજારે



પારીસનો દેખાવ—બજારના સુખાવારીઓ.

છે. ઘરમાં ચુલાની જાત નહીં કે નોકરની વાત નહીં. જે હોય તે 'કલ હય ઓર અલ્લાહ હય.'

આ તો પારીસનો મારો પહેલો પીંજાણપાટલો થયો. હવે ખરે મને ત્યાંની થોડીક જાણવાજોગ વીગતો ટપકાવવા દયો. ખબર કહાડતાં માલમ પડયું કે પારીસનું ગ્રાંડ હોટેલ સર્વેથી ભપકાદાર ગણાય છે. તો ઠીક છે. આપણો ભપકો કયાં ઓછો છે? નીચે ગયા તો મેનેજરો અને કસબી પટાવાળા હજુર્યાઓની ગડબડ પણ ઝાઝી. ખબર કહાડી તો કહે હોટેલના આઠસે ઓરડા સઘળા ભરેલા છે પણ છઠ્ઠે માળે ચાર ખાલી થવાના છે તે એક કલાકમાં મળશે. કમબખ્તી! આ માંહેથી બે ઓરડા લખાવી લીધા–દરેકના રોજના ૮ ફ્રાંક! લીફ્ટે માળપર લઇ જઇને નાખ્યા તો ઓરડાઓનાં વહાણ ફાટેલાં એટલે રસ્તોજ પાય નહીં. જયારે ઓરડો જડયો ત્યારે તે આબાદ મારા મુંબઇના નાહવાના ઓરડા જેટલો મોટો હતો. આપરે તો હીંદુસ્તાનમાં અખાળા બખાળા ખાઇયે તેવી જગ્યા વાપરેલી તે આએ મરઘાંનાં પીંજરાંમાં અકરવકર થવા લાગી. પાછા નીચે ઉતરી ગયા, જવાબ મળ્યો કે બીજી જગ્યા નથી. આએ ઓરડાબી તમે જાઓ તો નોંધાઈ ગયલા છે. શું મારા શેઠીયાઓનો તોર! પછી ખબર મળી કે આ ગ્રાંડ હોટેલના નામની તેના ઉપર એટલી ધમાલ છે કે એ લોક પાસીનજરો રેહે કે જાય તેની ઝાઝી પરવા કરતા નથી. અમારી ફરીયાદ

સાંભળી પારીસના એક જરથોસ્તી મીત્રે અમને બીજું હોટેલ બતાવ્યું. "હોટેલ એ લા પે." પારીસનાં મધ્ય બીંદુથી સુમારે એક મૈલ દુર. પણ નરો પાદશાહી મેહેલ!

હું ધારૂં છું કે આખી પૃથ્વીમાં એવું કોઇ પણ શેહેર ન હુશે કે જેણે થોડી મુદતમાં પારીસના જેટલી જફા અને ચઢની પડતી જોઇ હોય. અરે હાયરે! ૧૮૭૦-૭૧ નાં સાલમાં એ બચારાં શેહેરની શી વલે થઇ હુતી તે જો વાંચ્યે તો આપણાં હાડ ધ્રુજે. સવારના પોહો-રમાં ઉઠયા અને પાઉંખ્યાદા ફરવા નીકળ્યા તો—ઓ અજાયબીઓની અજાયબી!—કયાં ગઈ પેલી લાલ રૂખસાર વાળી અબળાઓ? કયાં છે પેલા ખુશાળ રમતા પંચી જીવડાઓ? કયાં રહી પેલી પાદશાહી ઇમારતો અને રંગીલા છબીલા દેખાવો? જયાં બધું ગોલાબી ને ઝળ-કતું હતું તે બધા ઇલેકટ્રીક લાઈટના પ્રતાપ. ચળક ઝળક બધી રાતની. પેલા હસ્તા વસ્તા સાહેબો સવારના જોઇયે તો પીળા ને ચીમડાઈ ગયલા. ગોલાબી રૂખસારે ઉડીને ફીકાસને જગ્યા આપેલી. બધું પોકળ! મને આ વાર મુંબઇનો દેશી નાટક તખ્તો યાદ આવ્યો. રાતના કેવી સ્ટેજ ઉપર પરીઓ ગોરી ગોરી અને ચટમારી દીસે છે! ને તેજ પરીઓ અને પદડાઓને સવારના જઈને ઉજરડાંમાં જુવો તો સુબહાન અલ્લા! સરસનો વાસ ને દેવદારનાં પાટીઆં, ને કજળાઇ ગયલી ખોટી ટીલીઓનો મુડદાલ જુઠો ચળકાટ, આપણું બધું માન

ઉતારી નાખે છે. તેવોજ હાલ પારીસનો છે. એ લોકની જીંદગી ઘણી 'ફાસ્ટ' છે એટલે એ લોકને કામની દરકાર નથી. તુરત દાન ને મહા પુન્ય. જે પેટે પડ્યું તે ખરૂં. પછી કાલની વાત કાલે. તદ્દન કડક બંગાલી હશે તેબી સાંજને છેડે બે પાંચ ફ્રાંક ઉરાડી નાખવાનો.

એ લોક ખાઈ પીને બીજી બધી એશ ઈશરતમાં એટલા ધરાઇ ગયા છે કે હવે કાંઇબી નવું ને નવું જોઇયે. ને છતાં પારીસ જોવાજોગ છે, ખરેખર સોહામણું છે. એની એકેકી જાહેર ઇમારતની જોડી ઈંગ્લંડમાં તો નથીજ. નેપોલીયન બોનાપાર્ટની અગાઉના રાજાઓએ પારીસને બહુજ ખુબસુરત બનાવ્યું હતું પણ ત્યાર બાદ જર્મનો સાથ લડાઈ જાગી અને જર્મનો શહેર ઉપર ધસી આવ્યા ત્યારથી ભાંગ તુટ થવા માંડી. ખુદ પારીસના બદમાશોએ કરોડોની કીંમતી ઇમારતો અને સ્થંભો ભાંજી તોડી નાખ્યા અને તેમાંથી હમણા હમણાજ પારીસ પાછું ઉઠવા લાગ્યું છે.

હું ધારૂં છું કે જેમ પારીસ પાપમાં સર્વેથી શ્રેષ્ટ છે, જેમ ઈમારતોની ખુબસુરતીમાં ચઢીયાતું છે તેમ કળા કૌશલ્ય અને હુન્નરમાં પણ તે સર્વે દેશોને ટક્કર મારે છે. એ જો બધું બરાબર સમજવું હોય, જો પારીસની ખરેખરી લહેઝત ચાખવી હોય તો થોડી ઘણી ભાંગી તુટી પણ ફ્રેંચ ભાષા જાણેલી સારી. અલબતાં ત્યાંનાં ઘણાં હોટેલ ઇંગ્રેજી છે, ઇંગ્રેજી ભોમીઆ મળે

છે, ઇંગ્રેજી દુકાનો છે, પણ ખરો માવો ખુદ ફ્રેંચ જાણવા વગર ખાવાને મળશે નહીં. ફ્રાંસનું ચલણ ઘણું સાદું છે. જેમ આપણી ગમ રૂપીઓ તેમ ત્યાં ફ્રાંક. એક ફ્રાંક તે દશ આના. જેમ ઇંગ્લંડમાં બેંક ઓફ ઇંગ્લંડની નોટો હોય છે તેમ બેંક ડે ફ્રાંસની નોટ ત્યાં પણ છે. મોટામાં મોટી નોટ ૫૦૦૦ ફ્રાંકની આવે છે. પણ યાદ રાખવું કે આ નોટો ફ્રાંસ સીવાય બીજા દેશોમાં ખપાવવી મુશકેલ પડશે. ત્યાં સોનાના સીક્કા પણ છે, પણ તેબી ફ્રાંસની બહાર ચાલતા નથી. પણ ઇંગ્રેજ બહાદુર! ગમે તે હોય પણ એ લોકની આંટ જબરી તો ખરી. બેંક ઓફ ઇંગ્લંડની નોટ કે સોવરીન આખા યુરોપમાં ખુશાલ ચાલ્યા જાય છે.

કોઇ પુછશે કે પારીસમાં રહેવું સસ્તું કે મોઘું? તે તો જેના જેવા આચાર વીચાર. તમે ધરરરર ધીસ હોટેલમાં પહેલે મજલે રહો, ટાબલ ડે હોટમાં ફુલ ડ્રેસમાં જમો, મોટા મોટા ઓપેરામાં ફર્સ્ટ કલાસમાં સઇ મીતીઓ સાથે જાઓ તો મુંડી મુડાઈ જશે. બાકી ફક્ત પારીસ અને તેની ઇમારતો અને જાહેર ખાતાંઓ ગુપચુપ જોવાનું જ રાખશો તો રોજના પંદર ફ્રાંક—સુમારે દશ રૂપીઆ ઘણા છે. ઘણી સરસ મોસમ એપ્રીલ મેમાં ગણાય. જુન પછી બડેખાંઓ બહાર નીકળી જાય ત્યારે જરા જોવાનું ઓછું તો ખરૂં. જો પારીસમાં દાખલ થાઓ તો તમારી સાથે સીગાર, કે તમાકુ કે

કોઈબી જાતનો દારૂ રાખશો ના નહીં તો પૈસા આપતાંબી ઘણું હેરાન થવું પડશે. ત્યાં આ ચીજો ઉપર જાપતો ઘણો છે. એક રતલ સીગાર ઉપર ૯ રૂપીઆ તો જગાત છે!

પ્રકરણ—૨૬ મું.

પેરીસની આગલી તવારીખમાં આપણને હાલ ઉતરવાની જરૂર નથી. ફ્રાંસે અનેક રાજદ્વારી ધર્તીકંપો વચ્ચેથી પસાર થઇ એટલા હાદેસાઓ જોયા છે કે જેવું યુરોપ, એશીયા કે અમેરીકાના બાબમાં કોઇ દહાડેબી બન્યું નથી. પણ પારીસને પોતાની ઉંચી ટોંચ ઉપરથી નીચે ગબડાવી નાખનાર અને તેનું સત્યાનાશ વાળનાર સર્વેથી મોટો ગજબનાક બનાવ ૧૮૭૦ માં યાને આજથી પાંત્રીસ વરસની વાતપર બન્યો હતો, જ્યારે સરહદ ઉપર આવેલાં બે પરગાણાઓ આલસેસ અને લોરેનની માલેકી માટે જર્મની અને ફ્રાંસ વચ્ચે જીહાંગાર જંગ જાગ્યું. ત્યારે આ પ્રકરણ વાંચનારા માંહેનો મોટો ભાગ છોકરવાદી વયમાં હશે. જર્મનો ઉપરાસાપરી ફાવ્યા ગયા અને આખરે પ્રીન્સ ફ્રેડરીક તે આપણાં મરહુમ મહારાણીજીના જમાઈ—હાલના આપણા પાદશાહ એડવર્ડના બનેવી અને હાલના જર્મન કયસરના પીતાની સરદારી તળે જર્મન લશકર એકદમ પારીસ ઉપર ધસી

આવ્યું. પારીશયનો ગભરાઈ ગયા અને જનરલ ત્રોચ-યુને આ ખુબસુરત શેહેરનો બચાવ કરવાનું સોંપ્યું. લખ્ખો ઘોડા, ગાય અને કરોડો મણ અનાજ દોડાદોડીમાં પારીસમાં જમાવ કરવામાં આવ્યો. જે રસ્તે જર્મનો પારીસ ઉપર ધસી આવ્યા તે રસ્તાઓ ઉપર સેંકડો વરસનાં મોટાં મોટાં ખુબસુરત ઝાડો કાપી નાંખીને રસ્તો બીકટ કરી નાખ્યો. આ વાર શેહેરમાં બે લાખ માણસોનું લશકર હતું પણ તેમાં ભાગ્યે સાહાઠથી સીતેર હજાર ખરા સોલજરો હતા. બાકીના બીજા તો દાતરડાં કોઈતાં લઇને જેમ તેમ ઉભા કરેલા ગામડીયાઓ હતા. સાંમી તરફ જર્મન લશકર બે લાખ પાયદળ, ચોત્રીસ હજાર ઘોડેસ્વાર અને નવસો તોપો સાથે ફું ફું કરતું આવ્યું. ૧૮૭૦ ના સપ્ટેંબર મહીનાની પંદરમી તારીખે પહેલું જર્મન લશકર પારીસથી દસ માઇલ નજદીક આવી પહોંચ્યું અને બે દીવસમાં તો સેન નદી ઉપર મોટો પુલ નાખ્યો. ફ્રેંચો દમ વગરના સામે થયા, પણ જર્મનોએ બેધડક ધસી આવીને વરસેલ્સનો નામાંકીત પાદશાહી મેહેલ કબજ કરી ત્યાંજ પડાવ નાખયો. જર્મનોની નીષ્ટા પારીસ ઊપર ઘેરો ઘાલીને તેઓને ભુખમરાથી આજેજ કરવાની હતી અને ફ્રેંચોના હાથમાં એકજ માર્ગ બાકી રહયો હતો કે કંઇબી કરીને આ શત્રુઓની ઘેરો ઘાલેલી લાઇનને તોડીને બહારનાં ફ્રેંચ લશકર સાથે જોડાણ કરવું. ત્રીસમી

સપ્ટેંબરે ફ્રેંચ જનરલ વીનોય દસ હજાર માણસ લઈને નાગી બેયોનેટ સાથે જર્મન લાઇન ઉપર ધસ્યો, પણ જર્મનોની લાઈન તુટી નહીં. થોડા દીવસ સુધી કંઇ વળ્યું નહીં—આખરે ફ્રેંચ જનરલ હાર્યો અને ઠંડી અને ભુખથી ફ્રેંચ સીપાહો કકળવા લાગ્યા. ખાવાનું ન મળે એટલે પલટણના ઘોડાઓ કાપી તેનું થોડું થોડું ગોસ્ત સોલજરોને આપી ભુખનો કીડો શાંત કરવાની બીચારાઓએ તજવીજ કરી. જર્મન સરદારે જોયું કે એમનું એમ પડી રહેવામાં કાંઇ માલ નથી, એટલે ઠરાવ કર્યો કે એકદમ શહેર ઉપર તોપખાનું છોડીને જબરદસ્ત હલ્લો કરવો. આ વાર ખુબસુરત, લાડકવાયાં, લેહેરી પારીસ શહેરની અને તે માહેલા છટકામાં સપડાયલા રહેવાસીઓની શી હાલત હશે તે સમજવું સેહેલ છે. ફ્રેંચ જનરલો ખુલ્લું કહેવા લાગ્યા કે હવે આપણું કાંઇ ચાલવાનું નથી અને તાબે થવા સીવાય છુટકો નથી. પણ નાચાર થયલી પેરીશીયન રૈયત કળાબકોર કરી ઉઠી અને જો સરણ થાય તો ખુનામરકી કરવાનો ગભરાટ ઉઠાવ્યો. આ પ્રજા મતને માન આપીને એક વાર ફરીથી જર્મન લાઇન તોડી નાખવાનો કસદ કરવામાં આવ્યો પણ તેમાં ફ્રેંચોનો એવો તો કચરઘાણ નીકળી ગયો કે આખરે સેવટની આશા છોડવામાં આવી. ૧૮૭૧ ના જાનેવારીની ત્રેવીસમી તારીખે મોં૦ જુલ્સફાવ હાથમાં સુલેહનો સફેદ વાવટો લઈ વરસેલ્સ ગયો

અને પોતાની હાર કબુલ કરી સઘળા કીલ્લાઓ જર્મનોને સ્વાધીન કીધા. પહેલી માર્ચે જર્મન ફત્તેમંદ લશકર બેંડ અને તોપના ધડાકા વચ્ચે પેરીસના મોહોલ્લાઓ વચ્ચેથી કવીક માર્ચ કરી ગયું.

આ સઘળી મોહોકાણ અને નામોશી જાણે બસ ન હોય તેમ જર્મનો વીદાય થવા પછી ખુદ પારીસનાંજ લોકે દારૂ પી મસ્ત થઇ દુશ્મનોની ગરજ સારવા માંડી. પેરીસમાં વસ્તો એક બદમાશ ભાગ દર મોહોલ્લામાં, અપસ અપસમાં લડાઇમાં મશગુલ થયો, લોહીની રેલ ચાલી—તુઇલરી અને હોટેલ-ડે-વીલ (ટાઉન હોલ) ને બાળીને જમીનદોસ્ત કરી નાખ્યાં. પારીસનો નામાંકીત સ્થંભ કોલમ વેનડોમ ભાંગી નાંખીને જમીનદોસ્ત કીધો અને અમીર ઉમરાવોની ઇમારતો તારાજ થઇ. આ પ્રમાણે પારીસની અવદશા બે વરસ ચાલવા પછી પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવામાં આવ્યું અને તેના પહેલા પ્રમુખો મો૦ તીએ અને મારશલ મેકમેહોનની કારકીર્દી તળે આ ગુલજાર શેહેરે પોતાનું ધુળમાં રગડોળાયલું મસ્તક પાછું ઉંચકવા માંડયું. બાળી નાખેલી ઇમારતો પાછી ઉભી થઈ અને આજે પારીસ પોતાની અસલ સ્થીતીમાં ઉભું છે.

ખુદ પારીસ શેહેર સેન નદીના મુખડા ઉપર છે. એની કુલ વસ્તી સાડી પચીસ લાખ માણસની ગણવામાં આવે છે જેમાં લગભગ પચાસ હજાર યાહુદી

પંથના છે. એ શેહેરનો કારોબાર એક નવાઈ જેવાં ધોરણ ઉપર રચેલો છે. આખાં ફ્રાંસની એકચતાથી નેમાયલી રાજસભા અને તેને માથે એક પ્રમુખને હસ્તક સઘળો ખરચ ચાલે છે. જેમ આપણી મુંબઇની મ્યુનીસીપાલીટી શેહેરનો મ્યુનીસીપલ ખરચ આટોપે છે તેમ આ કાઉનસીલ આખાં ફ્રાંસનો રાજવહીવટ ચલાવે છે. પારીસનો વરસ દહાડે શું ખરચ હશે તે જાણવાજોગ છે. મારી મેળવેલી વીગત પ્રમાણે ફક્ત મ્યુનીસીપલ ખરચ એકલાં પેરીસ શહેર ઉપર પંદર કરોડ રૂપીઆ થવા જાય છે. બેશક પારીસ ખુબસુરત તો છે, એના રસ્તા પોહોળા, સીધા અને સ્વચ્છ એટલા સુધી છે કે તેવા આખા યુરોપમાં પણ જોવામાં આવતા નથી. શેહેરના મુખ્ય ભાગમાં આખો દીવસ અને રાત એટલી તો ગીરદી રહે છે કે કોઈ વાર પારીસ શહેર લંડન કરતાં પણ વધારે વસ્તીવાળું હોય એવું લાગે છે, પણ ખરી વાત તેમ નથી. પારીસના રસ્તા પોહોળા હોવાથી ગીરદી ગમે તેવી છતાં કશી મુજવણ થતી નથી. તરકારી વેચનાર કે બીજો ધંધો ચલાવનારને લંડનના મોહોલ્લાઓમાં પોતાના ધંધાની કળાબકોર કરવાનો હુકમ નથી, પણ પારીસના મોહોલ્લામાં તો "દોરાની દરી દોરાનાં કાટલા," "ઊન કેનવાસ" વગેરે જાતના પોકારો કરવાની છુટ છે એટલે મુંબઇને મળતા સાદો અવાર નવાર કાને પડે છે. પણ ગમે એવોબી પારી-

શ્યન પહેરવાસમાં સ્વચ્છ, રીતભાતમાં નમાનો અને "વલગેરીટી" થી નીરાળો છે, જે મત હું લંડનના હલકા ભાગના રાખડબાજના બાબમાં આપી શકતો નથી. વળી દરેક ડગલે ને પગલે શું અમીર સાથ કે શું ફકીર સાથ "સીલ વુ પ્લે" એટલે "ઇફ યુ પ્લીઝ" એ તો એક સાધારણ શબ્દ થઈ પડેલો જણાશે. બેગારીને માથે બોજો ચહડાવવાનો હુકમ આપતાં પણ "ઇફ યુ પ્લીઝ" ના એલકાબ સાથે હુકમ આપવાનો રવયો છે. જેમ આપણે ગુજરાતીમાં ગમે એવા નોકરનેબી હુકમ આપતાં બોલ્યે છીયે કે "જરા અહીં આવતો, જરા આય પકડતો, જરા આય માળ ઉપર હાંડો મુકી આવ" એમ "સીલ વુ પ્લે," "ઇફ યુ પ્લીઝ" બોલ પહેલાંથી છેલ્લાં સુધી વાપરવો જોઈયે. તેમજ "મોશ્યુ" અથવા "મડામ" અથવા "માડમોસેલ" બોલો સાધારણ વાતચીતમાં હમેશા જોડાયલા હોવાજ જોઈયે. કોઈને અમથું "હા" કરીને તો કહેવાજ નહીં. પછી તે ગમે એવોબી કનીષ્ટ માણસ હોય.

"ઉવી મોશ્યુ" હા સાહેબ કે "ઉવી માડામ" હા બાઇસાહેબ તો બોલ્યા વગર છુટકો નહીં. પછી તે ભારબરદાર હોય કે માછણ હોય.

પારીસની પોલીસ ઘણી ચકોર અને ગુનાહ પકડવામાં બહુજ હુશીયાર ગણાય છે, પણ ત્યાંના પોલીશમેનો લંડનના ખરવસ્તર પોલીસમેનો જેવા મજબુત

જણાતા નથી. જ્યાં લગાર નવરૂં હોય ત્યાં અંધારૂં થવા પછી રાતને સમયે રખડવાની હું ભલામણ કરતો નથી. ખરૂં કહું તો પાછલી રાતના એક વાગવા પછી પારીસના કોઈબી ભાગમાં ફરવું સલામતીભર્યું નથી. આ બેહેસ્ત મુકામમાં શેહેતાનની ઓલાદની વસ્તી ઝાઝી છે. કહે છે કે તમારાં ખીસાંમાંથી ઘડીઆળ કે પાકીટ બુક આંખના પલકારામાં ગડાવી જોવા જેવી ચપળતામાં પેરીસને કોઇ હઠાવી શકે એમ નથી. કોઇબી આસપાસ જતી ટ્રેનોમાં કોઈ અણજાણ્યા સાથે પાના રમવાનું માથે લેશો ના, અને તમારી ઠેલી અને તમારી તનદરોસ્તીનું સત્યાનાશ અને ખાનાખરાબી કરનારાં સાધનોથી પારીસ કકડી જાય છે તેનાથી ખુબ હુશીયારીમાં રહેજો.

પારીસ બહુ નવાઇ જેવું શેહેર છે. બહારના દેખાવે તે ખાની પીની અને મોજમજાહનું મથક છે પણ તેમાં વીદયા હુન્નરનો ટોટો નથી. કીમતીમાં કીમતી રસાયણ પ્રયોગથી તે ભારીમાં ભારી મશીનરી બનાવવાનાં ખાતાંઓ પારીસમાં ઉભાઈ જાય છે. વળી પારીસ આખાં યુરોપને પ્યારૂં છે. થાકેલો લંડનવાસી, પૈસાથી ધરાયલો જર્મન, શોખની શોધમાં નીકળેલો અમેરીકન, સોનાથી લાધેલો ઓસ્ટ્રેલીયન કે નવાઇની આશામાં નીકળેલો ઇંડીયન જો પંદર દહાડાનોબી વીસામો મળશે તો પહેલો આવીને પારીસમાં ભરાશે. ચીત્રકળાના પુજારીઓ અસલ ચીત્રના અભ્યાસ માટે પારીસ આવે છે. પુર્વે

અને પશ્ચીમ ભાષાના અભ્યાસીઓ જુની પુરાણી કેતાબો ખોળવા અહીં પધારે છે. વેપારી મનપસંદ સોદા કરવા પેરીસમાંજ માથું ઝીકે છે અને ઉંચા નાટક, ઉંચું મ્યુઝીક અને ઉંચ કીસમની જાત જાતની ખુબસુરતીનું અવલોકન કરવા માટે પારીસ મધ્યબીંદુ છે. આ મારૂં લખવું એટલાથીજ સમજાશે કે હીંદુસ્તાનનું તમામ કીમતી મોતીનું બજાર અને ખરા પેશીંદાર પારીસમાંજ છે. આપણી તરફવાળા મી૰ રતનજી દી. તાતાની ત્યાં એક પેહેડી છે, જે ઇંડીયન મોતીની મોટી ધરખમ જગ્યા ગણાય છે. તેજ પ્રમાણે મેં ખુદ પારીસમાં બે ત્રણ વણીક ગ્રહસ્થોને પણ જોયા, જેઓ પણ ત્યાં ઇંગ્રેજી ટોપી, પાટલુન સાથે મોતીનો મોટો વેપાર ચલાવે છે અને પોતાની મોહોરદારો સાથે પાંચ પૈસે સુખી છે.

પારીસનાં સ્ટેશન ઉપર આવી પુગતાંજ મુસાફરે પોતાના સામાનની ખટરાત કરવાનું માથે લેવું એ ફોકટની જેહેમત માથે ઉઠાવ્યા જેવું હું લેખું છું. પ્લાટફોર્મ ઉપર ઉતરતાં વાર કસ્બી ટોપીવાળો 'કમીશનેર' પોતેજ સલામ કરતો સામો આવશે તેને તમારો સામાન સોંપી દીધો અથવા લગેજની ટીકીટ આપી દીધી કે તમારી ખટપટ પતી. કઈ ગાડી ભાડે રાખવી, કસ્તમમાંથી કેમ સામાન પસાર કરાવવો, કયાં હોટેલમાં કેમ જવું તે સઘળું તે નક્કી કરી આપશે. સ્ટેશનની બાહેર ચીલઝપટયાઓ ઘણા ફરતા ફરે છે એટલા માટે કંઇબી

નાનું પારસલ કે હેન્ડબેગ ધર્મખાતે નાખવું નહીં પણ ગણીને તમારા કોચમેનને સોંપવું. પારીસમાં દાખલ થતો સઘળો સામાન ખુબ બારીકીથી તપાસવામાં આવે છે. તેઓ બાહરનો દારૂ, તંબાકુ કે માચીસ માટે જાણવાને બહુજ ઈંતેજાર છે. તેઓ તમને સવાલ પુછશે કે તમારી પાસે કંઈ એવું છે? અને જો નમનતાઈથી જવાબ આપ્યો તો ઝાઝી અડચણ કરશે નહીં, પણ જો કંઇ છુપાવીને ગપ મારી તો મુવા છુટા. ઘણું કરી નામાંકીત હોટેલો પોતાની "શારા બેંક" વીસ વીસ ઉતારૂઓ બેસી શકે એવી ગાડીઓ સ્ટેશનો ઉપર તૈયાર રાખે છે. હું ધારૂં છું જે જવા અગાઉ કોઈ મીત્ર મારફતે હોટેલ પહેલાંથીજ નક્કી કરી રાખ્યું હોય તો વધારે સગવડ ભરેલું છે. પણ સાહેબ લોક થઇને ભપકામાંજ ઓરડો લેતા ના, નહીં તો જીવતાં ચામડાંની ખોળ નીકળશે. નીચે જઈ, 'ઓફીસ' સાથે ભાવ પઠવાની કશી શરમ નથી બલ્કે તેમ કરવાનો સાધારણ રવૈયો છે. મોટા જબરદસ્ત ડાઇનીંગ રૂમોમાં જમવા જવાનું, પણ તમારી ખુશી જો તમારૂં ખાણું તમારા ખાનગી ઓરડામાં મંગાવવાની હોય તો થોડોક વધારે ચાર્જ આપવાથી તેમ પણ બની શકશે. હંમેશ બહાર જાઓ ત્યારે તમારો ઓરડો બંધ કરી જવાની અને કુંચી નીચે 'ઓફીસમાં' આપી જવાની યાદ રાખજો.

પ્રકરણ—૨૭ મું

હું બચગીથી સાંભળતો આવ્યો હતો કે ફ્રેંચ ખાણું બહુજ ઉત્તમ છે અને હવે પચાસ વરસ પછી હું તે બાબેની ખાત્રી આપું છું. ગોસ્તનાં મોટાં અર્થ વગરનાં ધીમચાં અને કાચા ચાપ ઈંગ્લંડમાં ખાતાં મોંઢે વક્કર આવવા પછી પારીસમાં પીરસાયલું ફ્રેંચ કુકીંગ ખરેજ સ્વાદીશ્ટ લાગે છે. આ ઠેકાણે મારે જણાવવું છે કે આપણા પારસી શાહ બબરચીને હાથનું બનાવેલું ખાણું ફ્રેંચ કુકીંગને બહુ મળતું છે. ઈંગ્લંડ અને જર્મનીમાં જે મેજપર આવે તે ફીકું, નીમક, મસાલા વગરનું હોય છે અને તમારે જે જાતનો શોખ હોય તેવો ખટાસ કે તીખાસ તમારે હાથે નાખવો પડે છે. વળી તીખા સાસ અને સરકા ઈંગ્લંડમાં અણગમતા છે અને કોઈ હાથ લગાડતું નથી, પણ ફ્રેંચ ખાણાંમાં તીખું, ખાટું વગેરે પહેલાંથીજ વજનમાં મેળવીને મેજપર આણે છે અને તેમાં સાથે માખણના વધારનો પ્રયાસ વધારે હોવાથી આપણી હીંદી જીભને વધારે અનુકુલ થઇ પડે છે. કહે છે કે એક ફ્રેંચ કુક બેડાંમાંથી એકસો જાતની જુદી જુદી વાણીઓ બનાવી તમને હેરત કરી શકે છે. પણ યાદ રાખવું કે સઘળું પીળું એટલું સોનું હોવુંજ જોઇયે એમ નથી. એ લોક પકાવનાર

એવા એક્કા છે કે કોઇ ડીશ નરી જાણે ઉત્તમ ચીકીન રોસ્ટની મુલાયમ જેવી સ્વાદને તેમજ નજરને લાગે તે કદાપી દેડકાની બનાવેલીબી હોય. કોઇ ગોસ્તનો ચાપ એવો ઝમકદાર અને મોહને વળગે એવો હોય કે તે બે વાર મંગાવીને ખાઇએ પણ કદાપી તે ઘોડાનાં કે ગધેડાનાં ગોસ્તનો બનાવેલો હોય તો તેમાં નવાઇ નથી. રેસ્ટોરાંમાં જમવા જાઓ તો વેટરને શું આપવું તેના અંદેશામાં પડશો ના. જેટલા ફ્રાંકનું બીલ થાય તેપર દશ 'સાનટીમ' ની બક્ષેશ આપવાનો ધારો છે. દશ 'સાનટીમ' એટલે એક આનો. હવે ત્રણ જણ સાથે જમવા ગયા હોય ને પંદર ફ્રાંકનું બીલ થાય તો બે ફ્રાંક વેટરને ઝાંસવા જોઇશે. એનું કારણ એવું છે કે ઘણાં ખરાં રેસ્ટોરાંમાં વેટરોને પગાર મળતો નથી અને આવી 'ટીપ' ઉપરજ તેઓનો નીર્વાહ થાય છે. ફેશનેબલ રેસ્ટોરાંમાં રાતના ડીનરપર જવું હોય તો પેલો કબુતરની પુછડીવાળો "ઇવનીંગ ડ્રેસ" પહેરવો પડશે. વેટર ફ્રુટની ઘણી વખાણ કરે અને ખાવાને આગ્રહ કરે તો પહેલાંથી પુછજો કે પૈસા આપવા પડશે કે 'ખોદા-બખશ' છે. કારણ કે ફ્રુટને નામે રેસ્ટોરામાં જબરી ચાંસ મારવાનો સરેસ્તો છે. હું બર્લીનમાં એકવાર એક પીચના પાંચ માર્ક ઝટકાઇ ગયો હતો એટલે પારીસનાં પીચથી પાંચ માઇલ દુર નાહસવામાં સલામતી જાણી હતી. પારીસમાં ખાધાનું જરા મોઘું ખરૂં. ત્રણ જણ

સાથે જમવા જઈયે અને સુપ, મચ્છી, ગોસ્ત, સાલેડ વગેરે સાધારણ ડીનર સાથે એકાદ બે બાટલી વાઇન મંગાવ્યે તો સેહેજમાં ચાલીસથી પચાસ ફ્રાંક એટલે પચ્ચીસ રૂપીઆ ઉડી જાય.

ખુલ્લા વરંડામાં 'કાફે' એ પારીસની એક જાણીતી નવાઇ છે. કોઇબી મુસાફરને ખરી પારીશ્યન જીંદગી જોવી હોય તો રસ્તા ઉપર કકડી જતાં સેંકડો 'કાફે'માં જઈ બેસવાની હું ભલામણ કરીશ. ઘણાં ખરાં લોક સાંજ પડતાં આ ઓટલાઓ ઉપર જઇ બેશે છે અને એકાદ કાફીનું કપ આરડર કરી આસપાસનો મહીમા જોયા કરે છે. આ મોહોલ્લાનાં કાવાખાનાનું એક ચીત્ર હું આગલાં પ્રકરણમાં આપી ગયો છું. જો ચા માંગશો તો સાથે બ્રાંડીની નાની ડીકાન્ડર આણી મુકશે તો તેથી અજબ થતા ના કારણ કે ત્યાં કાફી અથવા ચા સાથે ઝીણું લીકર ગ્લાસ ભરીને કાચો 'કોનીઆક' પીવાની ટેવ છે. પણ ફ્રાંસનાં લોકનું જે વ્યસને નખ્ખોદ ઘાલ્યું છે તે 'એબસીન્થ' નામનો જાલમ દારૂ છે. મેં એ એબસીન્થ વીષે એટલું બધું વાંચ્યું હતું કે એક વાર અજમાવવાનો વીચાર કીધો અને એક ગ્લાસ મંગાવ્યું. સુવાના અર્ક જેવો વાસ, બેવડાના જેવો સખત અને માંહે ખાંડનું પાણી અને આઈસ નાખીને પીવાનું, પેટમાં પીતાં સહુરેતા પડે તેની ચીંતા નહીં પણ પીધા પછી માણસ બેવકુફ જેવું

બની જાય, મોહ ઉપરની નુરાની જતી રહે અને જાણે જાનવરની પેઠે વેહસી જેવો બની રહે. આ એબસી-ન્થનો લભ એવો બુરો છે કે એક વાર તે મોંઢે લાગ્યો તો પછી પીનાર ખાડામાં ઉતરતોજ જાય છે અને તેનો ચેહેરો પ્રકૃતી બગાડી જઇને તે ખુન વગેરે પણ કરવાને ચુકતો નથી. જેમ આપણા તરફ ભાંગ, ગાંજા અને હમણા હમણા કોકેનનું વ્યસન જાગ્યું છે તેમ આ દારૂનું પણ છે. આખરે જયારે આ નાપાક પીણાંએ ઘણીજ ખરાબી કરવા માંડી ત્યારે સરકારે તેના ઉપાય શોધવા માંડયા. લોક એવા મસ્તાન કે પોતાનું માનીતું પીપીઉં છોડે નહીં એટલે હમણા તેઓએ એવું એક પીણું બનાવ્યું છે કે જે સ્વાદમાં, વાસમાં, સહુરેટામાં નરૂં એબસીન્થ જેવું છે પણ જે તેની કમાલ એબ છે તે ગુપચુપ માંહેથી કહાડી નાંખી છે. આ પ્રમાણે સર-કારે આસ્તે આસ્તે આ બુરી ઇલ્લતને ઉખેડી નાખવા માંડી છે. આ 'કાફે' ઓમાં લખવા વગેરેની સગવડો સારી છે માટે કાગળ લખવું હોય તો નાની ફી આપ-વાથી સઘળું મળી શકશે. વર્તમાનપત્રોબી ટેબલ ઉપર ઢગલાબંધ જોવામાં આવશે. આ મોહોલ્લાનાં કાવાખાના રાતના એક વાગતા સુધી ખુલ્લાં રહે છે. બુઇ ડે બોલોં અને એવા મહાભારત રસ્તા ઉપરનાં નામીચાં કાફેઓમાં લેડીઝો પણ નજરે પડે છે અને ત્યાં લેડીઝોને જવાની હરકત પણ નથી પણ ડે ઈટાલીયાં અને ડે મોં માટર

જેવા જીલ્લાઓની 'કાફે'માં બાઇ માણસોનું કામ નથી કારણ કે ત્યાંની બધી મીજલસ પંચમેળ ગુણ ધરાવનારી છે. હું ધારૂં છું કે આખાં પારીસમાં સુમારે એક હજાર 'કાફે' દુકાને હશે.

પારીસમાં એક જગ્યાથી બીજે જવાની જેટલી સગવડ છે એવી બીજે કયાંએ ન હશે. આપણે મુંબઈમાં મોટોરકારનાં ન્યુસન્સથી બેજાર થઇ જઈયે છીયે પણ ત્યાં તો મોટોરકાર કકડી વકડી જાય છે. જેમ બાંબે કલબ આગળ વીકટોરીયા ગાડીઓની હારની હાર ઉભી રહે છે તેમ પારીસમાં સ્ટાંડોપર જાત જાતની મોટોરોની હારની હાર ઉભી રહે છે. તમારી આંગળી ઉંચકી એકને ઇશારત કરી કે તે લાગલો છીપ છીપ છુપ છુપ કરતો તમારી આગળ આવી ઉભો રહેશે અને તમો કહો ત્યાં ફેરવી લાવશે. તમને જોઈયે તો બ્રુમ, વીકટોરીયા, બગી કે જે માંગો તે ભાડેની ગાડીની પેઠેજ હારો હાર ઉભેલી જોવામાં આવશે. એ ઉપરાંત પારીસમાં પંદર હજાર "કેબ" ફરતી રહે છે અને તે સઘળી ઉપર સંચાનાં ચાલતાં ઘડીઆળો લગાડેલાં હોવાથી શું ભાડું આપવું તેની તકરાર કરવાની જરૂર રહેતી નથી. વળી દરેક જીલ્લાની 'કેબ'નાં ફાનસોને જુદા જુદા રંગ આપેલા છે એટલે જે જીલ્લામાં જવું હોય તેજ ખાતાંના કાચવાળી વીકટોરીયા કે 'કેબ' બોલાવવી. પણ એટલાંથીજ બસ થયું નહીં. આમનીબસ, ટ્રામવે, સ્ટીમ

બોટની સગવડ પણ ઠારે ઠાર છે અને તે ઉપર એટલો જબરો મારો છે કે ઘણી વાર જગ્યાબી મળતી નથી.

પારીસમાં ખુદ એક જીલ્લાથી બીજા જીલ્લામાં તાર મોકલવા માટે એક નવાઇ જેવી યુકતી કરી છે. તમે પોસ્ટ કાર્ડ ઉપર કાંઈબી લખો અને તે ન્યુમાટ્રીક ટયુબ મારફતે તારની ઝડપે તમે માંગશો તે જીલ્લામાં પહોંચાડી દેશે. કાર્ડને લપેટીને એક બાકસમાં મુકયો અને બાકસને દબાવેલા પવનના ફુંકારાથી માઇલના માઇલ થોડી મીનીટમાં પહોંચાડી દેવામાં આવે છે.

જેમ લંડનમાં તેમજ પારીસમાં થીયેટરો, સરકસો, મ્યુઝીક હૉલો અને બૉલોનો ઠાગ નથી. હું ધારૂં છું કે વસ્તીવાળા ભાગના દરેક મોહોલ્લામાં એકેકું ખાતું હશે. મોટાં જંગી થીયેટરો ૨૦ છે. નાટક જોવાની ખરી મજાહ મેળવવી હોય તો થોડું ઘણું ફ્રેંચ જાણવું જોઇયે. તે છતાંબી એક વાર જોવા જવા વગર ચાલે તેમ નથી. લંડનમાં તેમજ આપણી તરફ નાટકની રચના, તેમાં વપરાતી ભાષા, ચેનચાળા વગેરે ઉપર ભારી જાપતો છે. પણ પારીસમાં જે છુટથી સ્ટેજ ઉપર છબરડા કરવામાં આવે છે તેથી હું અજબ રહયો હતો. એક નાટકમાં એક વાર હું ગયો હતો ત્યાં એક વેશીયાનાં ઘરમાં કેવી ભુલભુલામણી થાય છે તેનો સીન રજુ કરવામાં આવ્યો. આ વાર સ્ટેજ ઉપર તે સ્ત્રી પોતાના નાઈટ કલોધસમાં ઉંઘાડે પગે, છુટા બાલે અને ઉંઘાડી છાતીએ


જાણે હમણાંજ પોઢવા જતી હોય તેમ હાજર થઇ હતી, અને એવા ચેન ચાળા ત્યાં રજુ કરવામાં આવ્યા કે જે અત્રે લખતાં પણ મને લાજ લાગે છે. તે છતાં પારીશ્યન મોટે ઘરની બાનુઓ અને બેટીઓ તે ખેલ ખુશાલ બેશીને જોતી હતી. આપણા જેવાઓએ બને તેમ સર્વેથી મોઘી કીમતની સીટમાં જવું કેમજે ઉપરની બે ગેલેરીઓમાં એવો ભેલમભેલાનો મસાલો આવે છે કે ત્યાં જવું સલામતીભરેલું નથી. રસ્તામાં કોઇ ભલતા પાસેથી ટીકીટ ખરીદતા ના. કેમજે ઘણી વાર તે બાવા આદમના વખતની પુરાણી હશે અને ચીલઝપટમાં પહેરાવી જશે. પારીસના નાટકોમાં એક મોટી પીડા એ છે કે ત્યાં ઘણું કરીને ભાડુતી 'એપ્લોઝ' આપનારાઓ રાખે છે અને તેઓ લોક લાગણી ઉશ્કેરવા સારૂ અવાર નવાર તાલીઓ પાડીને અથવા ચીસા ચીસ મુકીને આપણા દેશી નાટકના કંટાળાભર્યા "એનકોર–એનકોર" નેબી ભુલાવે છે. આરકેસ્ત્રા સ્ટાલમાં બાનુઓને ઘણું કરી દાખલ કરવામાં આવતી નથી, પણ જો આવે તો ટોપી ઉતારવાનો ચાલ છે. પારીસના ઓપેરા જોવા અને સાંભળવાજોગ છે. જેઓને મ્યુઝીકનો શોખ હોય તેઓનો જીવ એક વાર જોયાથી ધરાવાનો નથી. ફર્સ્ટ કલાસમાં જવું હોય તો કબુતર પુછડીઓ ડ્રેસ જરૂર પહેરવો જોઇશે, પણ પારીસના મ્યુઝીક હૉલ! તોબાહ એલાહી! લંડનના મ્યુઝીક હૉલ તો તેમની આગળ ધર્મનાં પવીત્ર

મકાન સમજવાં; વીઝીટરો જોઇયે તો બેશે કે જોઈયે તો ફરતા ફરતા 'બાલે' ડાન્સ, થીયેટર વગેરે જુએ. ભર મીજલસની વચ્ચે બીડી પીવાની તથા દારૂ પીવાની પણ છુટ. નીચે એક મોટો 'હૉલ' રાખેલો ત્યાં વીસ મીનીટના વીસામા માટે સઘળા ઉતરી પડે તો ત્યાંનું રંગ રૂપ ન બયાન થાય તેવું છે. નાટકશાળાના ધણીઓના હુકમથી ત્યાં બસે ત્રણસે "બાઇ માણસો" ખુબ એસ્કી પોશાકમાં આમ તેમ ફેરા ખાય અને તમને બહુજ આગ્રહથી પટાવીને દારૂ પીવા માંગે. આ ઠેકાણે મર્યાદા, લોક લાજ, સઘળું અલબડાઇ ઉપર ઉંચું મેલવામાં આવે છે અને અહીંજ બેખબરા જવાન મુસાફરોની તબીયતની ધુળધાણીનો પાયો રચાય છે. અજબ છે કે ભલા ભલા, ખાનદાની, દરજ્જાવાળા ફ્રેંચમેનો ત્યાં ફરહર કરે છે પણ તેની તેઓને સુગાજ નથી.

પણ તે કરતાંબી નપેતર 'કાફે કાનસર્ટો' છે. ગાવાનું અને મ્યુઝીક તો સમજ્યા; ફકત નામનુંજ છે પણ સ્ટેજ ઉપર જે ફારસો અને રમુજી ટાહુકા ચાલે છે તે આપણી તરફના ભવૈયાના નાચોથી કોઈબી તરેહથી ચઢીયાતા નથી. ત્યાં બંધ બારણે નજીસ જબાન દરાજી અને એબલગામણા ચાળાઓનું બજાર ખુબ તેજમાં ખીલે છે. દરેક દાખલ થનારને કાંઈ ને કાંઇ "પીણું" મંગાવવાની ફરજ પડે છે. ટીકીટનું દામ આપવું પડતું નથી. અલબતાં કહેવાની જરૂર નથી કે

ત્યાંની સઘળી 'વેટરેસો' સ્ત્રી વર્ગની હોય છે, પણ ત્યાં ગ્રહસ્થ બાનુને જવાની હું ભલામણ કરી શકતો નથી બલકે આપણા જેવાઓનેબી જવાનું ઠીક નથી.

પણ તેથી ઉલટું પારીસનો હીપોડરોમ જોવાજોગ છે. એક વાર હું ગયો ત્યારે છપાયું હતું કે એક વીસ વરસની પારીશ્યન છોડી પોતાની મોટોરકારમાં બેસી ઉપરથી ઉતરી આવી હવામાં મોટોર સુદ્ધાં ઉડી સામી બાજુએ પડશે. આ નવાઈ જેવો તમાશો જોવાને કાંઇ હજારો લોક ઉતરી પડ્યું હતું અને કાંઇ હજારો આપેરા ગ્લાસ લોકના હાથમાં હતા. પહેલાં થોડુંક ગાણું બજાણું થવા પછી સર્વે એક મોટાં દીવાનખાનામાં ગયાં જ્યાં



આ પ્રમાણે લાંકડાંનો લાંબો પ્લાટફોર્મ રચેલો હતો. ઉપર (ક) આગળ એક જુવાન એકવડી પારીશ્યન છોકરી પોતાની મોટોરકારમાં બેઠી હતી. મેનેજરે સર્વેને સમજાવ્યું કે આ છોડી પોતાની કારમાં ક આગળથી ધસારાબંધ આવશે અને વચ્ચે વીસ ફીટનું છેડું છે તેમાં મોટોર સુદ્ધાં અદ્ધર ઉડીને સામા પ્લાટફોર્મ ઉપર પડશે અને ખ આગળ જઇ ઉભી રહેશે માટે જો 'કાર' ને હવામાં ઉડતી જોવી હોય તો આપેરા ગ્લાસો આ ૨૦ ફીટના ખાંચા તરફ રાખવા. આ વાર લોકનો

દમ ગોયા બંધાઈ ગયો હતો. એક ટાંચણી પડે તોબી સંભળાય એવું ચુપાચુપ હતું. મેનેજરે પુછયું કે "રેડી?"

ઉપરથી નાજુક જવાબ આવ્યો કે "રેડી."


"લેટ ગો."

આટલા શબ્દો નીકળતાંજ ઉપરથી ધરધર કરતી મોટોરકાર આવી ને વીસ ફીટના ગાળા ઉપરથી અદ્ધર છલાંગ મારીને સામી બાજુએ પડી. આ વાર મારી છાતીનો ધડાકો મને પોતાને સંભળાતો હતો. છેલ્લા હારમસ્ટનના સરકસમાં એક પુરૂષ સાઇકલ ઉપર બેસી ઊંધે મસ્તક ચકરડાંમાં ફરી આવતો હતો તે આ આગળ કુચ ગણત્રીમાં નથી. હવે પારીસમાં અવાર નવાર એક જાતના "પબલીક બાલો" થાય છે તેનો થોડોક હેવાલ આપી આય નાટક ફાટકનું પ્રકરણ બંધ કરીશ. આ "બાલ" નાચની જાહેર જગ્યાઓ પારીસમાં આખું વરસ ઉઘાડી રહે છે અને ત્યાં કોઇનેબી જવાની છુટ છે. પણ મારે કહેવું જોઇયે કે ત્યાં દસ્તુર દાવરો માટે જગ્યા નથી. જરા મામલો ચસ્કેલો રહે છે અને ઘણા ખરા વીઝીટરો ભોળા ઈંગ્રેજ કે ઇટાલીયન કે આસ્ત્રીયન મુસાફરો જણાય છે. જો ફ્રેંચ દીસે તો જાણવું કે "ખોદાબખશ." અલબતાં અહીં આબરૂદાર કુટુંબોને જવાનું કામ નથી. 'કવારટીઅર લાટીન' કરી એક જગ્યા છે ત્યાં આવા 'બાલ' થાય છે અને ત્યાં મોટો ભાગ સ્ટુડંટોનો હોય છે અને ત્યાં ઢીંગા મસ્તી, બદ

જુગારી અને બેઅખ્તીઆર પાપનું બજાર બહુ મંડાય છે. ત્યાં એટલી મસ્તી થાય છે કે આપણા જેવાને પણ જવાનું સલામતીભરેલું નથી. કોઇ કોઈ વાર થોબડફુલાકીનો મામલો ચાલે છે. રમુજનું એક ખરેખરૂં અને નીરદોષ સાધન 'કનઝરવેટોર ડે મ્યુઝીક' છે. આ ખાતાંની આખાં યુરોપમાં તારીફ છે અને તે ઉપર ખરા શોખીનોની એટલી ધમાલ છે કે અગાઉથી થયલા મેમ્બરો સીવાય બહારનાઓને દાખલ થવાનો ચાન્સજ આવતો નથી. એની ઇમારતજ જબરદસ્ત છે. કહે છે કે પૃથ્વીમાં સર્વથી મોટું ઓપેરા હાઉસ એ છે. લગભગ ૧૫ હજાર ચોરસવાર જગ્યા રોકે છે. પણ હું ધારૂં છું કે આ ઓપેરા હાઉસનું વર્ણન હું આવતા પ્રકરણ માટે રાખીશ કારણ કે તેના બહારના દેખાવનું એક ચીત્ર આપનાર છું.

પ્રકરણ—૨૮ મુ.

નજર ઠેરવીને જુઓ પારીસનું નાનકડું ઓપેરા હાઉસ. એ બાંધતાં બરાબર ૧૩ વરસ થયાં. ખરૂં ખોટું તો ભગવાનજી જાણે પણ એમ કહેવામાં આવે છે કે આખી પૃથ્વીમાં સર્વેથી મોટું થીયેટર હાઉસ આ છે. આખી ઇમારત લગભગ ૧૫૦૦૦ ચોરસવાર જગ્યા રોકે છે તે છતાં ફક્ત તેમાં ૨૦૦૦ માણસોનીજ જગ્યા છે.



પારીસનું નામાંકીત ઓપેરા હાઉસ

આ નાટકશાળા પહેલી નજરે ઝાઝી આંખે ઉડી આવતી નથી પણ જ્યારે થોડીક વાર એની આસપાસ ફરતાં પેંહેટ નીકળે છે ત્યારે જણાય છે કે એ કેવી ગંજાવર છે. મુંબઇમાં જેઓ લાખ બે લાખની રમત કરીને નાટકશાળાઓની ધામધુમ કરી રહયા છે પણ હજી જયાંના ત્યાં છે તેઓને જાણવું અગત્યનું થઇ પડશે કે આ પારીસના આપેરા હાઉસ માટે ખાલી જમીનનાજ સાહાઠ લાખ રૂપીઆ આપવા પડયા હતા, અને ઇમારત ઉપર સવા બે કરોડ રૂપીઆ ખરચ થયો હતો. સવા બે કરોડ રૂપીઆની નાટકશાળા! મુંબઇ, મુંબઇ, તારો આવો દહાડો કયારે આવશે! સ્ટેજની તળે સાંચાકામ ચલાવવાનું એટલે ૫૦ ફીટનું ભોંયરૂં બનાવવું પડયું ત્યારે એટલું પાણી ધસી આવ્યું કે તે કહાડી નાખવાને સાત મહીના સુધી રાત અને દહાડો આઠ સ્ટીમના બંબા ચાલુ રાખવા પડયા. આખી ઇમારતમાં ફકત બારી બારણાં સીવાય લાકડકામની જાત નથી, પણ રંગબેરંગી બ્લુ, લાલ, લીલો, સોનેરી ચીત્રીવાળો માર્બલ ધુમ આંખ મીચીને વાપર્યો છે. આખી નાટકશાળાને ત્રણ મજલા છે અને તેપર મોટા હાથી ચહડી જાય એવા માર્બલના દાદર છે. જરા વળી પાછું પાસેનાં ચીત્ર ઉપર નજર કરો. ઉપલે મજલે જે પીલરો દેખાય છે તે ૩૩ ફીટ ઉંચા સંગીન માર્બલના છે અને તેને મથાળે સોનેરી ટોપી ચહડાવી છે.

માંહે દાખલ થતાં જીવ અકળાઇ જાય છે. શું કોતરકામ, શું સોનેરી ગીલ્ટનો ઝઝખરો, શું લાકડાંના દરવાજાઓ ઉપર ફ્રેંચ પાલીસ સાથે સોનેરી નકસીકામ! જેટલું ખરૂં સોનેરી બ્રોન્ઝ પારીસમાં મળ્યું હશે તે સઘળું અત્રે લપેટી કહાડેલું જણાય છે. જેવી જંગી ઇમારત તેવીજ મહાભારત સ્ટેજ. તેની ઉંચાઈ ૯૬ ફીટ અને પોહોળાઇ ૧૭૮ ફીટ છે. એક ઘરના દશ માળા જેટલી ઉંચી સ્ટેજ રાખવાનું કારણ એ કે દુન્યાવર્ણનાં ગાનારાઓ અને ગાનારીઓના સુરીલા કંઠને પુરતો ઈનસાફ મળે. આ સ્ટેજ ઉપર મ્યુઝીક સાથે જ્યારે નાચ થાય ત્યારે તેનો ઠાઠ તમાશગીરોને તેના પુર બાહારમાં દેખાય તે માટે સ્ટેજની છેક પુઠે એક જબરદસ્ત આરસો મુકયો છે જે ૩૩ ફીટ ઉંચો અને ૨૩ ફીટ પોહોળો છે. આનું પરીણામ એવું આવે છે કે જ્યારે બસેં જણ સાથે નાચતાં હોય ત્યારે તમાશગીરને ૪૦૦ જણ નાચતાં હોય એવું દેખાય છે. આ આરસાની ગોઠવણ સાધારણ તમાશગીરને દેખાડતા નથી. પારીશયનોને 'આપરાટીક' ગાનાનો એટલો શોખ છે કે જ્યારે એકાદ નામાંકીત ગાનારી આવે ત્યારે નાટકશાળામાં મહીના મહીના અગાઉથી એક સો રૂપીઆ આપવા છતાં એક સીટ મળતી નથી.

પણ હવે નાટક ફાટકને મુકી આગળ ચાલ્યે. હું તો જાણું કે સાઇકલનું દેવાનાપણું મુંબાઇમાંજ હશે

પણ પારીસ આગળ તો મુંબઈ પાણી ભરે છે. તેમાં વળી આ ચેટક બાનુઓમાં વીશેષ જણાય છે. પારીસમાં સાઈકલીંગ મોટી મોટી ક્લબો છે જે માંહેની એકમાં ૭૫૦૦૦ મેમ્બરો છે. સાઇકલો એટલી કકડી જાય છે કે અરધા દાહાડાનાં ૩ ફ્રાંક આપો તો જેવી જોઇએ તેવી સાઇકલ ભાડે મળે છે. સાઇકલ ભાડે ફેરવવાનાં સેંકડો મથકો છે. ફોબર્ગ સેંટ જરમેન અને એવા એકાદ બે માતબર જીલ્લા સીવાય પારીસનું કોઇબી ઘર એવું ન હશે કે જેનાં ભોંયતળીયાંમાં રસ્તા આગળ દુકાન કહાડેલી ન હોય. અને દુકાનોબી કેવી? હું ધારૂં છું કે એકેકી દુકાન તમારી કોટે કોટની આખી હારને ખીસાંમાં મુકે. નરો ભીંડીબજારનો મામલો જોઇ લ્યો. પારીસના દુકાનદારોને જરા ચાંસ મારવાની બીમારી ઝાઝી છે. માટે જે ભાવ પહેલાં કહે તેજ લેશે એમ માનવાની જરૂર નથી. તેમાં જ્યારે તમને "ફારેનર" જોશે એટલે તેનાજ તેત્રીસ ટકા ચહડી જતાં વાર લાગતી નથી. જે દુકાન ઉપર મોટા અક્ષરે લખ્યું હોય કે "આ દુકાનમાં ઈંગ્રેજી બોલવામાં આવે છે" તે દુકાનને મીઠો ગાળોજ મુકજો. કારણ કે ત્યાં ચીરાઈ આવવાના ચાન્સ ઝાઝા છે. વળી જે દુકાનપર લખ્યું હોય કે "Vente Forcee" એટલે વહીવટ બંધ કરવા સારૂં માલ કહાડી નાખ્યે છીયે, તાંહુ તો ખોદાને ખાતર પગ મુકતા ના કારણ કે "રૂપીઆનો માલ પાવલે જાય

છે” અથવા “મગને ભાવે મરી વેચાય છે” તેના જેટ-લીજ સાચવટ આમાં પણ સમજવી. જે દુકાનમાં ભાવ ખુલ્લા પહેલાથીજ માંડયા હોય તે દુકાન ખરી માનવી. આપણી તરફની સ્ત્રીઓ પારીશ્યન લેસ ને ફુમટાં ફુમટી ઉપર મરી ફીટે છે તે ખરૂં છે. પારીસમાં આવી જણસોની દુકાનો જબરી છે. તેઓ એવી મોટી ઉથલ પાથલ રોજની કરે છે કે કેટલીક મોટી દુકાનોમાં તો મોટાં મોટાં રીફ્રેશમેંટોના બાર રાખવામાં આવ્યા છે. જ્યાં જે ચાહો તે મુફ્ત ખાઓ પીઓ એવી ગોઠવણ છે. અહીં મારી લેહેરી સુનામાયો ને પીલાંમાયોને ચેત-વણી આપવાની જરૂર જોઉં છું કે દરેક જીણસપર જે ભાવ માંડયો હોય તેમાં ઘણો કરદો થઇ શકશે માટે પડવાને શરમાવું નહીં.

આપણી ગમ દોઢીઆંની બે માચીસની દાબડી અને પારીસમાં એક દાબડીનો એક આનો! આ ભાવ લગાર મને ઓચંબાભર્યો લાગ્યો એટલે ખબર કહાડતાં જણાયું કે જ્યારે જર્મનો જીત્યા અને ફ્રાંસ ઉપર અબ-જોનો દંડ નાખ્યો ત્યારે તે ભરપાઇ કરવા સારૂં ફ્રાંસે માચીસ બનાવવાનું પોતાના કબજામાં રાખ્યું અને તે એક આને વેચ્યાથી પોતાનું લગભગ સઘળું દેવું ફેદી કહાડયું. ઇનકમ ટાક્ષ અને લાઇસંસ ટાક્ષ જેવા અભા-ગ્યા કરોથી રૈયતના જીવ ખાટા કરવા કરતાં આ રીત મને બહુ મનપસંદ લાગી. એકાદ દાબડી સમાલીને

વાપરે તો એક મહીનો ચાલે અને તે માટે એક આનો ફેંકી દેતાં ઘણું ભારે ન લાગે. પણ લાખની પાણ. એવી કરોડો દાબડીઓ વેચાય તેથી દેશનું દલીદ્ર ફીટે એ દાખલોબી નકલ કરવા જોગ છે. સીગાર ચીરૂટનું પણ તેમજ. આ જીણસો ખુદ સરકારી કારખાનાંઓમાં બને છે અને તેમાંથી દેશને મોટી ઉપજ છે.

હવે આવ્યો મારા બાપદાદાનો ધંધો, ન્યુસપેપર. મારી નોધ બુકમાં મેં ટપકાવી લીધું છે કે પારીસમાં પહેલવહેલું ન્યુસપેપર ૧૬૩૧ ના સાલમાં નીકળ્યું હતું. તે વાતને આજે પોણી ત્રણસે વરસ થયાં. ત્યાર પછી ૧૭૮૨ ના સાલમાં વર્તમાનપત્રો વધીને દોઢસો થયાં પણ એ સઘળાં એવાં કામકાજનાં કઠીઆરાં હતાં કે નેપોલીયન બોનાપાર્ટે સર્વેને હાંકી કહાડયા અને ફકત ૧૩ વર્તમાનપત્રો જીવવા દીધાં. પણ હમણાં પારીસમાં કેટલાં ન્યુસપેપરો અને ચોપાનીઆં પ્રગટ થતાં હશે? ૨૬૦૦!! તેમાં રોજીંદાં પત્રો ૧૫૦ છે. અરે પરવરદેગારના શોકર કરો કે એ વા અત્રે ઉડયો નથી. જો તમને આઠ દશ દહાડાથી વધુ એટલે જે છ આઠ મહીના પારીસમાં રહેવું હોય અને ફ્રેંચ ભાષા શીખવાની ખુશી હોય તો પંદર ફ્રાંક દર માસે આપતાં અઠવાડીયાંનાં ત્રણ લેસનોની ગોઠવણ થઈ શકશે. સેન નદીના ઉપર તરતા ગરમ પાણીના બાથ પણ જોવા અને વાપરવાજોગ છે. એક ફ્રાંક—દશ આના—આપતાં સાબુ, તુવાલ વગેરે

બધું કમપલીટ મળી શકશે. જો ખોદા ન દેખાડે—પણ તબીયત બગાડી આવી તો ખાનગી સેનીટરી અથવા નરસીંગ ખાતાંઓ છે ત્યાં જઈ પડવાની હું મારા વાંચનારાઓને ખાસ ભલામણ કરૂં છું. દર માસે ૧૦૦ ફ્રાંકથી ૧૦૦૦ ફ્રાંક—જેવું નરસીંગ હોમ ને જેવી બીમારી. તેમાં ખાવા પીવાનું, બાથ, નર્સીંગ, ડાકટર બધું સમાઇ ગયલું સમજવું. જરા ટટાર થયા કે બીલીઅર્ડ વગેરે સઘળું તૈયાર જોવામાં આવશે. આવીજ રીતનાં નર્સીંગ હોમ બાનુ બીમારો માટે પણ અલાહેદાં છે. ૩૦૦ થી ૫૦૦ ફ્રાંક એટલે દર માસે અઢીસોથી ત્રણસો રૂપીઆમાં સઘળી ગાંગાર પતી જશે.

પારીસમાં પાદશાહી મકાનો અને રાજવંશી દેખાવો એટલા બધા છે કે શાનું વર્ણન કરૂં ને શું બાકી રાખું તે સમજ પડતી નથી. પણ તમારા મીત્રને કહેજો કે "પેલે રાયલ" "લુવર" અને "વારસેલ" નો મહેલ જરૂર દેખાડી લાવે. આ ત્રણ જોવા વગર ચાલે એમ નથી. 'પેલે રાયલ' હમણા પ્રજાને જોવા માટે ખુલ્લો નથી કારણ કે હમણા તો ત્યાં મોટી રાજ્ય કૌન્સીલ બેશે છે. આ મેહેલ ૧૬૧૯ માં કાર્ડીનલ રીશલોએ બાંધવા માંડયો અને ૨૪ વરસે પુરો થયો. રીશલોનાં મરણ પછી ફ્રાંસનાં એક વીધવા રાણી પોતાના બે બેટાઓ સાથ ત્યાં આવી રહયાં. ૧૭૨૩ માં પાદશાહ લુઇ ૧૪ માની બાળાવસ્થામાં તેનો કાકો ફીલીપ રીજંટ

હતો તે આ મેહેલમાં આવી વસ્યો અને પછી ત્યાં જે ભાવટા ચાલ્યા તેથી આખાં યુરોપમાં હોહો થઇ રહી. કહે છે કે તે વાર કોઇબી આબરૂદાર ખુબસુરત સ્ત્રીને મોહોલ્લામાં ફરવાની સલામતી ન હતી. આ મેહેલમાં એવાં નજીસ, એવાં અઘોર કુકર્મો થતાં કે જેથી આબરૂદાર કુટુંબો ઠરઠર કાંપતાં હતાં. આ મેહેલમાં છુટા છુટા બંગલાઓમાં મનમોહવન પણ પાપી ઓરતોને ઢગલાબંધ રાખવામાં આવતી અને તેઓ સાથ નાચરંગમાં પૈસાની એટલી ખરાબી થઇ કે નાણું ઉભું કરવા માટે મેહેલની આસપાસ રીજંટે દુકાનો બંધાવી તે એટલા સુધી કે ઉપર રાજમેહેલ ને ભોંયરાંમાં દારૂનાં પીઠાં! પણ પાછળથી ૧૮૩૦ માં એનો દહાડો વળ્યો અને આબરૂ ઇજ્જતથી કામ ચાલવા માંડયું. ૧૮૪૮ માં લોક છેડાયું અને સઘળાં પાદશાહી દીવાનખાનાઓ ભાંજી ફોડી નાખ્યાં. ત્રીજા નેપોલીયને મેહેલ પાછો બંધાવ્યો તે ૧૮૭૧ માં ફ્રેંકો જર્મન લડાઇનાં પરીણામથી ઝનુનમાં આવીને ફ્રેંચ બળવાખોરોએ સળગાવીને તારાજ કર્યો. ખોદા જાણે વળી પાછું એનું મોહોત કે દહાડે છે!

પ્રકરણ ૨૯ મું.

પારીસની ગટર! હાયરે જમાના! માનવીની કમનસીબ ચશમોમાં શી શી મહાભારત ચીજો જોવાની

સરજેલી છે! પારીસની ગટર! આપણી કાલબાદેવી અથવા માંડવી તરફની માખથી ભણ ભણ કરતી અને નાકનો દાંડો ફાડી નાખતી ગટરો ઉપરથી પારીસની ગટરનું નામ વાંચીને સુગાશો ના. આ ગટરો નહીં પણ પાદશાહી ભાગોળો અને રાક્ષસી દરવાજા છે. આખાં પારીસનું ભીતર એટલે જે ભોંયરૂં કરોળીયાનાં પડની પેઠે ગટરોની આમણસામણ ગલીઓથી ગોથા વીંધાઇ ગયું છે. વરસના ચોક્કસ મહીનાઓમાં મહીનામાં બે વાર તેમાં પ્રજાને જોવા માટે દાખલ કરવામાં આવે છે. ગટરમાં પ્રજા! હા, ગટરમાં હજારો લોક અને તેબી વળી મોજ મારતું! જો જવાની ઈચ્છા હોય તો ૬૦ સેંટ—છ આનાનો સ્ટાંપ મારીને એક અરજી સેનના 'પ્રીફેટ' વડાને મોકલવી પડશે. કેટલા જણની પાર્ટી જવા ધારે છે તે જણાવવું પડશે, અને જવાબને માટે સ્ટાંપ બીડવો પડશે. બીજે દીને રજા ચીઠી આવશે તેમાં કયો ટાઇમ અને કઇ ભાગોળેથી દાખલ થવું તે બરાબર જણાશે. બાનુઓને પણ આ મહાન ગટરનું બાંધકામ જોવા જવાની કશી અડચણ નથી, બલકે તે લોક તો ઓર વધારે મોજ મેળવે છે. આખી ગટર જોઈ વળતાં એક કલાક થશે પણ એમ ન સમજવું કે પગે ચાલીને જવું પડશે અથવા આસપાસના ગંદીલા કાદવથી કપડાં છંટાશે. ના—ના—ગટરમાં ઉતર્યા કે ખાસ્સા ઈલેકટીક કારમાં સવારી કરવાનું અને થોડે ભાગે બોટમાં બેસીને

સેહેલ કરવાનું! કહે છે કે પારીસમાં ગટરની જે સીસ્ટમ છે તે બહુજ સંપુર્ણ છે અને તેવી સુધરેલી દુનીયામાં બીજે કયે નથી. તે એટલી સંપુર્ણ છે કે તેને લીધે પારીસમાં મરણ પ્રમાણ અજબ જેવું નાનું છે. અફ્સોસ! કાંય નહીં આ પવન મુંબઇમાં ઉડી આવતો? આપણાં મુંબઇ શેહેરમાં મરકીનાં મીહીણા અને છાતીનાં દરદોના રોદરા રોજ સાંભળતાં સાંભળતાં જીવ કદરાઇ આવ્યો છે અને તે સઘળા આપણી નજીસ ગટરોના પ્રતાપ છે એમ સાધારણ રીતે બોલાય છે. મૈલ મેલનાં ભાષણો થાય છે પણ કોઇ ધસીને એક પગલું આગળ ચાલતું નથી. સારાં પારીસમાં ગટરની કુલ લંબાઇ કાંઇ હજારો ફીટની છે અને તે ઉપર શું ખરચ થયો હશે તેનો માત્ર ખ્યાલજ હેબતાવી મારે છે. ઉભી ને આડી. આ પ્રમાણે ગટરો અકેકને કાપતી જાય છે અને એવી કળા કરેલી છે કે તે માહેનું ગદલું ચોક્સ જગ્યાઓએ બ્રાંચ પાઇપોમાં જઈ ત્યાં સાફ થઇને પછી પારીસથી છેક આઘે નીચાણ જગ્યામાં દોડે છે અને ત્યાં તે ખેતીનાં કામમાં આવે છે. આ ગટરો કેવી ગંજાવર છે તેનો એટલાંથીજ ખ્યાલ આવશે કે તે માંહેની એક માંહેથીજ દર કલાકે સાડા ત્રણ લાખ ક્યુબીક ફીટ ગદલું પાણી પસાર થઈ જાય છે. આ ગટરો અઢાર ફીટ ઉંચી અને અઢાર ફીટ પોહોળી છે. તે તમામ નક્કર કાળા પથ્થરની બાંધેલી છે અને તેમાં ખવાઈ ન

જાય એવી મેળવણીનાં સીમેંટનું પડ કીધેલું છે. ગટરમાં ચાલતાં જગે જગ લોહોડાંની સીડીઓ મેલી છે કે કોઈ જોતાં થાકે અને ઉપર આવવા માંગે તો તુરત ઉપર આવી શકે. આ ગટરોને સાફ રાખવાની યુક્તી ઘણી નવાઇ જેવી છે. બરાબર ગટરમાં બુચની પેઠે સમાય તેવાં ગાડાં બનાવ્યાં છે, અને આ ગાડું લાગુ કીધું કે પછવાડેથી નવાં આવતાં પાણીનાં જોરે તે ગટરમાં આગળ ચાલતું જાય છે અને ગટરની બધી સાઈડ ઘસીને સફાઈ કરતું જાય છે.

પારીસનું હોટેલ ડે વીલ—એટલે જે ટાઉનહૉલ જોવા વગર પાછું ફરવું નહીં. એ બચારી ઇમારતનાં નસીબબી મારાં જેવાંજ લીલાં હશે. જ્યારેબી પારીસનું હલકું લોક છેડાય કે પહેલી ધાડ બીચારાં આ મકાન ઉપર આવે છે. ૧૫૩૩ ના સાલમાં એ પહેલ વહેલું બાંધવા માંડયું પણ સાઠ વરસ સુધી રખડી રખડીને તેનો છેડો આવ્યો. ૧૭૮૯ ના સાલમાં પારીસના જુલમગારો બાસ્ટીલનાં કેદખાના ઉપર ખીજાયા અને તેને ભાંજી તોડી નાખ્યું ત્યારે આ વાઘ મારનારાઓને વાજતે ગાજતે આ ટાઉન હૉલમાં લાવી બેસાડયા અને તેઓ મોટા સત્તાધારી થઈ પડયા. આ વાર ફ્રાન્સનો રાજા સોળમો લુઈ બચારો ધુજરો હતો તેને શીખામણ મળી કે બચ્ચા હમણા વાણીઆ મુછ નીચી કર, નહીં નો ફોકટમાં રાજ્ય ગુમાવી બેસ્તાં ડોકું છંટાઇ જશે.

બિચારો જે ગભરાયો તે ડોકું નમાવીને વારસેલ્સથી સરઘસ લઇને આવ્યો અને રૈયતના આ પ્રતીનીધીઓને નમસ્કાર કર્યા! રાજા શરણે આવ્યો છે એમ બહાર ઉભેલી લખ્ખોની ભીડે માન્યું નહીં એટલે બાપડો લુઇ બારી આગળ આવીને નમ્યો ત્યારે લોક શાંત થયું. એજ પ્રમાણે ૧૮૩૦ નાં સાલમાં ફ્રેંચ રાજાને પકડીને આ હોટેલ–ડે–વીલમાં લઈ આવ્યા અને તેને બળવા-ખોરોના સરદારને પ્રજાની હજુરમાં કોટી કરવાની ફરજ પાડી. પણ પાંચ દશ વખત આ અભાગણી ઇમારતના હાલ હવાલ પડી ગયા પછી છેલ્લી ફ્રાંકો–જર્મન લડાઇ પછી ૧૮૭૧ તો માં તેની પુરી કમબખ્તી આવી. પોતાની હારથી ખીજાઇને ફ્રેંચ હાંડામાસ્તરો બહુ રંગપર ચઢ્યા અને આ નેહેસ્ત કદમ ટાઉન હૉલને બાળી નાખવાનો ઠરાવ કર્યો. દેવદારનાં પાટીઆં, કેરોસીન તેલના ડબ્બા, બંદુકના દારૂનાં પીપ વગેરે લુટ ચલાવીને આણીને આ ટાઉન હૉલનાં પેટાંમાં ભર્યું. ચોવીસ કલાક સુધી આ છાકટ તુફાનીઓ અને લશ્કર વચ્ચે જબરી ઝુમબેસ ચાલી. આ વાર ટાઉન હૉલમાં પોતાનાજ ૬૦૦ મળ-ત્યાઓ હતા તે છતાં તેને સળગાવી મુકયો અને આ છસો માંહેના દરેક બળી મુવા.

હમણાની નવી ઇમારત બહુજ સુંદર છે. તેમાં જગે જગ ૨૦૦ તે માર્બલનાં સ્ટેચ્યુ ગોઠવ્યાં છે. કોઇ-નેબી આ ઇમારતમાં જઇને ફરવાની છુટ છે. વચ્ચો

વચ્ચ મોટો હૉલ છે તેમાં મ્યુનીસીપલ કોરપોરેશનની સભા બેસે છે તે વારે કોઇ પણ માંહે જઇને કામકાજ ચાલતું જોઇ શકેછે. આ હોટેલ-ડે-વીલની બહારનો ચોક પણ બડો સગાણનો ગાંઠીઓ છે. બહાર ચોગાનમાં કાંઈ સેંકડો રાજવંશીઓ અને અમીર ઉમરાવો રેંહ-સાઇ ગયા છે. બાહુર જે બતીનો થાંભલો છે તે ઉપર રીસાઇ ગયલાં લોકોએ કચ કંઇને લટકાવી દીધેલા. બચારી આપણી ભુલી ટાઉન હૉલનાં ઝુકતાં મેદાનમાં એમજ એકાદ બેને લટકાવી દીધા હોય તો મુંબઇ નગ-રીને કેવું સુખ થાય? નામો દેવાતાં નહીં રે યારો! બાકી મનમાં તો બે ચાર છે જેઓને વગર ઇનસાફે ગરદન માર્યા હોય તો પાપ ન લાગે.

ટાઉન હૉલથી આગળ ચાલ્યા કે તેને વળી ભલું મનાવે એવી જગ્યા આવે છે. બાસ્ટીલના કીલ્લામાં લાટુ-ડને કેદ કીધેલો અને તે પાળેલા ઉંદરો સાથ રમી પોતાનો વખત કાડાડતો હતો એમ આપણે નાના હતા ત્યારે વાંચેલું તે નામચીન કીલ્લો હજી હૈયાત છે. એ બાંધવાને સુમારે ૭૦૦ વરસ થયાં છે, તોબી નાપાકનો ખાધેલો હજી જેવો ને તેવો તનણખાર છે. તો ન હોય? દશ ફીટ જાડી દીવાલ છે ને આઠ મસ મોટા મીનારા ઉપર તોપો ચહડાવેલી છે. એટલે શેહેરમાં રમખાણ થાય ત્યારે આ જાલમ બાસ્ટીલ આગળ કોની માએ સુંઠ ખાધી છે જે આવી શકે? જુલમગાર રાજાઓનો

આ જાલમ કીલ્લો જમીનદોસ્ત કરવાને ખીજાયલી રૈયતે અનેક વાર તજવીજ કરી પણ ફાવ્યા નહીં. આખરે છેક ૧૮ મી સદીની શરૂઆતમાં તેની અજલ આવી પુગી. પારીસના ખવીસોએ સોગંદ ખાધા કે કાંઈબી કરીને આ પાદશાહી જુલમાતના ડંકાને નાબુદ કરવો. કીલ્લો જબરદસ્ત ખરો, પણ માંહે ફક્ત ૧૩૮ માણસોનું રખેવાળ ગેરીસન હતું. એટલે લખ્ખો છાકટ લોકના ધસારા સામે તે ટકી શક્યું નહીં. બહારના લોકે પાણી કીલ્લામાં આવતું બંધ કર્યું, એટલે, જે લખ્ખો લોક ન કરી શક્યું તે પાણીની પ્યાસે કરી બજાવ્યું. આ ૧૩૮ બહાદુરોનો કમાનડીંગ ઑફીસર મોં૦ લોને કરી હતો, તેણે શરણ થવા ના પાડી અને જીવ આપવા તૈયાર થયો. પણ આખરે માહેનાં ગેરીસને ચર ઉપરના દરવાજા ઉતારી પાડયા કે ઘેરાયલું લોક ભુખ્યા વાઘની પેઠે અંદર ધસી આવ્યું અને મોં૦ લોનેનું ડોકું કાપી નાખી દરવાજા ઉપર ટાંગ્યું.

મારી નાકેશ સમજ પ્રમાણે પારીસની મોટાંમાં મોટ્ટી જોવા લાયક જગ્યાઓ ત્રણ છે. લુવરનો મેહેલ, વારસેલ્સનો મેહેલ અને ઈફીલ ટાવર. લુવરનો મહેલ ક્યારે ઉભો થવા માંડયો હશે, તેની કોઇને બરાબર ખબર નથી, પણ તેની શરૂઆત છેક ૯૦૦ વરસ ઉપર થયલી ધારવામાં આવે છે. ગમે એમ હોય પણ ૧૩ મી સદીમાં ફ્રાંસના રાજા ચાર્લસને એ ઘણો ગમ્યો અને

તેને સુધારી વધારીને પોતાનો ખજાનો તથા કીમતી પુસ્તકખાનું તેમાં લાવીને વસ્વાટ કર્યો. આ મેહેલે લગભગ ૪૮ એકર જગ્યા રોકી છે અને એ આખી પૃથ્વીમાં સર્વેથી હેંડસમ મેહેલ ગણાય છે. એના અડધા ભાગમાં મેહેસુલ ખાતું સમાવેલું છે અને બાકીનો અડધો ભાગ પ્રજાને જોવા માટે ખુલ્લો છે. આ અડધા ભાગમાં ચીત્રો અને બીજી ચીજોનો અખજો રૂપીઆનો ખજાનો ભરેલો છે. સોમવાર સીવાય કોઇબી દહાડે ત્યાં જવાઇ શકાશે; પણ બને તેમ સવારના જવું, કારણ કે બપોર પછી પરવારતાઓની ભીડ ભારે થાય છે, અને આસાનીથી ફરાતું નથી. નેપોલીયન બોનાપાર્ટ જ્યારે ઇટાલી, આસ્ટ્રીયા વગેરે મુલકો જીતતો જીતતો આગળ વધ્યો ત્યારે જ્યાં ત્યાંનો કીમતી ખજાનો, પુતળાંઓ, ચીત્રો વગેરે જે હાથ આવ્યાં તે સઘળાં લાવીને આ લુવરમાં રાખેલાં છે, તેને લીધે અને ચક્રમ ફ્રેંચ કરોડપતીઓ અવારનવાર આ સંગ્રહમાં મરતી વખતે કાંઈને કાંઈ આપી જાય છે તેને લીધે, આ સંગ્રહની બીજા કોઇ દેશમાં જોડી નથી. એ મેહેલ એટલો મોટો છે કે તેના દરેક ઓરડામાંથી **ફક્ત ઘસારાબંધ ચાલી જાઓ** તો બરાબર બે કલાક થાય. હાથમાં નકશા વગર ફરો તો જરૂર ભુલા પડો. ભોંયતળીએ તમામ પુતળાં મેલેલાં છે. પહેલા માળ ઉપર કીમતી પીકચરો અને પરચુટણ નાની જણસોનો ગંજાવર જથ્થો છે અને બીજા માળ ઉપર ઓજાર, હથ્યાર,

વણતકામ, ચીનીકામ વગેરે કરોડો રૂપીઆની દોલત પડી છે. હું આપણી તરફના મુસાફરોનું ધ્યાન આ મહેલના એશીયાટીક ખંગ તરફ ખેંચવા માગું છું. સંગ્રહ તો એટલો બધો છે કે જોતાં આંખ અને ચાલતાં પગ ઠાકે. પણ આ એશીયાટીક સંગ્રહ જોવાને ચુકવું નહીં. નીનીવેહ અને બાબીલોન આગળ ખોદકામ કરતાં મોં૦ બોટા અને સર એ. લેઅર્ડને મળી આવેલો ખજાનો—અડધો બ્રીટીશ મ્યુઝીયમમાં અને અડધો અહીં પડેલો છે. એસીરીયાના રાજાઓએ બાબીલોનને ઈસ્વી સનનાં ૧૨૫૦ વરસ અગાઉ એટલે જે આજથી ત્રણ હજાર વરસ ઉપર જીતી લીધું ત્યાર પછી આ સઘળાં જમીનમાં ડટાઈ ગયલા તે હમણા પાછા ફુટી નીકળ્યા છે. ખોદકામ કરતાં એકેક પીલરો અને મેહેલના ભાગો મળે છે જે આજના બરમુછીઆ આર્કીટેકટોને લજવાવવાને બસ છે. દીવાનખાનાઓને આખાં ને આખાં આલાબાસ્ટરથી મઢી લીધેલાં મળી આવ્યાં છે. જગેજગ ખીલા રેકા હરફોનાં કોતરકામ છે અને બ્રીટીશ મ્યુઝીયમમાં જે નીનીવેહના ગોધાનું મેં વર્ણન આપ્યું હતું તેની બીજી જોડી અહીં છે. પણ શું ધ્યાન કરૂં ને શું રાખું ! હું તો લખતાં લખતાં આજેજ થઇ ગયો છું. જ્યાં ૮૦૦૦ વરસ ઉપરના મીસરી લેખો અને છ થી સાત સાત લાખ રૂપીઆનાં ચીત્રો કકડી જાય છે ત્યાં મારા જેવા અદના આદમીનું કામ નથી! શોખ હોય તો જઇને જોઇ આવો. ભુખ્યાની ભુખબી ભાંગી જાય એવું માંહી થાપી મુકેલું છે.

પ્રકરણ—૩૦ મું.

મારા ક્યાં ભોગ લાગ્યાં કે વોકીંગ ખાનેની પારસી કબરો માટે મેં મારાં આગલાં પ્રકરણોમાં ઇસારો કીધો! તે ઉપરથી એક બીજા ગ્રહસ્થે મને ટેકો આપ્યો અને તેનાં પરીણામમાં લંડનના જરથોસ્તીઓની સભા મળી જેઓએ ઠરાવ્યું કે વોકીંગમાં સીમીટરી માટે કશું ફરીયાદ કરવા જેવું નથી. હશે ભાઇ, એમ તો એમ—એ તો ટેસ્ટ ટેસ્ટની વાત છે. તમને જે ઘણું સંપુર્ણ લાગતું હોય તે કદાચ મારી ઉજબાખ આંખ્યોએ અપુર્ણ લાગતું હોય. એટલું તો કબુલ કરવામાં આવ્યું છે કે કબરો ઉપરના કેટલાક લેખ વંચાતા નથી તે સાફ કરવા જોઇયે. જગ્યાની આસપાસ કોઇ જાતની બંધબસ્ત રેલીંગ નથી, એ પણ કોઇ ના પાડતું નથી અને કંઇ ઘણીજ નામીચી વાડી નથી, કારણ કે લંડનના માળીઓ કાંઇ મુંબઇના જેવા સસ્તા મળતા નથી. એ સઘળું હું કબુલ રાખું છું. હું કોઇનો કસુર કહાડવા માગતો ન હતો. માત્ર જે મારી નજરમાં સુધારવાજોગ લાગ્યું તે વર્ણવ્યું. એટલે તે માટે આટલો બધો ખોફ બતાવવાની જરૂર ન હતી. મુંબઇમાં કોલાબાને નાકે ખ્રીસ્તી સીમીટરી છે તેની કોઈ દહાડે સવારના મુલકાત લઇ જુઓ. લાનોલી, દેવલાલી, બેંગલોર, મહાબળેશ્વર વગેરેની

ખ્રીસ્તી આરામગાહો જુઓ. શું ત્યાં ચુપકીદી! શું ત્યાં બાગબાની! શું રસ્તા ગોઠવવાની રચના છે તે જુઓ અને પછી તેનેજ મળતું કાંઇ નજરે આવે ત્યારે તેમ કરવાની સુચના કીધી તેમાં ખોટું શું કહ્યું? હશે, એ સાહેબો પોતાનું કામ સારી રીતે સમજે છે એટલે એઓ ખરા અને આપણે ખોટા. મેં જાણી જોઇને કોઈનું દીલ દુખવવાની મતલબ રાખી ન હતી. પણ જો અણજાણતાં તેમ થયું હોય તો હું દલગીર છું. ખરી વાત એ છે કે એ ખાતાંના લાગતાવળગતા કોણ છે ત તે વાર તેમજ હજીબી હું જાણતો નથી.

ઉપલા ટચકા પછી મને પારીસની નામીચી આરામગાહની યાદ આવે છે. પારીસની ઉતરે આ ગંજાવર કબ્રસ્તાન નામે 'પેરી-લા-સેશ' એક બાગો બેહેસ્ત છે ને તે જોવાની હું દરેક હીંદી મુસાફરને ભલામણ કરૂં છું. આખાં પારીસમાં સર્વેથી મોટી આરામગાહની જગ્યા આ છે. એ આખી જગ્યા સુમારે પાંચ લાખ ચોરસવાર જગ્યા રોકતી હશે અને ત્યાં કેવા કેવા મહાભારત લડવૈયાઓ, કવીઓ, મહાન ફીલસુફો પડેલા છે કે જેઓનાં નામ વાંચતાં આ ફાની જગતની જુઠી માયાનો કંઇ અજબ જેવો તરંગ મનમાં ઉભો થાય છે. ૧૮૧૪ ના સાલમાં આ ખુદ કબ્રસ્તાનની અંદર રશીયન અને ફ્રેંચ લશકરો લડી મુવાં હતાં. પણ તેથીબી વધારે આ શાંત હમેશગીની જગ્યામાં ખુનખાર લોહીનો રેલો નોધાવાની

સરન્જત હશે, કારણ કે ૧૮૭૧ માં ફ્રેંકો—જર્મન લડાઇ ખતમ થવા પછી પેરીસના બદમાશો આ ભુમીદાની જગ્યાએ જઇ ભરાયા અને તેઓને ત્યાંથી બહાર કહાડવા માટે સરકારી લશકરે તોપના મારા ચલાવ્યા, જેથી ઘણીક પુરાણી કબરોની ખરાબી થઈ. ખુદ પેરીસમાં કુલ બાવીસ આવાં કબ્રસ્તાનો છે. એક કબરને ત્રીસ વરસો સુધી હાથ નહીં લગાડવામાં આવે એવી શરતે પુરતી જગ્યા મેળવવા માટે ત્રણસો ફ્રાંક આપવા પડે છે. ફકત પાંચજ વરસ સુધી કબર રાખવી અને પછી કામ પડે તો ઉખેડી નાખવી એવી શરત માટેની જગ્યા માટેના પચાસ ફ્રાંક. પણ કોઈનો શોખ થયો કે તેની કબર ચંદરોકાળ સુધી રહે તો ફકત દશ સમચોરસ ફીટ જગ્યાના લગભગ ત્રણ હજાર ફ્રાંક આપવાથી તેમ બની શકે છે. ગરીબોને ભુમીદા કરવાનું કાંઇ દામ આપવું પડતું નથી. "પેરી—લા—સેશ" જોવા જવું હોય તો સવારના સાત વાગતાથી તે સાંજના સાત વાગતા સુધી કોઇબી ટાઇમ અનુકુલ છે. બરાબર સાત વાગતે એક મોટો ઘંટ વગાડવામાં આવે છે જે વેળાએ સર્વે વીઝીટરોએ બહાર નીકળી જવું જોઇયે. આ ઠેકાણે જણાવવું જોઈયે કે 'સીમીટરી' માં ફરતાં સર્વે પુરષોએ પોતાની ટોપી ઉતારવી પડે છે. જાહેર રસ્તા ઉપર પણ સામેથી મુડદાંની ગાડી મળી કે ટોપી ઉતારવી જોઈયે. આ મહાન કબ્રસ્તાન એટલું મોટું છે કે

ફક્ત ત્યાંની કબરો ઉપર ટપકેથી જોતાં ત્રણ કલાક નીકળી જાય છે. નવેમબર મહીનાની પહેલી અને બીજી તારીખ ગુજરેલાંઓની યાદમાં પવીત્ર ગણાય છે અને તે દહાડે આ જંગી આરામગાહમાં લગભગ દોઢ લાખ લોક જોવા આવે છે. આ ઠેકાણે સુમારે ઓછામાં ઓછી વીસ હજાર કબરો હશે, જેમાંની કોઇ કોઇ એકેક સુંદર સીલ્પશાસ્ત્રના નમુના છે. મોટા છાંયાવાળા ઝાડોના રસ્તા અને કયારાઓ આ જગ્યાની એક મોટી શોભા છે.

પણ હવે મુવાંને એક બાજુ મુકી કંઈ બીજા વીષય ઉપર જઇયે. "બીબલ્યોથેક ઇમપીરીયાલ" ની ઇમારત જે અસલ નામાંકીત કાર્ડીનલ મેઝેરીનનો મેહેલ હતો તે પણ જોવા વગર પાછું ફરવું નહીં. હું ધારૂં છું ત્યાં સુધી આ રાક્ષસી પુસ્તકખાનામાં ઓછાંમાં ઓછાં એક હજાર વરસ ઉપરનો સંગ્રહ હશે અને તેમાં કંઇ અગણીત નાશ પામેલાં પુસ્તકખાનાનો ખજાનો જમાવેલો છે.

હાલમાં ત્યાં ઓછાંમાં ઓછાં ત્રીસ લાખ પુસ્તકો હશે. એવી ગણત્રી કરવામાં આવી છે કે એ કેતાબોની અભરાઈની જો લાંબી ને લાંબી લાઇન કરી હોય તો પાંત્રીસ માઈલ થાય. કહે છે કે દુન્યામાં સર્વેથી મોટું પુસ્તકખાનું આ છે. એક અલાહેદો ઓરડો રાખ્યો છે જ્યાં ફક્ત મંગળ અને સુકરવારે દાખલ થઇ શકાય છે. તેમાં હજારો વરસનાં જુનાં ચર્મપત્રો, કેતાબો અને કોતર-

કામો ચોકીપોહોરા તળે સાચવીને રાખ્યાં છે. એક બીજા ખંડમાં જુદી જુદી જાતનાં સ્ટામ્પોનો સંગ્રહ દેખાડવા મુકયો છે. કહે છે કે આ સ્ટામ્પોની ગણત્રી પચીસ લાખની કરવામાં આવી છે. એ ઉપરાંત પુરાણા હાથનાં લખેલાં એક લાખ પુસ્તકો છે. વળી એક બીજાં ખાતામાં બે લાખ જુદી જુદી જાતના સીક્કાઓ અને ચાંદોના સંગ્રહ જોવામાં આવે છે.

ઇંગ્લંડની લંડન મધેની બેંક ઓફ ઇંગ્લંડ જોવા પછી ફ્રાંસની સર્વેથી મોટી બેંક જોવાની મને કુદરતી રીતે લાલચ થઇ. પણ તેમાં હું ફાવ્યો નહીં. બેંક જે એક જબરદસ્ત મકાનમાં આવેલી છે તેનો ફકત ચાઈચા-ઇનો ભાગ પ્રજાને જોવાને માટે ખુલ્લો છે. આ બેંક ડ ફ્રાંસ સરકારી ખાતું નથી, પણ બેંક ઓફ ઇંગ્લંડની પેઠે સરકારી દેખરેખ તળે જોઇન્ટ સ્ટોક ખાતું છે. આ બેંકને પણ પોતાની નોટો કહાડવાનો સરકારે એકલો હક બક્ષયો છે. કહે છે કે એનાં ભોંયરાંઓમાં સોનું, રૂપું, હીરા, અને બીજાં કીમતી ઝવેરોનો અખુટ સંગ્રહ ભરેલો છે. આ ભોંયરાંઓ એવાં મુસ્તકીમ બનાવ્યાં છે અને તે ઉપર એટલો બધો જાપતો છે કે ફ્રાંસના જગ-પ્રસીદ્ધ સુધાન ચોરાટયાઓ વટીક તેની આગળ આજેજ છે. ૧૮૯૯ માં આ બેંક ઓફ ફ્રાંસને હસ્તક દશ અબજ રૂપીયાનો વહીવટ કરવામાં આવેલો નોધાયલો છે.

જો તમારી પાસે સાત આઠ દીવસોથી વધારે દીવસો રહેવાની સગવડ હોય તો પારીસની નામાંકીત "કેટલ મારકીટ" એટલે જે ગાય ઢોર વેચવાનું બજાર જોવા જવાની હું સખત ભલામણ કરૂં છું. મુખ્ય કરી સોમવાર અને ભ્રેસ્પતવારે સવારના ત્યાં સ્ત્રી પુરૂષોની ધધુખર જોવા જોગ છે. આખાં બજારે પચાસ હજાર ચોરસવાર જગ્યા રોકી છે. મારકેટ ભરાવાના દીવસે ત્યાં સુમારે પાંચ હજાર ગાયો, બે હજાર વાછરડાઓ, છ હજાર ડુક્કરો અને ત્રીસ હજાર બકરાં મેઢાંઓનો જમેલો ભેગો થાય છે. પાસેજ રેલવેની લાઇન આવેલી હોવાથી ટ્રેનો ભરી ભરીને ગામેગામથી જાનવરો આવે છે. મારી પુછપરછના જવાબમાં જણાવવામાં આવ્યું કે એક વરસમાં આ મારકીટમાં કુલ પચીસ લાખ જાનવરો વેચાવા માટે આવતાં હશે. આ મારકીટની પાડોશમાંજ એક નાની નેહેર ઓળંગીને પારીસના "સ્લોટર હાઉસ"માં જવાય છે. જો કે આ કસાઇખાનું બહુજ સાયનટીફીક ધોરણ ઉપર સફાઇદાર રાખવામાં આવે છે તે છતાં તે જોવા જવાની હું નરમ હૈડાંના ધણીને ભલામણ કરી શકતો નથી. આ ઠેકાણે દરરોજ બારસો ગાયો, પાંચસો વાછરડા અને હજાર બકરાં કાપવામાં આવે છે. એનીજ પડખે એક બીજું કસાઇખાનું ડુક્કરોને માટે જુદુંજ છે, જેમાં દરરોજ એક હજાર આ સુંદર પ્રાણીઓનો કચડઘાણ નીકળે છે. પાસેજ આ કાપેલાં ગોસ્તને બર-

ફમાં રાખવા માટે "રીફ્રીજરેટરો" બાંધેલાં છે. આ આખાં ખાતાં ઉપર પારીસ શેહેરને છ કરોડ ફ્રેંકનો ખરચ લાગ્યો હતો.

પારીસનું એક બીજું નવાઇ જેવું ખાતું ત્યાંનું મારવાડી બજાર છે. આપણા દેશના ગંધીલા, લીલી પીળી દુકાન રંગેલા, સેંકડે પોણોસો ટકાનું નાનું વ્યાજ લેનારા, બચારા અણઘડ ઘાટી ગર્યાઓનું જીવતું લોહી ચુસનારા મારવાડીઓ સમજશો ના. પારીસનું ખાતું ગરજાઉઓને મદદ કરવા માટે સરકારી સત્તાથી એવાં નાદર ધોરણ ઉપર રચેલું છે કે જેની નકલ આપણા તરફ કાં નહીં કરવામાં આવે ને હું સમજી શકતો નથી. કોઇબી ધણીને અડીભીડી માટે નાની કે મોટી રકમ જોઈયે તો પોતાનો સર સામાન ઘરેણે મુકી ઓછામાં ઓછી પંદર દહાડાથી તે કોઇબી મુદત સુધી બાંધેલા દરે ખુશાલ નાણું ધીરવામાં આવે છે. સોના રૂપાના દાગીના ઉપર વીસ ટકે મારજીને અને બીજા સામાન ઉપર ત્રીસ ટકે મારજીને દશ હજાર ફ્રાંક સુધી સાત ટકાના વ્યાજે આપવાનો હક આ ખાતાંને બક્ષેલો છે. નાણું ઉછીકું લીધા પછી ચૌદ મહીનાની મુદતમાં નાણું પાછું પગાર કરવું જોઈયે અથવા તો ટીકીટ નવેસરથી કરાવવી જોઇયે, નહીં તો ચૌદ માસ પછી ઘરેણે મુકેલી જણસ વેચી નાખવામાં આવે છે. પણ આ પ્રમાણે વેચવાથી કંઈબી વધતું ઉપજે તો ત્રણ વર-

સની મુદતમાં માલ ધણીને આપવામાં આવે છે. કહે છે કે આ પારીશ્યન મારવાડી ખાતું વરસ દહાડે વીસ લાખ જણસો ઉપર પાંચ કરોડ ફ્રાંકની ધીરધાર કરે છે. હાલ સરકારે એ ખાતાંને ઘરનાં ખતો ઉપર પણ પાંચસો ફ્રાંક સુધીની ધીરધાર કરવાનો હક બક્ષયો છે.

પ્રકરણ—૩૧ મું.

પારીસની ભલી મ્યુનીસીપાલીટી પોતાના બીમારો માટે કેટલી દીલભર છે તે જોઇ મને એક વાર વળી પાછો મારી કમનસીબ મુંબઈ નગરી માટે અફસોસ છુટો. ત્યાં બધી મળી વીસ આસ્પીટલો છે. આમાં "હોટેલ ડયુ" નામની આસ્પીટલ ૪૫૦૦૦૦૦—સાડા ચાર કરોડ ફ્રાંકને ખરચે બાંધવામાં આવી છે. આ ગંજાવર ઇમારત માટે ફક્ત ખાલી જગાનાજ ઉપલી રકમમાંથી સવા બે કરોડ ફ્રાંક આપવા પડયા હતા. કહેવામાં આવે છે કે આ ખાતું વૈદક શાસ્રનું એક ઉત્તમ નમુનેદાર મંદીર છે. એ માંહે ૮૨૮ બીમારોનાં બીછાનાં છે અને તેમાં મહાન ત્રણ પ્રોફેસરોનો કાબુ ચાલે છે. વૈદક વીદયામાં હમણા યુરોપમાં મોટી હરીફાઇ ચાલે છે, જેમાં ઈંગલંડ, ફ્રાંસ, આસ્રીયા અને જર્મની ચાર મોટા હરીફો છે. સર્વે ઠેકાણેથી બોલાય છે કે વીએના જેમ સરજરીમાં પહેલી પદવી ધરાવે છે તેમ પારીસ જુદા જુદા રોગોનાં પ્રથકરણ માટે સર્વેથી આગળ છે.

સેન નદીના પુર્વ કીનારા તરફ એક ચોખંડી, મોટી પણ ધંગધડા વગરની ઇમારત જોશો ત્યારે જાણવું કે તે "પાલે ડે ઈન્સ્ટીટયુટ" છે. ફ્રાંસના હાથમાં જ્યારે આલસેસ, રૂસીલાં, ફલાનડર્સ વગેરેનાં પ્રગણાં આવ્યાં ત્યારે ત્યાંના જવાન વીદ્યાર્થીઓને કેળવણી આપવા માટે આ મકાન કાર્ડીનલ માઝેરીને સ્થાપ્યું હતું જે ઉપરથી પહેલાં તેને 'કોલેજ માઝેરીન' કરી નામ આપ્યું હતું. અગાઉ આ જગ્યા ઉપર એક રાજવંશી મહેલ હતો જેને માટે કહેવામાં આવે છે કે રાજા દશમા લુઇની રાણી મારગરેટ પોતાના પાપી હવસને તૃપ્ત કરવા આ હોટેલમાં છુપાછુપ જવાન પુરૂષોને દાખલ કરાવતી અને પછી તેઓને કતલ કરાવીને સેન નદીમાં નખાવી દેતી હતી.

આપણા ગુલઝાર મુંબઇ શેહેરમાં વીકટોરીયા ગાર્ડન્સ આપણી મગરૂરી છે અને તે કેટલેક દરજ્જે વાજબી છે. મુંબઇનાં એબલગામણાં મ્યુઝીયમો અને ગણત્રીનાં બાવલાંઓ આગળ આ રાણીનો બાગ જરાબી આપણી નોક રાખે છે. બહારગામનું લોક જ્યારે મુંબઇની જોવાલાયક જગ્યાઓ પુછે ત્યારે કુદરતી રીતે રાણીનો બાગ પહેલો મોંહપર આવી જાય છે. પણ ત્યારે વીચાર કરો કે હસ્તાં, રમતાં, શોખીન, ખુશાલ, મોજીલાં, પાપી પારીસનો જાહેર બાગ કેવો હશે? "ઝારડેં ડે પ્લાન્ટ" એક એવો રમણીય સંગ્રહ છે કે તે જોવા

વગર પાછું ફરવું એ ગોયા બીરીયાની ખાઇને હાથ ધોયા વગર રહેવા બરાબર છે. આમાં જાનવરોનો સંગ્રહ, બોટનીકલ બગીચો, સૃષ્ટી વીદ્યાના નમુનાઓ, લેબોરેટરીઓ અને પુસ્તકખાના જાણે છલાછલ ઉભાઇ જાય છે. ઇમારતમાં એક મોટો હૉલ છે જે પ્રજાના વપરાસ માટે ખુલ્લો છે, અને જેમાં એકીવારે બારસો માણસો બેસી શકે છે. આ નામીચો બગીચો સુમારે ત્રણસે વરસનો પુરાણો કહેવાય છે. એનો વીસ્તાર જબરદસ્ત છે. ઓછામાં ઓછો ચાર લાખ ચોરસવાર હશે. આ જગ્યાના બે ભાગ કીધેલા છે, એકમાં બગીચો અને બીજામાં જાનવરોનું સંગ્રહસ્થાન. આ જાનવરોનું સંગ્રહસ્થાન આપણી નજરે કાંઇ ઘણુંજ અચરતભરેલું લાગતું નથી, કારણ કે જે જાનવરો આપણી નજરે સાધારણ લાગે છે તે યુરોપીયનોને મનથી ઘણાંજ નવાઈ જેવાં છે. દાખલા તરીકે એક આખું મકાન જાત જાતનાં વાંદરાઓને માટે જુદું કહાડેલું છે અને ત્યાં આ આપણા 'બાપદાદા' ઓને રીઝવવા, ખવાડવા અને ચીઢવવાને માટે હજારો માણસોની ભીડ થાય છે. એક ચોગાનમાં ખાંડીબંધ હરણો વગેરે ફરતાં જણાય છે. પેલા ભલા માણસો વાઘો અને સીંહો અલબતે મજબુત પીંજરાંઓમાં હવા ખાય છે. હાથીઓ, ઉંટો, અને ગેંડાના પણ ટોટા નથી. વળી આગળ ચાલ્યા કે રીંછના ઉપર લુટાલુટ પડે છે. એક બીજા ભાગમાં હજારો જાતનાં પક્ષીઓનો જમાવ

કીધેલા છે અને તેથીબી આગળ સાપ, વીંછુ વગેરે નેક નામીઓનો સંગ્રહ છે.


બગીચાના એક ભાગમાં એક નાનું તળાવ છે, જેમાં એક સોસવાટ ફરતું ફરે છે. મતલબ કે નોઆના વહાણમાં જ્યારે રેલ વખતે જે જે જાનવરો ભર્યાં હશે તે સઘળાં લગભગ અત્રે જોવામાં આવશે. બગીચામાં 'ઓરેનજ' નાં ઝાડોની ઘટા જોવાજોગ છે. પાસેજ એક ભુલભુલામણી બનાવી છે તેમાં એકવાર પેઠા તો પોતાની મેળે બહાર નીકળવાની આશા રાખશો ના, બલ્કે ગાઇડ વગર માંહે જવાની હું ભલામણ કરતો નથી, કારણ કે એક વાર પેઠા પછી ત્યાં જાત જાતનાં કૌતકો જોવામાં આવશે, જે માટે કદાચજ તમે તૈયાર હો. ચતુરને ચેતવણી! બગીચાને લગતું જે સંગ્રહસ્થાન છે તે આખાં જગતમાં સર્વેથી મોટું કહેવાય છે. ખણીજ પદાર્થ, રસાયણ પ્રયોગોનાં પરીણામ, અને ઝાડપાનના વીચીત્ર ફાંટા અહીં એટલા બધા તો છે કે તે જોતાં મોઢે ફીક આવી જાય છે. ખરૂં મ્યુઝીયમ તે એ. સાથેજ એક પુસ્તકખાનું છે તેમાં કેતાબો, હસ્તલેખો, ડ્રાઇંગો અને નકશા મળી બે લાખ ચીજોનો સંગ્રહ છે.

પણ આ જગ્યાની ખરી ખુબસુરતી અને લહેઝત તેના કયારાઓની છે. શું એકેકા કયારાની રચનાની વખાણ કહું. આહા! જઇને જુઓ, રંગની મેળવણી અને બાગબાનીની ફત્તેહ તમારી આંખે ઉડી આવશે.

કાંઇ ક્રોડો રોપા હશે. પણ તે સઘળા ઉપર રંગબેરંગી ટીકીટો મારી છે. ખોરાકીના પાલા ઉપર લીલી, દવાના રોપા ઉપર લાલ, ઝેરી વનસ્પતિ ઉપર કાળી, રસાયણમાં કામ લાગે એવા રોપા ઉપર બ્લુ અને શોભાના પાલા ઉપર પીળી ટીકીટો લગાડી છે. ફળવાળા ભાગમાં પેર, સેબ, દ્રાક્ષ અને બીજાં ફરૂટોનાં ઝાડ પોતાના બોજાથી જાણે ઝુલાઇ જાય છે.

મેહેરબાન દોસ્તો, તમોએ પહેલા નેપોલીયન બોનાપાર્ટનું નામ તો સાંભળ્યું હશે, જે ધણીએ એક વાર આખાં યુરોપને ધ્રુજાવ્યું હતું, બલ્કે જીતી લીધું હતું. તેનો ઇતિહાસ આપવાનો આ વખત નથી. આ શુરવીરનાં કીસમતે જો દગો દીધો ન હુતે તો કોઇ વાર તે ઇંગ્લંડ પણ જીતી લેવા ચાહતો હતો. એક વાર આ હીંદુસ્તાન ગમ પણ નજર ચમકાવતો હતો. તેના હસ્તકમાં ફ્રેંચ લશકર એવી નોકે પુગયું હતું કે તેની સામા ખડા રહેવાની કોઈની તાકાત ન હતી. પણ આ જોદ્ધોબી આખરે ઇંગ્રેજ સત્તાને શરણ થયો અને સેંટ એલ્બાના ટાપુમાં એકાંત કેદખાનું સેહેવી મરણ પામ્યો. પણ તે છતાં હજીબી ફ્રેંચ પ્રજા તેને એક દેવતાની પેઠે પુંજે છે. નેપોલીયનની લાશને એલ્બાથી બાઇજત લાવી પારીસમાં દાટી તે વેળા ફ્રેંચ લોક જાણે દીવાનું થઈ ગયું હતું. પારીસમાં આ કબર એક મોટો ઇતિહાસીક સ્થંભ ગણાય છે અને તે જોવા માટે રજા મેળવવી જોઇયે.

જે મુઠ્ઠીભર મટોડીની તળે આ ધર્તીને ધુજાવનાર સુતો છે તે કબર ૧૩ ફીટ લાંબી અને ૬॥ ફીટ પોહોળી છે. જમીનની તળેટીથી તે ૧૪॥ ફીટ ઉંચી છે. આ કબર એક આખા પથરામાંથી બનાવેલી છે, જે પથરાનું વજન ૬૭ ટન જેટલું ગણવામાં આવ્યું છે. નેપોલીયને પોતાની ઝળકતી કારકીર્દીમાં જે જે લડાઇઓ જીતી તે સઘળાંનાં નામ કોતરીને આસપાસ સીલ્ડના આકારમાં ટાંગયાં છે, અને તેણે પકડેલા ૬૦ વાવટાઓ, ખુદ અસલ, ઉપર લગાડયા છે, જે માહેના કેટલાક તો એટલા ફાટેલા અને ચુંથાયલા પીખાયલા તથા લોહીના ડાઘથી ખરડાયલા છે કે પહેલી નજરે બળોતીઆં જેવા લાગે છે, પણ ફ્રેંચમેનોને મનથી આ ગાભ કપડાંનો એકેકો કકડો લખ્ખો ને કરોડોની કીમતનો છે. નેપોલીયનની કબરની આસેપાસે બે નાની કબરો છે જે તેના જીવજાનના દોસ્તો જનરલો ડ્રોક અને બરટ્રાંડની છે. જનરલ બરટ્રાંડ તો મરહુમ શાહેનશાહનો એવો નીમકહલાલ દોસ્ત હતો કે જ્યારે તેને સેંટ હેલીનામાં કેદ મોકલવામાં આવ્યો ત્યારે તેની સાથે કેદખાનામાં ગયો અને જ્યારે ૧૮૪૦ માં નેપોલીયનની લાશને ખણાવીને પારીસમાં આણી ત્યારે આ વફાદાર દોસ્ત એ લાશની સાથેજ પાછો પારીસ આવ્યો. બોનાપાર્ટની કબરના દરવાજા ઉપર નીચલા શબ્દો તેનાં છેલ્લાં વસીયતનામામાંથી ઉતારી લીધા છે.



નામાંકીત નેપોલીઅન બોનાપાર્ટની પારીસમાં કબર.

Je desire que mes cendres reposent sur les bords de la Seine, au milieu de ce peuple français que j'ai tant aimé.


"ઝ ડેઝીર ક મે સાંદ્ રેપોઝ સુર લે બોર્ડ ડ લા સેન, ઓ મીલ્ય ડ સ પેપ ફ્રાંસે ક ઝે તાં એમે."

અર્થ.

"હું ઇચ્છું છું કે મારી મટી સેનના કીનારા ઉપર આસાયશ લે, ફ્રેંચ પ્રજાની વચમાં કે જેઓને હું આટલા બધા ચાહું છું."

આ કબરની ઉપર એક જંગી ડોમ ૧૬૦ ફીટ ઉંચો ચહડાવેલો છે અને તેમાં એવી કળા કરેલી છે કે એક જાતની બ્લુ લાઈટ તેમાંથી કબર ઉપર પડે છે, જેથી તેનો દેખાવ બહુજ દીલચશપ અને ગંભીર લાગે છે. આ કબરની બહારના ઓરડામાં મરહુમના ભાઇ જેરોમ બોનાપાર્ટની કબર છે જેને મરહુમ નેપોલીયને વેસ્ટફાલીઆનો રાજા બનાવ્યો હતો. તેનીજ પાસે એક નાની કબરમાં તેના બેટાને દાટેલો છે અને પાસેજ રાણીનું હાર્ટ એક સંદુકમાં મેલેલું છે. વળી પાસેજ એક ત્રીજા ઓરડામાં નેપોલીયનના બીજા ભાઇ જોસફ બોનાપાર્ટ, જેને સ્પેનનો રાજા કીધેલો હતો તેને ગાળેલો છે. આ નેપોલીયનની યાદગારી માટે ફ્રેંચમેનોને એટલું માન છે કે જ્યારે તેઓ ત્યાં જોવા આવે છે ત્યારે ટોપી ઉતારીને વાંકી ગરદને ગુપચુપ ફર્યા કરે છે.

નેપોલીયન બોનાપાર્ટનો હીસાબ ચુકવતી વખતે એના માનીતા મેહેલની પણ ખબર લઇ લેવી ઠીક પડશે. એ મહાભારત માણસનો માનીતો મેહેલ પેરીસથી થોડાએક માઇલ દુર "ફ્રોનટેન બ્લ"નાં "ફોરેસ્ટ"માં આવેલો હતો, અને હજીબી તે એક ઘણુીજ વીચીત્ર અને જોવા લાયક જગ્યા ગણાય છે. ફ્રોનટેન બ્લનું ગામડું ફકત ૧૪૦૦૦ રહેવાસીઓ ધરાવે છે, પણ બહુજ સ્વચ્છ અને રસીલું છે. કહે છે કે આ ઠેકાણે આવેલા રાજ-વંશી મહેલનો પહેલો પાયો લગભગ ૮૦૦ વરસની વાત ઉપર નંખાયો હશે. આ મેહેલનો બાહેરનો દેખાવ આગ્રાના તાજમેહેલની પેઠે કંઈ એકદમ આંખે ઊડી આવતો નથી, પણ એક વાર માંહે દાખલ થયા પછી આબાદ કીસસનો ખજાનો જોઇ લેવો. આ મેહેલમાં નેપોલીયન બોનાપાર્ટ જાથુક રહેતો હતો. પાછળથી થોડીક મુદત સુધી લગાર પડત હાલતમાં રહયો, પણ પછી ત્રીજા નેપોલીયને તેને નવેસરથી આરાસ્તે કીધો. આ "ફ્રોનટેન બ્લ" ના મેહેલમાં પણ કંઇ અગત્યનાં વધનો વીતી ગયલાં છે. એક વાર ત્યાં રોમના પવીત્ર પોપ સાતમા પાયસને કંઈ બહાને પકડી આણીને કેદમાં રાખ-વામાં આવ્યો હતો, જે ઓરડાઓ પણ બતાવવામાં આવે છે. એજ મેહેલમાં ૧૮૦૯ માં એમપ્રેસ જોઝફી-નને નેપોલીયન બોનાપાર્ટે તલાક આપી કાઢી મુકી હતી. જ્યારે ૧૮૧૪ ના સાલમાં નેપોલીયન હાર્યો, અને તેને



નેપોલીયને ગજરપાટ ગણુ દેવાનું લખી આપેલું ગણતાનું.

ઈંગ્લંડ, ઓસ્ત્રેલીયન, ઇટાલીયન વગેરેના જોડયા સરદારોએ રાજપાટ તજી દેવાની જબરાણથી ફરજ પાડી ત્યારે એક નાના કાગળના કટકા ઉપર બોનાપાર્ટે બેસીને આ નામાંકીત લેખ લખી આપ્યો જેની ખરી નકલ હું પાસે રજુ કરૂં છું:—

આ "ફ્રોનટેન બ્લ" મેહેલના એક નાના ઓરડામાંજ એક ટેબલપર બેસીને આ ચીથરૂં લખી આપ્યું હતું. તે ઓરડો તેમજ તે ટેબલ પણ હજી ત્યાં એમની એમ મેલેલી છે. એજ મેહેલમાં છેલ્લા કમબખ્ત બીજા નેપોલીયનને જ્યારે એ બાળક હતો ત્યારે બાપટીઝમ આપવામાં આવ્યું હતું. નેપોલીયન બોનાપાર્ટના પોતાના ઓરડાઓ ઘણાજ સાદા પણ સ્વચ્છ છે. ત્યાં તેની કઠણ, સાદી, નાની સુવાની ખાટલી હજુ પણ જોવામાં આવે છે. પણ આ ઓરડાઓ ઉપરાંત મેહેલનો બાકીનો ભાગ એક ખરેખરા પાદશાહી જાહોજલાલ મેહેલને લાયકજ છે. તેમાં ખાસ કરી નામાંકીત મેરી એનટોઇનેટના ઓરડાઓ લખ્ખો, કરોડો રૂપીયાનાં જવાહીરો અને નામાંકીત જીણસોથી ઉભાઇ જાય છે. એક ઘણાજ મહાભારત અને કીમતી ઓરડામાં રાજતખ્ત મેલ્યું છે, જેની સીલીંગ ઉપર લગાડેલા વણતકામના ગાલીચાઓ એકેકા લાખ લાખ રૂપીયાના હશે એમ હું બીહતાં બીહતાં કહું છું. મેહેલના એક બીજા ભાગમાં શાહાનશાહની સ્ત્રી માડામ ડ મેનટેનોનના ખાસ

ઓરડાઓ આવેલા છે. આ ઓરત નેપોલીયન ઉપર ભારી કાબુ ધરાવતી હતી અને ખુદ પરણેલી રાણી કરતાં વધારે જાહોજલાલ વૈભવ ભોગવતી હતી. પછી તેણીના ઓરડાઓના સણગારનું શું પુછવું પડે? આખા મેહેલમાં એટલાં તો કીમતી ચીત્રો, પુતળાંઓ અને સોના રૂપાથી મઢી લીધેલાં ઝુમરો છે કે તે જોતાં નજરો થાકી જાય છે. એક ઓરડો તમામ રંગીત કોરી-કામની દેવાલથી મઢેલો છે. પારીસ જનારાઓને આ "ફ્રોનટેન બ્લ" નો મેહેલ જરૂર-જરૂર જોઇ આવવાની હું ભલામણ કરૂં છું.

પ્રકરણ—૩૨ મું

હું આગળ એક વાર કહી ગયો છું કે તંબાકુની ચીરૂટ બનાવવાનું કામ ફ્રેંચ સરકારે પોતાને હસ્તક રાખ્યું છે કેમકે તેમાં મોટી કમાણી છે. જ્યારે પારીસ જાઓ ત્યારે ત્યાંની સરકારી સીગાર ફેકટરી જોવાની તલબ કરજો. દર ભેસ્પતવારે બપોરના બે વાગ્યા પછી ત્યાં દાખલ કરવામાં આવે છે. પણ હું આગળથી કહું છું કે જેઓને તંબાકુના વાસની સુગ હોય તેઓએ જવું નહીં. કેમ જે માંહે ફરતાં આ તંબાકુનો વાસ કપડાંને એવો ચીટકશે કે ધોબીને ત્યાંથી પાછું ફરતાંબી નીકળવાનો નથી. આ ચીરૂટ ફેકટરીમાં ૨૨૦૦ કામદારો લાગેલા છે. અને દર સાલ 20000000 (બે કરોડ)

રતલ તંબાકુની બીડીઓ બને છે! માંહી જે કામદારોને દાખલ કરવામાં આવે છે તેઓની પહેલી પરીક્ષા લીધામાં આવે છે. મને જણાવ્યામાં આવ્યું છે કે દર સાલ ફ્રેંચ સરકારને આ ચીરૂટોની બનાવટમાંથી ૩૯ કરોડ ફ્રાંકની આમદાની છે.

મને એક દીવસે જમતાં કોઈએ કહ્યું કે પારી-સના 'કાટેકોંબ' એવા જોવાલાયક છે કે તેની જોડી આખી પૃથ્વીમાં નથી. કાટેકોંબ તે શું? આપણે તો સાધારણ રીતે કોઇ ભાભરભુંજાને 'કાટીકોમ' કહીએ છીયે. બીજે દીને નક્કી કરીને આ 'કાટેકોંબ' જોવા ગયા. પહેલાં તો એક પાદરી હાથમાં બતી લઇને ભોંય-રામાં ઉતર્યો. ઓ બાપરે, મારી નાખવા લઇ જાય છે કે શું? અંધારૂં તો એવું કે છતી બતીએ આપણી સાથ ચાલનારનું મોંહ દેખાય નહીં. એવું જણાય છે કે અસલ તો આ ભોંયની તળે કાપી કહાડેલી ખાણો હશે. એ તો ભલું છે કે ઘણા લોકને સાથે આ હમેશગીઆ-નમાં ઉતરવા દેતા નથી. નહીં તો એકજ ધડાકો થાય ને બધા સાથે કચડાઇ મરે. થોડા થોડાને વારા ફરતી લઇ જાય છે. દાખલ થયા કે દરેક જણે દરવાજા આગ-ળથી ખરીદેલી એકેકી મોમબતી સળગાવવાની. માંહે પેઠા કે પવનનું નામ નહીં તોય ઠંડક તો એવી લાગે કે જાણે ઓાય લખલખાં ચહડીને તાવ ચહડી આવશે. ભીનાસબી ખરો, માટે જાઓ તો સાથે જાડો ઓવરકોટ

અને બુટ જાડાં પહેરી જવું ઠીક પડશે. કોઇ કોઇ જગ્યાએ ઉપરની જગ્યાનો ભાર ઘણો થઈ ગયો હશે એટલે તેને ટેકવી આપવાને આ ભોંયરાંમાં મોટા મોટા પુસ્તા બાંધી લીધા છે. ૧૭૭૪ના સાલથી આમાં નામાંકીત પુરૂષોનાં કાલબુદ પથ્થરની અથવા ધાતુની પેટીમાં બંધ કરીને લાવી મુકયાં છે. પહેલાં તો આ રવાનો અને તેનાં હાડકાં જેમ ગમે તેમ લાવીને આ કદરબીહામણાં ભોંયરાંમાં સીચતા, પણ પાછળથી ત્યાં અભડાઇઓ બનાવીને આ મસાલેદાર માલને વધારે કાયદાસર રચવા માંડયો છે. પણ કદાચ તમે કહેશો કે આમાં શી મોટી વાત છે! ઘણી મોટી વાત છે. હજારો અભરાઇઓનાં ઠડના ઠડ હાડકાંઓ, ખોપરીઓથી છલાછલ ભરપુર છે. કહે છે કે આ ઠેકાણે કુલ સાઠ લાખ માણસોનાં હાડકાં રમકડાંવાળાની દુકાનની પેઠે રચી મેલ્યાં છે. ૬૦ લાખ માણસનાં હાડકાં! એવી ચીજનો શોખ હોય તો જોવા જજો. ખાધાનું પણ ભુલી જશો.

તમે પુછતા કેમ 'નહીં' કે પારીસનું પાણી કેવું અને તેની શી ગોઠવણ છે. જેમ આપણો મલબાર હીલ રેઝરવોયર તેમ ત્યાં રેઝરવોયર ડી લા વેન છે. ૭ાા એકર વીસ્તાર છે. બધી બાજુ નક્કર પથ્થરની ૧૦ ફીટ જાડી દેવાલ બાંધેલી છે. આ તળાવમાં નેવું લાખ કયુબીક ફીટ પાણી સમાય છે. પણ રમુજી એ છે કે આ રેઝરવોયરને બે મજલા છે અને બેઉ મજલામાં

પાણી ભરેલું છે. ઉપલા મજલાનું પાણી રોજ કામમાં આવે છે અને નીચલા મજલાનું 'રીઝર્વ' અથવા અડી ભીડી માટે રાખ્યું છે. નીચલા મજલા ઉપર ફરતાં એક જાતનો ડર લાગે છે કારણ કે આપણે જાણીયે છીયે કે આપણાં માથાં ઉપર હજારો ટન વજનનું પાણી છે ને જો એકાદ ફુસ્કો નીકળી ગયો તો ઘર પાછા આવતા ડોસા થયા. આ પારીસનાં પાણીનાં બાંધકામ ઉપર કુલ ૧૫ કરોડ રૂપીઆનો ખરચ તો થઇ ચુકયો છે અને બીજા પાંચ કરોડ ખરચવા કહાડયા છે.

હવે રહયા આપણા મીત્ર વરસેલ્સનો મહેલ. એને ફ્રેંચમાં 'વારસાઈ' કહે છે. પણ આપણે તો આપણા ઓલ્ડ ફાશીન વરસેલ્સનેજ વળગી રહીશું. આહાહા! ત્રીજા નેપોલીયનેબી પોતાના ચાલતા વખતમાં અવધી કરી. પૈસાને પૈસો કરીને ગણ્યો નહીં. જુઓ સાંભળો. તમને ટાઇમ હોય ને બે ચાર વખત જવાય તો બાર વખત જજો. જોતાં ઠાકશો નહીં. ફકત એનો બગીચો જોતાંજ એક આખો દહાડો નીકળી જશે.

પારીસના સેંટ લેઝાર સ્ટેશનપરથી દર કલાકે ટ્રેન વારસેલ્સ જવા ઉપડે છે. જેમ મેહેમ ને વાંદરા તેમ પારીસ ને વારસેલ્સ. જતી વખત બને તો ડાબી બાજુની બારી પકડજો, કેમજે તે તરફનો કુદરતી દેખાવ અતી રમણીય છે. વારસેલ્સ કદમાં નાનકડું છે. ફકત પચાસ હજાર માણસની વસ્તી હશે પણ બે ચાર

દહાડા રહેવું હોય તો કુશાદે સુખવાસી હોટેલોનો ટોટો નથી. પાદશાહી મોજમજાહ અને કુદાકુદીને વાસ્તે વારસેલ્સ કાં પસંદ કરવામાં આવ્યું હશે તે હું સમજી શકતો નથી, કારણ કે એના હજારો ફુવારા અને દીલચસ્પ હોજોને માટે પાણી બહુ લાંબેથી લાવવું પડતું હશે. હું વારસેલ્સનો ખ્યાલ તમારાં મનમાં ઉતારૂં તે અગાઉ પહેલાંથીજ કહી દઉંની કે નેપોલીયન ત્રીજાએ તો એની ઉપર ખરચ કીધો તે જુદો પણ તે અગાઉ એના મેહેલ અને બગીચા ઉપર ૫૦ કરોડ ફ્રાંક એટલે જે લગભગ ૩૫ ક્રોડ રૂપીઆ ખરચાઈ ચુકયા હતા. જે આંકડાઓ એનાં બાંધકામના ખરચના અને એના ચાલુ ખરચના મેં મેળવ્યા છે તે જાણે પહેલી નજરે કલપીત લા છે. અરે પરવરદેગાર, આ જાલમી મેહેલના બગીચાની ચાહડ ઉતર જગ્યાઓને સપાટ કરીને કયારાઓ બનાવવા પાછળ એક વાર ૩૬૦૦૦ બેગારીઓ અને ૬૦૦૦ ઘોડાઓ કામે લગાડેલા કહેવાય છે. વારસેલ્સના ફુવારા ઉરાડવાને પાણી તો જોઇયે એટલે ૩૧ માઇલ આઘેથી એક નેહેર બાંધવા માંડી પણ તે કામ પર લાગેલા સોલજરો મેલેરીઆ તાવથી એટલા ટપોટપ મરી જવા લાગ્યા કે તે બંધ કરવી પડી. આ મેહેલ ફ્રેંચ રાજકર્તાઓની ચઢતી અને પડતી, બંનેનો જામીન છે. ૧૬ મા લુઈ રાજાના વખતમાં એ મેહેલની ઝાહોઝલાલી ભારી હતી. તે વખતે રાજ્યસત્તા પડું પડું થઇ રહી

હતી. લુઇએ ગડબડીયાઓને રાજી રાખવા એક વાર આ મેહેલનાં ચોગાનમાં મોટી જીઆફ્ત આપી. આથી પારીસનું લોક બહુ છેડાયું અને એક દીવસે અચબુચ આવીને વારસેલ્સના મેહેલમાં લુટ ચલાવી. આ લુટારૂઓમાં હજારો પારીશ્યન સ્ત્રીઓ પણ હતી. જ્યારે ૧૮૭૦ માં જર્મનો લડાઇ જીત્યા ત્યારે પૃશ્યાનો રાજા ધામધુમથી આવીને ૬ મહીના સુધી આ મેહેલમાં રહયો હતો. જ્યારે ફ્રેંચો ઠાકા અને ઇલાજ ન જોયો ત્યારે મોં૦ જુલસફાવ ટોપી ઉતારીને આ પ્રશીયન રાજા આગળ ગયો અને સુલેહ કરવા માંગી. જે ઘરમાં બેસીને આ સુલેહની શરતો નક્કી કરવામાં આવી તે ઘર પણ વારસેલ્સમાં બતાવવામાં આવે છે.

આ મેહેલમાં હુન્નરમંદી, ચીત્રકળા અને એશઆરામનો એટલો અખુટ ખજાનો ભરેલો છે કે હું તેનું વર્ણન કરી શકતો નથી. એમાં એટલા બધા ઓરડા છે કે એકીવારે દશ હજાર પરોણા આસાનીથી સમાઇ શકે. બગીચા તરફની એની એકજ બાલકની અથવા અગાસી બે હજાર ફીટ લાંબી છે અને તેમાં પોણી ચારસો બારીઓ મુકી છે. મેહેલના બે ભાગ કીધેલા છે. એક પાદશાહી વસવાટનો ખાનગી ભાગ અને બીજો જાહેર કામકાજનો ભાગ. બધું જોવાને તો કયાંથી બને પણ પાદશાહી ભાગ જરૂર જોવાને ચુકવું નહીં. પૈસા શું કરી શકે છે તે અહીં તમારા જોવામાં આવશે. મેહેલની

વચ્ચો વચ્ચ ભક્તીનો ભાગ છે તેમાં પાદશાહી કુટુંબને બેસવાની ગેલેરી છે તેમાં પણ ઠઠેરો જોવા જોગ છે. અહીંથી નીકળ્યા કે એક ઓરડામાંથી બીજા ઓરડામાં ચાલ્યાજ કરો તમારા ગુરામાં જોર હોય ત્યાં સુધી. મોટાં મોટાં દીવાનખાનાઓમાં કાંઈ લખ્ખો પેન્ટીંગો જડેલાં હશે. કીમતી ઝુમરો અને આરસાઓનો કાંઇ ઠાગ નથી. એકેકું ઓઇલ પેન્ટીંગ એવું તો જબરૂં છે કે એકની અન્જામાયશ મેળવવા મેં માપી જોયું તો ૭૧ ફીટ લાંબુ! ને ૧૯ ફીટ ઉંચું! પાદશાહી ખાનગી ઓરડાઓ માહેનું અસલ ફરનીચર કહાડી લીધેલું છે પણ સીલીંગ ઉપરનાં મહાન પેન્ટીંગો હજુ જેમનાં તેમ છે. એકજ મુલાકાતનો ઓરડો છે તે ૨૫૦ ફીટ લાંબો છે. જે ઓરડામાં લુઈ ૧૫ મો મરણ પામ્યો તે એમનો એમ તેના પલંગ સુદ્ધાં સાચવી રાખ્યો છે. પલંગ મોટો જંગી છે અને ઉપર ખલીર કાગડા વગેરેનાં નકશીનાં એવાં માથાં લગાડયાં છે કે કોણ જાણે ઉંઘબી કેમ આવતી હશે! જેમ રાજાનું પોઢવાનું દીવાનખાનું ચકચકીત છે તેમ રાણીજીના આરામની જગ્યા એક બેહેસ્તખાનું છે. સીલીંગ નામીચા ચીતારાઓને હાથે સોના રૂપાના સણગારથી ઝળકી રહી છે. દીવાલો તમામ આઈલ પેન્ટીંગોથી ભરેલી છે પણ તેમાં એક પેન્ટીંગ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. તે ચીત્રમાં ઇરાની શાહ દારાયસને મહાન શેહેનશાહ એલેકઝાન્ડર ધી ગ્રેટના

પગ આગળ પડેલો ચીતાર્યો છે. ૧૭૮૯ માં પારીસના બળવાખોરો આ ઓરડામાં ધસી આવ્યા હતા કે રાણીને કેદ પકડે પણ તેણીને બચાવવા થકી ત્રણ સ્વીસ સોલજરોએ પોતાનો જીવ આપ્યો હતો.

પણ જ્યાં જશો ત્યાં પેન્ટીંગ અને પીકચર, ગાલીચા અને આરસા, ઝુમરો અને પુતળાં એટલાં હજારો હજાર નજરે પડે છે કે તે જોતાં નજર ચળી જાય છે અને ક્યારે સઘળું પુરૂં થાય એવો વિચાર મનમાં ઉત્પન્ન થાય છે. પણ વારસેલ્સનો બગીચો—વાહ! વાહ! તમે આઠ દહાડા જોશો તોબી જીવ ધરાશે નહીં. મેદાનો અને ઝાડો, ક્યારાઓ અને માંડવાઓને એવી રીતે 'ત્રીટ' કીધા છે કે જાણે દુરથી જીવતાં પ્રાણી, ઉંચા ગાલીચા કે બીજાં ચીત્રો જેવા દેખાય. વચ્ચો વચ્ચ એક જબરદસ્ત ફુવારો બનાવ્યો છે. તેની આસપાસ સેંકડો પુતળાં ગોઠવ્યાં છે. જ્યારે આ ફુવારો ઉડે છે ત્યારે આ પુતળાંઓમાંથી તરેહવાર આકારના પાણીના સોલા ઉડે છે અને તે એકમેકમાં ભેળાઈને તરેહવાર આકૃતીઓ પકડે છે. આ વારનો દેખાવ જાણે પરસ્તાનના દેખાવ જેવો લાગે છે. દર મહીનામાં એક વાર આ ફુવારો ઉરાડે છે અને તે દીવસનો દશ હજાર ફ્રાંક ખરચ થાય છે! આ વાર ફુવારાઓ વાંકા ટીકા આકારમાં એક બીજાની બગલગીરી કરીને સુમારે પોણોસો ફીટ ઉંચા ઉડતા હશે તે જોવું હોય તો વહેલા જવું અને અગાઉથી

સારી જગ્યા શોધી રાખવી. કારણ કે તે દીવસે ધકા-મુકીનો પાર નથી. બધું ખલાસ થવાની અગાઉ નીકળી જવામાં ફાયદો છે. એકાદ ગોદો લાગવાનોબી ચાન્સ છે. પણ સો ગોદા ખાતાંબી આ ફુવારો ઉડતો તો જરૂર જોજો.

વચમાં એક આરેનજ પાર્ક છે તેમાં ૧૨૦૦ મોસંબીનાં ઝાડ છે. એ માંહેનું એક તો લગભગ ૫૦૦ વરસનું પુરાણું કહેવાય છે. જરા આગળ ચાલો. એ ખુબસુરત મકાન શું છે? એ તો લુઇ ચઉદમાની જાણીતી મેડમ ડે મેનટ્રીનાનનો રહેવાનો મેહેલ છે. કહે છે કે આ રાજાની મડમ બહુજ ખુબસુરત અને બહુજ શોખીન હતી. એણીએ પોતાના સણગારેલા ઓરડા જોવાજોગ છે. એક તો જાતે હુશીયાર તેમાં વળી પાદશાહજીની મેહેરબાની એટલે દીવાનખાનાઓની રચના વિષે પુછવું શું! મુવાં તો જીવનાં બડાં લેહેરી હશે કારણ કે ટેસ્ટદાર રચનામાં કશી મના રાખી નથી. પાસેજ પાદશાહી ગાડીખાનું છે તેમાં આઠ પાદશાહી રથ રાખેલા છે અને તેબી સર્વેને જોવાની છુટ છે. આ રાજ રથો મોટા હાથી જેવડા, સોના રૂપાથી મઢી લીધેલા પણ મેલા અખંતર અને અગાલી હેલ જેવા છે. હું ધારૂં છું કે જો અહીં આણીને બેનેટનાં લીલાંઉમાં સનીવારે મુકે તો ફુલગલીના હોરાજીઓ દરેક ગાડીના રૂ ૧૦૦ આપવાનીબી હીમત ન કરે.

પ્રકરણ—૩૩ મું.


"કેમ શું ધાર્યું? આ પાસેનું ચીત્ર જોઈ કંઈ પારીસ જવાનો જીવ થાય છે?" અરે, થાયછ તો ઘણો યાર, પણ ફુલુસ માફીસ. આવા બળાપાના શબ્દો મેં ઘણે ઠેકાણેથી સાંભળ્યા છે. હું ખરૂં કહું છું કે પારીસમાં ફરતાં "ઈફીયલ ટાવર" જોયા પછી મને એમજ લાગ્યું કે આવો દેખાવ, આવી હીમતી યોજના મેં મારા જન્મમાં પણ જોઇ ન હશે અથવા હવે પછી જોઇશ નહીં. ધન્ય છે, એ યોજના ગોતી કહાડનાર ફળફુપ લેજાંને, ધન્ય છે તેની હીમતને. આઘેથી તો કેવું લાગે છે કે જાણે કરાકરી બીસ્કોટ, પણ પાસે જઈ તપાસી જોશો તો એના એકે એક ખીલામાં, દરેક બે ઇંચના 'બોલ્ટ' માં દર ફુટે ફુટ એંગલ આયરનમાં જાલમ જોર સમાયલું છે. આ "ઈફીયલ ટાવર" એવડો તો ઉંચો છે કે પારીસમાં ગમે ત્યાં જાઓ ત્યાંથી પણ એની હંસનાં સરખી ટોંચ નજરે પડવાની. કરોડો રૂપીઆની ગંજાવર ઈમારતો એની આગળ વહેંત્યાં મીસાલ નાની પડી જાય છે. આ લોઢાંના પાટાનો બનાવેલો મીનારો કુલે ૯૮૫ ફીટ ઉંચો છે. નવસો પંચ્યાસી ફીટ! એટલી ઉંચાઇનો કંઇ ખ્યાલ આવ્યો? આપણા રાજાબાઈ ટાવરને અકેકની ઉપર ચાર ટાવરોની ચોડ કર્યે

એટલો ઉંચો. આ નવાઈ જેવો મીનારો આખી પૃથ્વીમાં એકજ છે. "એંગ્લ આયરન" બે ઈંચવાળું એકેકની સાથે બોલ્ટ કરીને આ ટાવર ઉભો કરેલો છે. આઘેથી જોતાં જાણે આ સઘળું કમથાન ફુંક મારતાં ઉડી જાય એવું નાજુક અને જોખમભર્યું દેખાય છે, પણ જ્યારે તપાસીને જોઇયે છીયે ત્યારે જણાય છે કે ગણત્રીબાજ ઇજનેરી કળાએ તેને એવું મજબુત બનાવ્યું છે કે ગમે એવાં તોફાનમાં કદાપી મોટી રાક્ષસી ઈમારતો ઉડી જાય, પણ એને અલવલ ન આવે. ટાવર જે પડારોકો છે તે ત્રણ મજલા ધરાવે છે. પહેલો મજલો જમીનથી ૧૮૦ ફીટ ઉંચો છે અને તેની ફરતી ગેલેરીમાં એકી વારે ત્રણથી ચાર હજાર લોક આસાનીથી ફરી હરી શકે એટલો મોટો છે. જ્યારે આ ટાવર બાંધવા માંડયો ત્યારે એના કલ્પનાર મોનશ્યુર ઇફીયલ તરફ પારીસનાં લોકનો ભારે અણગમો હતો. "એ તો ઘેલો છે. આવો ટાવર તે કંઇ હોય! લોકને ચાંપી નાખવા બેઠોછ કે શું?" વગેરે, વગેરે ટીકાના બાણથી જગે તેને ધોઇ નાખ્યો. વર્તમાનપત્રો મશ્કરી કરવા લાગ્યાં કે એ કયામતને દીને પુરો થશે. પણ ફ્રેંચ સરકારે એને પંદર લાખ ફ્રાંકની પરવાનગી આપી અને બે વરસની મુદતમાં આ ટાવર બંધાઇને એની સામે થનારાઓને મોહડે માથે ધુળ ભરાવે છે. આ નામચીન લોઢાંની છરના ટાવરે પારીસનું નામ અમર કરી મુકયું છે, અને તે જોવા માટે દેશ

દેશાવરોથી, હજારો માઇલથી લખ્ખો લોક આવે છે અને પારીસ જવું અને "ઇફ્રીયલ ટાવર" નહીં જોવો એ હેમકાઇ અથવા દેવાનાપણાની નીશાન ગણવામાં આવે છે તે તદન વાજબી છે. પારીસ એકઝીબીશનનાં લખ્ખો રૂપીઆનાં બાંધકામમાં આ ટાવર ઉભો થઇ ગયો, પણ જયારે બંધાઇ રહયો ત્યારે એણે પોતાની અસાધારણ ઉંચાઇ, ઇજનેરી સફાઈ અને દેખઇતી નાજુકાઇ સાથે ખરેખરી મજબુતાઈથી સારી ખલકને એવી દેવાની કરી મુકી કે પારીસ સંગ્રહસ્થાનની સઘળી ઇમારતો સેવટે જડમુળથી ઉખડી ગઈ પણ આ ટાવર ઉતારી પાડવાની હીમત પારીશ્યનોની ચાલી નહીં. એનો ત્રીજો મજલો જે ૮૬૩ ફીટ જમીનથી ઉંચો છે ત્યાં ઉભા રહી પારીસ જોવું એટલે જાણે "સ્ટીર્યોસ્કોપ સ્લાઇડ" માંથી પારીસ જોતા હોઇયે તેમ એક નાનાં રમકડાંનાં ચીત્ર જેવું દેખાય છે. સેન નદી જાણે મખમલની નાની રીબન હોય એમ ઝીણી દોરી જેવી દેખાય છે. ચાલતાં હાલતાં માણસો તો દેખાતાંજ નથી પણ હજારો ગાડી ઘોડા જાણે સવર સવર કીડીઓની માફક હીલચાલ કરતા નજરે પડે છે.

કદાચ કોઈ પુછશે કે એક હજાર ફીટ ઉંચો અને આવડો પાતળો હલકો મીનારો જમીનમાં શી રીતે જડયો હશે કે પવનથી ઉંધો વળી ન જાય? ખબર કહાડતાં જણાય છે કે પહેલાં જમીનમાં લગભગ ૫૦ ફીટ

ઉંડા ખાડા ખણી તેમાં લોઢાંના પગ મુકીને પછી તેમાં ચુના સીમીંટની મેળવણી કરી ૮૫ ફીટ સમચોરસ એકેકું ડોબરૂં પુર્યું. એવાં ૪ ડોબરાં ઉપર આ હંસ જેવો પતળો ટાવર ઉભો થયો છે. જુવો પીક્ચર ફરીથી પાછું. કેટલું નાજુક અને કેવું રમકડાં જેવું નાનું દેખાય છે! એના પોહોળા પટાક જેવા ૪ પગ ૧૨ાા હજાર ચોરસવાર જગ્યા રોકે છે અને તે ઝીણો થતો થતો છેક ટોંચ ઉપર એટલો તો ઝીણો થાય છે કે ત્યાં ફક્ત ૬ માણસ ઉભાં રહી શકે એટલી પણ જગ્યા ભાગ્યેજ હોય. હું પોતે ત્રીજા મજલા સુધી એટલે જે ૮૫૦ ફીટ સુધી ગયો પણ તેથી ઉંચે જવાની હીમત થઈ નહીં. કારણ કે ઉપરનો ઝીણો ભાગ હવાનાં દબાણથી એવો ઠડરતો હતો કે જાણે હમણા પડી જાય અથવા આપણે ઉપરથી ઉડી જઇયે એવી લાગણી આપણા દીલમાં પેદા થાય. વળી બીજા મજલા સુધીજ એટલે ૩૭૫ ફીટ સુધીજ લીફ્ટ ચહડે છે. બાકીનો મજલો પગે ચહડવો પડે છે અને ત્રીજા મજલાની ઉપરનો ઘણોજ બારીક ભાગ તો સાધારણ પ્રજાને માટે બંધ છે. ટાવર ઉપર ચહડતાં તમારે ગમે તો દાદરનાં પગથ્યાંનો ઉપ-યોગ કરો પણ ત્રણ માળ સુધી લગભગ એક હજાર પગથ્યાં ચહડતાં ડમરો આખર થશે, એટલા માટે સલા-મતીભરેલું એજ છે કે 'લીફ્ટ' માં જવું. આ 'લીફ્ટ' ભોંયતળીઆંથી પહેલા માળ સુધીજ ચહડે છે. ત્યાં



પારીસનું નાક—ઇફીઅલ ટાવર ૧,૦૦૦ ફીટ ઉંચો.

રેસ્ટોરાંમાં તળીયાંનું ટાઢું કીધું કે એકાદ બે દુકાન ઉપર પારીશ્યન દુકાનદાર છોડીઓને બે પાંચ ફ્રાંકના ધુમાડાથી નવાજી કે પછી બીજા મજલા ઉપર જવાની બીજી 'લીફ્ટ' અને બીજા ઉપરથી ત્રીજા ઉપર જવાની ત્રીજી 'લીફ્ટ.' આ 'લીફ્ટો' જ્યારે થંભ આવીને ઉભી રહે ત્યારે જાણે આગગાડીનો થર્ડ ક્લાસનો ડબ્બો હોય તેવી જણાય છે અને દરેક ફેરે સુમારે ૫૦ માણસોને લઇ જઇ શકે છે. પણ ઉપર ચહડે છે ત્યારે દેખાવ બહુજ હસ્વું પેદા કરે છે. જાણે ચોથા માળની બારીએથી કોઇ કુવામાંથી પાણી કહાડતું હોય અને હાંડો કુવામાં અલંગ છલંગ ઉંચકાતો રસ્તામાંથી જોઇયે તેવો આબાદ દેખાવ છે. છેક ઉપરની ટોંચ ઉપર એક મોટી બતી મુકી છે જેમાં રોજ રાતના ઇલેક્ટ્રીક લાઇટ સળગે છે અને તે છેક ૪૫ માઈલ આઘેથી દેખાય છે. ગભરાશો નહીં. ભોંયતળીએથી ઉપર સુધી જવાનાં ફક્ત ૧૭૯૨ પગથ્યાં છે. પહેલાં ત્રણસેં ચારસેં પગથ્યાં તો અગર તમે તાજા તમતમતા હશો તો ભપકામાં ચહડી જશો પણ પછીનાં સો બસો માટે દર પગથ્યે "દાદાર હોરમજદની મદદ" અને કમ્મરના કટકા. છેલ્લાં પાંચસેં છસેં પગથયાં વખતે લીફ્ટના બનાવનારને હજારો હજાર દુવા દેવી પડશે. જ્યારે 'ઇફીયલ ટાવર' જોવા જાવો ત્યારે તડકાંનો દીવસ પસંદ કરવો, નહીં તો મેહેનત વ્યર્થ જશે. વળી છેક ઉપરની ટોંચ ઉપર શ્યાળામાં

ઠંડી વાઇને કુરકુરી થાય તેની સંભાળ રાખજો. ઠંડીના દહાડામાં તો ફક્ત બે ટપ્પા સુધીજ ઉપર જવા દે છે અને ત્રીજા ટપ્પાથી બંધ કરવામાં આવે છે, કારણ કે બરફને લીધે "હાઇડ્રોલીક લીફ્ટો" ચાલી શકતી નથી. વળી ઉપર જાઓ તો "વાઇન શોપ," "બીઅર શોપ" વગેરે હમા ચીજ, નાટકશાળા સુદ્ધાં તમારી ખીદમતમાં હાજર છે. પણ દરેક ચીજ પહેલાંથી પરખીને લેવી, નહીં તો જીવતું ચામડું ઉતરશે. છેક મથાળે એક નાની પોસ્ટ આફીસ છે તેમાં ત્યાંજ મળતા પોસ્ટ કાર્ડ લઈ તમારા મીત્રોને નાખશો તો તમે નીચે ઉતરો તેટલાં તો તે પહોંચી પણ જશે. ખરૂં કહું છું જે 'ઇફીયલ ટાવર' ઉપરથી દેખાવ કુદરત અને તવારીખનો ગોયા નકશો આપણી આંખ આગળથી પસાર થઇ જતો હોય એવું દેખાય છે. એના બનાવનાર મો૦ ઈફીયલને પહેલાં તો પારીસની પ્રજાએ ખુબ ધીક્કાર્યો. ઈંગ્રેજી પ્રજાએ બહુ મશ્કરી કરી પણ જ્યારે ટાવર ઊભો થયો ત્યારે સઘળા મુગામંતર થઈ ગયા અને ઇફીયલને "લીજીયન ઓફ ઓનર"નો ખેતાબ બક્ષવામાં આવ્યો. ૧૮૮૯ ના સાલમાં જ્યારે એ ટાવર પ્રજા માટે ખુલ્લો મેલવામાં આવ્યો ત્યારે તે સાલમાં કુલ ૨૦ લાખ માણસ એમાં જઈ આવ્યું. આ નીચલા આંકડાઓ અર્થસુચક છે:— પહેલા મજલા ઉપર ૧૯૬૮૨૮૭ લોક, બીજા મજલા ઉપર ૧૨૮૩૦૦૦, ત્રીજા મજલા ઉપર ૫૭૯૦૦૦. એ

સાલમાં ૬૦ લાખ ફ્રાંકની ટીકીટો વેચાઈ હતી. કહે છે કે ૧૮૮૯ ના જુન માસની ૧૦ મી તારીખે કુલ ૨૩ હજાર આદમી એકજ દીવસમાં ટાવરમાં જઈ આવ્યું હતું અને સર્વેથી મોટી આવક એકજ દીવસમાં તા૦ ૯ મી સપ્ટેંબરને દીને ૬૦ હજાર ફ્રાંકની થઇ હતી.

મેહેરબાન મીત્રો, હવે પારીસનો પીછો છોડો, યુરોપનો ખ્યાલ છોડો, તમારા અદના સેવકની મુસીબતનો ખ્યાલ છોડો. મારી સફર તમામ થઈ છે. મારસેલ્સના ધક્કા ઉપર બહાદુર સ્ટીમર "અરમાન્ડ બેહીક" આ કમતરીનને પાછો પોતાને મુલક પહોંચાડવાને માટે ધુમાડાના ગોટે ગોટા કહાડતી ઉભી છે. મારૂં પ્યારૂં કુટુંબ ફ્રેંચ મેલ બોટને બેલાર્ડ બંદર તરફ સુસવાટની પેઠે આવતી જોવાને ઈંતેજાર આપેરા ગ્લાસ ટીકે છે. ધંધો ધાપો, મારી ગેરહાજરીમાં હું લગભગ વીસારી બેઠો હતો તે પાછો જાગ્રત કરવાને જીવ તલપી રહયો છે. તમને હસાવી રમાડીને વેલાત ફેરવી લાવવાની મેં મારી કબુલાત, મારી યથાશકતી મુજબ પાળી છે. અને એ લખાણથી આપ મેહેરબાનોને કાંઈક થોડી ઘણી પણ ગમત મળી હોય, થોડું ઘણું પણ નવું જાણવાનું બન્યું હોય તો હું ખુશી મારો ખુદા ખુશી. સલામ—પ્યારાં "મોદીખાનાથી મારસેલ્સ"—છેલ્લી સલામ!

સમાપ્ત.

અનુક્રમણીકા.

વાલમ—૧

સફે.

વાલમ—ર.

સફે.

લંડન